સને ૧૯૧૦ માં એક સંધી થઈ પણ તે નામની જ હતી. સને ૧૯૧૧માં મુંબઈ મહાજન અને કચ્છ મહાજને જ્ઞાતિમાં સામાજિક ધારાઓમાં સુધારણાના ઠરાવો થયા પણ તે અમલી ન બની શક્યા અને સુધારાના નિયમોની જ્યાં ત્યાં ઉપેક્ષાઓ થવા માંડી. જ્ઞાતિમાં પ્રવૃત્તિ શિથિલતાનું અન્ય એક કારણ જ્ઞાતિ પર વગ ધરાવતી નેતાગીરીનો અભાવ હતો. કચ્છ-હાલારમાં મહાજનને નામે થોડા ચૂસ્તો સત્તા સંભાળી બેઠા હતા તેઓ જ્ઞાતિની સ્થિતિ વિશે ચિંતા કરવા કરતાં પોતાની ડગમગી રહેલી પટેલશાહીને જેમ તેમ ટકાવી રાખવાની ફિકરમાં પડ્યા હતા.

જ્ઞાતિ જુને ચીલે ચાલી રહી હતી. કેળવણીનો અભાવ હતો. અંધશ્રધ્ધા અને બાળ લગ્ન, વૃધ્ધ લગ્ન, કન્યા વિક્રય, સ્વામી વાત્સલ્યના ઓઠા હેઠળ પ્રેત ભોજનો જેવા કુરીવાજોમાં જ્ઞાતિ ફસાયેલી હતી. કન્યા વિક્રયની રુઢીમાં અનેક કુમળી બાળાઓ હોમાતી. ઘણી વાર વૃદ્ધ અપંગ કે બીમાર પુરુષ જોડે કન્યાને પરણાવી દેવામાં આવતી. પૈસા ખાતર મનુષ્યો પશુથી બદતર વહેવાર કરતા. શ્રીમંતો ૪-૫ વાર પરણતા જેમાં પટેલોનો સાથ મળી રહેતો. નબળા કુટુંબોની કન્યાનું વેચાણ કરવાનું દબાણ લાવતા. કન્યાની અછતથી કન્યા વિક્રય શરુ થયો. ગરીબ પુરુષને કન્યા મળવી મુશ્કેલ. કઈક પુરુષો વાંઢા જ રહ્યા તો કઈક યુવાનો લગ્નની ઉંચી રીત અને લગ્નના ખોટા રિવાજોથી કરજમાં ડૂબી ગયા. એ સમયે પટેલોનો ભારે દબદબો, કોઈ સામું ન થઇ શકે અને થાય તો તેને કોઈને કોઈ કેસમાં સંડોવી દુઃખી પરેશાન કરી નાખે, નાત બહાર કરી નાખે. સમાજ બંધન ઘટતા સ્વેચ્છાચાર વધ્યો. પહેલા ડરથી લોકો કન્યા વિક્રયના ઓછા લેતા પણ બંધારણ થયેથી લેવાનું બંધ થતા લોકો છાની છૂપી વિક્રય રકમ વધુ લેવા માંડ્યા, દલાલો મોટી રકમ માંગવા લાગ્યા, પટેલો પણ સંડોવાયા. રૂ.૨૦૦-૩૦૦ની રીત હતી તેમાં પાછળ મીંડું ઉમેરાઈ ગયું અને કોઈક કોઈક કેસમાં તો આ રકમ પાંચ આંકડે પહોંચી ગઈ. વેપાર ધંધા ઘટયા, ૧૯૧૪ની સાલમાં વિશ્વ યુદ્ધ ખતમ થયા પછી વેપાર ધંધામાં આવેલી મંદીની અસરથી જ્ઞાતિ ઘેરાઈ ગઈ હતી અનેક જ્ઞાતિજનો બેરોજગાર હતા..

**પ્રકાશ શરૂ થયું તે પહેલાના આપણી જ્ઞાતિના પ્રકાશનો ઉપર એક દૃષ્ટિપાત**

વર્ષો પહેલા જાન્યુઆરી ૧૮૯૯ના શ્રી ખીમજી હિરજી કાયાણી તરફથી 'શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ દર્પણ' માસિક શરૂ કરેલ તેમાં કચ્છના પટેલોની પોલ, ગોરજીના છલ પ્રપંચ તથા કહેવાતા શ્રીમંત શાહુકારોના કાવત્રા કોઈ પણ ભય વગર બહાર પાડતા. તેમાં જ્ઞાતિની ઉત્પત્તિનો ઇતિહાસ પણ પ્રકાશિત થયેલ. પરંતુ બે વર્ષમાં બંધ થયું.

'વીસમી સદી' નામનું માસિક જે મૂળ કચ્છના હાજી મહમદ

અલારખીઆ ચલાવતા તેમાં જેઠાભાઈ દેવજી નાગડા અને લક્ષ્મીચંદ લાપસીઆ લેખો લખતા. અલારખીઆ તેઓને ખુબ પ્રોત્સાહન આપતા.

ત્યારબાદ શ્રી જેઠાભાઇ દેવજી નાગડા તથા લાલજી શાહના સંયુક્ત પ્રયાસથી શ્રી કચ્છી જૈન મિત્ર નામનું માસિક નીકળતું જે વીસમી સદી પછીનું બીજું સચિત્ર માસિક હતું. માંડ દોઢ વરસ ચાલ્યું. મોટા ખર્ચને કારણે બંધ થયું. આ માસિક પત્રના તંત્રી નાની ખાવડીના શ્રી હંસરાજ ધરમસી દેવાણી હતા

સને ૧૯૨૦-૨૧માં શ્રી ભવાનજી નથુભાઈ (બી. એન.) મૈશેરીએ સ્વદેશ નામનું સાપ્તાહિક શરૂ કર્યું જે રાજકીય ક્ષેત્રના પડઘા પાડતું સાપ્તાહિક હતું. શ્રી લાલજી હીરજીને શ્રી બી. એન. મૈશેરીએ સાહિત્ય-ચિત્રો ભેગા કરવાનું કામ સોંપેલ જે એમણે નિભાવ્યું પરંતુ ત્યાર બાદ મૈશેરી સાથે મતભેદ થતા લાલજીભાઈ 'સ્વદેશ'માંથી છૂટા થયા. કચ્છી પ્રજાની યથા શક્તિ સાડા નવ વરસથી સેવા 'સ્વદેશ' વિપરીત સંજોગો ઉભા થતા બંધ કરવામાં આવ્યું અને બાકી લવાજમ મંગાવી લેવાની સને ૧૯૮૭ અશ્વિન મહિનામાં જાહેરાત આપવામાં આવી. (કદાચ બી. એન. મૈશેરી માટુંગા મહાસમિતિના તા. ૨૦.૯.૧૯૩૧ પ્રમુખ ચૂંટાયા હોઈ શકે છે). થોડા સમય પછી બી. એન. મૈશેરીનાં તંત્રીપણા હેઠળનાં 'સ્વદેશ' પત્રને મોટી ન્યાતના કુંવરજી કેશવજી શાહ તરફથી પ્રગટ થતા સત્ય પ્રકાશ નામના પત્ર સાથે જોડી દેવામાં આવ્યું.

સને ૧૯૨૫ના દાયકાની આસપાસ શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા (દલતુંગી) અને ડોક્ટર વેલજી પાસવીર ગોસરે (બાયઠ) 'કચ્છી જૈન' નામનું માસિક શરૂ કરેલ. 'કચ્છી જૈન'ના પેટ્રન હતા વેલજી લખમસી નપુ અને તેના તંત્રી શ્રી હરિયા સાથે અમુક લેખ બાબત મતભેદ થતા વેલજીભાઈની સહાય મળતી બંધ થતા પ્રકાશન અટક્યું અને પ્રથમ વર્ષમાં જ 'કચ્છ પ્રકાશ'માં પરિવર્તન પામ્યું. 'કચ્છ પ્રકાશ' માસિકના તંત્રી ડોક્ટર લતીફ ક્રાંતિકારી અને આદર્શ વિચારસરણી ધરાવતા એક અચ્છા ફિલોસોફર હતા પરંતુ ગ્રાહક સંખ્યાને જાહેર ખબર ઉપર જ મદાર રાખતા આ પત્ર ક્યારે સ્વાવલંબી થયું નહીં અને વર્ષ પુરું કર્યા વગર જ બંધ થયું.

**'પ્રકાશ'નું આગમન**

'પ્રકાશ'નો જન્મ સવા મણની તળાઈ કે ડનલોપના ગાદલામાં પોઢનારાઓ દ્વારા નથી થયો પણ બહેન-માતા-દાદીએ સીવેલ અને જેમાં ભાઈ-બહેન-માતા-પિતા-દાદી-દાદા કે પરિવારના અન્ય કોઈ સભ્યના વસ્ત્રોના ટુકડાઓ જોડી તૈયાર કરેલ ગોદડીમાં જન્મેલ દ્વારા થયો એટલે એના સંસ્કારો ભાતીગળ રહ્યા છે. 'પ્રકાશ'નો જન્મ જ્ઞાતિની અનેક વેદનામાંથી થયો છે. એટલે 'પ્રકાશ' આપણા સહુનું પ્રિય પત્ર છે. વેદના વગર ગીત કે સાહિત્ય હૃદયને અડે નહિ. 'પ્રકાશ' માત્ર ૧૦૦ વરસથી પ્રગટ થતું માસિક જ નથી પરંતુ એના ઈતિહાસમાં જ્ઞાતિનો ૧૦૦ વરસનો ઈતિહાસ સમાઈ જાય છે.

'પ્રકાશ (વર્તમાન 'પ્રકાશ સમિક્ષ) સમીક્ષા'નું મુલ્ય જેણે ૫૫-૫૫ વરસ સુધી તંત્રી તરીકેનો ભાર પોતાના ખભા ઉપર વહન કરેલ છે તે સ્વ. સનતભાઈ શાહથી વધારે કોણ જાણી અને સમજી શકે? એમના શબ્દોમાં 'પ્રકાશ'ની દીર્ઘ જ્ઞાતિ યાત્રા એટલે જ્ઞાતિનો જીવંત અને ધબકતો ઈતિહાસ. એમાં જ્ઞાતિની અવિચ્છિન્ન છબી અંકાઈ છે. જ્ઞાતિનું ગૌરવ, જ્ઞાતિની આશા-નિરાશા, જ્ઞાતિના અરમાન, જ્ઞાતિની નબળાઈઓ, શક્તિઓ, જ્ઞાતિના સુખ દુઃખ, જ્ઞાતિની ચડતી-પડતીનું પ્રકાશ સાક્ષી રહ્યું છે'

'પ્રકાશ'નાં ઉદય પહેલાની આપણી જ્ઞાતિની સ્થિતિ આપણે આગળ જોઈ. જ્ઞાતિ જીવનને હાનિકારક અનિષ્ટ પ્રથાઓ તથા કુરિવાજો અને કુરુઢિઓ સર્વત્ર ફેલાયેલી હતી. આવા સંજોગોમાં જ્ઞાતિને ઊંઘમાંથી ઉઠાડવા, જાગૃતિ લાવવા અને સમયના વહેણ સાથે જ્ઞાતિને દોરી જવાના આશયથી અદના એક માનવીએ કમર કસી. હૈયામાં હામ હોય તો નાનામાં નાનો માનવી પણ શું નથી કરી શકતો? તેનું જ્વલંત ઉદાહરણ એટલે દલતુંગીના લક્ષ્મીચંદ વીરજી લાપસીયા. શ્રી લાપસિયાને રુઢિ પરંપરામાં ચાલતા યુવાન, રુઢિચક્રમાં ભીંસાતી બહેનો અને દિશા વિનાના આળસુ આગેવાનોને ઢંઢોળવા હતા, ટ્રસ્ટમાં પડી રહેલા નાણાંનો સદુપયોગ કરવો હતો. ચારે તરફ ફેલાયેલા અંધકારમાં પ્રકાશની જ્યોત પ્રગટાવવાની તમન્ના હતી અને તે માટે તેઓ સદાય ચિંતિત રહેતા. જ્ઞાતિ બંધુઓને આ અનિષ્ટોથી ઉગારવા અને વર્તમાન સમયને ઓળખવા, સત્ય સ્થિતિ સમજાવવાના હેતુથી શ્રી લક્ષ્મીચંદ લાપસીયાને એક જ્ઞાતિ પત્રની જરૂરીયાત જણાઈ. એ સમયે લક્ષ્મીચંદભાઈ હાઈસ્કુલના વિદ્યાર્થી અને બાંયઠના ડો. વેલજી પાસ્વીર ગોસર દાકતરી લાઇનનો અભ્યાસ કરતા હતા. બંનેને સાહિત્યનો શોખ. તેમજ લક્ષ્મીચંદભાઈને એક હસ્તલિખિત ત્રિમાસિક અને બે માસિક 'કચ્છી જૈન' અને 'કચ્છ પ્રકાશ' ચલાવવાનો અનુભવ હતો. બન્નેએ જ્ઞાતિ મુખપત્ર શરૂ કરવાનો નિર્ધાર કર્યો. 'કચ્છી જૈન મિત્ર' ના સંચાલકો જૈન ફ્રેંડલી યુનીયન નામની સંસ્થા ચલાવતા હતા અને એ સંસ્થા અને પત્ર બંને બંધ હતા તે નામમાંથી જૈન શબ્દ કાઢી નાખી 'ફ્રેન્ડલી યુનીયન' નામ પસંદ કર્યું અને સં. ૧૯૮૧ કારતક સુદ પાંચમ (જ્ઞાન પંચમી)નાં દિવસે 'ધી ફ્રેન્ડલી યુનીયન'ની સ્થાપના કરી. આ સંસ્થાનો એક માત્ર ઉદ્દેશ્ય નિષ્કામ સેવા અને જ્ઞાતિમાં ઉત્સાહક જુસ્સો પ્રેરવાનો હતો. ફ્રેન્ડલી યુનીયનના સભ્યો હતા શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા, ડોક્ટર વેલજી પાસ્વીર ગોસર, શ્રી પદમસી દામજી ખોના, શ્રી જેઠાભાઈ દેવજી નાગડા, શ્રી ત્રિકમજી દામજી ખોના, શ્રી શિવજી ચત્રભોજ શાહ, ડો. મેઘજી વેલજી ધરમસી, શ્રી ખેતસીભાઈ (ક્ષમાનંદજી મ.સા.), શ્રી માણેકજી દામજી ખોના, શ્રી પુનશી વેરશી શાહ, શ્રી ત્રીકમજી વેલજી લાપસીયા, શ્રી ધરમસિંહ નથુભાઈ ધરમસી.

એક વખત ન્યુ લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસવાળા માણેકજી ભાણજી ધરમસી જેમની સાથે અને જેમના છાપખાનામાં શ્રી લક્ષ્મીચંદભાઈ ''કચ્છી જૈન' માસિક છપાવતા હતા એમની સાથે માસિક શરૂ કરવા

અંગે ચર્ચા કરી. એમણે એકદમ માસિક પત્રને બદલે વાર્ષિક પ્રકાશનની સૂચના કરી તથા બુક સાઈઝના ૧૫૦ પાનાને બે ચાર ચિત્રોયુક્ત પુસ્તકની ૫૦૦ નકલો છાપવાનો ખર્ચ ૨૫૦ રૂપિયાનો અંદાજ્યો અને તે આઠ આનાની કિંમતે વેચવાનું સૂચવ્યું, ઉપરાંત તેમણે આખું પુસ્તક ઉધાર છાપી આપવાની ઓફર કરી. લક્ષ્મીચંદભાઈએ ડો. ગોસરને મળી પુસ્તક છાપવાની યોજના સમજાવી. બન્નેને પત્ર કાઢવા માટે એટલો બધો ઉમંગ અને તાલાવેલી હતી કે ૪૦૦-૫૦૦ નકલો ખપશે કે નહીં એનો વિચાર સુધ્ધા કર્યો નહીં.

સંવત ૧૯૮૧માં ભાદરવા સુદ છઠ્ઠનાં ફ્રેન્ડલી યુનીયનનાં સભ્યો પરસ્પર ક્ષમાયાચના કર્યા બાદ ફ્રેન્ડલી યુનીયનનાં પ્રમુખ ડો. ગોસરે જ્ઞાતિનું પત્ર શરૂ કરવાની સુચના કરી અને એ સુચના પ્રકાશની ઉત્પત્તિનું મૂળ. દરેકે આ કાર્ય ઉપાડી લેવું તેવું નક્કી થયું. જ્ઞાતિ માટે કંઈક કરી છૂટવાની તમન્ના દિલમાં હતી. તમામ યુવાનો કાર્યશીલ, જાગૃત અને મનમાં કંઈક સર્જવાનો અજંપો ધરાવનારા હતા. યુવાનો પાસે જુસ્સો, જાગૃતિ, સંગઠન, સાહસ અને સમર્પણ ભરપુર હતા પરંતુ આર્થિક રીતે સમૃદ્ધ ન હતા. હજુ નોકરી, વ્યવસાયમાં જોડાયા ન હતા. અભ્યાસ કાળમાં જ આટલું મોટું સાહસ ખેડ્યું હતું. એમના ઘટમાં ઘોડા થનગનતા હોય, યૌવન અણદીઠી ભોમ પર પાંખ વિંઝવા તૈયાર હોય તેમ સંપૂર્ણ આશાવાદી હતા. નિષ્ફળ જઈશું તો શું? એવો ડર લવલેશ નહિ.

શ્રી લક્ષ્મીચંદ લાપસિયા લેખ, કાવ્ય અને ચિત્ર બનાવનારાને ઓળખતા પરંતુ ખર્ચનો મોટો પ્રશ્ન. નાની, અશિક્ષિત જ્ઞાતિ પાસેથી ખર્ચ જેટલું વળતર ગ્રાહકોની સંખ્યામાંથી મળવું મુશ્કેલ તેમજ જાહેરખબરો પર્યાપ્ત મળવાની કોઈ શક્યતા નહી. પણ સ્વતંત્રત નીતિ અને ચોકસ વિચારોનો પ્રચાર કરવાનો મક્કમ નિર્ધાર. દાન લઈએ તો તે વ્યક્તિની શેહમાં રહેવું પડે અને ક્યારેક સત્ય છાપવામાં મુશ્કેલી પડે તેથી એ રસ્તો પસંદ ન કર્યો. મૂળ સમસ્યા આર્થિક હતી તે ધર્મસિહ નથુભાઈ ધરમસીએ મહદ અંશે હળવી કરી દીધી. એમના તરફથી રૂા. ૨૫૦ની સહાય મળી. આ રકમ એ જમાનામાં ઘણી મોટી હતી. અને પછી વાર્ષિક પુસ્તકકારે પ્રગટ કરવાનું નક્કી થયું. એ જમાનામાં પત્રોના નામો મિત્ર, બંધુ, જાગૃતિ, શુભેચ્છક, પતાકા, પોકાર જેવા રાખતા. 'ફ્રેન્ડલી યુનીયન'ના સભ્યોએ 'કચ્છ પ્રકાશ' માંથી 'પ્રકાશ' પસંદ કર્યું. જેઠાભાઈ દેવજી નાગડા પાસેથી લેખો મળ્યા, હંસરાજ રતનસી અને મેઘજી હીરજી બૂકસેલર પાસેથી તૈયાર બ્લોકો મળ્યા ફોટા માટે, ૨૦ ફોટા છાપ્યા. લાલજી હીરજી શાહની ભલામણથી કૃષ્ણ આર્ટ પ્રેસે ફોટા અર્ધા ભાવે છાપી આપ્યા પરંતુ સારો કાગળ વાપરવાથી ખર્ચ રૂા. ૩૦૦ જેટલો થઈ ગયો. પ્રકાશક તરીકે વ્યક્તિગત નામ કોનું નાખવું તેની ગડમથલ થઈ. જુનવાણી શેઠિયાઓનો જ્ઞાતિ ઉપર એટલો પ્રભાવ હતો કે 'પ્રકાશ'ના તંત્રી તરીકે નામ આપવામાં પણ આ યુવાનો ડરતા હતા. આખરે 'ધી ફ્રેન્ડલી યુનીયન' નામ પ્રકાશક તરીકે મુક્યું. તંત્રી તરીકે કોઈ નામ આપવા તૈયાર નહીં. ફ્રેન્ડલી યુનીયનનાં પ્રમુખ તરીકે ડો. ગોસર હતા અને તેથી ડો. ગોસર પ્રકાશના તંત્રી ગણી શકાય. આમ એક મહિનાની રાત દિવસની મહેનત પછી સં.૧૯૮૧ (સને ૧૯૨૪) દિવાળીના દિવસે 'પ્રકાશ'નો જન્મ થયો. કિંમત રાખવામાં આવી દશ આના.

પુસ્તક છપાઈ તો ગયું પણ ખપે નહિ. શ્રી ત્રીકમજી વેલજી લાપસીઆ અને શ્રી જેઠાભાઈ લખમસી શિયાડ (પાછળથી જૈન મુનિ જયંત સાગરજી) નકલો લઇ ઘરે ઘરે અને પેઢીએ પેઢીએ ફર્યા પણ માંડ ૪૦ નકલો વેચાઈ. યુનીયનનાં સભાસદો મૂંઝાયા. બે મહિના પસાર થઈ ગયા. ન્યૂ લક્ષ્મી પ્રેસના નાણાં કેમ ચૂકવશું તેની ચિંતા. બધા વિદ્યાર્થીઓ હતા. કૌટુંબિક સ્થિતિએ સુખી પણ આર્થિક રીતે સ્વતંત્રતા નહીં. ખિસ્સા ખરચીમાંથી કેટલી રકમ નીકળે? લાલજી હીરજી શાહનું સૂચન થયું કે દેશાવર દરેક પેઢીને ૪-૬ નકલ મોકલવી અને જણાવવું કે ત્યાં વસતા ભાઈઓને વહેંચી રકમ મોકલી આપે. આમ ૬૦ વધુ નકલો વહેંચાઈ. વધેલી નકલો વિના મૂલ્યે કેમ વેંચાય? ધી ફ્રેન્ડલી યુનિયન એક ' સાહિત્યભિલાષી મંડળ' ચલાવતું હતું. તેનાં તરફથી સર વિસનજી ત્રિકમજી નાઈટ અને શ્રી લખમસી હીરજી મૈશેરી જે.પી.ના સ્મરણાર્થે જ્ઞાતિભાઈઓમાં વધેલી નકલો વહેંચી દીધી અને એની કિંમતના રૂપિયા ૬ સભાસદો- શ્રી લક્ષ્મીચંદ વીરજી લાપસીયા, ડોક્ટર વેલજી પાસવીર ગોસર, પુનશી વેરશી શાહ, માણેકજી ભાણજી ધરમસી, માણેકજી દામજી ખોના, ત્રિકમજી વેલજી લાપસીયાએ ખિસ્સા ખરચીમાંથી ફાળે પડતી ભરપાઇ કરી.

**આવો 'પ્રકાશ'ની શતાબ્દીની સફર સાથે શતાબ્દીના જ્ઞાતિ ઈતિહાસની સફર માણીએ.**

પુસ્તક ૧લુ સં. ૧૯૮૧ (સને ૧૯૨૪):

પ્રથમ પુસ્તકની પ્રસ્તાવનામાં પ્રકાશકો લખે છે 'અમારી ઈચ્છા ઘણું કરવાની છે, મનોરથો મોટા છે. અમને જેમ જેમ ઉત્તેજન મલતું જશે તેમ તેમ આ આદર્શોને અમલમાં મુક્ત જશું. 'પ્રકાશ' સમાજ હિતને લગતાં લેખો, કાવ્યો, ચિત્રો અને મુખ્યપણે સત્ય બનાવો રજુ કરશે, તેના પર નિષ્પક્ષપણે પોતાનો અભિપ્રાય દર્શાવશે અને યોગ્ય લાગશે તો પોતાના અધીન મત પ્રમાણે માર્ગ ભૂલેલાઓને સુચના પણ કરશે. પક્ષપાત, અંગત દ્વેષભાવ, અસત્ય, ઈર્ષા આદિ વેર અને ઝેર ઉત્પન્ન કરનારાં દુર્ગુણોથી 'પ્રકાશ' દૂર રહેશે.'

'આજના યુવાનો' લેખમાં તે સમયના યુવાનો ને ઉદેશીને લખેલ છે તે મુજબ યુવાનો ના ત્રણ પ્રકાર જણાવ્યા છે. પ્રથમ સાધારણ નોકરીયાત વર્ગ આળસુ છે અને ગપાટા મારે, નાના મોટા વ્યસનો યુક્ત છે, બીજો વર્ગ શ્રીમંત યુવાનો મોડા ઊઠે,પછી પેઢી ઉપર જઈ ગપાટા મારે, સાંજે હોટલમાં જમવા જાય, સસ્તું મનોરંજન અને મોડી રાતે પાછો આવે. ત્રીજો વર્ગ આદર્શ યુવા જે વહેલો ઉઠે, પ્રભુ સેવા પૂજા કરી, નોકરીમાં પૂરતું ધ્યાન આપે, સમયસર ઘરે આવે,

પરિવાર સાથે સમય વિતાવે, સારા પુસ્તકનું વાંચન કરે. પહેલા વર્ગમાં ૭૫% બીજા વર્ગમાં ૧૫% ત્રીજા વર્ગમાં પાંચ ટકા અને ૫% પરચુણ સમજવા. આ લેખ પરથી એ સમયે આપણા યુવાનોનું માનસ અને જીવન શૈલી જાણી શકાય છે.

'શ્રધા કે ઉદારતા' નામની સત્ય કથા પર આધારિત નલિયામાં નાગડા ગોત્રમાં થઇ ગયેલ રામૈયો અને પસાયો નામના બંધુની પ્રેરણાદાયક વાર્તા શ્રી ધરમસિંહ નથુભાઈએ આલેખી છે. 'શ્રી. ક. દ.ઓ. જૈન જ્ઞાતિની ઉત્પતિ, ઉન્નતિ અને સાંપ્રત સ્થિતિ' ઉપર શ્રી વેલજી આણંદજી મૈશેરીએ સુંદર લેખ લખ્યો છે.

શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ પર 'રામજી' નામની વાર્તા કન્યા વિક્રયની બદીને વણી લીધી છે. શ્રીયુત વેલજી આણદજી મૈશેરી, બી.એ., એલ.એલ.બી. એ ખોટમાં ચાલતી બોર્ડિંગને સધ્ધર કરવાની વાત રજૂ કરી છે. બોર્ડિંગનું એ વખતનું મહાજન વાડીનું મકાન પર્યાપ્ત હવા ઉજાસવાળું ન હોઈ નવું મકાન બાંધવાની વાત શ્રીમંતો સમક્ષ મૂકી છે. એમનો બીજો લેખ 'કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિની ઉત્પત્તિ'નો પણ છે.

આપણી જ્ઞાતિમાં વ્યાપેલા બાળ લગ્નના દૂષણ અને કેળવણીની જરૂરિયાત પર શ્રી ક્ષમાનંદજી મહારાજ સાહેબ (શ્રી ખેતસીભાઈ)એ ' બાળ લગ્ન અને કેળવણી' નામે લેખ લખેલ છે. પ્રથમ પુસ્તક ૧૨૪ પાનાનું જેની કીમત ૧૦ આના હતી. આ પુસ્તકમાં જ્ઞાતિ ઉપયોગી લેખો, ચર્ચાઓ, કાવ્યો, ફોટા ચિત્ર રજૂ કરવામાં આવ્યા. આ અંકમાં ૧૨ જ્ઞાતિ મહાનુભાવોના ફોટા આપેલ છે તે ઉપરાંત પોથી, પારણા, વરઘોડાના મળી ૨૦ ચિત્રો તેમજ સમાજની પ્રતિભાવંત વ્યક્તિઓ શ્રી લખમસી હીરજી મૈશેરી અને સર વસનજી ત્રીકાજી નાઈટનો જીવન પરિચય શ્રી જેઠાભાઈ દેવજી નાગડાએ આપેલ છે.

પુસ્તક પ્રગટ થતા જ્ઞાતિમાં સનસનાટી વ્યાપી ગઈ અને આગેવાનો ચોંકી ઉઠ્યા. પોતાની એક હથ્થુ સત્તા ચાલી જશે અને સરમુખત્યારશાહીનો અંત આવી જશે એવા ડરથી અમુક લોકોએ પ્રકાશ વિરોધી પ્રચાર કર્યો. જેમ સુર્યોદય ઘુવડોને ગમતો નથી તેમ જ્ઞાતિ ઉત્થાનની વાતો સમાજના બની બેઠેલા અંધકાર પ્રિય, રુઢીચુસ્ત આગેવાનોનું હતું. કેળવણીને તોડવાનું, પ્રકાશના સૂર્યને આથમી દેવાની અને અંધકાર ફેલાવવાની પ્રવૃત્તિ કરતા રહ્યા. 'પ્રકાશ' સામે અવળો પ્રચાર શરૂ કરી દીધો. રૂપિયા કમાવા 'પ્રકાશ' શરૂ કરેલ છે તેવી વાત વહેતી મૂકી. એક-બે આગેવાનોના બચાવમાં ચર્ચા પત્રો આવ્યા. અંગત ટીકાનો વરસાદ થયો. શુભ નિષ્ઠાથી લખાણો હતા પણ એમને તે ગમ્યું નહિ. 'પ્રકાશે' અકથ્ય વેદના સહન કરી પણ ઝૂક્યું નહિ. પરંતુ 'પ્રકાશ' નાતમાં લોક હૃદયમાં સ્થાન પામી ચુક્યું હતું. નિરાશામાં બેઠેલા મધ્યમ વર્ગીય જ્ઞાતિજનોમાં આશાનો સંચાર થયો એમણે 'પ્રકાશ'ને વધાવી લીધું. પ્રકાશ'નાં ઉદયના સમયને આપણી જ્ઞાતિનો ઉત્ક્રાંતિ કાલ ગણાય. 'પ્રકાશ' છતાં પુસ્તકની બધી કોપીઓ વેચાઈ નહિ તેથી ન વેચાયેલી કોપીઓ સ્વર્ગસ્થ શેઠ લખમસી હીરજી મૈશેરી તથા સર વસનજી ત્રિકમજી મૂલજીના પુણ્ય સ્મરણાર્થે શ્રી ક. દ. ઓ. વિદ્યાર્થી મંડળ અને શ્રી સાહિત્યભિલાષી મંડળ તરફથી ભેટ તરીક જ્ઞાતિમાં આપી.

પુસ્તક ૨ સં. ૧૯૮૨ (સને ૧૯૨૫)

જ્ઞાતિનું દર્દ જાણ્યા વિના દવા અસર ન કરે તે યુક્તિએ તા. ૨૧.૬.૧૯૨૬ના જ્ઞાતિ હિત શેમાં? ૧૨ પ્રશ્નો દ્વારા જ્ઞાતિનો ચિતાર મંગાવ્યો. પ્રશ્નો હતા- તમને જ્ઞાતિની હાલની સ્થિતિ છિન્નભિન્ન લાગે છે?, જ્ઞાતિને સચેત કરવાના ઉપાયો, જ્ઞાતિમાં કન્યા વિક્રય અને બીજી કુરુઢીઓ કેવી રીતે નાબુદ થઇ શકે? સામાજિક વ્યવહારો અને રીત રિવાજોમાં થતા ખર્ચાઓ ઓછા થાય તેના ઉપાયો, કન્યા અને યુવાનો માટે લગ્નની યોગ્ય ઉંમર, વૃધ્ધ લગ્નો અંગનો મત અને લગ્નની ઉંમર મર્યાદા, શું આપણી જ્ઞાતિને વિધવા લગ્નની જરૂર છે? ક્યાં સંજોગોમાં આવા લગ્નો માન્ય રાખવા? 'રોટી વ્યવહાર ત્યાં બેટી વ્યવહાર' શું યોગ્ય છે? આપણી જ્ઞાતિની પ્રગતિની બીજી યોજના સૂચવો વિ.

સમાજ તરફથી આ પ્રશ્નાવલીને સારો પ્રતિભાવ મળ્યો. મહાજનના બંધારણીય પ્રથમ પ્રમુખ જેઠાભાઈ નરસી કેશવજી, શ્રી કાનજી કરમસી માસ્તર, શેઠ ગોવિંદજી ખીમજી -ધુલિયા, શ્રી જીવરાજ નરસી મૈશેરી, શ્રી જીવરાજ માલસી લોડાયા, શ્રી જેઠાભાઈ દેવજી નાગડા, શ્રી જેઠાભાઈ પ્રેમજી કુરુવા, શ્રી જેઠાભાઈ રતનસી મોમાયા, શ્રી દેવજી રાયસી ઝવેરી, શ્રી પુનશી અરજણ-ધુલિયા, શ્રી માણેકજી કલ્યાણજી-પારોલા, શ્રી માણેકજી દામજી ગુંદરવાલા, શ્રી માણેકજી પીતાંબર, ડો. મેઘજી વેલજી ધરમસી, શ્રી મેઘજી હીરજી જંગેઆલી, શ્રી મેઘજી હીરજી બુકસેલર, સૌ. રતનબાઇ વીરજી મૈશેરી, શ્રી વીરજી ગંગાજર મૈશેરી, શ્રી વેલજી આણંદજી મૈશેરી, શ્રી શિવજી ચત્રભોજ શાહ, સૌ. સરલાબેન સુમતિચંદ્ર, શ્રી સુમતિચંદ્ર શિવજી શાહ, સૌ. સુલક્ષણા શિવજી દેવસી, શ્રી હંસરાજ ધરમસી દેવાણી, શ્રી હંસરાજ રતનસી હીરજી, શ્રી હીરજી હંસરાજ શિયાલ જેવી એ વખતની ઘણી નામાંકિત વ્યક્તિઓએ પોતાના અભિપ્રાયો પ્રશ્નાવલીના જવાબરૂપે મોકલ્યા.

પ્રશ્નાવલીના તરફેણ અને વિરુધ બંનેના જવાબો બીજા વરસના વાર્ષિક અંકમાં છાપ્યા. જેમાંથી મોટાભાગનાએ જ્ઞાતિની વર્તમાન સ્થિતિ ખુબજ છિન્નભિન્ન દર્શાવી છે. ઉપાયમાં લોકોએ એક સંપી વધે તેવું વાતાવરણ ઉભું કરવું, વાર્ષિક સંમેલન કરવું, મહાજનના બંધારણને ફરીથી બનાવવું, ધાર્મિક કેળવણી પ્રચાર, વ્યવહારિક કેળવણી, શારીરિક કેળવણી, ફરજિયાત પ્રાથમિક/માધ્યમિક કેળવણી, સ્ત્રી કેળવણી, સ્કોલરશીપ, હુન્નર ઉદ્યોગ લોન, વિધવા, બાળકો, નિરાશ્રીત, વૃધ્ધોને સહાય, ઓછા ભાડાના ઘરો જેવા અનેક સુઝાવો લોકોએ આપ્યા. આ અભિપ્રાયોનો રિપોર્ટ બનાવી મહાજનને ઘટતું કરવા મોકલાવ્યો.

આ પુસ્તકમાં શ્રી ધર્મસિંહ નથુભાઈનો 'ભૂલી જતા શીખો' શ્રી ચાંપસી પરબત લધાનો 'મરણ પછવાડે રોવા ફૂટવાનો ચાલતો રિવાજ' એક બેનનો 'બાળ લગ્ન તથા અન્ય કારણોએ સ્ત્રીઓની

વધતી જતી શારીરિક નબળાઈ' જેવી જ્ઞાતિની એ વખતના સમસ્યાઓ પર લેખો છે. 'સ્ત્રીઓની વધતી જતી શારીરિક નબળાઈ' લેખમાં બાળ લગ્નથી, આરોગ્ય અંગે અપુરતું જ્ઞાન, પ્રસુતિ વખતે અયોગ્ય માવજત, કસરતનો અભાવ, ઓછી હવા ઉજાસનાં રહેઠાણ વિગેરે સ્ત્રીઓની શારીરિક નબળાઈનાં કારણો છે. ઉપાય તરીકે યોગ્ય ઉંમરે લગ્ન, કેળવણી, શારીરિક શિક્ષણ પર ધ્યાન આપવું જોઈએ.

પ્રકાશનું આ બીજું પુસ્તક જ્ઞાતિમાં ફ્રીમાં આપવાનું નક્કી કર્યું. એ જ વરસે કચ્છી પ્રજાકીય પરિષદની મુંબઈમાં બેઠક મળી તેને સફળ કરવા આપણી જ્ઞાતિમાંથી કેટલાક જ્ઞાતિજનોએ અગત્યનો ભાગ ભજવ્યો. પાલીતાણા તીર્થ પર યાત્રાએ જનારાઓ પર મૂંડકી વેરો વસુલ કરવા પાલીતાણા રાજ સામે જૈન સમાજે ઝુંબેશ ચલાવી તેમાં પણ જ્ઞાતિજનોએ ભાગ લીધો. મુંબઈમાં અખિલ ભારતીય જૈન કોન્ફરન્સ મળી તેમાં પણ જ્ઞાતિજનોએ ભાગ લીધો. જાહેર જીવનમાં જ્ઞાતિ ઠીકઠીક ભાગ લેતી થઇ. પણ આંતરિક જીવનમાં હજુ પછાત હતી. સેવક સમાજ કાર્ય કરતી સંસ્થા બંધ પડી.

'સમાજના યુવકો! કાંઈ સમજશો કે? એ વખતની જ્ઞાતિનાં યુવાનોની વાસ્તવિક સ્થિતિનું વાર્તા રૂપે 'ચંદ્ર' નાં ઉપનામે લેખકે આલેખી છે. જેમાં રેસ-વેશ્યાવૃતિ-હોટલ-નાટક-મુજરા-જુગાર-આંક ફરક અને ખાંડી બજારમાં બરબાદ થયેલ જ્ઞાતિના યુવકની આપવીતી છે. ૩-૪ વરસમાં બાપની હજારોની સંપતિ વાપરી નાખે છે. બદ આદતોથી કરજા થાય છે જે ભરવા મિત્રોની મદદ માંગે છે પણ કોઈ સાથ નથી આપતું. પોતાની વીતક કથા લખી યુવાનોને હલકી વૃતીવાળા, સ્વાર્થી, નફટ, વ્યભિચારી મિત્રોથી ચેતતા રહેવાની સલાહ આપે છે. ત્રણ દિવસ પછી આ યુવાન કરજના બોજા પોતાની પત્ની પાછળ મૂકી મરણ પામે છે.

આ પુસ્તક સાથે પ્રકાશિત અહેવાલ તથા 'ફ્રેન્ડલી યુનિયન'ના ઉદ્દેશ્યો બંધારણ નિયમોની પુસ્તિકા પણ સલંગ્ન કરેલી છે જ્ઞાતિની સંસ્થાઓ જેવી કે પાઠશાળા મંડળ સેવક સમાજ આદિ બાબત સમાચારો છે. કેળવણીને પ્રોત્સાહન આપવા ૧૯૨૬ જુલાઈમાં મેટ્રિક પાસ થનારને મેળાવડો યોજી ઇનામો આપવામાં આવ્યા.

પુસ્તક ૩ સં. ૧૯૮૩ (સને ૧૯૨૬)

પ્રકાશના ત્રીજા વાર્ષિક અંકમાં જ્ઞાતિને લગતા સામાજિક, ધાર્મિક, ઐતિહાસિક, નૈતિક વિગેરે વિષયો પર વિવિધ લેખો ઉપરાંત શેઠ શ્રી નરશી નાથાનાં જીવન ઉપરનું કાવ્ય, જ્ઞાતિની પડતીના ઈતિહાસને લગતી વિગતો છે. જ્ઞાતિની વિવિધ સમસ્યાઓને લગતા લેખો લખાયા છે અને જેમાંના ચાર લેખો મહિલાઓએ લખેલા છે જે ખાસ નોંધનીય છે. મોટાભાગનાં લેખોમાં આપણી જ્ઞાતિની ઉન્નતિના માર્ગો તથા જ્ઞાતિના અગ્રસરો કેવા હોવા જોઈએ તેમ જ જ્ઞાતિ જીવનમાં જાગૃતિ કેવી રીતે લાવી શકાય તેની ચર્ચા કરવામાં આવી છે. આ ઉપરાંત રાવ બહાદુર સાહેબ ગોવિંદજી ખીમજી શાહ તથા શેઠ શ્રી નરસી નાથાના જીવન કારકિર્દીનાં વૃતાંત અંગેના લેખો છે

સૌ. પ્રેમાબાઈ વેલજી લાલજીએ 'મંથન' શીર્ષક હેઠળના પોતાના લેખમાં તે સમયની નારીની વેદનાને ખૂબ સચોટ રીતે રજૂ કરી છે. વૃધ્ધ લગ્ન અને પુરુષ દ્વારા તથા ચાર- ચાર, પાંચ-પાંચ વખતના લગ્ન તરફ પણ કટાક્ષ કર્યો છે તેમ જ કહેવાતા સમાજ સુધારકો, આગેવાનો જ્યારે પોતાની અંગત વાત આવે ત્યારે આ બદીથી દૂર નથી રહી શકતા એ મુદ્દો પણ રજૂ કર્યો છે. કન્યા વિક્રયની અને આડોણીઆ એટલે એક કુટુંબના ભાઈ- બહેન બીજા કુટુંબના ભાઈ - બહેન વેરે પરણાવવા એ પણ એક કન્યાવિક્રય જ છે તે દર્શાવ્યું છે.

'સમાજના આગેવાન કેવા હોવા જોઈએ' તે પર લેખિકા સૌ. કુંવરબાઈ દેવજીએ લેખ લખેલ છે. અન્ય એક લેખમાં લેખિકા શ્રીમતી સરલાબાઈ સુમતિચંદ્રએ આપણી જ્ઞાતિ પાયમાલી અને અધોગતિ તરફ જઈ રહી છે એવું જણાવેલ છે. સ્ત્રી વર્ગમાં રહેલી અજ્ઞાનતા ઉપર પણ ધ્યાન દોર્યું છે. જ્ઞાતિના કુરિવાજો જેવા કે મૃત્યુ પ્રસંગે રડવા ફૂટવાનો રિવાજ કે બાળ લગ્ન તથા કન્યા વિક્રય બંધ કરાવવાની માંગણી કરી છે

શ્રીમતી મુરબાઈ વેલજી આણંદજીએ 'વધતી જતી મરણ સંખ્યા' લેખમાં જ્ઞાતિમાં વધી રહેલ વિધવાઓ અને વિધુરોની સંખ્યા પ્રત્યે ચિંતા વ્યક્ત કરેલ છે. બાળ લગ્નો, વૃધ્ધ લગ્નો, આરોગ્યના પ્રાથમિક નિયમોનું અજ્ઞાન તે માટે કારણભૂત છે એવું જણાવ્યું છે. વિધવાઓને સ્વાવલંબી બનાવવાની હિમાયત કરી છે. 'ધીરેંજા દલાલ! ક સેતાંનજા સાલ' આ ગઝલ ઈબ્રાહીમ અલારખીયા પટેલે લખી કન્યા વિક્રય અને દલાલો ઉપર માર્મિક પ્રહાર કરેલ છે.

'જ્ઞાતિની ઉન્નતિ કેમ થાય' તે પર ગોવિંદજી ખીમજી શાહે કેળવણી, ધર્મ, કાર્યક્ષમ મહાજન, શારીરિક શિક્ષણ, કન્યા કેળવણીની જરૂરીયાત પર ભાર મૂક્યો છે. 'પડતીના પ્રવાહમાં' ના લેખક શ્રી વેલજી આણંદજી મૈશેરીએ જ્ઞાતિની તત્કાલીન પરિસ્થિતિ અંગે પોતાની મનોવેદના રજૂ કરી છે. જ્ઞાતિની જાહોજલાલીમાં સંવત ૧૯૨૧ પછી આવેલી ઓટ, આગેવાનોમાં હુંસાતુસી, અંતે સંવંત ૧૯૬૭માં સમાધાન જેમાં ૫૦ ઉપરનાએ લગ્ન ન કરવા, એક સ્ત્રી જીવતી હોય તો બીજી ન કરવી, કોઈ છોકરાની ઉમર ૮ વરસ અને છોકરીની ઉમર ૫ વરસથી ઓછી હોય તો સગપણ ન કરવું અને કન્યાને ૧૧ વરસ પહેલા પરણાવવી નહીં અને તેના દ્વારા બાળ લગ્નો અટકાવવાનો પ્રયાસ થયો, કન્યા વિક્રય બંધ કરવાનો ઠરાવ થયો અને સુધારાની શરૂઆત થઈ, આદિ વિગતો છે .

લેખક રાયચંદ શામજી લોડાયાએ જ્ઞાતિને ઉન્નતિના પથ પર મુકવા વ્યક્તિનો સર્વાંગી વિકાસ થાય તેવી કેળવણી હોવી જોઈએ. મેઘજી વેલજી મોતા અને ડો. મેઘજી વેલજી ધરમસીએ સ્ત્રીઓની સમસ્યા અને સ્ત્રી કેળવણી પર ભાર મૂક્યો છે.

શું સંગઠન અને સુવ્યવસ્થા શક્ય છે ? લેખમાં શ્રી કૃપાલ જીવાણી જ્ઞાતિનું ટૂંકા સમયમાં શ્રીમંત બની જવું અને સખાવતો આપનારા દાનવીરો પેદા થવા, પરંતુ આ દાન મુખ્યત્વે દેરાસરો

ઉપાશ્રયમાં દેવદ્રવ્ય રૂપે એકત્ર થયું છે. આજના પ્રગતિના જમાનામાં દેવદ્રવ્ય કરતા આપણને સામાજિક પ્રવૃત્તિમાં વધારે જરૂર છે જેથી મૂળ રકમને હાથ લગાડ્યા વગર વ્યાજનો સામાજિક ઉત્થાન પ્રવૃત્તિમાં વપરાશ થાય તો જ્ઞાતિની ઝડપી પ્રગતિ થઈ શકે તેમ છે. આ અંકમાં શ્રી પદમશી દામજી સોનીનો કેળવણી પરનો લેખ અભ્યાસપૂર્ણ અને મનનીય છે અને શિક્ષણની જરૂરિયાત ઉપર ભાર મૂકેલો છે. એ જ અંકમાં વિધવા બહેનોની કરુણ સ્થિતિનો ચિતાર આપી વિધવા બહેનોની જિંદગી ફરીથી નવ પલ્લવિત કરવાનો અનુરોધ કરતો ચર્ચા પત્ર પણ છે. વિધુર પુરુષો કુંવારી કન્યાની સાથે લગ્ન કરવાને બદલે વિધવા સાથે લગ્ન કરે તો સમાજમાં કન્યા વિક્રય, વૃદ્ધ લગ્ન, ગર્ભપાત જેવા દૂષણ પણ આપોઆપ દૂર થઈ જાય એવી ક્રાંતિકારી વાત છે.

'યુવકો પ્રત્યે' લેખના લેખિકા સરલાબેન સુમતિચન્દ્રે સ્ત્રીઓમાં રહેલી અજ્ઞાનતા દૂર ન થાય ત્યાં સુધી જ્ઞાતિની ઉન્નતિ અસંભવિત છે એવી વાત કહી છે. એમના માટે જ્ઞાતિમાં પ્રવર્તતા કુરિવાજો જેવાકે બાળ લગ્ન, વૃધ્ધ લગ્ન, કન્યા વિક્રય, મૃત્યુ પ્રસંગે રડવાનો રીવાજ, મૃતક પાછળના જમણવારો આદિ બંધ થવા જોઈએ જે ત્યારે જ શક્ય છે જયારે સ્ત્રીઓમાં કેળવણી અને જ્ઞાનનો પ્રચાર થાય.

ધી ફ્રેન્ડલી યુનિયન તરફથી કેળવણીને પ્રોત્સાહન આપતો મેટ્રિકની પરીક્ષા પસાર કરનાર જ્ઞાતિના વિદ્યાર્થીઓને ઇનામ આપવાનો જાહેર મેળાવડો તા.૨૯.૬.૧૯૨૭ ના શ્રી રતનસિંહ માણેકચંદના પ્રમુખ પદે યોજવામાં આવ્યો હતો. જ્ઞાતિની પાઠશાળા અને બોર્ડીંગની રજત જયંતી ઉજવાઈ. પ્રકાશે કેળવણી પ્રચારને પ્રાધાન્ય આપ્યું. દેશવ્યાપી મંદીની અસરમાંથી બચવા માટે સહકારી મંડળી શરૂ કરવાની, હુન્નર ઉદ્યોગો સ્થાપવાના વિચારો સમાજ સમક્ષ મુકાયા.

શ્રી જીવરાજ કરમસી ધરમશીએ કોન્ફરન્સ શા માટે ભરવી જોઈએ? આ મુદ્દે પોતાના વિચારો રજૂ કરેલ છે. ત્રીજા વર્ષના અંકમાં હાલારમાં પટેલિયાઓની જોહુકમી અને દેવદ્રવ્ય તથા મહાજનો દ્વારા લાગાની રકમના ગેર ઉપયોગની વાત છે. તેમજ હાલારની અભણ ગરીબ પ્રજામાં અત્યાચારો સામે બંડ કરવાની હિંમત નથી એવું દર્શાવેલ છે. ડોક્ટર વેલજી પી. ગોસરે જ્ઞાતિની બેંક બનાવવાની વાત કહેલ છે તેમજ જ્ઞાતિના દેવદ્રવ્યના ફંડમાંથી થોડી રકમ સાધારણ ખાતે લઈ જવાની પણ તેમણે રજૂઆત કરી છે

આ પુસ્તકમાં અગાઉના વરસે જ્ઞાતિ મહાજનને મોકલાવેલ ખરડા પર જ્ઞાતિની કોન્ફરન્સ ભરવાની ઉઠેલી માંગણીને વાચા આપી લોકમત જાગૃત કરવાનો પ્રયાસ કર્યો. પરંતુ પ્રત્યાઘાતી બળો મજબુત રહ્યા. વિધવાના પ્રશ્નને અને પુનર્લગ્ન બાબત પ્રકાશમાં જોરદાર માંગ ઉઠી પણ પ્રત્યાઘાતી બળો સામે ફાવ્યા નહિ.

પુસ્તક ૪ સં. ૧૯૮૪ (સને ૧૯૨૭)

ઈસવી સન ૧૯૨૭ માં પ્રકાશનું ચોથું પુસ્તક બહાર પડ્યું ત્યારે દેશમાં આર્થિક મંદી, ગરીબી અને બેકારીના પ્રશ્નો વધી ગયા હતા. આપણી જ્ઞાતિની પણ એવી જ પરિસ્થિતિ હતી. જ્ઞાતિની એકાદ ડઝન જેટલી પેઢીઓ કાચી પડી હતી. પ્રકાશને પણ આર્થિક કારણે પોતાના અંકની સાઈઝ ૬૦ પાના સુધી મર્યાદિત રાખવી પડી અને કિંમત આઠ આના પરથી ઘટાડી ચારા આના કરવી પડી.

ઈ.સ. ૧૯૦૦માં સ્વર્ગ જેઠાભાઈ વર્ધમાનનાં કુટુંબીઓએ સ્થાપેલી કન્યા કેળવણીની લક્ષ્મીબાઈ જ્ઞાનશાળાનું કન્યાશાળામાં રૂપાંતર કરવા માટે શેઠ થોભણ દેવજી દંડનાં પ્રયાસે શ્રી કરમસી પાંચારિયા, શેઠ લાલજી રામજી અને મે. રતનસી આશારીઆની કું.નાં સારા સહયોગે રૂા. ૪૬૦૦૦ નું ફંડ કરવામાં આવ્યું. મુલુંડમાં શ્રીમતી રતનબાઇ વીરજી ગંગાજર મૈશેરી તરફથી મુલુંડમાં 'શ્રીમતી રતનબાઇ ગુજરાતી અને મરાઠી બોયઝ અને ગર્લ્સ સ્કૂલ'ની સ્થાપના કરવામાં આવી જે આજે પણ વિદ્યમાન છે.

ફ્રેન્ડલી યુનિયન જ્ઞાતિ યુવક સંમેલન યોજવા માટે ઘણા સમયથી પ્રયાસ કરી રહ્યું હતું તેને આ વરસે જ્ઞાતિ આગેવાનો અને મહાજનોનો ટેકો મળતા તા. ૩.૧૧.૧૯૨૮ના ધુલીયાના શ્રી ગોવિંદજી ખીમજીના પ્રમુખ સ્થાને જ્ઞાતિ યુવા સંમેલનનું મુંબઈમાં આયોજન થયું જેમાં જ્ઞાતિ માટે મધ્યસ્થ કેળવણી મંડળ ઉભું કરવું તેમજ જુદા જુદા ધર્માદા ટ્રસ્ટના નાણાની વ્યવસ્થા માટે એક મધ્યસ્થ સંસ્થા ઉભી કરવાના ઠરાવો પસાર થયા. યુવા સંમેલને સેવેલ મધ્યસ્થ કેળવણી મંડળનું સ્વપ્નું ઈ.સ. ૧૯૪૭માં પ્રથમ જ્ઞાતિ સંમેલનમાં મૂર્તિમંત થયું અને શિક્ષણ પ્રસારક સમિતિની સ્થાપના થઇ.

'આદર્શ વિધવા' નામની વાર્તા શ્રીમતી સરલાબાઈ સુમતીચંદ્રે લખી છે જેમાં વિધવાની એ સમયની સ્થિતિનું આદર્શ વર્ણન છે. દસ વર્ષની બાળકી વિધવા બને છે જે વિધવા શબ્દનો અર્થ પણ જાણતી નથી અને એનું જીવન રોળાઈ જાય છે. સારા પ્રસંગમાં એની હાજરી અશુભ ગણાય છે, સારા કપડા, સારા ખોરાકથી એને વંચિત રાખવામાં આવે છે, ઘરના અંધારીયા ખૂણામાં તેનું જીવન વ્યતીત થાય છે. સાસરે અસહ્ય ત્રાસ આપવામાં આવે છે. છેવટે એ પોતાના પિયરમાં ચાલી જાય છે. વિધવાની સ્થિતિ એ સમયના સમાજમાં કેવી હતી? તેનો સાચો ચિતાર આ વાર્તા આપણને આપે છે. જ્ઞાતિનું પ્રથમ વસ્તી-પત્રક જોતા અનેક વિધવાઓ પોતાને પિયરમાં રહેતી હતી તે જોઈ શકાય છે.

'આપણી વિધવાઓ તથા નિરાશ્રીત બહેનો' લેખમાં લેખિકા શ્રીમતી મીઠાબાઈ મેઘજી વિધવાઓની તત્કાલીન પરિસ્થિતિ વર્ણવી એમની દશા સુધરે તેવા પગલ લેવાનો અનુરોધ કરે છે. 'શું સ્ત્રી એ મનુષ્ય નથી' એ લેખના લેખિકા કુંવરબેન 'અવનત દશાથી પ્રગતિના પંથે' લેખના લેખક શ્રી હીરજી હંસરાજ શિયાલ, જ્ઞાતિમા પ્રર્વતમાન દૂષણો જેવા કે બાળ લગ્ન, કન્યા વિક્રય, વૃદ્ધ લગ્નો તરફ જ્ઞાતિજનોનું ધ્યાન દોરે છે અને આના મૂળમાં કેળવણીનો અભાવ રહેલો છે એ હકીકત તરફ લક્ષ આપવાનું સૂચવે છે.

વિધવાઓના પુનર્લગ્નની આવશ્યકતા ઉપર શ્રી કલ્યાણજી

રતનસિંહ ધુલ્લા નો સચોટ અને નીડરતા પૂર્વકનો લેખ છે. તેઓ નોંધે છે કે જ્યાં વિધવા સ્ત્રીના સાસુ સસરા તથા માબાપ પણ તેની નજર સામે સંયમ ધર્મ પાળવા તૈયાર નથી, જ્યાં સાસુની કે માની સુવાવડ વિધવા વહુ કે દીકરી કરતી હોય ત્યાં બળાત્કારે રંડાપો પડાવવો શું વ્યાજબી છે? જો પુનર્વિવાહની છૂટ હોય તો કન્યાઓના વેચાણ થાય ખરા? જ્ઞાતિ અને પૂનર્લગ્ન લેખમાં લેખક શ્રી રતનસી જીવરાજ મૂળજીએ પણ વિધવા વિવાહની આવશ્યકતા પર ભાર મૂકેલ છે.

પ્રકાશે રહેઠાણના પ્રશ્નોને વાચા આપી અને એના ફળ સ્વરૂપે અનંત નિવાસના બાંધકામનો પાયો નખાયો ઈસવી સન ૧૯૨૮માં.

'આજનો યુવક' લેખના લેખક શ્રી પી. ડી. માવજીએ તે સમયના મોટાભાગના યુવકોની-લોકોની રહેણીકરણી અને આચરણ સામે આક્રોશ ઠાલવ્યો છે. યુવકોની કુટેવો વર્ણવી છે. તે જમાનામાં કહેવાતું કે 'રખાત નહીં તે ગ્રહસ્થ નહીં'. રખાત હોવી તે મોભો ગણાતો અને આવી રખાતો પાછળ કઈક કુટુંબો બરબાદ થઈ જતા. 'આડંબરી ખર્ચાઓ' લેખના લેખક શ્રી એમ. જી. ધરમસીએ આપણી જ્ઞાતિમાં લગ્ન, આઘરણી, મૃત્યુ વગેરે પ્રસંગોએ હદ ઉપરાંત થતાં ખર્ચાઓ ઉપર કાપ મૂકવાની વાત કહી છે.

ઐતિહાસિક સાહિત્ય આપવામાં પણ પ્રકાશ પાછળ રહ્યું નથી. શ્રી જેઠાભાઈ દેવજી નાગડાએ નાગડા ગોત્ર ની ઉત્પતિ અંગે સંશોધનાત્મક લેખ આપેલ છે. સ્વર્ગસ્થ નથુભાઈ શિવજી અને શ્રી વેલજી આણંદજી મૈશેરી ના જીવન ચરિત્ર લેખ પ્રકાશના અંકમાં પ્રકાશિત થયેલ છે. આપણું સામાજિક જીવન, સંસ્થા સમાચાર, 'આપણી અધોગતિ' વાર્તા રૂપે આલેખન, વિધવા પુનર્લગ્ન તરફેણ અને વિરુધ્ધમાં લેખો છપાયા.

પુસ્તક પાંચમું ઈસવીસન ૧૯૨૮, સવંત ૧૯૮૫

વિધવા વિવાહનાં પ્રશ્નોની વિચારણા કરવા જ્ઞાતિની સ્ત્રીઓની જાહેર સભા યોજાઈ. પરંતુ તેમાં કોઈ પ્રગતિશીલ ઠરાવ થઇ ના શક્યો. આ પહેલા ડો. ગોસર મહાજનની સભામાં વિધવા વિવાહ ઠરાવ લાવ્યા હતા ત્યારે પણ રૂઢીચુસ્તોએ તેને માન્ય ન કર્યો હતો. સભાએ સમયના વહેણ પ્રમાણે સુધારાવાદી વલણ ન રાખ્યું. મહાજનમાં રુઢીચુસ્તોનું વર્ચસ્વ ચાલુ હતું. મહાજનના બંધારણમાં સુધારાનો પ્રયાસ થયો પણ નિષ્ફળ નીવડ્યો. જ્ઞાતિમાં નિષ્ક્રિયતાનું વાતાવરણ.

પુસ્તક છઠ્ઠું ઈસવીસન ૧૯૨૯-૩૦ સવંત ૧૯૮૬-૮૭

આ વરસથી પ્રકાશ માસિક રૂપે શરૂ થયું. ઇસ. ૧૯૩૦નો એ કાળ મહાત્મા ગાંધી દ્વારા વિદેશી શાસનની ધૂસરીને ફગાવી દેવાનું દેશ વ્યાપી આંદોલન, સવિનય કાનૂન ભંગની લડત, વિદેશી માલનો બહિષ્કાર, નમકનો કાયદો તોડવાનો સત્યાગ્રહ શરૂ થયા. પ્રકાશે રાષ્ટ્ર ઉત્થાનમાં પણ સારો ફાળો આપ્યો છે. આપણી જ્ઞાતિના યુવાનો મીઠાના સત્રમાં જોડાઈ ઘણી ધરપકડો વહોરી છે. જ્ઞાતિની નવ જેટલી મહિલાઓ વિદેશી કાપડના બહિષ્કારની ચળવળમાં જોડાઈ દુકાનો પર પીકેટીંગ કરી પોતાનો ફાળો આપેલ છે. નમક સત્યાગ્રહમાં ભગવાનજી નથુભાઈ મૈશેરી આઠ માસની સખત કેદ, શ્રી શિવજી છત્રભુજ એક વર્ષની સખત કેદ, શ્રી વીરજી ગંગાજર એક વર્ષની સખત કેદ, શ્રી જીવરાજ માવજી ગોસર, શ્રી નાગસી નેણસી ધુલિયા, ચાર માસની સખત કેદની સજા પામેલ. બહેનોમાં જમકુભાઈ પદમશી સામજી દંડ-સુથરી, કુમારી જયવંતી જેઠાભાઇ હીરજી મૈશેરી, જેતબાઈ આણંદજી નરસી વર્ધમાન, દેકાબાઈ કુંવરજી દામજી ખાંખણ, પાનબાઈ કેશવજી મૂળજી, મણીબાઈ ચીમનલાલ જેઠાભાઇ વર્ધમાન, માનબાઈ પદમસી રતનસી લોડાયા, મીઠીબાઈ જીવરાજ દેવજી મોતા, લક્ષ્મીબાઈ રાઘવજી મૂરજી અજાણી.

તંત્રી લેખમાં મરણ પાછળ થતાં જમણવારની પ્રથાને વખોડી કાઢવામાં આવી. જ્યારથી મહાજને પ્રતિબંધ મૂક્યો ત્યારથી આવા જમણો સ્વામી વાત્સલ્યના નામ હેઠળ શરૂ થયા છે. યુવા વર્ગે આ જમણો બંધ કરવા માટે ઉગ્ર ઝુંબેશ ચલાવી. મહાજનના આગેવાનો તે માટે તૈયાર નહિ. યુવાઓનો વિરોધ. જમણવાર વખતે યુવાનોનું પીકેટીંગ, જમણ ગરીબોને વહેચી દેવાયું. જ્ઞાતિના જુદા જુદા ટ્રસ્ટોના તરંગી અને રુઢીચુસ્તો સામે જનતાનો આક્રોશ. પ્રકાશના માધ્યમે અનેક લેખો અને ચર્ચા પત્રો પ્રકાશિત થયા. સં. ૧૯૮૬માં પ્રકાશ નોંધે છે કે 'સમાજના પાખંડો સામે લાલ આંખે જોનાર, સમાજ સામે બળવો કરનાર વર્ગ ઉભો થયો છે. મૂડીવાદ અને સત્તાવાદને તોડવા યુવા વર્ગ ઉભો થયો છે'.

'વિનાશના પંથે વિચારતો યુવક વર્ગ' લેખમાં નોકરી ધંધા વગરનાં બેરોજગાર યુવાનો ગરીબીમાં માર્ગ શોધવા સટ્ટા, જુગાર જેવા નૈતિક અધઃપતનનાં માર્ગે ચડેલા છે અને બીજી તરફ શ્રીમંત વર્ગ યુવાનોને થાળે પાડવામાં રસ ધરાવતો નથી તેની વાત છે. શ્રીમંતો ઘણા ટ્રસ્ટના ટ્રસ્ટીઓ છે અને આવા ટ્રસ્ટોમાં મોટી રકમો પડેલી છે. જો આ રકમ જ્ઞાતિ યુવાનોને રોજી મેળવી શકે તેવા સાધનો માટે અપાય તો કોમની ગરીબી દૂર થઇ શકે. લેખકે શ્રીમંતોને ઉકેલ માટે અપીલ કરી છે.

એ સમયે ૨૫ વરસની યુવા સ્ત્રીઓમાં દર ૧૦૦ સ્ત્રીઓએ ૬૧ વિધવા હતી જે એ વખતનું સામાજિક જીવન દર્શાવે છે. યુવા વયે ફરજિયાત વૈધવ્ય ખૂબ કઠિન છે. તેમને બળજબરી પૂર્વક વૈધવ્ય પાળવાની ફરજ ન પાડવી જોઈએ. એ વખત બની રહેલા અનિચ્છનીય બનાવો જોતાં વિધવાઓને લગ્ન કરવાની છૂટ આપવી જોઈએ એ વાત રજુ થઇ છે. આ વિધવાઓના પ્રશ્નને ફંડ ઉભું કરવું જોઈએ એવી માંગણી કરાઈ છે.

'જીવવા માંગો છો તો તમારું તમારા માટે કરો' લેખમાં શ્રી જીવાણી દેવદ્રવ્યનો ઉપયોગ સમાજના ઉત્કર્ષ માટે કરવાનું લખે છે.

'સમાજની યુવતી' લેખમાં લેખિકા વેલબાઈ એ સમયની યુવતીની દુર્દશા વર્ણવી છે. નાની વયે બાળકીને પરણાવી દેવાની ઘેલછામાં પુરતું શિક્ષણ નથી અપાતું. કન્યાની મરજી કોઈ જોતું

નથી. ઘણી વખત પૈસા ખાતર મા-બાપો દિકરીને વૃદ્ધ, અપંગ કે બીમાર પુરુષોને પરણાવી દેવામાં આવે છે. કન્યા સાસરે સાસુ-નણંદનાં મેણા, કામનો ઢસરડો અને પતિનો માર સહન કરતી ઘણી કલીઓ યુવા વયે જ મુરઝાઈ જાય છે. લેખિકા આવી યુવતીઓને હિંમત કેળવી અન્યાય સામે આવજ ઉઠાવવાનું કહે છે.

સ્વામી વાત્સલ્યના ઓઠા હેઠળ મૃતક પાછળ નાત જમાડવાની પ્રેત ભોજનની કુરુઢીમાં અનેક લોકો બરબાદ થયા છે. લોકો એ સમયે ઘર, ખેતરો ગીરો મૂકી પણ આવા ભોજનો કરાવતા. આ કુરિવાજને તુરત બંધ કરવાની જરુરિયાત પર ભાર મુકાયો છે.

'જુવાન બાનુઓ તંદુરસ્ત કેમ બને' લેખમાં જ્ઞાતિમાં ટોનિક, આસવો લઇ તંદુરસ્તી પાછી મેળવવા કરતા કસરત જરૂરી છે એ વાત પર ભાર મુક્યો છે. નોકરો રાખવા કરતાં દળવું, પાણી ભરવું, કપડા-વાસણો જાતે ધોવા જોઈએ તેમજ શારીરિક શિક્ષણ લેવું જોઈએ તેમજ પોતાનું રક્ષણ પોતે કરતા શીખવું જોઈએ.

પુસ્તક સાતમું ઈસવીસન ૧૯૩૦-૩૧ સવંત ૧૯૮૭-૮૮

શરૂઆતના ૬ વરસ લવાજમ મરજિયાત હતું. બાદમાં ફરજિયાત કર્યું, માંડ ૫૦-૧૦૦ કોપીઓ ખપતી.

દેશ વ્યાપી ચળવળ ચાલુ. પરદેશી માલનો બહિષ્કાર, ખાદી પ્રચારમાં જ્ઞાતિજનો આગળ રહ્યા પણ જ્ઞાતિ બીજી રીતે નિષ્ક્રિય. પ્રકાશમાં ફંડોના એકીકરણના વિચારોથી મુંબઈ મહાજને ટ્રસ્ટ ફંડોના એકીકરણ માટે એક પંચની નિમણુક કરી. પરંતુ આ પંચ કાર્યમાં સફળતા હાંસલ ન કરી શક્યું. કેળવણીને પ્રોત્સાહન આપવાની પ્રકાશની પ્રવૃત્તિ ચાલુ રહી. જ્ઞાતિના ઉચ્ચ શિક્ષણમાં ઉતીર્ણ થતા વિદ્યાર્થીઓના ફોટા પ્રકાશમાં પ્રદર્શિત કરવાનું ચાલુ થયું. વધુ અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓને સહાય પૂરી પાડવાની વ્યવસ્થા ચાલુ કરી શૈક્ષણિક પ્રવૃતિને બળ આપ્યું. 'કુમારીકાઓને પડકાર' લેખ કુ. દેવકાંબેન ચાંપસી મણસી લોડાયાનો કન્યાઓને મા-બાપ સામે પોતાના વિચારો મુકવા તથા કન્યા વિક્રય સામે વિરોધ દર્શાવવાની હિંમત કેળવવાને લાગતો છે.

સં. ૧૯૮૭, તા. ૨૦.૧૧.૧૯૩૧ તેરામાં સખાવતી દવાખાનું શ્રી અરજણ ખીમજી અને દેવજી ખીમજી બંધુ દ્વારા રૂા. ૫૦,૦૦૦ની સખાવતથી શરૂ થયું. સને ૧૯૩૨માં 'પ્રકાશ'ના ૭મા વરસના ત્રીજા અંકથી જન્મ-મરણ નોંધ છાપવાનું શરૂ થયું.

સાત વરસ પૂર્ણ થયે 'પ્રકાશ' બંધ કરવાનું 'ફ્રેન્ડલી યુનિયને' નક્કી કર્યું. જરૂર હતી યુવાનોની પ્રચંડ શક્તિને વધાવી, એમની સફળતાની પ્રશંસા કરવાની અને એમની નિષ્ફળતામાં હમદર્દી બનવાની તેમજ એમની રચનાત્મક પ્રવૃતિઓને પીઠની જરૂરી આર્થિક પીઠબળ આપવાની, પરંતુ તેમાં સમાજ ઉણો ઉતર્યો. તે ત્યાં સુધી કે પ્રકાશ વી.પી.થી મોકલવામાં આવતું તેનો અર્ધો આનો ચૂકવવાને બદલે અમુક લોકો ગેરદોરવણીથી દોરાઈ અંકો પાછા મોકલવા માંડ્યા અને 'પ્રકાશ'ને દર રિટર્ન અંક પાછળ સાડા ત્રણ આના ચૂકવવાનો વખત આવ્યો. જે યુવાનો/ વિદ્યાર્થીઓ પોતાના ખિસ્સા ખર્ચીમાંથી બચાવી પ્રકાશનાં ખર્ચને પહોંચીવળવા મોજ શોખ જતા કરતા એમની લાગણી ઉપર મોટો પ્રહાર થયો અને પ્રકાશને બંધ કરી નાખવાના નિર્ણય ઉપર આવ્યા. આર્થિક બોજ વહન કરવા ફ્રેન્ડલી યુનિયન અક્ષમ તેથી ફ્રેન્ડલી યુનિયને 'પ્રકાશ'નો કરજો પોતાને શિરે લઇ 'ફ્રેન્ડલી યુનિયન' બંધ કરવાનું નક્કી કર્યું. યુનિયને ક્યારે પણ અન્ય સંસ્થાઓની જેમ શ્રીમંતોની ખુશામત કરી સહકારપણું મેળવવાનું કર્યું નહીં. પ્રકાશના અધિકારીઓને પ્રકાશ બંધ થાય તે ન રુચ્યું. જ્ઞાતિને પ્રકાશની કિમત સમજાઈ ચૂકી હતી. જ્ઞાતિનો મોટો ભાગ અને ખાસ કરીને દેશવાર વસતા લોકોને તેનું ખૂબ મૂલ્ય હતું. જ્ઞાતિના સદનશીબે ફ્રેન્ડલી યુનીયનના થોડા ભાઈઓ અને થોડા નવા ભાઈઓની 'પ્રકાશ સમિતિ'ની રચના થઇ અને તેના દ્વારા 'પ્રકાશ' ચાલુ રહ્યું. શ્રી પદમસી દામજી ખોના તેના તંત્રી પદે આવ્યા.

પુસ્તક આઠમું ઈસવીસન ૧૯૩૧-૩૨ સવંત ૧૯૮૮-૮૯.

દેશભર ચાલી રહેલ લડતમાં મુંબઈ તેમજ બહારગામ વસતા જ્ઞાતિજનોએ સારો ભાગ લીધો. પ્રકાશના આદ્ય સ્થાપક લક્ષ્મીચંદ વીરજી લાપસીઆને પણ ભાત બજાર ફુવારા પાસે મીઠું પકવવા બદલ એક વરસની લાંબી જેલ થઇ. 'પ્રકાશે' પણ રાષ્ટ્રીય પ્રવૃતિને પ્રોત્સાહન આપ્યું. પ્રકાશ રાષ્ટ્રીય પ્રવૃતિમાં ભાગ લેનારના સમાચાર અને ફોટા છાપતું. આ કાર્ય બદલ પ્રકાશને સત્તાવાળા દ્વારા મનાઈ નોટીસ મળી. અખિલ હિંદ જૈન યુવક કોન્ફરન્સની બેઠક મળી તેમાં જ્ઞાતિ યુવાનોએ ભાગ લીધો. યુવાનોનો અવાજ મજબૂત બનતો ગયો. ગયા વરસે જમણવાર બંધ કરાવવા બદલ યુવાનોને મહાજન તરફથી દંડ થયો જેની સામે શ્રી મેઘજી હીરજી જંગેઆલીએ મહાજનના પગલાને પડકાર્યું. ટ્રસ્ટ ફંડો અને અસંતોષકારક વહીવટ સામે શ્રી રતનસી દામજી અને શ્રી જેઠાભાઈ હીરજી મેપાણીએ અદાલતનો આશ્રય લીધો.

આ સમયે કન્યા વિક્રય પુર જોશમાં ચાલુ. ૨૫-૩૦ વરસ પહેલા રીત રૂા. ૨૦૦-૩૦૦ની હતી તે વધીને રૂા.૨૦૦૦-૩૦૦૦ જેટલી અને કોઈ કોઈ કેસમાં પાંચ આંકડા જેટલી થઇ. ઠરાવિક રીતની રકમ ન આપી હોય તો પરણવા આવે ત્યારે પહેલા રીત ચુકવે પછી જ વરરાજાને તોરણે ચડવા આપે. હઠે ચડે તો વરરાજાને પરણ્યા વગર પાછું આવવું પડે. વૃધ્ધ કે મોટી ઉમરના લગ્નો થતા, કોઈ કોઈ વખત પુરુષ ૪-૫ વાર પરણે. મોટી ઉમરના પુરુષો સામે ઘણી નાની ઉંમરની કન્યાઓને પરિણામે વિધવાનું પ્રમાણ વધુ. કામાગ્નિ શાંત ન થાય તે પહેલા વિધવા બની જાય પરિણામે સ્વછંદતાને વ્યભિચાર જોવા મળે. વિધવા અને અપરણિત પુરુષોની ઘણી સંખ્યા જયારે બીજી બાજુ પુરુષો ૪-૫ વખત લગ્ન કરતા તેથી સમાજમાં કન્યાઓની અછત અને સામાન્ય યુવકને કન્યા ન મળતા અપરણિત રહેવું પડતું.

સરલાબેન સુમતીચંદ્રે 'પતનને પંથે' વાર્તામાં જ્ઞાતિમાં થતા યોગ્ય લગ્ન કજોડા લગ્નની વાત વણી લીધી. જેના ઉપર જ્ઞાતિની ઉન્નતિનો આધાર છે એ યુવાનો પ્રમાદમાં પડ્યા છે, અરાજકતા અને

અવ્યવસ્થા સામે બળવો કરવાની હાકલ પડી છે ત્યારે યુવાનોની આવી દશા ઉપર લેખ છે.

૧૪.૫.૧૯૩૨ના મુંબઈમાં હિંદુ-મુસ્લિમ હુલ્લડ થયું. ૩ દિવસ સુધી ગુંડા રાજ રહ્યું. કરોડોનું નુકશાન. ૧૨૨ હિંદુ અને ૬૭ મુસ્લીમોના જાન ગયા. ૯૯૪ હિંદુ અને ૧૦૦૪ મુસ્લિમો ઘવાયા. ડૉ. પુનશી મૈશેરી, બી. એન. મૈશેરી, શ્રી ધનજી નાગશી, શ્રી દેવજી નાઠું, શ્રી દામજી વેરસી, શ્રી વાલજી લાધા તથા જ્ઞાતિના થોડા સ્વંયસેવકો અને લુહાણા કોમના સેવાભાવી યુવાનોને લીધે માંડવી વિસ્તાર બચ્યા.

પુસ્તક નવમું ઈસવીસન ૧૯૩૨-૩૩ સવંત ૧૯૮૯-૯૦

સવંત ૧૯૮૯માં કેટલોક સમય 'પ્રકાશ' પાક્ષિક રૂપે પણ ચાલ્યું. છ મહિના પછી 'પ્રકાશ' ફરીથી માસિક બન્યું. આમ શરૂઆતના ૧૦ વરસમાં તેના પ્રકાશનમાં ફેરફાર થતાં રહ્યા. પ્રકાશના પ્રમુખ સહાયકોમાં શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી ઝવેરચંદ પદમશી લોડાયા, શ્રી ભાણજી જેવત ખોના અને લક્ષ્મીચંદ હીરજી લોડાયા હતા.

'આત્મ ઈચ્છાનું અમોઘ બળ' વાર્તામાં પુરુષના સદ્‌ગુણ અને દુર્ગુણ જોયા વિના શ્રીમંત ઘરના દુરાચારી, વ્યસની અને બુરી સોબતો રાખનારા યુવક સાથે પુષ્કળ પૈસાનાં બદલામાં બાપે કરેલા લગ્ન અને તેમાં સદગુણી અને સંસ્કારી કન્યાનો લેવાયેલા ભોગની વાત છે. કન્યા પતિને સુધારવાના અનેક પ્રયત્નો કરે છે પણ પતિ સુધરતો નથી. પત્નીના ચારિત્ર પર શંકા કરે છે. બંને વચ્ચે ઝગડો થતા પતિ તેણીને માર મારી ઉપરના દાદરા પરથી ધક્કો મારી ફેંકી દે છે. પોલીસ આવે છે. પત્નીને હોસ્પિટલ લઇ જાય છે. પત્નીની સ્થિતિ નાજુક. કોરોનર તેની જુબાની નોંધે છે. પતિવ્રતા નારી લખાવે છે કે તેને કોઈએ ફેંકી નથી પણ દાદરા પરથી લપસી ગઈ છું. પતિ નિર્દોષ ઠરે છે. પતિને ભૂલ સમજાય છે, પત્નીની માફી માંગે છે પણ ત્યારે ઘણું મોડું થઇ ગયું હોય છે. આવા પત્નીને મારી નાખવાના ઘણા બનાવો આપણી જ્ઞાતિમાં બન્યા છે.

મહાજનનો અયોગ્ય ન્યાય. એકને ગુના માટે દબોચી નાખે અને બીજા ગુનેગાર પ્રત્યે આંખ મીંચામણા કરે. મહાજનની સભા ઠરાવે કે આવી બાબત ચર્ચા માટે બીજી સભામાં રજુ કરવી પણ બીજી સભામાં રજુ ન કરે અને ગુન્હેગારને રક્ષણ આપે. પ્રકાશમાં આવી જોહુકમી અંગે કટાક્ષ ચિત્ર છપાયું તો પ્રકાશનાં તંત્રીને પત્ર લખી ખુલાસો માંગ્યો. 'પ્રકાશ'માં આવતા મહાજનના અહેવાલો ઉપજાવી કાઢેલા છે તે માટે પ્રકાશના સંપાદક અને પ્રકાશ સમિતિ માટે મહાજનની સભામાં દિલગીરી વ્યક્ત કરતો ઠરાવ પસાર કરવામાં આવ્યો. પ્રકાશના અવાજને દબાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો. મુઠ્ઠીભર લોકો સમાજના તન, મન અને ધનને અવગણી સંસ્થાઓના અઢળક ધન ઉપર કાયમી ટ્રસ્ટી હોય તેમ પોતાને અનુકળ હોય તેવું બંધારણ બનાવી સામ્રાજ્ય જમાવી બેઠા હતા. આવા લોકોની સામે 'પ્રકાશ' ઝઝૂમ્યું, ઝૂક્યું નહિ. પ્રકાશ ક્યારે પણ વ્યક્તિ પ્રસંશક નથી રહ્યું કે તટસ્થાનાં નામે આંખ આડા કાન કર્યા નથી, જે 'પ્રકાશ'ના ૧૦૦ વરસના અંકો પરથી જણાઈ આવે છે. મહાજનની જુનવાણી નીતિ અને ટ્રસ્ટ ફંડનાં વહીવટો સુધારવાની માંગણી કરતી પ્રકાશની ઝુંબેશ વધુ પ્રજવલિત બની. મુંબઈ મહાજનમાં વર્ચસ્વ ધરાવતો રૂઢિચુસ્ત વર્ગ પ્રકાશ ઉપર ખફા. 'પ્રકાશે' વળતો ખુલાસો કરતા લખ્યું કે 'પ્રકાશના સંચાલકો પાસે એવી માંગણી કરવામાં આવી હતી કે 'પ્રકાશ'ને જો મહાજનનું મુખપત્ર બનાવવામાં આવે અને મહાજન તરફથી આવતા (સાચા કે ખોટા) સમાચાર પ્રગટ કરવામાં આવે તો મહાજન પ્રકાશને વાર્ષિક લગભગ રૂપિયા ૪૦૦ જેવળી જબ્બર રકમ આપવા તૈયાર છે. પરંતુ 'પ્રકાશે' તેનો સ્વીકાર ન કર્યો. વળી 'પ્રકાશ સમિતિ'નાં સભ્યો અને જ્ઞાતિના યુવાનો મહાજનની સભામાં વખતો વખત અન્યાયી કે અવ્યવહારૂ ઠરાવો સામે ખુલ્લો વિરોધ કરતા તે મહાજનથી સહન થયું નથી અને ઉપરોક્ત ઠરાવ કર્યો છે. પ્રમાણિક ટીકા કરવાનો પત્રકારને હક્ક છે. સંગઠન અને વ્યવસ્થાના નામે બંધારણ અને ન્યાયને નેવે મૂકી મહાજનનો વહીવટ ચાલતો. પરિસ્થિતિ શોચનીય છે એવું 'પ્રકાશ' બે ધડક છાપતા ગભરાતું નહિ. 'પ્રકાશ' મહાજનની નિર્બળતા પર પ્રહાર કરતું અને લોકોને નીડર બનવાનું શીખવાડતું.

'ગૃહ-કલહ' લેખના લેખિકા સૌ. સરલાબાઈ સુમતિચંદ્રનાં મતે સયુંકત કુટુંબ એ હિંદુ સમાજની વિશેષતા છે પરંતુ અધિકાંશ લોકો અશિક્ષિત હોવાથી તેમજ સ્ત્રીઓમાં મંદબુદ્ધિ હોવાથી,વ્યવહારૂ જ્ઞાનનો અભાવ ગૃહ ક્લેહનાં કારણો છે. પરાધીન સ્ત્રી ઉપર અત્યાચાર એક રુઢીના રૂપમાં ચાલ્યો આવે છે. સ્ત્રીઓ ઉપર અત્યાચાર કરવામાં સ્ત્રીઓનો જ મુખ્ય હાથ હોય છે અને જયારે પુરુષ તેમાં સામેલ થાય છે ત્યારે તેનું પરિણામ ભંયકર આવે છે. દરેક સાસુ એમ માને કે અમારી સાસુએ અમને આ પ્રમાણે રાખ્યા તે પ્રમાણે અમારે રાખવાનું. પણ સમયના પ્રવાહને જો દરેક સાસુ સમજી લે અને તે પ્રમાણે વર્તે તો ગૃહ કલહનું કારણ ન રહે. ગૃહમાં શાંતિ અને આનંદ રહે. કેળવણી વિના તે નહિ બની શકે. અભણ સ્ત્રી ગૃહને નરક સમાન બનાવે છે અને પતિ પણ અજ્ઞાન સ્ત્રીથી સુખી થઇ શકતો નથી. આ લેખમાં સ્ત્રી કેળવણી ઉપર ભાર આપવામાં આવ્યો છે.

'કોણ જવાબદાર' લેખમાં લેખિકા સૌ. સરલાબાઈ સુમતિચંદ્રે વાર્તા રૂપે કન્યા વિક્રય, વૃધ્ધ લગ્ન, પુરુષનું ૩-૪ વખત પરણવું, સ્ત્રીની અતૃપ્ત રહેતી વાસના, કન્યાની અકાળે માંદગી અને મોતની વાત કહી છે.

એ સમય એક પત્ની જીવિત હોવા છતાં બીજી પત્ની કરવાના બનાવો પણ બનતા.

મહાજનો સામે અનેક કેસો નોંધાયેલા છે. ૧૫ વરસ પહેલા માજન ઉપર ચઢી ગયેલ રૂા. ૭૫૦૦૦નુ દેવું શેઠ શ્રી ખેતસી ખીયસીએ ઉતાર્યું અને ૧૫ વરસમાં ફરી ૪૦૦૦૦નુ દેવું મહાજન ઉપર થઇ ગયું. મહાજન કેસ કબાલામાં ખુબ રકમ ખર્ચતું.

'આપણી આધુનિક સ્થિતિ' લેખમાં જ્ઞાતિ પ્રત્યે શુભ

ભાવનાનો લોપ, પરજ્ઞાતિ તરફથી પોતાના કુટુંબીજનોને હેરાનગતિ કરવામાં આવે તો જ્ઞાતિજનની પડખે ઉભો ન રહે અને આપસમાં નજીવી બાબતને મોટું સ્વરૂપ આપી પોતાનાને દુઃખ આપવામાં જરાય કચાસ ન છોડે. દર દિવાળીએ દેશમાંથી નોકરીની આશાએ અનેક જ્ઞાતિજનો આવતા તેમાંથી ત્રીજા ભાગનાને માંડ નોકરી મળતી, બાકીના ૨-૩ મહિના લાવેલી મૂડી ખલાસ થતા પાછા ચાલ્યા જાય. શ્રીમંતો તરફથી જ્ઞાતિજનોને નોકરી આપવા અને ઉંચે લાવવામાં રસ નહિ. પર્યાપ્ત પગાર આપે નહિ.

જે મુશ્કેલી 'ફ્રેન્ડલી યુનિયન' ભોગવતું હતું તે 'પ્રકાશ સમિતિ' પર પણ ચાલુ રહી. આર્થિક સંકળામણને લીધે 'પ્રકાશ' ફરી બંધ કરવાની પરિસ્થિતિ ઉભી થઇ. આ વરસે શ્રાવણથી આસો સુધી માત્ર એક જ અંક બહાર પાડી શકાયો. પરંતુ જ્ઞાતિમાં પ્રકાશ પ્રત્યે પ્રચંડ સહાનુભુતિ ધરાવતા અને પ્રગતિવાદી સમૂહને પ્રકાશ બંધ થાય તે મંજૂર નહિ. પ્રકાશ ચાલુ રહે તે માટે ભરપુર પ્રયાસ થયા તેમજ પ્રકાશન માટે એક પગારદાર માણસનો ખર્ચ ઉપાડવાની તત્પરતા બતાવવામાં આવી. જ્ઞાતિના આ પ્રકારના સહકાર અને 'પ્રકાશ' પ્રત્યેના પ્રેમને લીધે 'પ્રકાશ સમિતિ'એ પોતાનો નિર્ણય બદલ્યો અને સં. ૧૯૫૦ કાર્તિક મહિનાથી પ્રકાશ પાછું પ્રગટ થવા માંડ્યું. આ વરસે ઉચ્ચ શિક્ષણ મેળવનારા વિદ્યાર્થીઓનો સન્માન સમારંભ 'પ્રકાશ સમિતિ' દ્વારા શ્રી ભવાનજી અરજણ ખીમજીના પ્રમુખપણા હેઠળ યોજાયો. લેખન પ્રવૃતિને પ્રોત્સાહન આપવા 'પ્રકાશ' દ્વારા ઈનામ આપવાનું ચાલુ રહ્યું.

પુસ્તક દસમું ઈ.સ. ૧૯૩૩-૩૪ સવંત ૧૯૯૦-૯૧

જ્ઞાતિના સહયોગથી 'પ્રકાશ' વધારે જોમવંતુ બન્યું. વૈશાખ મહિનાનો અંક મહિલા અંક તરીકે બહાર પાડવામાં આવ્યો તેમાં ધુરંધર ચિત્રકાર રવિશંકર રાવળના ચિત્રો પ્રકાશિત કર્યા. આપણી જ્ઞાતિની પ્રસિધ્ધ ચિત્રકાર સોનુબેન શાહના ચિત્રો પણ છપાયા.

પ્રત્યાઘાતી તત્વોનો 'પ્રકાશ' સામેનો વિરોધ ચાલુ જ રહ્યો અને તે અદાલત સુધી પહોંચ્યો. પ્રકાશમાં છપાયેલ એક ટીકાત્મક ચર્ચા પત્ર જે સમાજ સુધારાની નજરે એક ટકોર પુરતું હતું, પરંતુ તેને બદનક્ષીકારક ગણી કુર્લા મેજીસ્ટ્રેટની કોર્ટમાં પ્રકાશના તંત્રી અને પ્રકાશક વિરુદ્ધ કેસ દાખલ કરાયો. પરંતુ ૧૦-૧૨ મહિના પછી મેજીસ્ટ્રેટે 'પ્રકાશ'ના તંત્રી અને પ્રકાશકને નિર્દોષ છોડી મુક્યા. આ વરસે હુબલી, ખંડવા મહાજને મુંબઈ મહાજનની સત્તાનો વિરોધ કર્યો અને મુંબઈ મહાજનનું દેશાવરોના મહાજનો પરનું વર્ચસ્વ ઢીલું પડ્યું. મુંબઈ મહાજનના અધિકારીઓના વલણ સામે જ્ઞાતિનો વધેલો અસંતોષ તથા અદાલતે પહોંચેલ ઝગડાઓ અને તેમાં મુંબઈ મહાજનના પરાજયથી રૂઢીચુસ્તો અને સરમુખ્તયારશાહીનું જોર નબળું પડ્યું. આ ક્રાંતિકારી પરિવર્તનમાં પ્રકાશનો મહત્વનો રોલ રહ્યો.

આ વર્ષે જ્ઞાતિમાં ધાર્મિક પ્રવૃત્તિ સારી રહી. કેળવણી ક્ષેત્રે સુથરીમાં વિનય મંદિરની સંસ્થા શરૂ થઇ. રતનસી આસારીઆની કંપનીવાળા શા. માલસી ગોવિંદજી, શ્રી લાલજી ઘેલાભાઈ તથા ગોવિંદજી લખમસી તરફથી જ્ઞાતિ બંધુઓ માટે મુંબઈની સર હરકિસનદાસ હોસ્પીટલમાં બે બીછાનાની જોગવાઈ કરવામાં આવી. જ્ઞાતિનાં ઉચ્ચ શિક્ષણનું સ્તરમાં વધારો નોંધાયો. ધાર્મિક ક્ષેત્રે શ્રી વિસનજી લાલજી ધરમસી તરફથી સમેત શિખરજી યાત્રા માટે સ્પેશીઅલ ટ્રેન દોડાવી જેમાં ૨૦૦ યાત્રિકોએ લાભ લીધો. આમ જ્ઞાતિની ધીમી પણ મક્કમ પ્રગતિ થઇ.

પુસ્તક અગિયારમું ઈ.સ. ૧૯૩૪-૩૫, સવંત ૧૯૯૧-૯૨

'પાપનું ફળ' વાર્તા દ્વારા કન્યાવિક્રય, સાધારણ સ્થિતિના આપકમાઉ યુવાન કરતા લક્ષ્મીનંદન વેરે કન્યા પરણાવવાનું મા-બાપોનું માનસ પછી પુરુષ ભલે ત્રીજ કે ચોથ વર કેમ ન હોય? છતું થાય છે અને તેમાં કન્યાના પુરુષના ગુપ્ત રોગ સ્ત્રી અને આવનારા બાળકને લાગવાની, અંતે થોડા સમયમાં પુરુષનું અવસાન અને ત્યાર બાદનાં વિધવાના સંઘર્ષ અને વેદનાની વાત છે.

અગાઉ ધારા ઘડાયેલા પણ તેનાથી વિરુદ્ધ વર્તન કરનાર માટે કોઈ નિયમ નહિ હોવાથી કોઈ પાલન કરતું નથી. તેથી જ્ઞાતિના સડા કાઢી નાખવા દેશ કાળને અનુસરતું બંધારણ ઘડી અને તે પ્રમાણે અમલ કરવા જ્ઞાતિ બંધારણમાં સુધારાની વાત છે.

એ વખતના મહાજનના ચાર વર્ગથી એક વર્ગ ઉદાસીન બન્યો છે, બીજો પોતાની મોટાઈ બતાવવામાં પૂરો છે, ત્રીજો પૈસો આપવાના પ્રસંગે શરમાશરમે આપવા પડશે માટે છૂપાય છે અને ચોથો ઝગડાળુ વાતાવરણથી દૂર રહેવાનું પસંદ કરે છે, જે જ્ઞાતિનું એ સમયનું સમાજ જીવન દર્શાવે છે. લેખક આમાં સુધારા માટે કેળવણી ઉપર ભાર આપવાનું સૂચવે છે.

આ વરસે જંગેઆલી કેસમાં મહાજન ઉપર ડીક્રી આવતા મહાજનવાડીના વાસણોનું લીલામ થયું. જ્ઞાતિ હિત ચિંતક શ્રી કાનજી વસનજી પાલાણીએ લીલામ વખતે સૌથી ઉંચી બોલી રૂા. ૮૬૦૦ની બોલીથી વાસણો ખરીદી અને મહાજનને પાછા સોંપી જ્ઞાતિની ઈજ્જત બચાવી લીધી.

'બિડાયેલી આંખ' વાર્તામાં કજોડાની અને સંતાનોની ઈચ્છા વિરુદ્ધના ભણેલ યુવાનના અભણ કન્યા સાથેના લગ્નની વાત છે. પુરુષ જેને પસંદ કરતો હતો તેને પરણી શકતો નથી અને તેથી દુઃખી અને બીમાર પડે છે અને મરણ પામે છે. બીજી બાજુ પુરુષ જેને પસંદ કરતો હતો તે અન્ય મોટી વયના પુરુષ સાથે પરણાવવામાં આવે છે અને તે પણ વિધવા બને છે. કજોડા લગ્નને કારણે એકની જીંદગી ખતમ થઇ જાય છે અને બે ની જિંદગી બરબાદ થાય છે. આવી જ કજોડા લગ્નની વાત 'આપણી દંભી લગ્ન વ્યવસ્થા' લેખમાં છે. વિવાહિત યુગલના હિત અને ભાવિ સુખ પ્રત્યે આંખ આડા કાન કરી પરણાવનારા પોતાનો સ્વાર્થ જુવે છે. વર કન્યાની પરસ્પર લાયકાત જોવાતી નથી અને કજોડા લગ્ન કરે છે તેની વાત છે.

જ્ઞાતિના પ્રથમ વકીલ શ્રી રતનસી વીરજી લાપસીઆ પછી ૧૭ વરસે જ્ઞાતિને બીજા વકીલ શ્રી પદમસી દામજી ખોના રૂપે મળ્યા.

તેમને તા. ૧૪.૧૧.૧૯૩૪ન એલ.એલ.બી.ની પરીક્ષા પાસ કરી. એમને અભિનંદન આપવાનો મેળાવડો તા. ૨૫.૧૧.૧૯૩૪ન યોજાયેલ.

દશ વરસના અંતે પ્રકાશ નોંધે છે કે જ્ઞાતિની વર્તમાન પરિસ્થિતિનું વિશ્લેષણ જોતાં જણાય છે કે કેળવણી ક્ષેત્રે ભૂતકાળમાં સ્થિતિ હતી તેવીજ સ્થિતિ છે, સામાજિક રુઢીઓમાં તથા નૂકશાનકારક રિવાજોમાં પરિવર્તન પણ જ્ઞાતિની સ્થિતિ સુધારવામાં સહાયભૂત થઇ શક્યું નથી. બંધારણ પૂર્વક આગળ વધવામાં જ્ઞાતિનું કોઈ સંગઠન નથી. જ્ઞાતિનો એક વર્ગ જ્ઞાતિ વિષયક પ્રવૃતિથી નીરસ બની બેઠો છે. બાકીનો પક્ષ પક્ષાપક્ષી અને વિગ્રહમાં અટવાયેલો છે.

વૃધ્ધ પુરૂષોની લગ્ન કરવાની વાસના અને બાળવયે પરણાવવામાં આવતી બાળાઓના ભોગથી કન્યા વિક્રયને ઉત્તેજન મળે છે. વિધવાઓની સંખ્યા વધે છે અને વૈધવ્યનો તાપ સહન ન કરી શકવાથી એમનું જીવન અનીતિમય બને છે. ફરજીયાત વૈધવ્ય પાળવાનું જન માનસ વિધવાના પ્રશ્નો માટે જવાબદાર છે. પવિત્રતાના નામ હેઠળ અપવિત્ર જીવન ગાળે તે કરતા તે ઘર માંડે તે વધુ સારું છે. વૈધવ્ય મરજિયાત હોવું જોઈએ એવા વિચારો રજૂ કરાયા છે.

હરકિસન હોસ્પીટલમાં બે બિછાનાની સગવડ રૂા. ૧૫૦૦૦ ડોનેશન આપી રતનસી આસારીઆની કું. તરફથી એમના ભાગીદારો માલસી ગોવિંદજી, લાલજી ઘેલાભાઈ તથા ગોવિંદજી લખમસી દ્વારા કરવામાં આવી.

જ્ઞાતિના પ્રશ્નોમાં 'પ્રકાશે' નિષ્પક્ષ રહી પોતાની નીતિ અનુસાર પોતાનો મત જ્ઞાતિ સમક્ષ રજૂ કર્યો છે. મૌન રહ્યું નથી અને પોતાની ફરજ ચુક્યું નથી. પ્રકાશનો સ્વતંત્ર મત ઘણાને પસંદ ન પડે તે સ્વાભાવિક છે.

પુસ્તક બારમું ઈ.સ. ૧૯૩૫-૩૬ સવંત ૧૯૯૨-૯૩

દેશભરમાં આર્થિક આંધી અને રાષ્ટ્રીય આંદોલનની અસર. જ્ઞાતિજનો પણ રાષ્ટ્રીય આંદોલનમાં સક્રીય રહ્યા. જ્ઞાતિ બંધુ જાહેર જીવનમાં આવ્યા. કેટલાક સુધારામાં અગ્રગણ્ય સ્થાન મેળવ્યું, કેળવણી વિભાગમાં હોદ્દા મેળવ્યા. મહાજનોના કેટલાક અંતરીક ઝગડાનો અંત આવ્યો અને રચનાત્મક શાંતિનું વાતાવરણ વિકસતું દેખાયું. પ્રકાશની કેળવણીના ફેલાવાની પ્રવૃતિઓ ચાલુ રહી. યુવકોમાં એકતા લાવવા પ્રકાશે ક્ષમાપનાનો મેળાવડો યોજ્યો. 'મેટ્રિક પછી શું કરવું?' તેની લેખમાળા પ્રકાશે શરૂ કરી. પ્રકાશે લગ્ન ગીતો મેળવી લગ્ન ગીતોનો સંગ્રહ લાલજી રામજીના સહયોગથી. જ્ઞાતિના લેખકોને પ્રોત્સાહન આપવા પ્રકાશે 'નવલિકા અંક' પ્રકાશિત કર્યો જેમાં જ્ઞાતિના લેખકોની નવલિકાઓ પ્રકાશિત કરી. વાલજી લાધાભાઈની આર્થિક સહાયથી 'પ્રકાશ સમિતિ'એ બીજા વસ્તી પત્રકનું પ્રકાશન કર્યું.

પુસ્તક તેરમું ઈ.સ. ૧૯૩૬-૩૭, સવંત ૧૯૯૩-૯૪

મુંબઈ મહાજનના મોટા ભાગના ઝગડાઓ સમી ગયા. હાલારમાં પટેલશાહી આપખુદી સામે ત્યાંના ભાઈઓએ કોર્ટે ગયા અને તેમાં મહાજનની હાર થઇ. જ્ઞાતિની સંસ્થાઓ, મંડળોની કેળવણીની પ્રવૃત્તિ ઠીક ઠીક આગળ વધી. નલિયા બાલાશ્રમને જમીન અને રોકડ રકમ ભેટમાં મળી. કુમાર મંડળે રાત્રી શાળા શરૂ કરી. માનબાઈ પદમસી તરફથી ભરત-ગુંથણ, સીવણ,તથા અંગ્રેજી શિક્ષણનો વર્ગ ખોલવામાં આવ્યો. પ્રકાશ સમિતી દ્વારા શિક્ષણ અભિવાદન મેળાવડાનું આયોજન થયું જેમાં પ્રમુખ સ્થાન જ્ઞાતિની મહિલાને આપ્યું. શ્રી ભવાનજી અરજણ ખીમજી ઇન્ડિયા કોટન એસોસીએશનનાં પ્રતિનિધિ તરીકે ધારાસભામાં ચૂંટાયા અને તેમના સન્માનાર્થે યોજાયેલા મેળાવડાનું પ્રમુખ સ્થાન સરદાર પટેલે શોભાવ્યું. આમ જ્ઞાતિ પ્રગતિને પંથે જોવા મળી. પ્રકાશમાં સારા લખાણોને પ્રોત્સાહન માટે સારા લેખ લખનારને 'સરપ્રાઈઝ પાર્સલ' મોકલવાનું શરુ કર્યું. આ વરસે પ્રકાશે વસ્તી પત્રક અંક' પ્રગટ કર્યો જેથી જ્ઞાતિની આર્થિક સ્થિતિ સામાન્ય માનવી સારી રીતે જાણી શકે. આ ખાસ અંકમાં તંત્રી સ્થાનેથી (૧) સમસ્ત જ્ઞાતિનું સંમેલન ભરવું જોઈએ (૨) જ્ઞાતિ માટે એક સહકારી બેંક હોવી જોઈએ (૩) એમ્પ્લોયમેન્ટ બ્યુરો હોવું જોઈએ (૪) કેળવણીનું એક મધ્યસ્થ બોર્ડ હોવું જોઈએ એવા મુદ્દા રજૂ કર્યા.

પુસ્તક ચૌદમું ઈ.સ. ૧૯૩૭-૩૮, સવંત ૧૯૯૪-૯૫

આ વરસે પ્રકાશની જ્ઞાતિ ઉપયોગી પ્રવૃતિઓમાં વિસ્તાર અને વધારો થયો. જ્ઞાતિનું માણસ પણ વધારે સુધારક જોવા મળ્યું. જે જ્ઞાતિ સમૂહમાં વિધવા વિવાહ મુદ્દે હિમત નહોતી તે આજે આ મુદ્દે રજૂઆત કરતો થઇ ગયો. ઘણા જ્ઞાતિજનોએ જૂની રુઢીઓનો ત્યાગ કર્યો. લગ્ન પ્રસંગે ઘૂંઘટ ત્યાગ, બાજોઠ પર બેસી લગ્ન કરવાનો ત્યાગ, જૈન વિધિ અપનાવવું. જેવા અનેક સુધારા જોવા મળ્યા જે સુધારાનું માણસ દર્શાવે છે. નવા અધિકારી આવતા મુંબઈ મહાજનમાં જાગૃતિ આવી . હાલારમાં પટેલશાહીનું વિસર્જન થયું અને બંધારણીય વહીવટની શરૂઆત થઇ. જ્ઞાતિમાં એકતા સ્થાપવાની પ્રવૃતિઓ વધી. પ્રકાશે જ્ઞાતિજનોને એકત્ર કરી નજીવી ફીમાં સમુદ્ર પર્યટન યોજ્યું. પ્રકાશની જ્ઞાતિજનો માટે રહેઠાણોની માંગણીના અનુસંધાને 'અનંત નિવાસ'નો પાયો નખાયો. જ્ઞાતિ ની પાઠશાળાને સરકારી કેળવણી ખાતા તરફથી માન્યતા મળી. પ્રકાશમાં શિક્ષણ, સંસ્કાર અને સાહિત્યને લગતા પ્રેરણાત્મક લેખો પ્રકાશિત થયા. બાળકોમાં શિક્ષણ અને સંસ્કારનો ફેલાવો કરવા બાલકુંજ વિભાગ શરૂ કરાયો તેમજ બાળકોને પર્યટન સ્થળોએ લઇ જવામાં આવ્યા. સ્ત્રીવર્ગ લેખન પ્રવૃતિમાં આગળ આવે તે માટે સ્ત્રીઓમાં ઇનામી નિબંધ યોજના દાખલ કરી. જ્ઞાતિના રુઢિચુસ્ત વર્ગ પ્રકાશને અવરોધવાની પ્રવૃતિ કરતુ જ રહ્યું. પાઠશાળામાં અંગ્રેજી ૪થું શરૂ થયું. મહાજનનું બંધારણ નવા ફેરફાર સાથે તૈયાર કરાયું. સંમેલન માટે લોકમત કેળવવાનું પ્રકાશે ચાલુ રાખ્યું.

***

# 'પ્રકાશ'ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– શ્રીમતી ચંદ્રિકાબેન ભૂપેન્દ્ર લોડાયા, જખૌ (પુના)

તંત્રી : દેવજી દામજી ખોના  ૧૯૫૧

જાન્યુઆરી ૫૧ના અંકમાં 'ઉઘડતે પાને'માં (પાનું ૧૧૨) લખ્યું છે કે પ્રકાશનો પથ વિકટ અને વિકટ બનતો જાય છે. માસિક તરીકે પ્રકાશને ચલાવવા બીજા પાસે હાથ લાંબો કરવાને બદલે એને પાક્ષિક બનાવવામાં આવ્યું.

પ્રકાશે મહાજન પર સતત નજર રાખીને એને જાગૃત રાખ્યું છે. આ અંકમાં મહાજનવાડીનો જે મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે તે ત્રેપનના વર્ષ સુધી ચાલુ રહે છે. વાત એમ બની હતી કે ૪૬-૪૭ના હુલ્લડ દરમ્યાન મહાજનવાડીનો કેટલોક ભાગ બળી ગયો હતો. આ ભાગમાં પાઠશાળા ચાલતી હતી તેને દેરાસરજીમાં ખસેડવામાં આવી. મુંબઈમાં વસતા પરંતુ ઘર નહીં ધરાવતા બાર-પંદર ભાઈઓ પણ મહાજનવાડીમાં વસતા હતા. આ દરમ્યાન શુભ ભાવનાથી ટ્રસ્ટીઓએ આખી મહાજનવાડી કરાંચીથી આવેલા નિરાશ્રિતોને રહેવા માટે આપી દીધી, નિરાશ્રિતો પેલા ભાઈઓને આવવા દેતા નહોતા તેથી ભાઈઓ રખડી પડયા. નિરાશ્રિતોએ પાંચેક વર્ષ સુધી મહાજનવાડી પર એવો કબજો જમાવ્યો હતો કે તેઓ મહાજનવાડી ખાલી કરીને બીજે જવા તૈયાર નહોતા. સ્વાભાવિક છે કે દેરાસરજીમાં શાળા જેવું વાતાવરણ ન મળે તેથી પાંચસો વિદ્યાર્થીઓને એની અસર થતી હતી. ટ્રસ્ટીઓને મહાજનવાડી આ રીતે આપવાનો કોઈ હક નહોતો. પ્રકાશે અંક પછી અંકમાં આ સળગતા પ્રશ્ન પ્રત્યે જ્ઞાતિજનોનું ધ્યાન દોરી જુવાળ પેદા કર્યો. એટલે સુધી કે જ્યાં બે-ચાર લોકો મળે ત્યાં આ જ મુદ્દો ચર્ચાવા લાગ્યો. આ બાબત માટે જવાબદાર ટ્રસ્ટીઓએ રાજીનામાં આપી દીધાં.

આઝાદી પછીના તંગીના સમયમાં મધ્યમ વર્ગ મટે ઘણો કપરો સમય હતો. પ્રકાશે એમની પડખે ઊભા રહીને જીવન ધોરણ શી રીતે ઉપર લાવી શકાય તે ચર્ચાપત્રો અને અન્ય લેખો દ્વારા સૂચવ્યું છે. નોકરી ઉપરાંત ફાજલ સમયમાં આવક મેળવવાના અનેક ઉપાયો દર્શાવ્યા છે.

(જાન્યુ ૫૧)

પ્રકાશે લોકોને પોતાના વિચારો રજૂ કરવા એક પ્લેટફોર્મ પૂરું પાડયું હતું. ચર્ચા વિભાગમાં ઘરવિહોણા જ્ઞાતિબંધુઓ માટે આવાસ યોજનાના સંદર્ભમાં ઘણા વાચકોએ પોતાના સુઝાવો આપ્યા હતા. ઉઠમણાનો સમય સવારના અગિયારના બદલે સાંજે ચાર કે પાંચનો રાખવાની વિનંતિ કરવામાં આવી હતી. (૩૧ જાન્યુ ૫૧)

૧૫ ફેબ્રુઆરી ૧૯૫૧ના અંકમાં 'આપણા સમાજની આર્થિક પરિસ્થિતિ મથાળા હેઠળ પ્રકાશ જણાવે છે,' આપણો સમાજ હવે નવા પ્રકારના હુન્નર ઉદ્યોગો અને વેપરમાં પ્રવૃત બનતો ચાલ્યો છે. આ ઉદ્યોગો યાંત્રિક ખેતી, ઓટોમોબાઈલ પ્રોડક્ટસ, મોટર સર્વિસ સ્ટેશન, ઘડિયાલના પટ્ટા અને અન્ય ભાગો, સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો વગેરે છે. ત્યાર બાદના અંકોમાં પણ 'આપણો ધંધાદારી ક્ષેત્ર વિકાસ' એ નામે આ વિષય ચાલુ રહે છે.

જ્ઞાતિની ઉન્નતિ માટે પ્રકાશનું મંતવ્યઃ 'સામાજિક બંધનોને જકડી કે પાડી રાખવાનો સમય વહી ગયો છે. એની પાછળ સમયને બરબાદ કરવો એ અક્ષમ્ય ગફલત જેવું લેખાશે. આર્થિક તથા ઔદ્યોગિક બાબતો તરફ પૂરેપૂરું લક્ષ આપવું જોઈએ.' (૧૫ ફેબ્રુ૧૯૫૧, પાનું ૧૫૧)

પ્રકાશનો વસવસો : ડો. પુનશી મૈશેરીના સ્મારક માટે રચાયેલી સમિતિ સાત વર્ષ બાદ પણ કાંઈ પરિણામ ન લાવી શકી. સમાજની જીંદગીભર ખડે પગે સેવા કરનારની આપણે કદર ન કરી શકયા.



મોંઘવારી સામે લડી રહેલા પ્રકાશે પંદર માર્ચ એકાવનના અંકમાં પ્રકાશને ફરી માસિક સ્વરૂપે પ્રગટ કરવાનો નિર્ણય જણાવ્યો હતો.

ઉઘડતે પાને, આંખ મીંચીને વેરેલાં, ચર્ચાપત્રો, વાચકોના પત્રો માટે 'અંતરની વાતો' એ પ્રકાશના નિયમિત વિભાગો હતા. આ વર્ષમાં 'આંતરજાતિય લગ્ન – આપણા સમાજની દૃષ્ટિએ', 'પુરૂષ સમોવડી', 'સ્ત્રી શિક્ષણનો ઉદ્દેશ્ય' જેવા તે સમયના ગરમાગરમ વિષયોને લેખો દ્વારા આવરી લેવાયા હતા. આ ઉપરાંત યુવાનો, માતાપિતા વગેરેને ઉદ્દેશીને લખાયેલા લખાણોમાં જીવન જીવવાની શીખ મળે છે. 'વિજ્ઞાન અને પ્રગતિ' લેખનો વિષય દરેકને સ્પર્શે છે. લેખકોઃ મણીમંગલ, દુલેરાય કારાણી, ચાંપસી ગોવિંદજી ઝાલા, તિલકચંદ ગોવિંદજી શાહ, દેવશી ડુંગરશી મોમાયા, અભ્યાસી વગેરે. દેવેન્દ્ર મોમાયા લિખિત 'જ્યારે રતિલાલ પરણી ગયો હતો', કીર્તિ બી. શાહની 'અણધારી સગવડ' વગેરે નવલિકાઓ વાચક ભોગ્ય છે.

પ્રકાશમાં વારંવાર થતો કન્યાવિક્રયનો ઉલ્લેખ આ દૂષણ આપણી જ્ઞાતિમાં વ્યાપ્ત હતું તે સૂચવે છે. પ્રકાશે વખતોવખત જેની પર ભાર મૂક્યો હતો તે કેળવણી લઈ, આજે માથું ઊંચું રાખીને માનભેર જીવતી આપણી દીકરીઓ આપણી જ્ઞાતિએ કરેલી પ્રગતિની સફરની સૂચક છે.

શ્રી ચાંપશીભાઈ નાગડા અને લક્ષ્મીચંદભાઈ નાગડાએ અનેક મહત્ત્વના પ્રસંગોએ દેશ-વિદેશના લેખકો, કલાકારો અને ભારતીય મહાનુભાવોની હાજરીમાં દાંડિયા રાસ રમીને ઘણી નામના મેળવીને આપણી જ્ઞાતિનું નામ રોશન કર્યું હતું.

ઑગસ્ટ ૫૧ના અંકમાં 'આજનું કચ્છ' માં તે સમયના કચ્છમાંની પરિસ્થિતિનો સમાવેશક ચિતાર આપવામાં આવ્યો છે. એની સાથે હાલના કચ્છની સરખામણી કરીને પ્રગતિનું સરવૈયું કાઢી શકાય.

પ્રકાશ પોતાનું મંતવ્ય આપે છે કે મધ્યસ્થ મહાજનના સંમેલનોનો કોઈ અર્થ નથી. નક્કર કામ થવું જોઈએ. (ઑગસ્ટ ૫૧)

શત્રુંજય ગિરિરાજ ઉપર અષાઢ સુદ ૧૫ ના પૂજા ભણાવવા દેવાનું બંધ કરવામાં આવ્યું તેના કારણે જ્ઞાતિના ઘણાં લોકો નારાજ થયાં હતાં. તે માટે તંત્રીશ્રી દેવજી દામજી ખોનાએ શેઠ આણંદજી કલ્યાણજી સાથે પત્રવ્યવહાર કર્યો હતો. એમણે શબ્દો ચોર્યા વિના આપણી કચ્છી સમાજની નારાજગીની જાણ કરી હતી.

વ્યાયા મવીર ટોકરશી ત્રિકમજી દંડનું જાહેર સન્માન કરવામાં આવ્યું હતું.

આઝાદી મળ્યા પછીની પહેલી ચૂંટણીમાં કચ્છમાંથી કોંગ્રેસ તરફથી ભવાનજી અરજણ લોકસભા માટે ઊભા હતા. પદમશી માણેકજી મૈશેરી મુંબઈની ધારાસભા માટે લોક પક્ષમાંથી ઊભા રહ્યા હતા. મુંબઈની સુધરાઈમાં કોંગ્રેસ વતી ત્રીકમજી દામજી ખોના અને સ્વતંત્ર ઉમેદવાર તરીકે મેઘજી ગોવિંદજી ઊભા રહ્યા હતા.

શિવજી લખમશીના પુત્ર કેશવજીના લગ્ન, જ્ઞાતિમાં સૌ પ્રથમવાર હોટેલમાં લેવાયાં હતા જે એક નાવીન્ય હતું.

જાહેરાતોઃ કાનજી રામચંદની કું. જવાહર એન્જિનીયરીંગ હાઉસ, આર્ય નિવાસ, હિંદુ લોજ.

પ્રકાશ ૧૯૫૨

જાન્યુઆરી ૧૯૫૨માં પ્રકાશે પાકશાળાના મુદ્દાને હાથમાં લીધો હતો. પાંચ પાનાનો લેખ છાપી આખી હકીકત જ્ઞાતિજનો સમક્ષ મૂકવામાં આવી હતી. મહાજનવાડીમાંથી આપણી પાઠશાળા દેરાસરમાં ખસેડવામાં આવી હતી પરંતુ આ સાડાચાર વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓનો વિદ્યાભ્યાસ નબળો પડયો હતો. મહાજનના ટ્રસ્ટીઓએ નિરાશ્રિતોને મહાજનવાડી આપી દીધી હતી તેથી પાઠશાળાની વ્યવસ્થાપક સમિતિએ પાઠશાળાના ટ્રસ્ટીઓને મહાજનવાડીના ટ્રસ્ટીઓ સામે પગલાં લેવા વખતો વખત વિનવ્યા છતાં એમણે પગલા લીધાં નહીં આથી કંટાળીને પાઠશાળાની કમિટીએ રાજીનામું આપી દીધું. ટ્રસ્ટીઓ હજુ બીજા બે વર્ષ આ જ હાલતમાં પાઠશાળા ચલાવવા માગતા હતા. તેઓ ૫૦-૬૦ હજારનો ખર્ચ કરીને નવું મકાન બાંધવાની તરફેણમાં નહોતા. પ્રકાશને ચિંતા હતી કે જો બોર્ડિંગના સંચાલકો કે દેરાસરના ટ્રસ્ટીઓ વધુ વખત માટે જગ્યા આપવાની ના પાડી દે અથવા કેળવણી ખાતું આવી હાલતમાં રેકજીનેશન ચાલુ ન રાખે તો શાળાની શી ગતિ થાય?

'સમયના પ્રવાહ' વિભાગમાં નોકરીની ગુલામી છોડી પોતાના ધંધાનું સાહસ કરવાનું ઉત્તેજન અપાયું છે. આપણે પરાધીનતા સિવાય બીજું કંઈ શીખ્યા જ નથી, એવો ચાબખો પણ માર્યો છે.

મુનિશ્રી દેવેન્દ્રસાગરજી સમેતશિખર તરફ ઍકલા વિહાર કરીને ગયા તેની સામે પ્રકાશે વિરોધ નોંધાવ્યો હતો.

ચૂંટણીમાં મત મેળવવા માટે અપાતા ખોટા વચનોની આપણને આજે નવાઈ નથી રહી, પરંતુ મતની બદલીમાં નિરાશ્રિતોને મહાજનવાડીમાં કાયમી વસવાટ મળશે એવું વચન અપાયું હતું એની જાણ થતા પ્રકાશ વચન આપનાર ટ્રસ્ટીને પડકારે છે. નોકરી શોધતા ભાઈ બહેનો માટે પ્રકાશ વિના મૂલ્યે એમની વિગતો છાપશે એવી જાહેરાત પ્રકાશે કરી.

શ્રી ભવાનજી અરજણ પાર્લામેન્ટની ચૂંટણીમાં મોટી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા.

એક યુવકને યોગ્ય કન્યા નહોતી મળતી તેના અનુસંધાનમાં 'અભ્યાસી'ના તખલ્લુસ હેઠળ વિચાર વિમર્શ કરવામાં આવ્યો હતો. આમ થવાના ત્રણ કારણો તારવવામાં આવ્યા છે. (૧) સૌ કોઈ ખાનદાન કુટુંબ શોધે છે. (૨) દૂર દેશાવરનો વસવાટ. (૩) કન્યાની અછત. આ પ્રશ્નોના ઉકેલ માટે પરિચય સંમેલનો અને મેળાવડા યોજવાનું સૂચન કરવામાં આવ્યું હતું. કઠોર નિયમોનો ત્યાગ કરવો જોઈએ. સમાજ જ્ઞાતિના ઊંડાણમાં ન જતાં સમાન ધર્મ અને સમાન આચાર વિચારવાળી વ્યક્તિઓ વચ્ચેના લગ્ન સંબંધોને સ્વીકારી લેવા જોઈએ. આવી પહેલ કરનારાઓનું કાર્ય પાછળનાઓ માટે ધોરી માર્ગ બનશે.

શ્રી બી. એન. મહેશ્વરીનું પુનામાં થયેલું અવસાન. તેઓ સમાજ સેવક, ચુસ્ત કોંગ્રેસ કાર્યકર અને બહુમુખી પ્રતિભા ધરાવનાર વ્યક્તિ હતા. આઝાદીની લડત દરમ્યાન તેમને ત્રણ વાર જેલમાં જવું પડયું હતું. માટુંગાના વિકાસમાં એમનો ફાળો અમૂલ્ય હતો.

આપણા ભાઈ બહેનો શારિરીક વિકાસ તરફ બિલકુલ બેદરકાર છે એવી ફરિયાદ સાથે જ્ઞાતિજનોના શારિરીક વિકાસ માટે કલબ સ્થાપવાની અથવા વિધમાન કલબમાં જોડાવાની ભલામણ કરવામાં આવી હતી.

જ્ઞાતિની સંપત્તિ જ્ઞાતિના હિત ખાતર જ વપરાય તે માટે પ્રકાશ એક પત્ર તરીકે સદા જાગૃત રહેતું. ૧૯૪૪ના ધડાકામાં કન્યાશાળાનું મકાન ન રહેતાં કન્યાશાળાની બાળાઓને પાઠશાળામાં દાખલ કરવામાં આવી હતી. કન્યાશાળાના ટ્રસ્ટડીડ અનુસાર મુંબઈ અથવા કચ્છમાં કન્યાશાળા ચલાવવી જોઈએ. પરંતુ જેમની સહીથી ફંડની રકમનો વહીવટ થતો હતો તે સહુ ટ્રસ્ટી દસેક વર્ષથી બહારગામ વસતા હતા અને ત્યારથી મીટીંગ સુધ્ધાંમાં હાજરી આપતા નહોતા. આવા સંજોગોમાં પ્રકાશનું માનવું હતું કે કન્યાશાળાના ટ્રસ્ટની રકમ પાઠશાળાને સુપ્રત કરી બંને સંસ્થાઓનું એકીકરણ કરી નાખવું જોઈએ. (જુલાઈ ૧૯૫૨)

માંડવી સ્ત્રી સહકારી ગ્રાહક મંડળના સ્ટોરના નિરુત્સાહી વાતાવરણ તરફ પ્રકાશ ધ્યાન દોરે છે. સ્ટોરના ઓટલા પર લોકો ગપ્પાં મારતાં બેઠાં હોય છે તે પણ યોગ્ય નથી. ફરીથી આર્થિક સધ્ધરતા અને લોકપ્રિયતા મેળવવા પ્રકાશે બહેનોને સ્ટોરની પ્રવૃત્તિઓ સજીવન કરવાની અપીલ કરી હતી.

પ્રકાશ કોઠારામાં ચાલી રહેલી ગેરરીતિઓની માહિતી કોઠારાવાસીઓને આપે છે. પાંજરાપોળમાં ઢોર રાખવા માટે અમુક ચોક્કસ રકમ માગવામાં આવતી હતી. જાનવરોની પૂરતી સંભાળ લેવાતી નહોતી અને એમને વેચી નાખ્યાના બનાવો બન્યા હતા.

શેઠશ્રી ચાંપસી કુંવરજીના સ્વર્ગવાસથી સમાજને એક બાહોશ, અનુભવી અને સફળ વિષ્ટિકારની ખોટ પડી હતી.

શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિના પરાનું વસ્તીપત્રક પ્રકાશિત થયું, મહાજનમાં બહેનોને લેવાના વિચારનું પ્રકાશ અનુમોદન કરે છે.

૧૦૪૪ જ્ઞાતિજનોએ શ્રી ભવાનજી અરજણને વિજ્ઞપ્તિ પત્રો દ્વારા મહાજનવાડી પાછી મેળવવા વિનંતિ કરી. સરકારે નિરાશ્રિતો માટે ઉલ્હાસનગરમાં જગ્યાની જોગવાઈ કરી હતી. પરંતુ મુખ્ય પ્રશ્ન વાડી ખાલી કરવાનો હતો. વાડીના ટ્રસ્ટીઓ અને નિરાશ્રિતો વતી સિન્ધ હિન્દુ સેવા સમિતિ સાથે વાડીના ઉપયોગ અંગે જે પત્રવ્યવહાર થયો હતો. તે પત્રો મળતા નહોતા.

દેવજી દામજીના તંત્રીપદ હેઠળ ઑક્ટોબર બાવનનો અંક છેલ્લો અંક છે. નવેમ્બરથી સૂર્યકાંત કે. કાયાણી તંત્રીપદ સંભાળે છે. લવાજમમાં ઘટાડો કરવામાં આવે છે.

૧૨.૧૦.૫૨ ના માણેકજી ધનજી દંડના અધ્યક્ષપદે યુવક સ્નેહ સંમેલન. ૧૯૫૨ના વર્ષમાં રુમાં કામ કરતા ૧૫૦થી ૧૯૫ ભાઈઓ નોકરી વગરના રહ્યા હતા.

ડિસેમ્બરનો તંત્રીસ્થાનેથી મધ્યમ વર્ગને નજરમાં રાખીને લખાયો. આ વર્ગની વિશિષ્ટતા એટલે આ વર્ગનો દરેક માનવી પ્રગતિની અભિલાષા સેવે છે. ઉપાયઃ એવી કેળવણી જે માનસિક, શારિરીક અને આધ્યાત્મિક વિકાસ કરે.

‘સમાજના દીદાર ફેરવવાનું હવે શિક્ષિત બેનોના હાથમાં છે.’ – ’શિક્ષિત બહેનો અને સમાજ’ લેખના આ વાક્યમાં ભવિષ્યવાણી સંભળાય છે. પ્રકાશ કેળવણી અને સ્ત્રી શિક્ષણનું હિમાયતી રહ્યું છે. દેવશી મઢડાવાળાનો જીવનવૃત્તાંત વાંચવા મળે છે. લેખકોઃ તટસ્થ, અભ્યાસી, જ્ઞાતિજન, પ્રશંસક.

પ્રકાશને લાગે છે કે શિક્ષણ પ્રસારક ટ્રસ્ટ, પાઠશાળા, બોર્ડિંગ, નલિયા બાળાશ્રમ, આપણી આટલી શિક્ષણ સંસ્થાઓ હોવા છતાં શિક્ષણમાં પ્રગતિ નથી.

પ્રકાશ ૧૯૫૩

દેશાવરમાં નોકરી કરતા લોકોની વિતક કથા કટાક્ષ લેખ ‘લાલ પીળો.ને વાદળી’માં સુંદર રીતે વર્ણવવામાં આવી છે. આજ શીર્ષક નીચે રંગરેજ તરફથી અન્ય રસપ્રદ લેખો મળે છે.

રાજકારણમાં આપણી ગેરહાજરી ખેદજનક છે. પ્રકાશના હિસાબે શું કમાવું અને સ્વજનોને પોષવા એજ માત્ર જીવનનો હેતુ છે? રાજકારણમાં સ્થાન મળતાં આર્થિક વૃદ્ધિ થશે અને આપણા ભાઈઓના સુખ સામર્થ્યમાં વધારો થશે. પ્રકાશ જ્ઞાતિની ઉન્નતિ સતત ઝંખતું રહ્યું છે. સ્ત્રીઓને જાહેર જીવનમાં ભાગ લેવા પ્રોત્સાહન આપતું રહ્યું છે.

ચર્ચાપત્રમાં એક બાળાના પત્ર પરથી જાણ થાય છે કે ત્યારે ‘સમાનતા’ નો યુગ શરૂ થયો હતો પણ નામનો. કન્યાઓને હજુ સાપનો ભારો ગણવામાં આવતી હતી. એમની પર ખૂબ પ્રતિબંધો હતા. (જાન્યુ. ૫૩)

તંત્રીના લેખો શિક્ષણનું મહત્વ અને ઉદ્દેશ દઢ કરે છે. જીવનમાં શિક્ષણનું સ્થાન. શિક્ષણનો હેતુ જીવનમાં દિવ્યદષ્ટિ પામવાનો છે નહીં કે માત્ર પૈસા કમાવવાનો. શિક્ષણ દૃષ્ટિ આપે છે અને જ્ઞાન પ્રાપ્તિનો રસ્તો સરળ કરે છે. તો અન્ય અંકમાં લખે છે, ભવિષ્યાના ભારતમાં સ્થાન મેળવવા માત્ર શિક્ષણ નહીં, સ્પેશ્યલાઈઝેશન જરૂરી બની રહેશે. શિક્ષણ વિના આવતા યુગમાં સ્ત્રીઓની પરિસ્થિતિ કફોડી થઈ પડશે. તો ક્યાંક પાયાનાં મૂલ્યો પીરસ્યાં છે, ‘સેવા વિનાનું જીવન એટલે જીવન નહીં પશુ સમ અસ્તિત્ત્વ’.

બાળદિક્ષાની વિરુદ્ધમાં પ્રકાશે સમયે સમયે સૂર કાઢયો છે.

૧૯૫૩ના અંકો જીવરાજ કરમશી શાહના વિચારપ્રેરક લખાણો કે ‘જીવનનો અનેરો આનંદ’ જેવા કુમારી પુષ્પલતા શાહના તાજગીભર્યા અને સકારાત્મકતાથી ઉભરાતા લેખો અને દેવશી ડુંગરથી મોમાયાનાં અઢળક વાર્તા, લેખો, કવિતાથી સમૃધ્ધ છે. ‘નોકરી મેળવવાની કળા’ લેખમાં નોકરી મેળવવામાં ઉપયોગી થાય તેવી અરજી, ઈન્ટરવ્યુ વગેરે માહિતી આપવામાં આવી છે. પ્રો.

ખુશાલ તલકશી શાહની જીવન ઝરમર જુનના અંકમાં વાંચવા મળે છે.

ચાંપશીભાઈ નાગડા અને મનહર રસકપૂરના સહકારથી 'ઉમ્રકેદ' ફિલ્મનું મૂહર્ત કરવામાં આવ્યું

શ્રી હીરજી કાનજી મણશીનું અવસાન.

ચર્ચાને ચોતરેઃ બહેનોએ બોર્ડિંગ વ્યવસ્થાપક સમિતિમાં બહેનોને બે વર્ષથી લેવામાં આવી હતી તેમાં તેમણે ભાગ ભજવવો જોઈએ. આવી સંસ્થાઓમાંથી ઘડાઈને તેઓ મહાજનમાં પહોંચી શકે. (જુલાઈ ૫૩)

હાઈકોર્ટમાં કેસ દાખલ કરાયો અને છેવટે ઑગસ્ટ '૫૩માં નિવેડો આવ્યો કે નિર્વાસિતો મહાજનવાડી ખાલી કરશે ! એમની પાસેથી લેવાના ચાલીસ હજાર રૂપિયા ટ્રસ્ટીઓએ માફ કર્યા અને સપ્ટેમ્બર સુધી રહેવાની છૂટ આપી.

ગં.સ્વ. લખમીબાઈ ચત્રભોજ ખીયશી અને ગં.સ્વ. વેજબાઈ ખેતશી ચત્રભોજ તરફથી પાઠશાળાને એક લાખ રૂપિયાનું દાન. શ્રી વીરજી લધાભાઈ તરફથી બોર્ડિંગને એક લાખ રૂપિયાનું દાન આપવામાં આવ્યું.

માટુંગા મધ્યે શ્રી કચ્છી જૈન ઉપાશ્રયનો ભવ્ય વાસ્તુ મહોત્સવ ઑગસ્ટમાં થયો.

પાઠશાળા પ્રયોગશાળા બની ગઈ છે જે વિદ્યાર્થીઓના હિતમાં નથી એવી બત્તી પ્રકાશ ધરે છે.

નવા વર્ષથી સવા રૂપિયાના મરજિયાત લવાજમ અથવા વિના મૂલ્ય પ્રકાશ મળશે.

સગપણો છૂટાં થઈ રહ્યાં છે એ બાબતમાં પ્રકાશ વ્યાવહારિકતા દાખવે છે. 'પરિવર્તનની ક્રિયા સતત ચાલતી રહે છે તેથી આ સ્વીકારવું જ રહ્યું.

સમીક્ષા ૧૯૫૪

તંત્રીઓ : ગોવિંદજી જીવરાજ લોડાયા અને સનત શાહ

કેટલાક સિન્ધી આગેવાનો કચ્છના અમુક પ્રદેશને 'સિન્ધીસ્તાન' નામ આપવાની ચડવડ કરી રહ્યા હતા. સમીક્ષા એમને પડકારે છે અને સ્પષ્ટ જણાવે છે કે દૂધ પાઈને ઉછરેલા નાગનું બિરુદ તેઓ સાચું પાડી રહ્યા હતા. નિર્વાસિતો તરીકેની તેમના પ્રત્યે કચ્છીઓના હૃદયમાં રહેલી હમદર્દીની ભાવના પણ ભૂંસાઇ જશે. (મે ૫૫) પાછળથી પસ્તાવું ન પડે માટે આ પ્રશ્ન કઈ રીતે વિકાસ પામી રહ્યો છે, એનું હરપળે સાવધાનીથી નિરીક્ષણ કરતા રહેવાનું સમીક્ષા સૂચવે છે.

સગપણો છૂટાં થવાનું વધી રહ્યું હોવાથી સમીક્ષા માબાપોને જમાનાને ઓળખીને છોકરાની ઈચ્છા પ્રમાણે સગપણ કરવા જણાવે છે. મોટા ભાગે છોકરી છોકરાને ન ગમતી હોવાને લીધે સગપણો છૂટાં થતાં હતાં.

મહાજનવાડીમાં જમણવારમાં પહેલાં ભજિયાં ઘીમાં તળવાનો નિયમ હતો તે તેલમાં તળી શકાય એવો બદલાવ લાવવો જોઈએ એવું સમીક્ષાએ સૂચન કર્યું હતું. કારણ કે શુદ્ધઘી પહેલાંની જેમ સરળતાથી પ્રાપ્ય નહોતું. (ડિસેમ્બર, પાનું ૬)

શ્રી વિજય વલ્લભ સુરીશ્વરજી મહારાજની જીવન ઝરમર

આપણી જ્ઞાતિમાં કન્યાવિક્રયનો રિવાજ ચાલુ હતો. ક્યારેક તો સગપણ વખતે લીધેલા રૂપિયા વપરાઈ ગયા હોય તો લગ્ન કરી આપવા બીજા માગે!

જાહેરાતોઃ ધી રોબીન કન્ફેશનરી મેન્યુફેકચરીંગ કુ., સોમચંદ બ્રધર્સ, એન.વી.સાવલાની કું., ઓધવજી મુલજી ડ્રેસવાલા, માડન ઍન્ડ કંપની, સ્ટુડિઓ વેનગાર્ડ, કાંતિ રોય ઍન્ડ કાં.

રુના વેપારીઓ પાસે નોકરી કરતા ભાઈઓને દર વર્ષે સીઝનના અંતે છૂટા કરી દેવાતા તેથી દીવાળી ઉપર એમણે ફરી નોકરી મેળવવાના પ્રયત્નો કરવા પડતા. આથી વેપારીઓનો હાથ ઉપર રહેતો અને લાચાર માણસોએ ઓછામાં ઓછા પગારે નોકરી સ્વીકારવી પડતી. આ સ્થિતિના નિવારણ માટે સમીક્ષા દેશાવરના એજન્ટો અને નોકરિયાતોનું મંડળ સ્થાપવાનું સૂચવે છે. વેપારી એજન્ટ જોઈતો હોય તો મંડળને જણાવે અને મંડળ પગાર નક્કી કરે. સાથે સાથે રુના વેપાર પર વધુ મદાર ન રાખવાનું પણ સૂચવે છે. (દીવાળી અંક)

જ્ઞાતિના બે દાનવીરોનું સન્માન કરવા અને ઉચ્ચ અભ્યાસમાં સફળ થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન આપવા સમીક્ષા તરફથી ૧૫મી ઑગસ્ટના સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. આ સમારંભ વખતે કેટલાક શિક્ષિત બંધુઓને સ્ફૂરણા થતાં વિદ્યાર્થી સંઘની સ્થાપના થઈ.

જ્ઞાતિની શૈક્ષણિક પ્રગતિમાં વિદ્યાર્થીગૃહનો ઘણો ફાળો છે. આ સંસ્થાએ એક 'ગૃહ ઉદ્યોગ મંદિર' રચી એમાં વિદ્યાર્થીઓને ગૃહઉદ્યોગો તથા કારીગર કામો શીખવવા જોઈએ. વિદ્યાર્થીઓને સ્વાવલંબી બનાવવાની સમીક્ષાની આ ભલામણ આજે પણ એટલું જ મૂલ્ય ધરાવે છે. એસ. એસ. સી. પછી કોલેજમાં રસ અને રુચિ પ્રમાણેનો અભ્યાસક્રમ લેવાને બદલે વિજ્ઞાનની શાખામાં જવાનો ગાડરિયો પ્રવાહ ચાલ્યો હતો. પરંતુ બે વર્ષ પછી નાની સંખ્યામાં જ વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે પ્રવેશ મળે અને બાકીનાઓ નિરાશ થઈ અભ્યાસ છોડી દે. સમીક્ષા આવા વિદ્યાર્થીઓને 'સમીક્ષા' વિભાગમાં માર્ગદર્શન આપે છે. આ વિદ્યાર્થીઓના વડીલો માર્ગદર્શન આપવા સક્ષમ નથી તેથી વિદ્યાર્થીગૃહ જેવી સંસ્થાઓના સંચાલકોને વિદ્યાર્થીઓના અંગત જીવનમાં રસ લઇ માર્ગદર્શન આપવું જોઇએ એવી અપીલ સમીક્ષા કરે છે. (સપ્ટેંબર.પાનું ૪)

શિશુમહેલ બોધદાયક વાર્તાઓ, રમૂજી ટુચકાઓ, જોડકણાં, ગીતો વગેરે દ્વારા બાળકોના દિલ બહેલાવે છે. 'હૈયે તેવું હોઠે વિભાગમાં લેખક 'આખાબોલો' હળવી અને રમૂજી શૈલીમાં જ્ઞાતિના સમાચાર પીરસે છે. સુંદર લેખો, વાર્તાઓ અને કવિતાઓ દરેક અંકને

વૈવિધ્ય બક્ષે છે. 'સુખની શોધમાં' લેખમાં મણિમંગલ લખે છે સંતોષ સુખનું પહેલું પગથિયું છે. કાર્યમગ્નતા સુખ-દુ:ખથી પર રાખે છે. 'સંવત્સરી'માં મણિમંગલ કહે છે ક્ષમા યાચના કરતાં પહેલાં કોઈને મનદુ:ખ જ ન કરવાની પ્રતિજ્ઞા લઈએ તો? ક્રોધ, ઈર્ષ્યા, નિંદાને કાતિલ ઝેર ગણાવીને લેખિકાએ 'ઝેરનાં મારણ' લેખમાં એમનાથી દૂર રહેવાના ઉપાય દર્શાવ્યા છે. 'કચડાયેલાં ફૂલ'- રમા શાહ, આકાશ અને ધરતી- મનહર નાયક, ફટકિયાં મોતી-સનત શહ અને ખંડવાના લેખક નિર્ભય-ભારતીની 'સ્નેહ અને સમર્પણ' વાર્તાઓ આ વર્ષ દરમ્યાન વાચકોને કલ્પનાની પાંખે સફર કરાવે છે. મહાન વ્યક્તિઓના વિચારપ્રેરક કથનો લગભગ દરેક અંકમાં વંચવા મળે છે.

એક સારા પત્રનું કામ લોકોને જાગૃત રાખવાનું અને સમાજનો અવાજ જાહેર કરવાનું છે જે ફરજ સમીક્ષા બજાવે છે. મોટાં ટ્રસ્ટોને છોડીને આપણી જ્ઞાતિના મોટાભાગના ટ્રસ્ટોનો કારોબાર જ્ઞાતિજનોની જાણ બાર ચાલ્યા કરે છે. ટ્રસ્ટીઓ દૂધે ધોયેલા નથી તો જ્ઞાતિજનોની પોતાની બેદરકારી પણ જવાબદાર છે. જ્ઞાતિના લાભાર્થે રચાયેલા ટ્રસ્ટોની વ્યવસ્થિત માહિતી ન હોવાને લીધે એમનો પૂરો લાભ પણ લઈ શકાતો નથી. સાંધાણ ચેરિટી ટ્રસ્ટનો દાખલો આપણી પાસે છે. વ્યાજની આવક કોઈ કાર્યમાં વાપરવાને બદલે ટ્રસ્ટીઓએ ફંડની રકમ વધાર્યે રાખી હતી. ૧૯૫૫માં જે ટ્રસ્ટની પાસે રૂા. ૮૪૦૦૦ની મિલ્કતો હતી તેના ઉદ્દેશ્યની પણ કોઈને જાણ નહોતી. સમીક્ષાના હિસાબે આવાં ટ્રસ્ટોનું સમાજીકરણ થવું જોઈએ અને મધ્યસ્થ મહાજને એમાં ભાગ ભજવવો જોઈએ. જો બની શકે એમ હોય તો ટ્રસ્ટોના જૂના ઉદ્દેશોમાં ફેરફાર કરી આ ટ્રસ્ટો દ્વારા જ્ઞાતિના ગરીબ વર્ગને પગભર ઊભા રહેવા લોનો આપી ટ્રસ્ટનો આંતરિક હેતુ વધુ શુધ્ધ સ્વરૂપે પામી શકાય. જ્ઞાતિનું મોટામાં મોટું ટ્રસ્ટ અનંતનાથજી દેરાસરનું છે.

શ્રીમતી જયવંતીબેન ગુલાબચંદ શાહ ધુલીઆ સુધરાઈના પ્રમુખપદે ચૂંટાયા હતા. દાદરમાં એમનું સન્માન કરવામાં આવ્યું હતું.

જુલાઈ અંકમાં અનંતનાથજી દેરાસરજી ટ્રસ્ટનો દોઢસો વર્ષનો ઈતિહાસ વાંચવા મળે છે જે રસપ્રદ છે. આ જ અંકમાં અનંતનાથજી ટ્રસ્ટની આવી રહેલી ચૂંટણી તથા ઉમેદવારો વિશે અને વિદાય લઈ રહેલા ટ્રસ્ટની પાંચ વર્ષની કામગીરી વિશે અહેવાલ આપવામાં આવ્યા છે.

જ્ઞાતિની સંસ્થાઓનું એકીકરણ કરવાની ભલામણ પ્ર. સ.એ અનેકવાર કરી હતી.

સમીક્ષા ૧૯૫૫

તંત્રીઓ લખે છે કે લક્ષ્મીપતિ જ્ઞાતિ આગેવાનો શૈક્ષણિક સંસ્થાઓને માતબર દાન આપી દે તેટલું પૂરતું નથી પરંતુ સંસ્થાઓમાં પૂરેપૂરો રસ લઈ સમય આપે તો જ એ દાન ઊગી નીકળે!

કન્યા કેળવણી એટલી મહત્ત્વની છે કે કન્યા કેળવણીનો પ્રશ્ન ખુદ જ્ઞાતિના જ અસ્તિત્ત્વનો સવાલ બની શકે છે. જો પુરુષ વર્ગ પ્રમાણમાં વધુ ભણેલો અને સ્ત્રી વર્ગ અભણ હશે તો તો બંને બાજુનું પ્રમાણ નહીં જળવાય.

જૈન વિદ્યાલય તથા વિદ્યાર્થીગૃહના અનુક્રમે ૫૪ અને ૫૦ વર્ષ પૂરા કરતા હોઈ તે નિમિત્તે જાન્યુઆરી '૫૫માં રમતગમત, પ્રદર્શન તેમ જ મહોત્સવના કાર્યક્રમ રાખવામાં આવ્યા હતા. પ્રથમ દિવસના પ્રમુખ શ્રી એસ. કે. પાટીલ હતા. એમના પ્રવચનમાં એમણે કહ્યું, 'કોમની સામાજિક સેવા એ સાંપ્રદાયિકતા નથી. બલકે ધર્મ છે.' ત્યાર બાદના બે દિવસોના અધ્યક્ષ અનુક્રમે શ્રી મોરારજી દેસાઈ અને મુંબઈના રાજ્યપાલ શ્રી મંગળદાસ પકવાસા હતા. સમીક્ષામાં શ્રી વીરજી લધાભાઈ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થીગૃહની પચાસ વર્ષના વિકાસની રૂપરેખા પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

શ્રી લક્ષ્મીચંદ તેજપાલ ૧૮૫૫માં પ્રથમ મેટ્રિક પાસ થયા. ત્યાર બાદ ૫૧ વર્ષ પછી જ્ઞાતિમાં કુ. ધનલક્ષ્મી જેઠાલાલ નાગડા મેટ્રિક પાસ થયાં. વીરજી લધાભાઈ ખોના જ્ઞાતિમાં પ્રથમ સ્નાતક બન્યા બાદમાં એકાવન વર્ષે ૧૯૪૪માં મહિલા સ્નાતિકા કુ. ધનલક્ષ્મી ભવાનજી મહેશ્વરી જ્ઞાતિને મળ્યાં! સ્ત્રી અને પુરુષ વચ્ચેની કેળવણીની કેટલી અસમાનતા!

શ્રી શીવજી દેવશી મઢડાવાળાને દસકા પહેલાં નાત બહાર કરવામાં આવેલા તે સર્વાનુમતે નાતમાં પાછા લીધા. સમીક્ષા નોંધે છે, 'આજે જ્યારે યુગ બદલાયો છે ત્યારે વાડાઓ અને સંકુચિતતાઓને દફનાવ્યે જ છૂટકો છે. જ્ઞાતિને લગતી દરેક બાબતોનું નિરીક્ષણ, આલોચના અને નિરાકરણ એ સમીક્ષાનું લક્ષ્ય રહ્યું હતું. પાઠશાળા વિકાસની ટોચ પર પહોંચી નીચે ગબડવા માંડી હતી તે સામે સમીક્ષા લાલ બત્તી ધરે છે અને પાઠશાળા ફરી ધમધમી ઉઠે તેવા ઉપાયો સૂચવે છે. યુવાનો જ્ઞાતિ સેવાને બદલે દેશસેવાની વાતો કરવા માંડયા હતા. સમીક્ષા એમને કહે છે દેશનું એક એકમ એટલે જ્ઞાતિને પ્રેમથી જોનાર જ એને સુધારી શકે અને છેવટે એ દેશની જ પ્રગતિ છે.

કોઈ સારું કાર્ય થયું હોય તો પ્ર.સ. વખાણવાનું નથી ચૂકતું! બાર વર્ષ પછી મહાજનના આગ્રહથી ટ્રસ્ટીઓએ આંબિલની ઓળી અને જમણવાર કર્યા. તે પણ અડસટ્ટાથી અર્ધા ખર્ચમાં!

વિધવાઓ પોતાના જીવન નિર્વાહ માટે પેઢીઓમાં વ્યાજે પૈસા મૂકે છે. બોલી કરેલું વ્યાજ તો નથી મળતું પણ ક્યારેક મૂડી ખોવાનો વખત આવે છે! કુ. લીલા કાયાણી આ હકીકત તરફ ધ્યાન ખેંચે છે. (મે-૫૫)

વિદ્યાર્થી સંઘનો વાર્ષિકોત્સવ ત્રીજી જુલાઈના સુંદર નાટિકાઓ રજૂ કરીને ઉજવાયો. પ્ર.સ. આ સંસ્થાની કામગીરીની પ્રશંસા કરે છે. અઢાર વર્ષનીએ એક પરિણીતા પર તેના પતિ અને સાસરિયાંઓએ કરેલા સિતમનો અહેવાલ સમીક્ષાના જૂનના અંકમાં છપાયો હતો. આ યુવતીના સમર્થનમાં એક બહેન લખે છે કે બહેનોએ આવા અન્યાયો સામે આંખ આડા કાન કરવાને બદલે સિતમગરનો બિહિષ્કાર કરવો જોઈએ. આમ એક સ્ત્રીને બીજી સ્ત્રીનો ટેકો મળે છે તે અન્યાય નિવારણ માટેનું પહેલું પગલું છે.

સમીક્ષાના ઑગસ્ટના અંકમાં પ્રકાશ અને સમીક્ષા નોખાં

પ્રકાશનો બંધ કરી એક જ પત્ર બહાર પાડશે એવું સૂચિત કરવામાં આવ્યું છે.

પ્રકાશ સમીક્ષા સપ્ટેમ્બર ૧૯૫૫ તંત્રી સનત શાહ

પ્રકાશ અને સમીક્ષાના જોડાણ પછીનો પહેલો અંક

માંડવી મહિલા મંડળની કાર્યકરોએ ગૃહ ઉદ્યોગ તથા ટેલરિંગના ડિપ્લોમાની યોજના ઘડી કાઢી હતી પરંતુ સ્ત્રી સમાજ તરફથી પૂરતો સહકાર નહોતો મળતો. બહેનો અમુક સંખ્યામાં જોડાય તો જે પ્રવૃત્તિ શક્ય બને. તે સમયે બહેનો જાહેર જીવનથી દૂર રહેતી હતી.

સંવાદ, અહિંસાનો વિજય, બદલાતાં મૂલ્યો, ધૂમ્રપાનની સ્વાસ્થ્ય પર અસર જેવા લેખોની સાથે અચલગચ્છ નામ કેમ પડયું તેનો માહિતીપૂર્ણ લેખ મળે છે. નવલિકાઓ શ્રી ગિરીશ, દેવકાંબેન દેવશી વગેરે પાસેથી મળે છે. રોબર્ટ સ્ટીવન્સનની વાર્તાનું સંક્ષિપ્તિકરણ કરીને વાચકોને વિશ્વ સાહિત્યનો પરિચય કરાવ્યો છે.

મહાજનવાડી, પાઠશાળા, વિદ્યાર્થીગૃહ વગેરે જ્ઞાતિની સંસ્થાઓ પર પ્ર.સ. હંમેશા એક આંખ રાખે છે અને એમની રજેરજની બાતમી વાચકો સમક્ષ મૂકતું રહ્યું છે. શ્રી ભાણજી દેવજી ખોના તરફથી પોતાની પુત્રીનું આંતરજ્ઞાતિય વેવિશાળ કરવામાં આવ્યું હતું. વિજ્ઞાનના ક્ષેત્રે કુ. દેવકાંબેન દેવશી રતનસીએ સ્નાતકની ઉપાધિ મેળવી જ્ઞાતિમાં પ્રથમ હોવાનું માન મેળવ્યું.

દીવાળી અંકમાં ચાંપશીભાઈ નાગડાની પ્રતિભાનો પરિચય કરાવવામાં આવ્યો છે. પિતાશ્રીનું અવસાન થતાં એમને રુ બજારમાં નોકરી કરવી પડી હતી પણ સામા પૂરે તરીને એમણે પોતાની કલાની પ્યાસ બુઝાવી. નાટકો કર્યાં, ચલચિત્રોમાં વિવિધ પાત્રો ભજવ્યાં અને એક સફળ કલાકાર તરીકે સન્માન મેળવ્યું.

જાહેરાતઃ ડુંગરસી ખીમજી એન્ડ કું., ધી ન્યુ એશિયાટીક ઈન્સ્યુરન્સ કું, નેપચુન એસ્યોરન્સ કું, માણેકજી પાસુની કું., આલ્કો ઈન્સ્યુરન્સ કું., છેડા વોચ માર્ટ, રીગલ સેફ મેન્યુફેક્ચરીંગ કું.,બેનટેક્સ, કેસરી સુવર્ણકલ્પ વગેરે

૧૯૫૬ના અંકો નથી મળ્યા.

પ્રકાશ સમીક્ષા ૧૯૫૭

વાર્તા આદિ સાહિત્ય વધારે પ્રમાણમાં આપવાની વાચકોની માગણી પ્ર.સ. પૂરી કરી શકે તેમ નહોતું કેમકે ત્રણ રૂપિયાના લવાજમમાં એ ગજા બહારની વાત હતી. વળી ઈતર સાહિત્યના વાંચન માટે અન્ય પત્રો હતાં જ. છતાં પ્ર.સ.એ બને તેટલું વૈવિધ્ય જાળવ્યું હતું.

નવલિકા– ગિરીશ લિખિત 'ભાભી ઓ ભાભી' અને 'અફસર', રાયચંદ આર નાગડાની 'બા હું આવ્યો છું'

'સાહિત્ય અને સમાજ' - લેખક મણિલાલ ડુંગરશી લોડાયા, 'લગ્ન પ્રસંગે ખોટા ખર્ચ'–શ્રીમતી લીલાવતી બેન્કર, 'ગાંધીજી એક મહાન શિક્ષણશાસ્ત્રી'–નિરુ ભગત. ગાંધીજીએ બુધ્ધિના વિકાસ સાથે શારિરીક શ્રમને પણ મહત્ત્વ આપે એવા શિક્ષણની હિમાયત કરી હતી.

શ્રી વિધુમે ફ્લોરેન્સ નાઈટિન્ગલનો તેમ જ હેલન કેલરનો પરિચય અનુક્રમે દીવાળી અંક અને ડિસેમ્બરના અંકમાં કરાવ્યો છે. દીવાળી અંક લેખો અને અન્ય સાહિત્ય પ્રકારોથી દળદાર બન્યો છે. 'આધુનિક સ્ત્રી અંગે બદલાતાં મૂલ્યાંકનો'લાલજી ન. શાહ લિખિત લેખ આજે આજે પણ એટલો જ પ્રસ્તુત છે. બહાર કામ કરતી સ્ત્રીઓ ઘર અને બાળકો પ્રત્યે ઓછું ધ્યાન આપી શકે છે. લેખક પ્રશ્ન મૂકે છે બિનજરૂરી હોય તો માલિકને આધીન રહી નોકરી કરવી યોગ્ય છે? જો કે સ્ત્રીઓની પ્રગતિની મનોકામના લેખક સમજે છે અને લખે છે, સ્ત્રીઓની આકાંક્ષાને ઓળખી ઘર્ષણને અવકાશ આપ્યા વિના ને જીવનરૂપી રથને તૂટી પડવાની તક આપ્યા સિવાય, પુરુષોના કહેવાતા હકોની જીદને છોડી દઈ સ્ત્રીને તેના વિકાસ માટે પૂરતી તકો આપવી જોઈએ.' (નવેમ્બર પા. ૧૧)

લગ્નમાં ખર્ચા ઓછા કરવાની ભલામણ કરવા તથા અમુક રીત રિવાજો બદલી શકાય તેના સમર્થનમાં ક.વિ.ઓ. મહાજનોની સભામાં મંજૂર કરવામાં આવેલા ઠરાવો ઑક્ટોબરના અંકમાં છાપવામાં આવ્યા છે.

અનેક વાડાઓમાં વહેંચાયેલી હોવાને લીધે જૈન કોમનું સ્થાન દેશમાં જોઈએ તેવું વજનદાર નહોતું. સામાન્ય જૈન સમાજને વાડાઓમાં રસ નહોતો પરંતુ સાધુ સમાજ આવા વાડાઓને કાયમ રાખવાનું કામ કરી રહ્યો હતો. શ્રી ગુણસાગરજી મહારાજશ્રીએ પહેલી વાર જૈન સમાજો અને શ્રમણોને એકતા સાધવાની અપીલ કરી હતી.

મહાજનવાડીની બિસ્માર હાલતને લીધે એમાં લગ્ન કે અન્ય સામાજિક કાર્યક્રમો થઈ નહોતા શકતા. પ્ર.સ. એક હોલની જરૂર પર ભાર મૂકે છે.

જાહેરાતઃ હાસમ મનજી પદમશી સુરમાવાલા, મંગળ પ્રિન્ટર્સ, ફાયરેક્ષ, જવાહર એન્જિનિયરિંગ, સ્ટુડિઓ મેઘાણી, સીનીયર ટાયર સરવીસ, ધી મર્ચન્ટસ જનરલ એસ્યુરન્સ કુ. લી., કાંતિરોય એન્ડ કું., એચ. કરમાલી ઍન્ડ કું., મોહનલાલ કરસનદાસ ચોક્સી, ચંદુલાલ ફ્રેમવાલા, એ.એ.અત્તરવાલા વગેરે

પ્રકાશ સમીક્ષા ૧૯૫૮

રતલામના કલેક્ટરે જૈનો પાસેથી દેરાસરનો કબજો લઈ લીધો અને તહેસીલદારે દેરાસરમાં શિવલિંગની સ્થાપના કરી દીધી. ધર્મ ઝનૂની હિન્દુઓ સામે મુઠ્ઠીભર જૈનોએ પોતાના હકો માટે લડત આપી. 'એ જૈનોના મૂળભૂત હકો પર તરાપ છે.' કહીને કોર્ટ જૈનોની તરફેણમાં ચુકાદો આપ્યો. પ્ર.સ.એ આખા જૈન સમાજને રતલામના જૈન સમાજની પડખે ઊભા રહેવાની હાકલ કરી હતી.

'ટાઉન પ્લાનિંગ અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટનાં આપણાં મકાનો' શ્રી ચીમનલાલ કાનજી મોમાયા તરફથી અભ્યાસપૂર્ણ લેખ મળે છે. ૧૯૫૭ના ડિસેમ્બરથી શરૂ થયેલી લેખમાળા 'આધુનિક પધ્ધતિએ હુન્નર ઉદ્યોગ વિકાસ' અને 'ઔદ્યોગિક જીવનની પગદંડી'ના વધુ મણકા ૧૯૫૮ના વર્ષમાં મળે છે. ફેબ્રુઆરીના અંકમાં શ્રી દેવજી દામજી ખોનાએ શ્રી રતનશી વીરજીના વંશજો વિશે લેખ

લખીને માહિતી આપી છે. 'કારકિર્દીનું ઘડતર' લેખ વિદ્યાર્થીઓ અને યુવાનો માટે દિશાસૂચક છે. હાસ્યલેખ 'કજીયાનાં છોરું', શ્રી ચંદ્ર લિખિત 'આ ભૂલ કોની ?' તથા 'પરિગ્રહ પરિમાણ', 'બસ ખોટકાઈ ગઈ' જેવી રચનાઓ શ્રી ગિરીશ પાસેથી મળી છે. 'આ પાર કે પેલે પાર'માં શ્રી શ્યેન દ્વારા વર્ષ દરમ્યાન સંસ્થાઓએ કરેલી કામગીરીના લેખાજોખા વાંચવા મળે છે.

'ચૌદ સ્વપ્નોનું રહસ્ય' શ્રી મેઘજી ગોવિંદજી લોડાયા દ્વારા લિખિત લેખમાં એક એક સ્વપ્નનું વિવરણ કરવામાં આવ્યું છે. આ વર્ષની અન્ય રચનાઓ શ્રી માણેકચંદ્ર ખોના લિખિત 'પ્રતિમાનાં આંસુ' લેખ, પદમથી ટોકરસી ખોના લિખિત નવલિકા 'નાયણદાસની દીવાળી', 'પશ્ચિમ ભારતીય ચિત્રકલા' લેખક શ્રી વીરચંદ કલ્યાણજી અને ગોવિંદજી કે. પોલડીયાની 'પ્રભુ પ્રાર્થના' છે.

દીવાળીઅંકથી નવો વિભાગ 'ઉકેલ માગતી સમસ્યાઓ' શરૂ કરવામાં આવ્યો જેમાં જ્ઞાતિની તરત જ ઉકેલ માગતી સમસ્યાઓ અંગે ચર્ચા વિચારણા કરવાનો ઈરાદો રાખવામાં આવ્યો હતો. ઑક્ટોબર અંક વિદ્યાર્થીસંઘનો વાર્ષિકોત્સવ કવર કરે છે. પ્રમુખ શ્રી શાંતિલાલ શાહનું પ્રવચન, ભીતરનાં વહેણ નાટિકા અને રાસ ના ફોટા મુખપૃષ્ઠ પર ધ્યાન ખેંચે છે.

ચોખાની અછત સર્જાતાં લગ્ન પ્રસંગે ચોખાની વાનગીઓ પિરસાવાની હોય તો ૧૦૦થી વધુ માણસોને જમાડવા પર નિષેધ આવ્યો હતો. સિનિયર સિટિઝનોને યાદ હશે કે ત્યારે લગ્નના જમણમાં ભાતને બદલે સામો પિરસાતો.

શ્રી ભવાનજી અરજણ ખીમજી, શ્રી લક્ષ્મીચંદ લાલજી રામજી, શ્રી લક્ષ્મીચંદ કુંવરજી નાગડા અને શ્રી શરદચંદ્ર મહેશ્વરી આપણી જ્ઞાતિના નવા જે.પી.ઓ તરીકે નિમાયા હતા.

મહાજનવાડીની દુર્દશા અટકાવવા એનો કબજો અનંતનાથજી ટ્રસ્ટને સોંપી દેવો જોઈએ ને ટ્રસ્ટ પોતે બાંધકામ કરાવે એવું સૂચન પ્ર.સ. તરફથી આવે છે.

દેવા દ્રવ્યનો ઉપયોગ દેરાસર સિવાયના કાર્યોમાં ન થઈ શકે એવું માનવું પ્ર.સ.ના હિસાબે ગેરસમજૂતીભર્યું છે. ટ્રસ્ટડીડમાં ખુલ્લું જણાવેલ છે કે ભંડોળનો ઉપયોગ શ્રી ક.દ.ઓ. જ્ઞાતિજનોમાં વિકાસ અને હિતોપયોગીકાર્યો માટે મહાજનની મંજૂરીથી થઈ શકે છે જેમાં જ્ઞાતિભાઈઓને ધંધાર્થે લોન આપવાનું પણ સમાઈ શકે.

શા. મેઘજી ખીમજી ખોના 'પુનર્લગ્નનો પ્રશ્ન ચર્ચે છે. કન્યાઓને બીજ, ત્રીજ કે ચોથવર સાથે ન પરણાવી દેવી જોઈએ. તેથી વિધવાઓની સંખ્યા આપોઆપ ઘટશે અને જે યુવાન વિધવાઓ છે એમને પુનર્લગ્નની છૂટ આપવી જોઇએ.

બાલાશ્રમની સુવર્ણ જયંતિ અને અનંતનાથજી દેરાસરની શતાબ્દિની ઉજવણી સાથે કરવાથી ખર્ચનો બચાવ થશે અને શેઠશ્રી નરશી નાથાની સ્મૃતિનું ભવ્ય સંભારણું બની રહેશે એવું સૂચન પ્ર.સ. આપે છે.

ખંડવામાં દશા, વિશા અને નાની ન્યાતના ભાઈઓએ એક સંયુક્ત મહાજનની રચના કરી એને પ્ર.સ. બિરદાવે છે અને આશા વ્યક્ત કરે ત્રણે એકમો પાસે આવે અને એક જ મહાજનનું સ્વપ્ન સિધ્ધ થાય તો સૌની ઉન્નતિ થાય.

જાહેરાતોઃ ચીમનલાલ પોપટલાલ મીનાવાલા, અમર ફોટો સ્ટુડિઓ, ફીટવેલ ટેલર્સ, બેનટેક્સ, રૂબી જનરલ ઇન્સ્યુરન્સ

પ્રકાશ સમીક્ષા ૧૯૫૯

૧૯૫૯માં અનંતનાથજી દેરાસરની સપાદ શતાબ્દીની ઉજવણી કરવા માટે પ્ર.સ. પૈસાનો ધુમાડો કર્યા સિવાય સુંદર કાર્યક્રમ કરવાનું સૂચવે છે. તે માટે દેવદ્રવ્ય વાપરી શકાય એવું મંતવ્ય રજૂ કરે છે.

વર્ષોથી ચાલતા પાઠશાળાના મકાનના પ્રશ્નનો હજુ સુધી કાંઈ ઉકેલ આવ્યો નથી. પ્ર.સ. વારંવાર આ હકીકત વાચકો સમક્ષ ધરીને એમને જાગૃત રાખે છે. પ્ર.સ.ના હિસાબે મહાજનવાડીનો ત્રીજો માળ વિદ્યાર્થીગૃહ કે પાઠશાળા માટે વાપરી શકાય.

વિદ્યાર્થી સંઘની કામગીરી નબળી પડતી જતી હતી તે તરફ પ્ર.સ.અંગુલિનિર્દેશ કરે છે. શિક્ષણના બદલાતા મૂલ્યની સૂચના આપતાં પ્ર.સ. ફેબ્રુના અંકમાં લખે છે ફક્ત એન્જિનીયરીંગ અને ડોક્ટરી પર લક્ષ રાખવાની જરૂર નથી. માત્ર એક કે બે વર્ષના અભ્યાસક્રમો કરીને વિદ્યાર્થી સહેલાઇથી અર્થોપાર્જન કરી શકે છે.

શિશુમહેલમાં વાચકો સહભાગી બની શકે એવી નિબંધ કે વાર્તા હરિફાઈઓ ગોઠવીને પ્ર.સ.એ વાચકોને સક્રિય રીતે સામેલ કર્યા હતા. શિશુ મહેલ વિભાગ દર મહિને બાળકો માટે મનોરંજક અને જ્ઞાનપૂર્ણ સામગ્રી લઇને આવતો.

પ્ર.સ.એ સ્કોલરશીપ, ઉચ્ચ અભ્યાસ માટેની લોન, બુક-બેન્ક, વિદ્યાર્થીગૃહ, વગેરે અનેક ઝીણી ઝીણી મહિતીઓ વિદ્યાર્થીઓ સુધી પહોંચાડી હતી જેને લીધે વિદ્યાર્થીઓની જિંદગી સરળ બની હતી અને એમને ચોક્કસ દિશા મળી હતી. છૂટા છવાયા વસતા જ્ઞાતિજનોને પ્ર.સ.એ પોતાના તાંતણે બાંધીને ઘરે ઘરે જ્ઞાતિમાં બનતા બનાવોથી વાકેફ રાખ્યાં હતાં.

જો લાગા ભરવામાં ન આવે તો મહાજનની ઑફિસ નભાવવી મુશ્કેલ થઈ જાય. પેઢી દર પેઢીના લાગા વસૂલ થયા નહોતા. જ્ઞાતિની સંગાથે ચાલતું પ્ર.સ. જ્ઞાતિબંધુઓને લાગા ભરપાઈ કરી સમાજ પ્રત્યેની પોતાની ફરજ અદા કરવાનું સૂચવે છે.

સં. ૨૦૧૫ના અંત પહેલાં અનંતભુવન ફરીથી બાંધવાનું શરૂ કરવામાં આવશે એવી ખાતરી આપવા છતાં અને સંવત ૨૦૧૭નું પોણું વર્ષ પતવા આવ્યું છતાં મકાન બાંધવાના કોઈ ચિહ્નો ન જણાતાં તંત્રી સોઈ ઝાટકીને કહે છે, 'અમે માગણી કરીએ છીએ કે અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ તાત્કાલિક મકાન બાંધકામ શરૂ કરે અથવા બાંધકામની આડે આવતી મુશ્કેલીઓ જાહેરમાં રજૂ કરે.'

જાહેરાતઃ પ્રફુલ્લચંદ્ર ભવાનજી ઝવેરી, માદન ઍન્ડ કું., વોગ ઍન્ડ કંપની, સિનિયર ટાયર સર્વિસ, શા પદમશી વેલજીની કું, મોહનલાલ કરસનદાસ ચોકસી, દેવજી પ્રેમજી કોઠારીની કું., હીરજી વીરજીની કું. વગેરે.




**गच्छ युद्धयस्व कौन्तेय न तवास्ति पराजयः।**
**यस्य मंत्री च गोप्ता च पार्श्वस्थो हि जनार्दनः ॥**
**( જૂઝ, જા, પાર્થ; ના તારો પરાજય કદાચન :**
**તને રક્ષે અને દોરે પાસે ઊભા જનાર્દન. )**

નૂતન વર્ષની યાત્રાનો આરંભ કરતી વખતે સાથે બાંધી લેવા જેવું અખૂટ શ્રદ્ધાનું મનભર ભાતું છે, ઉપરના વચનમાં......

અર્જુન લડાઇની વચ્ચોવચ છે. અઢાર દિવસ ચાલનારા યુદ્ધના પંદર દિવસ તો પૂરા થઇ ચૂકયા છે, છતાં વિજય હજુ ક્ષિતિજ પરેય ક્યાંય વરતાતો નથી; ઊલટાના છેલ્લા ચારપાંચ દિવસોમાં તો ભલભલાનીયે છાતી ભાંગી નાખે એવા દારુણ બનાવો બની ગયા છે. . . . .

આવી આણીની વેળાએ રખેને એની શ્રદ્ધા ડગમગી જાય, રખે ને એ ભાંગી પડે, રખેને એ યુદ્ધ મૂકીને ચાલ્યો જાય, એવી દહેશતથી જ જાણે કેમ ન હોય, તેમ વ્યાસ એને પ્રેરણા આપવા માટે ખાસ કુરુક્ષેત્રમાં ઉતરી આવ્યા છે! 'યુદ્ધ મૂકી ન દેતો' વ્યાસ એને સલાહ આપે છે; 'લડવાનું ચાલુ રાખજે;-દેખીતી પ્રતિકૂળતાઓથી ડઘાઈ ન જતો; દબાઇ ન જતો. હાર તો જીતનું દ્વાર છે. સંહાર તો સર્જનનો સંભાર છે. રોજરોજ ભલે તું હારતો દેખાય; અંતે તો વિજય તારોજ છે.........

સત્ય અને અસત્ય, તેજ અને તિમિર, જીવન અને મૃત્યુ વચ્ચેનો આ સંગ્રામ સૃષ્ટિનું અસ્તિત્વ હશે ત્યાં લગી ચાલશે એ સનાતન સંગ્રામમાં ઇચ્છાએ કે અનિચ્છાએ સામેલ થયા વગર છૂટકોજ નથી; માટે ઉત્તમ રસ્તો એ જ છે કે ઇશ્વરને સારથિપદે સ્થાપીને માનવતાના ધ્વજ નીચે સ્વેચ્છાએ સંગ્રામમાં સામેલ થવું; અને જગતના મરજીવાઓની સાક્ષીએ નોંધી રાખવુ કે શ્રેયસની સાધના પ્રેયસ પર પગ મૂક્યા પછી જ શરૂ થાય છે અને અમરત્વનો રસ્તો મૃત્યુની ખીણમાં થઇને જ પસાર થાય છે—....

સંગ્રામમાં તમે નહિ લડો તેથી કંઇ તમારો વિરોધી લડવાનું બંધ નહિ કરી દે! એટલે લડત બંધ કરવી જાતે જ હારનો સ્વીકાર છે; અને ગમે તેવી કપરી પરિસ્થિતિમાં પણ લડતા રહેવું, એજ અંતિમ વિજયની બાંયધરી છે.

બાકી અંધકાર તો તૈયારજ છે-સકલ સૃષ્ટિમાં ફેલાવા,-પ્રકાશ થાકીને લડત સંકેલી લે એટલીજ વાર છે, અને એટલેજ.

गच्छ युद्धयस्व कौन्तेय न तवास्ति पराजयः।
यस्य मंत्री च गोप्ता च पार्श्वस्थो हि जनार्दनः ॥

એ શબ્દો નૂતન વર્ષની યાત્રાના આરંભનો સમુચિત્ શ્રદ્ધાલલકાર છે,

'પદ્મ' ('અખંડાનંદ'માંથી)

વર્ષ : ૫૧ ☆ અંક : ૧ લો
: તંત્રી :
સનત્ શાહ, B. A. (HONS)., LL.B.
સપ્ટે. ૧૯૭૧ ☆ લવાજમ રૂ. ત્રણ

# ‘પ્રકાશ’ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– એડ. કેતન મધુકાંત લોડાયા, કોઠારા (ગાંધીધામ)

સાગર જેવડી ઐતિહાસિક સફરની ચોથા દાયકાની શરૂઆત ૧૯૬૧થી થઇ. આ દાયકામાં એટલે કે ૧૯૬૧ થી ૧૯૭૦ સુધી જ્ઞાતિનું નિડર -નિષ્પક્ષ- પ્રાણવાન પત્ર એટલે પ્રકાશ સમીક્ષા વિવિધ વિષય ઉપર પ્રકાશ પાડતું જ આવતું હતું. આ દાયકો એવો હતો જેમાં ૧૯૫૬માં આવેલ ધરતીકંપ અને ત્યારબાદ વારંવાર આવતા દુષ્કાળમાં કચ્છનો વિકાસ રુંધાતા આ સમયમાં આપણા વતનથી ધીમે ધીમે મુંબઈ અને દેશાવરમાં ધંધા વ્યવસાય અને ઉચ્ચ અભ્યાસ માટે બહાર નીકળવા લાગ્યા. આ સમયગાળામાં ૩જી પંચવર્ષીય યોજના ચાલુ હતી.

૧૯૬૧ના સપ્ટેમ્બર માસથી શરૂ થતા આ દાયકાની પ્ર.સ. માં શ્રી સનત શાહના તંત્રી સ્થાનેથી બહાર પાડવામાં આવતા તંત્રીની કલમેમાં સચોટ અને ધારદાર કલમથી જ્ઞાતિને સાચા અને સારા રસ્તો બતાડતા આવ્યા છે. સળગતા પ્રશ્નોને જરૂર સામેલ કરવામાં આવતા અને ચર્ચા માટે સ્થાન આપવામાં આવતા. આ સમયના પ્રકાશ સમીક્ષામાં પ્રવૃતિના પડઘા, શિશુમહેલ, ચર્ચાના ચોતરે, સમાચાર સંકલન, પ્રવાસ દર્શન, હૈયે તેવું હોઠે, શિક્ષણ સૌરભ, વતનના વહેણ, જૈન જગત, સ્વાસ્થ્ય અને સારવાર, સ્ત્રીઓ માટે વનિતા વિશ્વ, નવલિકા, જન્મ અને મરણ વિગેરે કોલમો ચાલુ હતી. અંક-૧માં પ્રવૃતિના પડઘામાં ગચ્છો અને પંથો વચ્ચે વિખવાદ જાહેરમાં આવવા લાગ્યા હતા. ૧૫-૧૧-૧૯૬૧થી અનંતભુવનનો પ્લાન પાસ થયો અને બાંધકામની શરૂઆત થઇ તેનો ઉલ્લેખ છે સાથે સાથે ૧૦-૧૨ લાખ ખર્ચનો અંદાજો લગાડવામાં આવ્યો હતો. ટ્રસ્ટના વહીવટ સામે સવાલ ઉઠતા કોર્ટ સુધી આ મેટર પહોંચી હતી તેના ઉપર પણ ખુલ્લી ચર્ચા કરવામાં આવેલ છે. તે સમયે મરણ કરતા જન્મનું પ્રમાણ વધુ હતું. વાર્ષિક લવાજમ રૂા. ૩/- અને આજીવન રૂા. ૨૫૧/- હતું.

૧૯૬૨ ના ઓક્ટોબર માસના અંક-૨ માં વિદ્યાર્થી સંઘનું રાજકારણ બહાર આવવા લાગ્યું અને તેમાં જુના કિંગ મેકર્સની દખલગીરી થવા લાગી. વાર્ષિક સામાન્ય સભા ગેરકાયદેસર ઠરાવવા માંગ થયેલ. અનંતનાથ ટ્રસ્ટ દ્વારા ૫૦૦૦ વારની જમીન ઘાટકોપરમાં ખરીદાઈ હતી. ૧૯૬૩ના માર્ચ માસના અંક-૭માં સમાજનો કાયાપલટ શિર્ષક હેઠળ એક સમયે આપણા સમાજનું આર્થિક સ્તર ખુબ સારુ હતું પણ હવે મધ્યમ વર્ગ વધતા લઘુ ઉદ્યોગ ઉપર ભાર મુકવામાં આવ્યો. ડિસેમ્બરના અંકમાં કચ્છ જિલ્લાનું નામ ભુજ જિલ્લો કરવાનું બહાર આવતા વિરોધ કરવામાં આવ્યો હતો. નલિયા મહાજનનું નવું બંધારણ અમલની રાહ જોઈ રહ્યું હતું. પ્રભુતાના પગલાંના ફોટાનું ચલણ આવવા લાગ્યું. વસ્તી ગણના વખતે હિન્દુમાં જૈનોની ગણતરી અલગ કરાવવા આપીલ કરાઈ. પ્રકાશ સમીક્ષાનો મોહક લોગો બનાવવામાં આવ્યો. ખેતી વિભાગ ચાલુ કરવાં આવ્યો. સમેત શિખર તીર્થની લડતનો માર્ગ અને લોકમતનો વિજય થયો. વિદ્યાર્થીસંઘ, વિરજી લધા વિદ્યાર્થીગૃહ, નરશી નાથા બાલાશ્રમ, પ્રકાશની પગદંડી (દીપોત્સવી સ્પેશિયલ), શિક્ષણ પ્રચારક સમિતિની જરૂરિયાત, દશા-વિશાના એકત્રીકરણની ચર્ચા, અનંત ભુવનના બાંધકામના ઉકેલની માંગ ઉપર ચર્ચા થયેલ હતી.

૧૯૬૫ના સપ્ટેમ્બર માસના અંક ન. ૧ માં ક.દ.ઓ. મહાજન કોઠારાએ નાની નાતને સમાવી લેવા કરેલ ઠરાવ ઉપર ચર્ચા અને વિરોધના સુર ઉભા થવાની સાથે અન્ય મહાજનોમાં પણ આગળ પગલાં શું ભરવા તે વિચાર માંગી લીધો હતો. તા.૩૦/૧૨/૧૯૬૫ના મુંબઈ મહાજને પણ નાની નાત અંગે ચર્ચા પણ કરેલ હતી. કન્યા છાત્રાલયના ૫ વર્ષની ઉજવણી થઇ. મુંબઈ મહાજનના વસ્તી પત્રકનો બહિષ્કાર અને ખુલાસો, લગ્નમાં જમણવાર તેમજ અલ્પાહાર બંધ કરવા અપીલ અને દેખાદેખી ન કરવા અપીલ થઇ હતી .૧૯૬૬ બાદ નલિયામાં ભેદભાવના સ્થાનના હેડિંગ સાથે હિતવર્ધક મંડળમાં તિરાડ દૂર કરવા વિનંતી કરાઈ હતી.

૧૯૬૭ ના અંકમાં ૬ માસ બાદ પણ અનંતભુવનમાં ગોદામો અને અનંત છાયાના મકાનો ભાડે આપી શકાય તેમ ન હોવાથી ઝડપી ઉકેલ માટેની ચર્ચા થયેલ તેમજ ૪૭મા વર્ષના નવેમ્બર - ૧૯૬૭ ના અંક -૦૩માં આંતરિક ઝગડા અને ચર્ચાના ચોતરેમાં કોર્ટ -કેસ સિવાય કશું મળ્યું નહિ તેનું દુઃખ ને વલોપાત દેખાઈ આવે છે. ડિસેમ્બર-૧૯૬૭ના અંકમાં અંતરિક્ષ તીર્થમાં તા. ૦૫/૦૪/૧૯૬૭ના રાત્રીના ભાગે ધર્મશાળા અને ભોજનશાળામાં ૧૦૦-૧૫૦ ગુંડાઓનો કબ્જોનો થયો હતો અને જેનો વિરોધ થયો અને જૈનોએ અખંડ થઇ એકતા બતાડવાની હાકલ કરાઈ હતી. નલિયાના શેઠ શ્રી નરશી નાથા બાલાશ્રમનો હીરક મહોત્સવ ઉજવવાનો નિર્ણય.

૧૯૬૮ના જૂન માસમાં અચલગચ્છનો ઉત્કર્ષ, અખિલ ભારતીય અચલગચ્છ અધિવેશનનો અહેવાલ આપેલ હતો. જુલાઈ માસના અંકમાં ધાર્મિક શિક્ષણ ઉપર ભાર મુકવામાં આવેલ સપ્ટેમ્બર માસના અંકમાં કચ્છના ગામો દુષ્કાળના ભરડામાં આવતા મુંબઈ મહાજન અને અંનતનાથ ટ્રસ્ટ તરફથી સહાય આપવાનું નક્કી કરેલ અને જે-તે મહાજનોએ પોતાના ગામ પૂરતી સહાય કરેલ. પાંજરાપોળને દુષ્કાળમાં મદદ કરવા વિનંતી અને અપીલ.

ઓક્ટોબરના અંકમાં ચોથા વસ્તીપત્રક વહેંચણી માટે સૌ જ્ઞાતિ બંધુઓને સહકાર માટે નમ્ર વિનતી કરાયેલ. ૧૯૬૯ના અંકોમાં પ્રવૃતિના પડઘામાં શિક્ષિતોને તકો આપવા આપીલ કરાઈ હતી. પ્રેસ હડતાલથી મે માસ બાદ સીધો ઓગસ્ટ ૧૯૬૯નો અંક બહાર પડેલ.

૧૯૭૦ ના જાન્યુઆરી – જૂનના અંકમાં સમાજ માફ કરે, ના શીર્ષક હેઠળ અનંતછાયાના મકાનોને તાળા ખુલ્યા નથી તેનો દુઃખ સમાજે આ માધ્યમથી વ્યક્ત કર્યો હતો. સપ્ટેમ્બરથી પ્ર.સ.ને જીવંત પત્રકારિત્વ ના ૫૦ વર્ષની શરૂઆત થઇ હતી. નવેમ્બરના અંકમાં ભવાનજી અરજણ ખીમજીનું અવસાન થતા એક યુગનો અસ્ત થયો હતો અને તેમનું જીવન આપણને સૌને આપણી જ્ઞાતિ પ્રત્યેની ફરજમાં પ્રેરણારૂપ બની એમને સાચી શ્રદ્ધાંજલી આપી હતી. લગ્નમાં સાદાઈ અને સમૂહ લગ્નની પહેલ માટે આવશ્યક સમયની માંગ હતી તેના ઉપર પ્રકાશ પાડવામાં આવેલ .

આ દાયકાની સફરમાં તંત્રી શ્રી સનત શાહ સાથે અન્ય કોલમના સંપાદક તરીકે હેમલતા કરમશી પોલડીયા, શામજી પદમશી છેડા, શાંતિલાલ રામજી લાલકા, ધનલક્ષ્મી રમેશ નાગડા, મણિશંકર લ. જોશી, માણેકજી ચત્રભોજ લોડાયા, દામજી જીવરાજ શાહ, ભરત ખોના, ઉષા મોમાયા, ગુલાબચંદ પદમશી પોલડીયા, વાલજી ધનજી મોતા, માણેકચંદ્ર ખોના, કવિ તેજ, રશ્મિન ખોના, ભરતકુમાર શિવજી પટેલ, પદમશી ટોકરશી ખોના, મંજુલાબેન કેશવજી શાહ, પ્રવીણ દેવજી ખોના, કરમશી ખેતશી ખોના વગેરેએ સેવા આપેલ હતી. તેમજ ચર્ચાના ચોતરેમાં પુનશી દામજી ખોના,જીવરાજ ધનજી મોતા, ખોના હિરાવંતી લક્ષ્મીચંદ, વાલજી ધનજી, મણિકાંત કુંવરજી નરપાર, ઉમરશી પાર્શ્વીર ખોના, લાલકા કાંતિલાલ કાનજી, ભાણજી કરમશી શાહ, દિપક ગંગાજર શાહ વિગેરે નામી અનામી જ્ઞાતિજનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ભાગ લીધો હતો.

આ સમયગાળામાં પ્રિન્ટિંગ અને તેને સમાજના ઘરે ઘરે પહોંચાડવા માટે આર્થિક સહયોગની જરૂરિયાત જે તે સમયમાં Firex કુંવરજી દેવશી એન્ડ કું., મંગલ પ્રિન્ટર્સ, છેડા જવેલરી માર્ટ, નીલરત્ન જવેલરી માર્ટ, નવલપ્રભા ટ્રેડિંગ કું., બાલા ગોળી, ગાંધી ઇલેક્ટ્રિકલ એન્જિનિરીંગ કું., લક્કી ગુડ્સ ટ્રાન્સપોર્ટ, શાહ રમણીકલાલ જયંતિલાલની કું., સોમચંદ હંસરાજ, મોહનલાલ કરશનદાસ ચોકસી, હીરજી વીરજી ટ્રાન્સપોર્ટ, કાંતિરોય ફોટો સ્ટુડિયો, પાવર કેબલ્સ, શાહ લીલાધર નરશી મોટરવાલા, આર. એચ. મુતાલિક દેસાઈ લોટરી એજન્સી, મહેન્દ્ર નાગડા એસ્ટેટ એજન્ટ, મેં. હીરજી ભારમલ, મેં. પદમશી વેલજીની કું., સિનિયર ટાયર સર્વિસ, લક્કી લોટરી સેન્ટર, ધૂલ્લા એન્ડ પારેખ કેટરિંગ, ભારત ટ્રેડિંગ કું, અકાય ઇન્ડ., ભારત એજેંસી, જયેશ એજેંસી જેવા અનેક નામી લોકોએ આર્થિક સહાયક રહ્યાં હતા.



કચ્છી દશા ઓશવાળ

સમીક્ષા

કાર્યાલય :
સમીક્ષા કાર્યાલય,
ચીંચ બંદર,
મુંબઇ, નં. ૯

વાર્ષિક લવાજમ
રૂ. ૨–૮–૦
અર્ધ વાર્ષિક
રૂ. ૧–૮–૦

● તમસો માં જ્યોતિર્ગમય ●

વર્ષ ૧ લું : અંક ૧ લો : તંત્રીઓ : સનત શાહ, B. A. Hons., ગોવિંદજી જીવરાજ લોડાયા : છુટક નકલ ચાર આના : તા. ૫-૨-૧૯૫૨

શુભેચ્છા 卐 સ્વાગત 卐 સંદેશ

(સમીક્ષાના પ્રકાશનની માહિતી મળતાં જ્ઞાતિને ખુણેખુણેથી આવેલા શુભેચ્છા ને માર્ગદર્શનના સંદેશાઓમાંથી કેટલાક રજુ કરતાં, અમે પાઠવનારી વ્યક્તિઓનો અંતરથી આભાર માનીએ છીએ.—તંત્રીઓ)

તંત્રીઓ,

સામાજીક પ્રશ્નો ચર્ચતું "સમીક્ષા" નામનું માસીક આપનાં તંત્રી પદેથી પ્રસિદ્ધ થવાના સમાચાર જાણી આનંદ થયો છે. જુદા જુદા સામાજીક પ્રશ્નોનો યોગ્ય અને તંદુરસ્ત દ્રષ્ટીકોણથી અભ્યાસ કરી, તેની આપનાં પત્રદ્વારા યોગ્ય રીતે રજૂઆત કરવામાં આવશે તો મને વિશ્વાસ છે કે તેથી આપ વધુ ઉપયોગી રીતે સમાજની સેવા કરી શકશો; એટલુંજ નહિં પણ સમાજના ઘણા અણ-ઉકેલાયા પ્રશ્નોનો ઉકેલ લાવવામાં ઘણું ઠીકજ ઉપયોગી થઇ શકશે. હું આપના પ્રયાસની સંપૂર્ણ સફળતા ઇચ્છું છું.

ભવાનજી અરજણ ખીમજી. J. P. M. P.
પ્રમુખ : મધ્યસ્થ મહાજન

★

પ્રકાશક,

તમે જ્ઞાતિનું નવું પત્ર 'સમીક્ષા' પ્રસીધ્ધ કરવા માંગો છો તે જાણીને હું ઘણો ખુશી થયો છું.

પક્ષાપક્ષીમાં સંડોવાયા વગર જ્ઞાતિના સવાલો ... રપણે ચર્ચી અને જ્ઞાતિને સુમાર્ગે દોરવાનું ખરૂં ... 'સમીક્ષા' કરશે એવી આશા છે.

હું 'સમીક્ષા'ને લાંબુ આયુષ્ય અને દરેક સફળતા ... છું.

હંશરાજ કામદાર
પ્રમુખ : શ્રી મુંબઇ મહાજન

સંચાલકો,

આજના યુગમાં પત્ર એક અત્યંત જરૂરી વસ્તુ છે, અને પત્ર દ્વારાજ ચર્ચા, વિચારણા અને સામાજીક આંદોલન કરી શકાય છે. વિચાર અને દ્રષ્ટિબિંદુના વિનિમય માટેનાં માધ્યમ તરીકે તેનું સ્થાન અગત્યનું છે.

'સમીક્ષા'ના કાર્યકરો જ્ઞાતિમાં આવેલ નિષ્ક્રિયતાનો પત્રદ્વારા પ્રતિકાર કરવા પ્રેરાયા છે, તે પ્રશંસનિય છે, પરંતુ પત્ર જેટલું બહાર પાડવું સરળ છે, તેટલુંજ જોખમકારક છે, તે 'સમીક્ષા'ના કાર્યકરો બરાબર સમજતા હશે. આજ કાલ કેટલાક પત્રો અને પ્રકાશનો, મુડી અને પૈસાદારોના જોરે નભી રહ્યા છે, આવી રીતે પ્રસિધ્ધ થતાં પત્રો કઇ જાતની સેવા કરી રહ્યા છે, તે સમાજ સારી રીતે સમજી શકે છે.

'સમીક્ષા' આવા પ્રલોભનાથી દુર હશે અને રહે એવી મારી તમને ભલામણ છે. જે શુભ આશાથી પ્રેરાઇને 'સમીક્ષા' બહાર પડે છે, તેને જો વળગી રહેશે, તો તે સમાજની ઘણા વખતની જરૂરિયાત પુરી પાડવામાં સફળ થશે.

'શુભ વિચારો સજ્જનતા પેદા કરે છે, અને અને શુભ પ્રેરણાથી આરંભાયેલ કાર્ય સદા યશદાયી નીવડે છે, એ ધ્યાનમાં રાખીને 'સમીક્ષા'ના સંચાલકો આગળ વધે અને હાથ ધરેલ કાર્યમાં ફતેહ મેળવે એજ મારા તમને આશિર્વાદ છે.

ત્રીકમજી દામજી ખોના J. P.
મા. મંત્રી શ્રી. ક. દ. ઓ. મધ્યસ્થ મહાજન

(વધુ સંદેશા પાના ૭ ઉપર)

... સમાચાર : મુંબઇ વસતા ગ્રાહક બંધુઓ નીચેના સ્થળે લવાજમ ભરી શકશે.— હરીફાઇ એજન્ટ, શ્રી વલ્લભ ડી. ગાલા, મસ્જીદ સ્ટેશન સામે, મુંબઇ નં. ૯

# ‘પ્રકાશ’ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– કેસરસિંહ આણંદજી ખોના, જખૌ (ડોંબિવલી)

### પ્રકાશ સમીક્ષાની શતાબ્દી જયંતિ

### ‘‘લડાઈ દીયે ઔર તૂફાનકી’’

પ્રકાશ સમીક્ષાનો સુવર્ણ જયંતિ વર્ષમાં પ્રવેશ થયો ત્યાં સુધીની યાત્રા કોઇ સીધી સપાટ નહીં, ખાડા ટેકરા વાળી સડક રહી. કોઈ સ્થાયી આવકની વ્યવસ્થા નહીં. લવાજમની સામાન્ય આવક ટૂંકી પડી રહેતી. જાહેરાતની આવક પણ નિશ્ચિત નહીં. વધતા ખર્ચા અને કાગળ છપાઈનાં વધતા ભાવના લીધે સતત ખોટમાં ચાલતી આ પત્રિકાની જીજીવિષાને પ્રચંડ બનાવવામાં મુખ્ય ફાળો જ્ઞાતિજનોના વિશ્વાસ અને ટેકો હતા. આજ બાબત દિવાની (દિયાની) અને તોફાન રૂપ તોતિંગ મુશ્કેલીઓના સંઘર્ષ રૂપ છે.

જ્ઞાતિજનોના વિશ્વાસ અને ટેકાનો આધાર પ્રકાશ સમીક્ષાની નીતિનો છે. નિડર, નિષ્પક્ષ અને સત્યને વરેલા ધોરણો સાથે સંચાલક અને તંત્રી મંડળની કોઇની શેહમાં ન તણાવવાની દઢતા જ્ઞાતિજનોનો – પાઠકોનો સ્નેહ સંપાદન કરી આજે ૧૦૦ વર્ષના પ્રવેશે શતાબ્દી જયંતિ ઉજવવા તત્પર છે.

એ મહત્વનો અવસર એટલા માટે છે કે આજ ગાળામાં અનેક પત્ર પત્રિકાઓ શરૂ થઈ અને વિરમી ગઈ. છતાં પ્રકાશ સમીક્ષા હેમ ખેમ રહી આગળ વધવા મક્કમ છે. પોતાના દફતરની જગ્યા નહીં, અરે બોર્ડ લગાડવાની પણ જગ્યા નહીં, એક માત્ર જ્ઞાતિનું પીઠબળ. દેશ વિદેશમાં ફેલાયેલા એવા આ નાનકડી જ્ઞાતિના સભ્યો – પરિવારોને એક તાંતણે બાંધવામાં પ્રકાશ સમીક્ષા મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

### ભવિષ્યનો કૉલ – પ્રકાશ સમીક્ષાનું શતાબ્દી જયંતિ નિવેદન

ગુજરાત ફોર્બેસ સભાએ ગુજરાતની જ્ઞાતિઓ વિશે હાથ ધરેલા અભ્યાસમાં નોંધ્યુ છે કે ગુજરાતની સમગ્ર જ્ઞાતિઓમાં ક.દ.ઓ. જ્ઞાતિ સામાજિક સુધારા અને શિક્ષણમાં સહુથી આગળ પડતી છે. ગુજરાતના કળા સાહિત્ય અને સંસ્કારને વરેલી રવિશંકર રાવળની પત્રિકા ‘‘કુમાર’’ દ્વારા ‘પ્રકાશ સમીક્ષા’ ને જ્ઞાતિ પત્રોમાં પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. ‘કુમાર’ દ્વારા પ્રકાશ સમીક્ષા માટે નોંધવામાં આવ્યું છે કે ‘‘નિડર, નિષ્પક્ષ, અને પ્રાણવાન પત્રકારિત્વ’’ના પરિણામે અનેક મુશ્કેલીઓ અને ઝંઝાવાતોનો સામનો કરી પ્રકાશ સમીક્ષા ઉત્તરોત્તર પ્રગતિના પંથે આરૂઢ રહી સફળતાની આશા સેવે છે.

આપણી જ્ઞાતિના શ્રેષ્ઠ સંસ્કાર અને સમાજ શક્તિ બાબત મુંબઈ હાઈકોર્ટના જજ સાહેબ દેશમુખજીએ ટ્રસ્ટીઓ સામેના દાવા કાઢી નાખતા નોંધ્યું છે કે આ જ્ઞાતિ (ક.દ.ઓ. જૈન) ખૂબ સુગઠિત અને સુવ્યવસ્થિત છે. ૧૦૦ વર્ષથી પણ વધુ સમયની કામગીરી લેખિતમાં ઉપલબ્ધ છે. જ્ઞાતિજનો બહુજ આગળ પડતા વિચારો ધરાવે છે. માનનીય ન્યાયમૂર્તિશ્રીની આ ટિપ્પણી આપણા માટે ગર્વ કરવા જેવી બાબત છે. અને એ વિધાન પર ખરા ઉતરવાની જવાબદારી આપણી જ છે.

એક હકીકત નોંધવી રહી કે વ્યાપાર, વ્યવસાય કે નોકરી જેવા કારણે અનેક જ્ઞાતિજનો દેશના દૂર દૂરના વિસ્તારોમાં સ્થાયી થયા છે. તે વિસ્તારોની બહુમતી પ્રજાની સાંસ્કૃતિક અને આનુષાંગિક અસરો, આપણા પ્રભાવના વિસ્તારોથી દૂર રહેવાના કારણે, શિક્ષણની અસરના કારણે પણ આપણા પહેરવેશ, રહેણી કરણી, ખાનપાન, બોલચાલ, બધામાં ઘસારો જોવા મળે છે એમ ખંડવાના અગ્રણી તરૂણ કુમાર રાયચંદ



પીતાંબર નાગડાને લાગે છે. આ નિરીક્ષણ જરા પણ ખોટું નથી.

### દ્વિતીય સમ્મેલન

દ્વિતીય સમ્મેલનના ઠરાવ મુખ્યત્વે આર્થિક વિકાસ સાધવાની દિશામાં હતા. કેટલાક ઠરાવ ધાર્મિક, શૈક્ષણિક, સામાજિક અને તાત્કાલિક ઉકેલ માગતી સમસ્યાઓને લગતા હતા. શૈક્ષણિક ઠરાવોમાં મુખ્યત્વે ઉચ્ચ વ્યાવસાયિક વિષયો અને રમતગમત સંબંધી હતા. ધાર્મિક ઠરાવ અચલગચ્છની પ્રવૃત્તિઓ અને ધારા-ધોરણો સંબંધી ભાગીદારીના હતા. ઊંચા લક્ષ્ય ધરાવતા ઠરાવ પસાર થયા પણ એ હાંસલ કરવાની બાબત વધુ જરૂરી હતી. આર્થિક ઠરાવોમાં એક મહત્ત્વનો ઠરાવ ક.દ.ઓ. જૈન ફાઉન્ડેશનનો હતો. એમાં સ્થળ પર જ ભંડોળ એકત્ર થયું અને વચનો મળ્યા. એક કરોડ રૂપિયાનું ભંડોળ જ્ઞાતિની આવશ્યકતા પૂરી કરી શકશે ?

ફાઉન્ડેશનનો ઉદ્દેશ્ય શિક્ષણ વ્યવસાય, ઉદ્યોગ માટે નાણા પૂરા પાડવાનો છે. જે જરૂરી જણાય છે.

### સમ્મેલન

જ્ઞાતિ સમ્મેલન ને ૩૦ વર્ષ થઈ ગયા છે. સમ્મેલન ખૂબ સફળ રહેલું. જ્ઞાતિમાં એક પ્રકારની જાગૃતિની હવા વહેવા લાગેલી, પણ સમ્મેલનનો લાભ મળ્યો નથી. પ્રવૃત્તિઓમાં સાતત્ય જોવા મળ્યું નથી અને ન તો એ ઉત્સાહ અને જાગૃતિને નવી દિશા તરફ વાળી શક્યા છીએ.

કેટલાક સમયથી, કદાચ પ્રથમ સમ્મેલનના ઉત્સાહવર્ધક વાતાવરણની સ્મૃતિથી પ્રેરિત ફરી જ્ઞાતિ સમ્મેલન બોલાવવું જોઇએ એવી લાગણી પ્રસરી રહી છે. જ્ઞાતિ સેવા પ્રત્યે ઉદાસીનતા અને નિષ્ક્રિયતા ખંખેરી નાખવા ઘણાને સમ્મેલન જ એક માત્ર ઉપાય લાગે છે.

એવો વિચાર પણ વેગ પકડી રહ્યો છે કે સમ્મેલન અથવા એવી અન્ય પ્રવૃત્તિઓ માત્ર મુંબઈવાળા જ કરી શકે એ વાત પડતી મૂકવી જોઇએ. અને દેશના અન્ય ભાગો માટે પણ વિચારવું જોઇએ.

તંત્રી લેખમાં જ્ઞાતિ સમ્મેલન બોલાવવાનો ઉલ્લેખ કરાયો તેના લગભગ એક વર્ષે જાન્યુઆરી ૧૪-૧૫ ના અરસામાં દ.ભા. ક.દ.ઓ. જૈન વસ્તીપત્રક સમિતિ અને દ.ભા.ના મહાજનોના પ્રતિનિધિઓને એ કોઈમ્બતૂર મહાજને યોજેલા સ્નેહ મિલનમાં નક્કી થયું કે સમ્મેલન હુબલીમાં ભરવું અને સમસ્ત જ્ઞાતિનું વસ્તીપત્રક પણ તૈયાર કરવું. જોવા જઇએ તો એક રીતે આ પગલું દક્ષિણ ભારતના જ્ઞાતિજનોની વધેલી શક્તિનો મુંબઈના વર્ચસ્વને તોડવાનો પ્રયાસ હતો. જેની કોઇએ નોંધ લીધી નથી. અથવા એકતાની દૃષ્ટિએ મૌન રહેવાનું પસંદ કરાયું છે.

અહીં યાદ આવે છે આપણી જ્ઞાતિનું પ્રથમ સમ્મેલન શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી ના પ્રમુખ પદે મુંબઈમાં ભરાયું તે નોંધવામાં આવ્યું છે પણ વાસ્તવમાં એક સંમ્મેલન ઇસવી સન ૧૯૧૩ માં કોઠારામાં ભરાયું હતું. તે સમયના ધોરણ મુજબ પર ગામના મહાજન એ સમ્મેલનમાં હાજર થયા હતા. એ સમ્મેલનના નિર્ણયો બાબત માહિતી મળતી નથી.

આઝાદી બાદ મુંબઈમાં ભરાયેલા પ્રથમ સમ્મેલનમાં રાજકીય, સામાજિક, ધાર્મિક આર્થિક અને શૈક્ષણિક ઠરાવ પસાર થયા.

### પરંપરા

જ્ઞાતિમાં બંધુત્વ ભાવ, સ્નેહ અને પરિચય વધારવામાં બહુજ ઉપયોગી સ્વામી વાત્સલ્ય અને જમણવાર માટે દાતાઓએ વિચારપૂર્વક માતબર ફંડની સખાવત કરી હતી. આ પ્રકારના સખાવતની રકમ અલગ અલગ ટ્રસ્ટો પાસે અને દેશાવરના મહાજનો પાસે જમા હશે એમ જણાય છે. આ ભંડોળ સૂચિત ઉદ્દેશ્યો માટે વાપરવા યોગ્ય પૂરતી ન હોય તો એ રકમ જ્ઞાતિના અગત્યના કે જરૂરી હેતુ માટે ઉપયોગમાં લેવા યોગ્ય પગલા લેવા જોઇએ. પ્રકાશ સમીક્ષાના મતે આવા ફેરફાર માટે દાતાઓ કે તેમના વંશ વારસોની પરવાનગી મેળવી લેવી જોઇએ.

ભાઈ ઉમરશી કાનજી ભેદાનું સૂચન છે કે જ્ઞાતિમાં કોઈ પણ દુઃખી હોય, મુશ્કેલીમાં હોય તો તે સર્વે જ્ઞાતિજનોની મુશ્કેલી બનવી જોઇએ. સમર્થ જ્ઞાતિજનો અગર પાંચ-પાંચ પોતાના જ્ઞાતિ ભાઈઓને ઉપર લાવવાનો પ્રયાસ કરે તો જ્ઞાતિને પોતાની સ્થિતિ પુનઃ ઉપર લાવતાં કોઈ રોકી શકશે નહીં.

પ્રકાશ સમીક્ષાની હાકલના સંદર્ભમાં નવા ટ્રસ્ટીઓએ સૂચન મોકલવાના ઉમરશી ભાઈના આ પ્રયાસની જેમ ભાઈ ચંદુલાલ કાનજી મોમાયાએ પણ બાળ માવજત ક્લિનિક શરૂ કરવાની ભલામણ કરી છે. આ સંદર્ભમાં બોમ્બે રોટરી ક્લબ ડાઉન ટાઉનના માનદ્ મંત્રી ભાઈ મધુકર જવેરચંદ શાહે ભરોસો આપ્યો હતો કે જગ્યાની વ્યવસ્થા થાય તો રોટરી ક્લબની ગુમાસ્તા/મુનીમોને રાહત દરે લંચ અને મહિલાઓ માટે હુનરશાળાની યોજના છે. જેનો લાભ આપણા જ્ઞાતિજન પણ લઈ શકે છે.

આપણી જ્ઞાતિના શ્રેષ્ઠીઓએ હરકિશનદાસ અને અન્ય હોસ્પિટલોમાં 'બેડ'ની વ્યવસ્થા માટે ડોનેશન આપેલ છે એ બાબત જરૂર તપાસ માગી લે છે કે એ ફંડોની શી સ્થિતિ છે ? વધુ એક સમસ્યા સાધર્મિક સહાય બંધ કરવાથી સરજાઈ છે. આના કારણે ખાસ તો વૃધ્ધ, વિધવા અને રોજગાર વિહીન એકલ દોકલ વૃદ્ધોની નિઃસહાયતાને લક્ષ્યમાં લઈ ફરી પર્યાપ્ત રકમની સહાય શરૂ કરવી જોઇએ.

સાધર્મિક સહાય આકસ્મિક પીઠબળ હતું. ઘણીવાર સંયોગ વશ, કે અકસ્માત આદિના કારણે ભીડમાં આવી પડતા, અસહાય, નિરૂપાય થઈ જતા જ્ઞાતિજનોના સ્વમાન માટે બહુજ ઉપયોગી વ્યવસ્થા હતી. જ્ઞાતિજનો સ્વમાન ભેર જીવી શકે એવી સહાયના પગલાં જરૂરી છે. જ્ઞાતિ તરફથી અપાતી સહાય લેનાર અને દેનાર બંનેને લાભદાયી હોય તે જોવું જોઇએ. સમયની સાથે સહાયની રાશિની માત્રા વધી તો રકમ અપર્યાપ્ત હોવાનું પણ જણાયું. આથી મહાજને સહાયની રકમ માટે જોગવાઈ કરી પણ સંવત ૨૦૨૮ સુધી સહાય ફંડની રકમ રૂા. ૧૫૦૦૦/ થતાં સહાય બંધ કરવાની સ્થિતિ આવી. અબલત્ત એ જોવું જોઇએ કે આ સહાય જ્ઞાતિજનોને પંગુન બનાવે !

### શિક્ષણ

અન્ય જ્ઞાતિઓની સાથે સરખામણી કરીએ તો આપણી જ્ઞાતિ સામાન્ય અને ઉચ્ચ શિક્ષણ તથા પ્રોફેશનલ અભ્યાસમાં શિક્ષણનું પ્રમાણ

નોંધપાત્ર વધુ જણાયું છે. ભક્ત કવિ શિવજી દેવશી મઢડાવાળાએ (નલિયા-લાપસિયા) કચ્છ અને હાલારમાં ગામડે ગામડે જઈ ધાર્મિક અને સામાન્ય શિક્ષણ માટે શાળાઓ ખોલાવવાનો પ્રયાસ કર્યો. કચ્છની જેમ હાલાર પાલીતાણા વિસ્તારમાં પણ શિક્ષણ સંસ્થાઓ શરૂ કરાવી. મગન બાપાના નામે લોકપ્રિયતાને વરેલા શિવજીભાઈની પાયાની મહેનત, શિક્ષણ પ્રસારક સમિતિ અને નલિયા બાળાશ્રમ તથા વીરજી લધા વિદ્યાર્થીગૃહ, ધુલિયા બાળાશ્રમ, કન્યા છાત્રાલય જામનગરની બોર્ડિંગ વગેરે સંસ્થાઓના પરિણામે ઉચ્ચ શિક્ષણ મેળવવા માટેની ક્ષિતિજો ખોલી નાખી.

પ્રકાશ સમીક્ષાએ ઉચ્ચ પરીક્ષાઓ કે ઉચ્ચતમ ટકાવારી સાથે પરીક્ષા પાસ કરનારા, વિદ્યાર્થીઓનું બહુમાન કરવું. વિવિધ વ્યવસાયો, રોજગારના અવસરો જરૂરી લાયકાત વગેરે સંબંધી લેખ પ્રસિધ્ધ કરવા, પ્રકાશ સમીક્ષામાં ફોટોગ્રાફ પ્રકાશિત કરવા જેવી પ્રવૃત્તિઓ દ્વારા પ્રોત્સાહન આપવામાં આવતું. એ સિવાય સંસ્થાઓની કામગીરી, જરૂરતો અને ખામીઓ બાબત ધ્યાન દોરવાનું કામ કર્યું છે. વિદ્યાર્થી સંઘની રજત જયંતિ અને વિદ્યાર્થીગૃહના અમૃત મહોત્સવને પણ નજર અંદાજ નથી કર્યો.

### શિક્ષણ પ્રસારક સમિતિની રજત જયંતિ

શિક્ષણ પ્રસારક સમિતિના રજત જયંતિ ઉત્સવ પ્રસંગે સમિતિના પ્રમુખ લક્ષ્મીચંદ લાલજી રામજીએ જ્ઞાતિમાં શિક્ષણનો પ્રસાર સારા પ્રમાણ છે પણ હવે બદલાઈ રહેલી જરૂરતો અને ખુલનારી નવી ક્ષિતિજોને ધ્યાનમાં રાખી ઉચ્ચ ગુણવત્તા અને નવા અભ્યાસક્રમો ધ્યાનમાં લેવા જોઇએ.

પ્રકાશ સમીક્ષાએ ધ્યાન દોર્યું હતું કે શિક્ષણ પ્રસારક સમિતિના દાયરામાંથી બહાર રહી જતા, એસ.એસ.સી. સુધીનો ઘરે રહી અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ માટે ફી અને પુસ્તક સહાય માટે યોગ્ય વ્યવસ્થા જરૂરી છે. આ સંદર્ભમાં ''કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ''ની સ્થાપના કરવામાં આવી. મોટા ભાગના જ્ઞાતિજનોની સ્થિતિ જોતાં સ્ટેશનરી, યૂનિફોર્મ, દફતર, પેન્સીલ, રબર, કમ્પાસ બોક્સ વગેરેની સહાય કરવા ઉત્કર્ષ ટ્રસ્ટની સફળતા ઇચ્છી છે.

### આંતરજ્ઞાતિય લગ્ન

લગભગ બધી જ્ઞાતિઓમાં આ સમસ્યા જોવા મળે છે. જ્યારે મહાજન પાસે ઇતર જ્ઞાતિમાં લગ્ન કરનારના કુટુંબીજનોને નાત બહાર કરવાની સત્તા હતી ત્યારે આંતરજ્ઞાતિય લગ્નોની સંખ્યા નહીંવત હતી. લગ્નની ઉંમર અને અન્ય કાયદા લાગુ થતાં મહાજનોના અંકુશ નિરર્થક થઈ જતાં, શિક્ષણ અને નોકરી વ્યવસાયના કારણે યુવાનો અને યુવતીઓ પર પરિવારના બંધન હળવા થતાં આંતરજ્ઞાતિય લગ્નોઓની ઓછી સંખ્યા, દેશમાં છૂટી છવાઈ વસ્તી, પરજ્ઞાતિ - પરધર્મી યુવક યુવતીઓમાં વધતો પરિચય અને વધતી મહત્વાકાંક્ષાઓ આંતરજ્ઞાતિય લગ્નોમાં વૃધ્ધીના મુખ્ય કારણ હોવાનું પ્રકાશ સમીક્ષાનું તારણ છે.

જ્ઞાતિમાં લગ્નની એક વિરાટ સમસ્યા લગ્નના ગંજાવર ખર્ચની છે. હોલના ભાડા, રીતી રિવાજમાં વધેલો દેખાડો અને ભપકો - કન્યાના પિતાની દશા રણમેદાનમાં ઘાયલ પડેલા યોધ્ધા જેવી થઈ જાય છે. આના ઉકેલ રૂપ સમુહ લગ્નનો વિચાર વહેતો થયો. કવીઓ સમાજે સ્વયંવર જેવી રીત શોધી આપણી જ્ઞાતિમાં ગઢગ મહાજને અને નલિયામાં સમુહ લગ્ન થયા. પણ મુંબઈ મહાજન હજી કંઈ નક્કી કરી શક્યું નથી. જ્ઞાતિની સૌથી વધુ વસ્તી મુંબઈમાં હોઈ અહીં સમુહ લગ્ન વ્યવસ્થા સફળ થવાના વધુ ચાંસ છે.

### આવાસ યોજના

ઘરનું ઘર એ હંમેશની, મોટી સમસ્યા રહી છે. અનંત ભુવન, અનંત નિવાસ, અનંત છાયા, અનંત સિધ્ધિ વગેરે ઉભા થયા. અનંત સિધ્ધિમાં અતિથિગૃહ અને મલ્ટીપરપઝ હોલ પણ બનાવાયા જો કે હજી પણ જ્ઞાતિજનોની માગ ઊભી જ છે. લાગે છે કે આ એક નેવરએન્ડિંગ સ્ટોરી છે. દરમિયાન હુબલી અને મલકાપુરમાં આવાસ સમસ્યા પોત પોતાની રીતે ઉકેલાઈ છે. મલકાપુરમાં નરશી જેઠાભાઈ દંડ દ્વારા સર્વ સુવિધા સંપન્ન આધુનિક બ્લોકો ઉપરાંત રોજગાર જરૂરી હોય તેને મદદ પણ કરી છે.

### ઉદ્યોગગૃહનો કાયાકલ્પ

પ્રકાશ સમીક્ષાના તંત્રી લેખમાં લક્ષ્યથી દૂર થઈ ગયેલા ઉદ્યોગગૃહ વિશે છણાવટ કરી છે. ઉદ્યોગગૃહની સ્થાપના થયાને ૧૫ વર્ષ થઈ ગયા છે. લાગે છે કે જે હેતુઓ માટે ઉદ્યોગગૃહની સ્થાપના થઈ હતી તેનાથી કંઇક બીજા માર્ગે વળી ગયું છે.

ઉદ્યોગ ગૃહની સ્થાપના પાછળ મૂળ ભાવના એવી હતી કે ઉદ્યોગના, ઉત્પાદનને લગતા સઘળા પાસા આવરી લેતી બહેનોને જ નહીં પુરૂષ વર્ગને પણ તાલિમ મળે અને પોતાને અનુકૂળ હોય તેવા ક્ષેત્રમાં પોતાના લઘુ કે ગૃહ ઉદ્યોગ શરૂ કરી વિકાસના માર્ગે આગળ ધપે તેના બદલે હાલ ઉદ્યોગગૃહ માત્ર થોડી મહિલાઓને જ નિભાવવા પૂરતી વ્યવસ્થા બની ગઇ છે. ઉદ્યોગગૃહની દેખરેખ માટે સમિતિ છે, પણ ઉદ્યોગગૃહના મૂળ લક્ષ્ય તરફ વાળવાનો, કોઈ પ્રયાસ થતો નથી. આ માટે ઉદ્યોગગૃહના સમગ્ર સંચાલન અને મૂળલક્ષ્ય પ્રાપ્ત કરવાની બાબત જરૂરી પગલા નિશ્ચિત કરવાની કવાયત જરૂરી છે.

### જ્ઞાતિના દેવાલયો

સામાન્ય જન સમાજમાં પ્રવર્તમાન માન્યતા તરફ ધ્યાન દોરતાં પ્રકાશ સમીક્ષા જણાવે છે કે જૈન દેરાસરો અને સંસ્થાઓ પાસે સોનું, રૂપું, રોકડ, જમીન વગેરે સ્વરૂપે પુષ્કળ મિલકત છે. આથી એક તરફ લૂંટારાઓની સરકારની એ સંપત્તિ પર નજર હોય તે સ્વાભાવિક છે. આથી આવક અને ખર્ચને ધ્યાનમાં લઈ વધારાની રકમ યથાયોગ્ય જ્ઞાતિ ઉત્કર્ષ, જ્ઞાતિજનોને સહાય, શિક્ષણ, ઉપચાર વગેરેમાં ઉપયોગ કરવો જોઇએ અને એના આવક જાવકના હિસાબ પણ જાહેર કરવા જોઇએ.

### જ્ઞાતિની સંસ્થાઓ

પ્રકાશ સમીક્ષાના મતે દેશાવરમાં આપણા ઘણા જ્ઞાતિજનોએ સ્કૂલ, દવાખાના વગેરે શરૂ કર્યા છે. વખતો વખત એ સંસ્થાઓના વિકાસ, જરૂરતો વગેરે માટે સહાયની જોગવાઈ પર વિચાર કરવો જોઇએ.

## વસ્તી પત્રક

વસ્તી પત્રક આપણી જ્ઞાતિનું એક અમૂલ્ય ગ્રંથ છે. એ વિરાટ કાર્યમાં ગુજરાતની બધી જ્ઞાતિઓમાં આપણે પ્રથમ છીએ. હાલ કેટલાક સમયથી વસ્તી પત્રક એપ પ્રવર્તમાન છે. જે ઉપયોગી હોવા છતાં માહિતીની નજરે અપર્યાપ્ત છે.

## આરોગ્યધામ

એક સમયે આપણી જ્ઞાતિ લગભગ દરેક બાબતે અન્ય જ્ઞાતિઓની સરખામણીમાં દરેક જરૂરિયાત સંતોષવા ઘણા આગળ હતા પણ સેનિટોરિયમ/આરોગ્યધામ બાબતે પછાત રહી ગયા. કવિઓ જ્ઞાતિ અનેક સ્થળે સેનિટોરિયમ બનાવી ચૂકી છે પણ આપણે ભાંડુપ પછી અન્યત્ર કશું કરી શક્યા નથી. અલબત્ત, કવિઓ સમાજના કાર્યકર ખીમજી માડણ, ભુજ પરિયાના સૌજન્યથી જમીન ઉપલબ્ધ થતાં ખીમજી કુંવરજી વિકમશી અને શિવજી કુંવરજી વિકમશીના પ્રયાસથી વજેશ્વરીમાં વીરજી લધાભાઈ આરોગ્યધામ આકાર લઇ શક્યું.

## મહાજનવાડી

પ્રકાશ સમીક્ષાએ મહાજન વાડીના રિપેરિંગ બાબત ચર્ચા ઉપાડતાં ભલામણ કરી કે વાસ્તવમાં મહાજનવાડીને તોડી પાડી નવેસરથી અદ્યતન સવલતો ધરાવતા ભવનનું નિર્માણ કરવું યોગ્ય રહેશે. નવા મકાનમાં સભાગૃહ/મેરેજ હોલ, સુવિધા સંપન્ન રૂમ બનાવવા, એમાં અનંતનાથજી ટ્રસ્ટ પણ સહયોગ કરે. જ્ઞાતિ સિવાય અન્ય જ્ઞાતિઓને પણ ભાડે આપી આવક ઊભી કરવાનુ સૂચન કરાયું. કેટલાક જ્ઞાતિજનોએ પણ આ પ્રકારના સૂચન કરેલા.

## વિદ્યાર્થી સંઘ

જ્ઞાતિની સામાજિક સંગઠન સંસ્થાઓ નવા મંડાણ કર્યા છે ત્યારે વિદ્યાર્થી સંઘ, જ્ઞાતિની ભવિષ્યની તાકાતના ઉદ્‌ગમની રજત જયંતિ ઉજવાઈ રહી છે. એ વિદ્યાર્થી સંઘને અભિનંદન આપતાં પ્રકાશ સમીક્ષાએ યાદ કરાવ્યું છે કે ૨૫ વર્ષ પૂર્વે પ્રકાશ સમીક્ષા દ્વારા યોજાયેલા ઉચ્ચ શિક્ષણ પ્રસંગે વિદ્યાર્થી સંઘના બીજ રોપાયા. જ્ઞાતિની અન્ય સંસ્થાઓની તુલનામાં વિદ્યાર્થી સંઘ પ્રગતિના આરોહ અવરોહ છતાં સક્રિય રહી રજત જયંતિ ઉજવી રહ્યું છે એ અવશ્ય ગૌરવની વાત છે. ખેદની વાત છે કે વિદ્યાર્થી સંઘ જેવી સંસ્થા અનેક પ્રવૃત્તિઓ અને લાલજી રામજી બુક બૅન્ક યોજના જેવા કાર્યક્રમ સંચાલિત કરે છે તો પણ તેની પાસે યોગ્ય અને પર્યાપ્ત જગ્યા નથી. જ્ઞાતિએ આ બાબત ધ્યાન પર લેવાની જરૂર છે.

## લગ્નની સમસ્યા / આંતર જ્ઞાતિય લગ્ન

વધી રહેલા આંતરજ્ઞાતિય લગ્નો કુટુંબ અને સામાજિક પોતમાં કેટલી હદે ફેરફાર લાવશે એનો ઉત્તર ભવિષ્યના પેટાળમાં છે પણ સાહિત્યકાર નેમ મોતાએ જ્ઞાતિની લગ્ન વ્યવસ્થા, લગ્ન સંસ્થા, લગ્નની ઉંમર, અને અંતર સંબંધી ચર્ચા ઊભી કરી છે. જ્ઞાતિમાં પેસી ગયેલા કન્યા વિક્રયના દૂષણને દૂર કરવાના પ્રયાસ પણ થઈ રહ્યા છે. મુખ્યત્વે આમાં લાલચ ગરીબી અને વટની વાત દૃષ્ટિગત થઈ રહી છે.

વિધવા વિવાહની સમસ્યા પણ વિચારણીય છે. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરસી નાથાના વિધવા સાથે લગ્ન થયા ત્યાં સુધી આપણી જ્ઞાતિમાં વિધવા વિવાહ સર્વ માન્ય હતા. કોઈ સમસ્યા ન હતી પણ નરસી નાથાના વિધવા સાથેના વિવાહના પરિણામ અવળા પડ્યા ત્યારે વિધવા વિવાહ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. વિધવા વિવાહ બાબતે જ્ઞાતિના વિદુષી, નિડર અને પ્રતિષ્ઠિત મહિલા આગેવાન રાણબાઈ મા નો મત હતો કે કોઈ વિધવા ઘર માંડે તો કોઈને વાંધો ન હોવા જોઇએ. વિધવાઓની સ્થિતિ સુધારવા ફંડની રચના કરવાનો વિચાર વહેતો મૂકાયો પણ લગ્ન સંબંધી કાયદા બનતા બાળ અને વૃધ્ધ લગ્નની વાત ગૌણ થઈ ગયેલી જણાય છે. વિધવા વિવાહની સમસ્યા પણ લગભગ નાબૂદ થઈ ગઈ છે.

## જ્ઞાતિના કાર્યકરોની વિમાસણ

પ્રકાશ સમીક્ષાએ કાર્યકરો કેવા હોય એ ચર્ચા ઉપાડી, નવા યુવક–યુવતીઓ પણ કાર્યકર, ટ્રસ્ટી અને સમાજ સેવાની જરૂરિયાત સંતોષી શકે તે માટે તેમને યોગ્ય પ્રમાણમાં તક અને તાલિમ મળે એવી નીતિ ટ્રસ્ટો અને સંસ્થાઓએ અપનાવવી જરૂરી છે. ચૂંટાયેલા પ્રતિનિધિઓની કામગીરી, નવા ઊભા થનારા ઉમેદવારોનો ભૂતકાળ, કાર્યક્ષમતા, વિચારસરણી અને અન્ય સામાન્ય ગુણવત્તા ધ્યાનમાં રાખી ચૂંટવા જોઇએ. આથી ટ્રસ્ટો અને સંસ્થાઓ જ્ઞાતિ હિતના વધુ સારા કાર્ય કરી શકશે.

કાર્યકરો સદા સીમિત રહેવાના હોઇ સંસ્થા/ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં અન્ય, આનુષાંગિક પ્રવૃત્તિઓ જોડી શકાય, બાળકોને લગતી સંસ્થાઓ/જગ્યાઓમાં હાઈજીનિક અને અન્ય સુવિધાઓ યોગ્ય પ્રમાણમાં રહે તે જરૂરી છે. વધુમાં, નરસી વસનજી દૌલતના વિચારો લક્ષ્યમાં લઈ પ્રકાશ સમીક્ષાના તંત્રી લેખમાં સંસ્થાઓમાં લોકશાહી લાવવાનો મુદ્દો ઉપાડ્યો છે. આપણી મોટા ભાગની સંસ્થાઓના બંધારણના માળખા સ્વાયત્ત છે. ટ્રસ્ટીઓની ઇચ્છા મુજબ અથવા વંશપરપરાના આધારે ટ્રસ્ટમાં ખાલી પડેલી જગ્યાઓ ભરવામાં આવે છે. એને લીધે સંબંધિત ટ્રસ્ટ/સંસ્થાના કાર્યકરો વર્ચસ્વ ધરાવતા કે પ્રભાવ ધરાવતા ટ્રસ્ટીઓની મુનસુફી પ્રમાણે કામ કરતા હોઇ તે સંસ્થા/ટ્રસ્ટનો વિકાસ રૂંધાઈ જાય છે. અને ઘણીવાર માત્ર નામ પૂરતા અથવા નિષ્ક્રિય થઈ જતા હોય છે.

માળખામાં સુધાર સાથે એક બાબત એવી જણાઈ છે કે આ ટ્રસ્ટો/સંસ્થાઓમાં મુંબઈ મહાજન દેશાવરના ટ્રસ્ટો અને સંસ્થાઓમાં સંબંધિત મહાજનોની પણ કોઇ ભૂમિકા નથી દેખાતી. એ ટ્રસ્ટો અને સંસ્થાઓમાં સંબંધિત મહાજનોના પ્રતિનિધિ હોવા જોઇએ. ટ્રસ્ટીઓને એક ચોક્કસ મુદ્દત માટે ચૂંટવા જોઇએ, અથવા તો ટ્રસ્ટની મુદ્દત મુજબ બીજા કે ત્રીજા ભાગના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય અને નવા ટ્રસ્ટીઓ આવે એવી વ્યવસ્થા કરવી જોઇએ.

## જ્ઞાતિના રીત રિવાજ

સમય સમય પર બદલાતી પરિસ્થિતિ મુજબ જ્ઞાતિમાં પ્રચલિત રીત રિવાજમાં ફેરફાર કરવા પડે છે. આથી સમાજ બંધિયાર નથી રહેતો. આપણી જ્ઞાતિમાં પ્રચલિત જે પણ રીત કે રિવાજ છે તે સહજ અને

બુધ્ધિપૂર્વક હોવાનું પરવાર કરે છે. પ્રથમ સમ્મેલનમાં આ વિષય હાથ નહોતો ધરાયો પણ જન્મ, લગ્ન, સગપણ, મૃત્યુને લગતી રીત રસમોમાં યોગ્ય સમયાનુકૂલ ફેરફાર – સુધારા માટે મધ્યસ્થ મહાજનને ભલામણ કરવાનો નિર્ણય લેવાયો હતો. પ્રકાશ સમીક્ષાના મતે સૂચિત સુધારાનો ઉદ્દેશ પ્રગતિ ગામી હોવા છતાં આ ભલામણનો અન્યોની જેમ રકાસ થયો. ચાંદલા વિશે વિવાદ સર્જાયો. આમ તો એ તદ્દન વ્યક્તિગત બાબત છે. મામેરિયા અને ધોતિયાના રિવાજ વ્યક્તિગત છે એનું પરિવારો જ્ઞાતિની પ્રચલિત પરંપરા અને શક્તિ મુજબ પાલન કરે છે. ઉપરાંત જ્ઞાતિના વિકાસમાં કોઈ અડચણ નાખતા નથી. કંઠી પૂજન, ખેતરપાર પૂજન, માતા બેસાડવા જેવી કોઈ પણ રસમ ક્યાંય અવરોધક નથી. સુવિધા મુજબ પાલન કરાય છે.

### કળા કૌશલ

દાંડિયા રાસ, પખાવજ, મટુકી જેવી લલિત કળાઓનું સંરક્ષણ અને વિકાસ કરવાની જરૂર છે. હવે આપણી પરંપરાગત કચ્છી ભરત અરીસાભરત, મોતી કામ વગેરે પણ વિલીન થઈ રહ્યા છે. એનું સંરક્ષણ કરવાની આપણી ફરજ છે.

### નાની નાત

પંજા અથવા નાની નાત તરીકે આપણે ઓળખીએ છીએ એ આપણી જ જ્ઞાતિનો અલગ પાડવામાં આવેલો ભાગ છે. ભૂતકાળમાં ટાંડા પાણી બંધ કરી અલગ કરી દેવાયેલા આ અંગને ઉદારતાપૂર્વક ફરી સાથે મેળવી લેવા જોઇએ. ઘર વાપસી કરવામાં જ સાર છે. આપણા જિનાલયોમાં અન્ય જૈનો પૂજા ભક્તિ કરી શકતા હોય તો નાની નાતમાં ગણાતા આપણા જ ભાઈઓ સાથે આભડછેટ શેની ?

દેશાવરમાં નાની નાત પ્રત્યે કોઈ ભેદભાવ નથી. ત્યારે ટાંડા પાણી જેવા નિકૃષ્ટ નિયમ લાગુ કરનારાઓએ કોઈ ધાર્મિક કે માનવીય આધાર નહીં પણ પોતાના અહમ અને તિરસ્કાર યુક્ત માનસિકતાનું પ્રદર્શન કર્યું છે, એને તત્કાલ સુધારવું જોઇએ.

### રાજકરણ

શેઠ ભવાનજી અરજણ ખીમજી સિવાય રાજકારણમાં આપણી જ્ઞાતિમાંથી ઉપલી પાયરીએ કોઇ નામ દેખાતા નથી. અમને લાગે છે કે જ્ઞાતિજનોએ રાજકારણમાં રસ લઈ આગળ વધવાના પ્રયાસ કરવા જોઇએ જોકે પ્રારમ્ભિક સ્તરે ગ્રામ પંચાયત, મ્યુનિસીયાલિટી વગેરે જૂદા જૂદા સ્તરે કેટલાક નામ જોવા મળે છે. આશા રાખીએ કે એમાંથી કોઇ ને કોઈ આગળ વધશે.

### અર્થ વ્યવસ્થા

જ્ઞાતિની આર્થિક કરોડરજ્જુ સમાન 'રૂ'–'કપાસ'ના વ્યાપાર પર રાજ્ય સરકારો કોઇ ન કોઈ બહાને નિયંત્રણો લાદતી રહેતી હોવાના કારણે આ વ્યાપાર પર જ્ઞાતિનો મદાર રહ્યો નથી. હવે રૂ ના વ્યાપાર અને રોજગારમાં ગણતરીના જ્ઞાતિજનો રહ્યા છે. કપાસ/રૂના વ્યાપારને મહારાષ્ટ્ર સરકારે પોતાના હાથમાં લઈ લેતા રોજગાર વિહીન થઈ ગયેલા જ્ઞાતિભાઈઓ માટે રોજગાર–વ્યવસાયની વ્યવસ્થા કરવાની માગણી બુલંદ થઈ હતી. અહીં જ્ઞાતિના પ્રથમ અને એકમાત્ર આઈ.પી.એસ. અધિકારી મહેન્દ્રભાઈ ગોવિંદજી લાલકાએ જ્ઞાતિજનોને યોગ્યતા મુજબ ઇચ્છુક નોકરી/વ્યવસાય મેળવવામાં મદદ કરવાની તૈયારી બતાવી હતી.

કચ્છમાં ઉપરાઉપરી દુકાળોની સ્થિતિના કારણે અબડાસા તાલુકાની સ્થિતિ ખૂબજ ખરાબ થઈ ગઈ છે. એ સ્થિતિમાં અબડાસામાં રહેતા જ્ઞાતિજનો અન્યોની જેમ શારીરિક શ્રમ–તગારા ઉપાડવા જેવા કામ તો કરી શકે નહીં એટલે એમના માટે સૂતર વણાટ માટે અંબર ચરખાની યોજના ઉપયોગી થઈ શકે છે. અંબર ચરખા માટે તાબડતોબ સહાય મળી શકે તેની વ્યવસ્થા કરવી જરૂરી છે.

નાણાપ્રધાન મોરારજીભાઈ દેસાઈ મુજબ ટ્રસ્ટોના નાણાં અને મિલકતોનો ઉપયોગ બેરોજગારોને મદદ કરવા, ક્ષમતા પ્રમાણે નાના/લઘુ ઉદ્યોગ માટે કરવો જોઇએ.

એજ મતને અમદાવાદના યતિશ્રી સોહનલાલજીનો ટેકો મળે છે. યતિશ્રીએ સરકારના ઇરાદાઓ પ્રત્યે સજાગ રહેવાની ભલામણ કરતાં કહ્યું હતું કે દેરાસરોની મિલકતોનો ઉપયોગ જૈનોના જ નામથી કૉલેજો, સ્કૂલો, દવાખાના ઊભા કરવા જોઇએ અને યુવાનોને રોજગાર માટે મદદ કરવી જોઇએ.

જ્ઞાતિમાં શિક્ષણની સ્થિતિ મહદ અંશે સંતોષપ્રદ ગણાવતા પ્રકાશ સમીક્ષાનો અંગુલી નિર્દેશ છે કે શિક્ષણ પૂરૂં થયા બાદ શિક્ષિતોને વ્યવહારિક તાલીમ, અને રોજગાર મેળવવામાં સહાય કરવાની ફોલોઅપ વ્યવસ્થા કરી જ્ઞાતિના આર્થિક ઉત્થાનનો માર્ગ મોકળો કરવો જોઇશે. દાખલા તરીકે વેચાણના અભાવે સુથરીના તાળા કારીગરો અન્ય વ્યવસાયો તરફ વળી ગયા છે. કસબી, હસ્તકળા શિલ્પમાં પ્રવીણ કારીગરો માટે માર્કેટિંગ, ક્વાલિટી અને ડિલીવરી માળખાની જરૂર રહે છે. એ દિશામાં ગંભીર વિચારણા જરૂરી છે.

### જ્ઞાત પત્રિકા

સરકાર કટોકરી લાદી સંપૂર્ણ સર મુખત્યાર બની એ વિશે કાંઈ ખાસ કહેવાનું ન હતું પણ જીવરાજ કરમશીભાઈ દ્વારા પ્રકાશના તંત્રી પદે રહેતાં જ્ઞાતિને વસતી પત્રકની અદ્‌ભુત ભેટ આપી તે પણ પાલીતાણા જેવા અપેક્ષાએ દુર્ગમ વિસ્તારમાં, સદગત જીવરાજભાઈનું પ્રકાશ અને પછી પ્રકાશ સમીક્ષા પ્રત્યે મમત્ત્વ નોંધપાત્ર હતું.

એ સમયની અન્ય પત્રિકા જ્ઞાતિ જ્યોત અને પ્રકાશ સમીક્ષાના વિલયની લાંબા સમયથી ચાલી રહેલી ચર્ચા વિચારણા પૂરી થઈ. જાન્યુઆરી ૧૯૭૨નો અંક સંયુક્ત હતો. મા. સનત્‌ભાઈ શાહ અને દેવકાંબેન ઝવેરચંદ પદમશી ના તંત્રી પદ હેઠળ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ પ્રકાશ સમીક્ષાના નામે પ્રસિધ્ધ થયો પણ આગામી અંક પુનઃ પ્રકાશ સમીક્ષાના નામે સનત્‌ભાઈ શાહના તંત્રી પદ હેઠળ પ્રસિધ્ધ થયો.

ફેબ્રુઆરીના અંકના મુખપૃષ્ઠ પર રવીન્દ્રનાથ ટાગોર (ઠાકુર)ની 'નિર્ભય કર મમ અંતર' કવિતા પ્રકટ કરી પ્રકાશ સમીક્ષાએ પોતાને અને જ્ઞાતિને નિર્ભય થવા, ભય મુક્ત થવા અથવા કોઇનો ડર ન રાખવાનું જણાવે છે. વ્યક્તિ દ્વેષ, પક્ષાપક્ષીથી દૂર રહી, સમાજના હિતની જ ઝુંબેશ ચાલુ રાખવામાં આવશે એવી તંત્રી લેખમાં બાહેંધરી આપવામાં આવી છે. ***

# પ્રકાશ સમીક્ષા સુવર્ણ જયંતિ ઉત્સવ તા. ૧૯-૧૧-૭૨

## સંચાલક : પ્રકાશ સમીક્ષા સમિતિ વર્ષ ૧૯૭૨-૭૩

ખેતશી નરશી શાહ - પ્રમુખ
લક્ષ્મીચંદ ચત્રભુજ છેડા - ઉપપ્રમુખ
હીરાચંદ શિવજી મેપાણી - માનદ્ મંત્રી
શરદ કાંતિલાલ નાગડા - માનદ્ મંત્રી
ચંદુલાલ કાનજી મોમાયા - મા. ખજાનચી
સનત્ શાહ - તંત્રી

ઉમરશી કાનજી ભેદા - સભ્ય
વર્ધમાન વસનજી ખોના - સભ્ય
ઝવેરચંદ હેમરાજ મોતા - સભ્ય
રતિલાલ ગોવિંદજી લોડાયા -સભ્ય
કાનજી નરસી મુનવર - સભ્ય
મોતીચંદ નરસી લોડાયા - સભ્ય

# પ્રકાશન વ્યવસ્થા

## સંવત ૧૯૮૧ થી સંવત ૨૦૨૯

| | | |
|---|---|---|
| ડૉ. વેલજી પાશ્વીર ગોસર | એચ.એમ.બી. | ૧૯૮૧-૮૯ |
| પદમશી દામજી ખોના | સોલીસિટર, બીએ.એલ.એલ.બી | ૧૯૮૮-૮૯ |
| હંસરાજ વેલજી મોમાયા | બી.કૉમ | ૧૯૯૦-૯૩ |
| એડ. કુસુમકાંત ડી. ભાટે | એમ.એ., એલ.એલ.બી. | ૧૯૯૩-૯૬ |
| એડ. લાલજી ઘેલાભાઈ શાહ | બી.એ., એલ.એલ.બી | ૧૯૩૯-૪૦ |
| ડૉ. મેઘજી વેલજી ધરમશી | એમ.બી.બી.એસ. | ૧૯૪૧-૪૨ |
| મૂલજી જીવરાજ નાગડા | બી.કૉમ | ૧૯૪૨-૪૭ |
| જીવરાજ કરમશી શાહ | | ૧૯૪૭ |
| દેવશી વીરજી ખોના | | ૧૯૪૭-૪૮ |
| એડ. લક્ષ્મીચંદ દેવસી લોડાયા | બી.એ., એલ.એલ.બી. | ૧૯૪૮-૪૯ |
| ખીમજી પદમશી પીર | | ૧૯૪૯ |
| દેવજી દામજી ખોના | બીએ | ૧૯૪૯-૫૨ |
| એડ. સૂર્યકાંત ખીમજી કાયાણી | બી.એસસી, એલ.એલ.બી | ૧૯૫૨-૫૫ |
| એડ. સનત્ શાહ | બી.એ., એલ.એલ.બી. (ઑનર્સ) | ૧૯૫૨ થી પ્રકાશ સમીક્ષા ૧૯૫૫ થી |
| ગોવિંદજી જીવરાજ લોડાયા | | |
| સનત્ શાહ | બી.એ., એલ.એલ.બી. | ૧૯૫૫ થી પ્રકાશ સમીક્ષા |

# પ્રકાશ સમીક્ષા ના મંત્રી, મુદ્રક, પ્રકાશન અને સંપાદક

પુનશી વેરશી શાહ - મંત્રી, પ્રકાશ
પદમશી દેવશી ધરમશી - સંપાદક, પ્રકાશ
પુનશી દામજી ખોના - સંપાદક, પ્રકાશ

મેઘજી વેલજી મોતા - મુદ્રક પ્રકાશક
હીરાચંદ શિવજી મેપાણી - પ્રકાશક સમીક્ષા
રજની ત્રિવેદી - સંપાદક, પ્રકાશ

# 'પ્રકાશ'ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– જ્ઞાનેશ જયચંદ લાપસીયા, દલતૂંગી (મુલુંડ ચેકનાકા)

- સને ૧૯૮૧માં ૨૭ જુનના પુનશી દામજી ખોનાના પ્રમુખ પદે શ્રી કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિ મહાજનની મળેલ ખાસ સભામાં મહાજનશ્રી તથા અન્ય મહાજનોના સભ્યોના અભિપ્રાય મુજબ સમયને અનુસાર બંધારણ અને ધારાધોરણોમાં બૃહદ ફેરફારો કરવામાં આવ્યા. ૬૧/૧/૩૧
- મોંઘીબાઈ નાગશી દેવાણી સાર્વજનિક દવાખાનાનું તા. ૫-૯-૧૯૮૧ ના દલતુંગી મુકામે પ. પૂ. સાધ્વીશ્રી કોટીગુણાશ્રીજી મ. સા. ની નિશ્રામાં નામકરણ અને ઉદ્‌ઘાટન વિધિ સંપન્ન થઈ. ૬૧/૨/૪૮
- શ્રીમતી ત્રીલોચનાબેન મહેન્દ્રભાઈ ખોના દ્વારા ચક્ષુદાન ૬૧/૨/૫૪
- શ્રી ક. દ. ઓ જૈન અભ્યુદય ટ્રસ્ટ દ્વારા જામનગર ખાતે જ્ઞાતિ ઉત્કર્ષ માટે કન્યા છાત્રાલય શરૂ કરવાનો ઐતિહાસિક નિર્ણય ૬૧/૩/૯૧
- સને ૧૯૮૧ માં શ્રી ક. દ. ઓ જ્ઞાતિ મહાજન દ્વારા અપરણિત યુવક યુવતીઓના પ્રથમ પરિચય મિલન સમારોહના આયોજનની ભવ્ય જાહેરાત ૬૧/૬.
- આપણી જ્ઞાતિના રીત રિવાજો અને સમય સાથે પરિવર્તનના વિષયની ઇનામી હરિફાઈમાં પ્રથમ ઇનામ મેળવનાર પરેશકુમાર માણેકજી દંડના ઉત્કૃષ્ઠ કોટીના વિચારોની રજૂઆત ૬૧/૧૦/૩૫૧
- અનંતનાથ દેરાસરના આદેશી યતીવર્ય શ્રી મદનચંદ્રજીના તારીખ ૨૨-૫-૧૯૮૨ ના થયેલ દુખદ કાળધર્મ નિમિત્તે યોજાયેલ ગુણાનુવાદ સભા ૬૧/૧૦/૩૬૧
- ક. દ. ઓ સમાજના અપરણિત યુવક યુવતી માટેની એક સગપણ ડીરેક્ટરીની અનિવાર્યતા અંગે પ્રસિદ્ધ થયેલ તંત્રી લેખ ૬૧/૧/૩
- ગાંધીધામ શહેર ખાતે ૧૪૦ વારના ૨૪ પ્લોટની જમીન હસ્તગત કરી તા. ૧૨-૮-૮૨ ના સપરમા દિને શેઠ શ્રી નરશી નાથા નગરનું ખાતમુહૂર્ત ૬૨/૧/૪૧
- સને ૧૯૮૨માં શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહાજન દ્વારા તા. ૨૪-૧૦-૧૯૮૨ ના યોજાયેલ મુંબઇના જ્ઞાતિ ડોક્ટરોની પ્રથમ કોન્ફરન્સને પ્રાત થઈ અપાર સફળતા ૬૨/૩/૧૦૧
- વનિતા વિશ્વ વિભાગમાં શ્રીમતી ઉષાબેન લક્ષ્મીચંદ લોડાયા તરફથી 'અકાળે મુરઝાઇ જતી કળીઓ' લેખ હેઠળ કરાયેલ હર્દયસ્પર્શી નિરૂપણ. ૬૨/૪/૧૨૩
- સને ૧૯૮૨માં શ્રી કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિ મહાજન દ્વારા મુંબઇના જ્ઞાતિ ડોક્ટરોના અમૂલ્ય સહયોગથી સમાજના પરિવારો માટે ડોંબિવલી ખાતે તા. ૯-૧-૧૯૮૩ ના યોજાયેલ પ્રથમ મેડીકલ કેમ્પ ૬૨/૪/૧૨૫
- પ્રકાશ સમીક્ષા દ્વારા શરૂ કરવામાં આવેલ મારું ગામ લેખમાળા - જેમાં નાંદેડ શહેરથી પ્રારંભ કરી વિવિધ શહેરોમાં વસવાટ કરતાં ઘણાં જ્ઞાતિજનો મારફત મોકલવામાં આવેલ પોતપોતાના શહેરોની વિગતો ૬૨/૬/૧૯૯
- પ્રકાશ સમીક્ષા દ્વારા પ્રકાશન ખર્ચને પહોંચી વળવા ત્રેસઠમા વર્ષથી શરૂ કરવામાં આવેલ લવાજમ રૂ. ૨૫૧/- આજીવન સભ્ય રૂ. ૧૦૦૧/-, મુરબ્બી સભ્ય યોજનાઓ ૬૩/૪/૮
- મંજલ રેલડિયાના શામજી ચાંપશી દંડ પરિવારે સદગત શ્રી નવલબાઇના તા. ૪-૫-૧૯૮૪ ના દેહાવસાન બાદ કચ્છી દશા ઓશવાળ જ્ઞાતિમાં સહુ પ્રથમ દેહદાન કરી એક ઉદાહરણીય દ્રષ્ટાંત પૂરું પાડેલ ૬૩/૯/૩૫
- સમાજના કર્તવ્યનિષ્ઠ પ્રમોટરોની દિવસ રાતની સંનિષ્ઠ જહેમતના પરિણામ સ્વરૂપ અનેક સરકારી ગતિવિધિઓમાંથી પસાર થઈ આખરે તારીખ ૬-૫-૧૯૮૪ ના સપરમા દિવસે સમાજને પ્રાપ્ત થઈ આપણી પોતાની અરીહંત કો-ઓપરેટીવ બેંક જેનું અનંત સિધ્ધિ, ભાંડુપ ખાતે શ્રી જીનચંદ્રસુરી મહારાજન સાહેબના મંગલમય આશીર્વાદથી મંગલાચરણ, જ્ઞાતિ વિકાસ ક્ષેત્રે એકે સીમા ચિન્હ બની રહેશે ૬૩/૯/૨૭
- ગુજરાતી રંગભૂમિ અને ચલચિત્ર ક્ષેત્રે પાયાના પત્થર બની ૪૦ વરસથી ભવ્ય ઇમારત બનાવવાનાર જ્ઞાતિના ઉમદા અદાકાર શ્રી ચાંપશીભાઈ નાગડાનું અભિવાદન ટ્રસ્ટ દ્વારા જાહેર સન્માન કરવામાં આવતાં ગૌરવની લાગણી અનુભવાઇ ૬૩/૧૧/ મુખપૃષ્ઠ તથા કચ્છ શક્તિ દ્વારા ફિલ્મ રત્ન પુરસ્કાર પ્રદાન ૭૦/૧૨/૩૫
- શ્રી અનંતનાથ દેરાસરની ૧૫૦ મી સાલગીરી તથા જ્ઞાતિ

શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની ૨૦૦ મી જન્મશતાબ્દી અવસરે નરશી નાથા ટૂંક - પાલીતાણાના રેખા ચિત્રવાળું ખાસ કવર, શેઠશ્રીની તસ્વીરવાળું સ્ટીકર તથા અન્ય વસ્તુઓ બહાર પાડવામાં આવી હતી. ૬૩/૧૨/૩૮ તથા ચોસઠમાં વર્ષના પ્રથમ અંકમાં તંત્રી લેખમાં શેઠશ્રીનો જીવન સંદેશ પ્રસિદ્ધ કરવામાં આવ્યો ૬૪/૧/૧

- સામાન્ય રીતે રાજકારણ, કોર્ટ, કચેરી કે પોલીસ સ્ટેશનથી આઘા જ રહેતા આપણને જ્ઞાતિ ગૌરવ અપાવતા કચ્છી દશા ઓશવાલ જ્ઞાતિના ૪૦ વર્ષોથી પોલીસ વિભાગમાં જોડાઇ વિવિધ પદ પર નિષ્ઠાપૂર્વક ફરજ બજાવતા હાલમાં ઉત્તર પ્રદેશમાં સહાયક મુખ્ય પોલિસ વડાની કામગીરી બજાવતા ડી.આઈ.જી.પી. શ્રી મહેન્દ્રભાઈ લાલકાને ઉત્તર પ્રદેશના ગવર્નર શ્રી સી. પી. સિંગના વરદ હસ્તે રાષ્ટ્રપતિ પોલીસ સુવર્ણચંદ્રક એનાયત થતાં જ્ઞાતિને સદાય ગૌરવ રહેશે. ૬૪/૧/૩૨
- કચ્છી ભાષાના નામાંકિત કવિ શ્રી તેજપાલ શાહ 'તેજ' ને કચ્છી સમાજના સહકારથી ૯-૬-૧૯૮૫ ના વસનજી લખમશી શાહના વરદ હસ્તે રૂપિયા એક લાખની થેલી અર્પણ કરી બિરદાવવામાં આવતાં જ્ઞાતિને એક વધુ ગૌરવ પ્રાપ્ત થયું. ૬૪/૧૦/૨૫
- સને ૧૯૮૫ તથા સને ૧૯૮૬ ના સમગ્ર વર્ષ દરમિયાન સદગતનાં આત્મશ્રેયાર્થે સાદડી પ્રથા કે પ્રાર્થના સભા આયોજન વિષે સમાજના વાચકો તરફથી વિચાર-મંતવ્યોનું આદાનપ્રદાન થયું
- મહારાષ્ટ્ર રીજન બેંક ઓફ બરોડા એમ્પ્લોયઇઝ યુનિયન (પુણે) ના ચોથી રાજ્ય સ્તરીય અધિવેશનમાં હાજર રહેલ શ્રી મોરારજી પદમશી પોલડિયા તા. ૨૪-૨૫ ના અધિકારીઓની ચૂંટણીમાં બિન હરીફ પ્રમુખ તરીકે ચૂંટાયા ૬૫/૫/૨૦
- વિવિધ સંસ્થાઓ તથા વ્યક્તિગત માંગણીઓને ધ્યાનમાં લઈ સરકારે શિક્ષણ વિભાગના તા. ૧૪-૫-૮૬ના ઠરાવ મુજબ ગુજરાત સાહિત્ય અકાદમીને કચ્છી ભાષાના ઉત્કર્ષ - વિકાસની કામગીરી હાથ ધરવા આદેશ આપ્યો. ૬૬/૧/૧૨
- તા. ૨૨-૨૩ ઓગસ્ટના મુંબઇ ખાતે તિથી એકતા સંગઠિત પ્રયાસ માટે અખિલ ભારત અચલગચ્છ શ્વેતામ્બર જૈન સંઘનું તૃતીય અધિવેશન મળેલ હતું ૬૬/૧/૨૩
- શ્રીમતી ચેતના મણીલાલ મૈશેરી - અલ્લેપીને પાઠશાળાના બાળકોને ભણાવવા રાષ્ટ્રપતિ દ્વારા સર્ટીફીકેટ એનાયત ૬૬/૧/૨૬
- સને ૧૯૮૬ અને ૧૯૮૭ દરમિયાન સમાજની સમસ્યાના સમાધાન રૂપે પ્રકાશ સમીક્ષા દ્વારા શરૂ કરવામાં આવેલ વેવિશાળ માહિતી - પરિચય તથા નોકરી ખાલી છે અથવા નોકરી જોઇએ છે વિભાગને સમગ્ર સમાજ દ્વારા હૃદયપૂર્વક આવકાર ૬૬/૮/૨૬
- જૈન દ્રષ્ટિએ મોક્ષસાધના વિષય ઉપર લખેલ મહા નિબંધ માટે ભાવનગર યુનિવર્સીટી દ્વારા ક.દ.ઓ. સમાજના પ્રથમ સાધ્વીજી પ. પૂ. શ્રી જયદર્શિતાશ્રીજીને Phd ડોક્ટરેટ ડીગ્રી એનાયત ૬૬/૮/૨૨
- પાંચોરા પીપલ્સ કો ઓપરેટીવ બેંક સંચાલક મંડળની સભામાં શ્રી કુંવરજી જીવરાજ લોડાયા- કોઠારા, બેન્કના પ્રમુખ ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા. ૬૬/૧૧/૩૩
- શ્રી હર્ષદભાઈ લક્ષ્મીચંદ લાપસિયા - નાંદેડ પ્રથમવાર આપણા સમાજના S E M પદ ઉપર બે વર્ષ માટે મહારાષ્ટ્ર સરકાર તરફથી નિયુક્ત થયા. ૬૭/૧/૩૪ આ ઉપરાંત શ્રી માણેકજી રતનશી ખોના-સાંગલી પણ S E M પદ ઉપર બે વર્ષ માટે નિયુક્ત થયા. ૬૭/૨/૧૮
- રતનબાઇ મ્યુનિસિપલ ગુજરાતી શાળામાં ત્રેવીસ વર્ષથી ફરજ બજાવતાં શૈક્ષણિક તથા સામાજિક ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બજાવતા શ્રીમતી દમયંતીબેન ખેતશી ધરમશી - જખોને તા. ૪-૯-૮૭ ના મેયર એવોર્ડ એનાતય. ૬૭/૨/૧૮
- લેસ્ટર (ગ્રેટ બ્રિટેન) માં જૈન સેન્ટરમાં પ્રતિષ્ઠા મહોત્સવમાં પ્રતાપ કેટરર્સના સર્વેસવા શ્રી મણીકાન્ત હીરજી ધુલ્લાએ જૈન વાનગીઓનો રસથાળ પીરસી વિદેશીઓના મન મોહી લીધા. ૬૮/૧/૨૩
- અચલગચ્છ દિવાકર પ. પૂ. આ ગુણસાગરસુરીશ્વરજી મ. સા. ૧૧-૧૦-૧૯૮૮ ના કાળધર્મ પામ્યા ૬૮/૩/૧
- આપણા સમાજના શિલ્પકાર શ્રી હીરાચંદ આણંદજી વિકમશી, નાગપુર દ્વારા શહીદ કાકડેની નવ ફૂટ ઉંચી ભવ્ય પ્રતિમાનું તા. ૨૮-૯-૮૮ ના ઉદ્‌ઘાટન ૬૮/૪/૨૯ (૪૩૩)
- શ્રી રમેશ મેઘજી લોડાયા- સુથરીના સુપુત્ર માસ્ટર કેવલ શાહે ફિલ્મ તથા ટી વી કલાકાર તરીકે પોતાની કળા કૌશલ્યથી દરેકના હૃદયમાં એક નોખું સ્થાન મેળવી લીધું

છે જે આપણા સમાજનું હીર છે તેનું સહુને ગૌરવ રહેશે. ૬૮/૨/૧૧

- શ્રી લહેરચંદ હીરજી શિયાલના સુપુત્ર ચિ. દેવેનને તા. ૨૮-૧-૧૯૮૮ ના કલકત્તા ખાતે રાષ્ટ્રપતિ શ્રી વેંકટરમણના વરદ હસ્તે પ્રેસિડેન્ટ સ્કાઉટ એવાર્ડ એનાયત. ૬૮/૫/૨૦
- અચલગચ્છના મહાન આચાર્ય જયશેખર મ. સા. ના જીવન અને સાહિત્ય વિષે મહાનિબંધ લખવા મુંબઇ વિશ્વ વિદ્યાલય દ્વારા સાધ્વીજી પ. પૂ. શ્રી જયદર્શિતાશ્રીજીને Phd ડોક્ટરેટ ડીગ્રી એનાયત ૬૮/૬/૨૧
- આ. ભ. ગુણોદયસાગર મ.સા.ના આશિર્વાદથી પ. પૂ. આ. ભ. કલાપ્રભ મ. સા. ની નિશ્રામાં તા. ૩૦-૧૧-૧૯૮૯ થી અનંતનાથ જૈન દેરાસરજીનો જીર્ણોદ્ધારનો પ્રારંભ. ૬૯/૪/૨૧
- સને ૧૯૯૦ માં યોજાયું અમેરિકા ખાતે કચ્છી દશા તથા કચ્છી વિશા ઓશવાળ જ્ઞાતિનું પ્રથમ સંયુક્ત સંમેલન જેમાં સમાજ લક્ષી અનેક પ્રશ્નો બાબતે ચર્ચા વિચારણાઓ કરી સુખદ સમાધાન લાવવામાં આવ્યા. ૬૯/૪/૨૧
- ધમતરી ખાતે પોતાના ઘરની પાછળ ૩/૨/૯૦ ના પાણીની ટાંકીમાં ડૂબીને મોતના મુખમાં પડેલ વિવેક સંઘવીને બચાવવા બદલ તેજશ દીપક શાહ રાષ્ટ્રીય વીરતા પુરસ્કારથી સન્માનિત ૭૦/૭/૨૩
- સમાજના વસ્તીપત્રક પ્રકાશનને લગભગ એક દશકાથી અધિક સમય પસાર થઈ ગયેલ હોઈ, અનેક પરિવારોના સરનામાઓ, ટેલિફોન, વિવાહિક કક્ષા, અભ્યાસ ઇત્યાદીમાં બૃહદ ફેરફારોને પરિણામે એકમેકના સંપર્કમાં અનેક વિધ્નોની સમસ્યાને દૂર કરવાના શુભ આશયથી ક.દ.ઓ. સર્વોદય મંડળે સને ૧૯૮૬માં મુલુંડના પરિવારોના પરિવાર પરિચય પ્રકાશન સમયે સમગ્ર જ્ઞાતિનું નવું વસ્તીપત્રક પ્રકાશિત કરવાનું બીડું ઝડપી હર્ષભેર જાહેરાત કરી અને આ ભગીરથ કાર્યની પુર્ણાહુતી કરતાં તારીખ ૨૦-૧૦-૧૯૯૧ ના દિને જ્ઞાતિના પરિવારોની બૃહદ ઉપસ્થિતિમાં તેનું વિમોચન કર્યું ૭૦/૧૨/૩૬.

## આ અંક સાથે 'પ્રકાશ-સમીક્ષા'નું ૫૧ મું વર્ષ શરૂ થાયં છે.

નવા વર્ષના અંકો નિયમિત મળે તે માટે ગ્રાહકબંધુઓને વિનંતિ છે કે પોતાનું લવાજમ રૂા. ત્રણ કાર્યાલય અથવા નીચેના કોઇપણ પ્રતિનિધિ પાસે તરતજ ભરી દેવું, અને પાકી રસીદ લઇ લેવી. કોઇપણ પ્રકારના પત્રવ્યવહાર વખતે **રસીદનો નંબર** જણાવવો જરૂરી છે. લવાજમ ભરતી વખતે ગ્રાહકબંધુઓએ પોતાનું **સરનામું બરાબર** પાકું વિગતવાર જણાવવું. અંક ન મળ્યાની ફરિયાદ કરતી વખતે ગ્રાહક નંબર જે રેપર ઉપર લખેલો હોય તે જરૂર જણાવવો, **અંક વી. પી. થી મોકલવામાં આવતો નથી.**

પ્રતિનિધિઓએ હંમેશાં "પ્રકાશ-સમીક્ષા"ને પોતાનું ગણી સહકાર આપ્યો છે તે રીતે આ વખતે પણ જરૂર સહકાર આપશે એવી આશા છે. **લવાજમ ત્વરાએ એકઠા કરવા વિનંતિ છે.**

### લવાજમ નીચેના સ્થળે ભરી શકાશે :

**કાર્યાલય : ૯, કેશવજી નાયક રોડ, મુંબઇ નં. ૯.** ★ શ્રી સનત્ શાહ, છેડા ભુવન, દાણાબંદર, મુંબઇ-૯.

**મુંબઇ**
શ્રી હિરાચંદ ત્રિકમજી
,, જીવરાજ ભારમલ
,, તિલકચંદ જેઠાભાઇ મૈશેરી
,, રાયચંદ રતનશી નાગડા
,, કાંતિલાલ કેશવજી મોતા
,, શરદચંદ લક્ષ્મીચંદ નાગડા
,, ભવાનજી અમૃતલાલ ભગત
,, કાન્તિલાલ ભવાનજી મોતા
,, શામજી પદમશી છેડા
,, પુષ્પવદન લક્ષ્મીચંદ છેડા
,, ખેતબાઇ વી. પટલ
,, ધનકુમાર મેઘજી નાગડા

**મુંબઇનાં પરાં**
શ્રી બાબુભાઇ રતનશી ચીંચપોકલી
,, ચીમનલાલ જીવરાજ કારાણી માટુંગા
,, પ્રફુલ્લચંદ્ર ભવાનજી ઝવેરી ,,
,, દામજી ખીંયશી લોડાયા વડાલા
,, ધનજી રતનશી ગોશર ,,
,, પદમશી ટોકરશી ખોના મુલુંડ
,, શામજી ચાંપશી દંડ ,,
,, રાયચંદ ધારશી શિયાળ શાંતાક્રુઝ
,, ભારમલ ટોકરશી નાગડા ઘાટકોપર

**દેશાવર**
શ્રી ગંગાજર માલશી ખામગામ
,, લીલાધર લખમશી ખોના અમલનેર
,, ઠાકરશી રણશી ગોશર ધુલિયા
,, શીવજી નારાણજી કારંજા
,, ગોવિંદજી કે. પોલાડીયા યવતમાલ

શ્રી મોરારજી પદમશી જલગામ
,, જેઠાભાઇ લાલજી મોતા પુના
,, રતીલાલ જી. કારાણી ડોંડાઇચા
,, ધનજી રતનશી પાંચોરા
,, હીરજી કુંવરજી જીવાણી અમરાવતી
,, શીવજી જીવરાજ કારાણી ગદગ
,, લક્ષ્મીચંદ વિશનજી નાગડા ચોપડા
,, આશારીયા ચત્રભુજ સેલુ
,, ટોકરશી પદમશી પીર બીજાપુર
,, શાંતિલાલ રામજી લાલકા હુબલી
,, અભયચંદ હીરજી મોમાયા ,,
,, વીરચંદ કે. પોલડીયા મલકાપુર
,, કુલીનકાંત જી. નાગડા નાંદેડ
,, કેશવજી નેણશી જાલણા
,, રાયચંદ ધનજી દંડ ઉજ્જૈન
,, કુસુમકાન્ત લાલજી શાહ રાયપુર
,, તરૂણકુમાર નાગડા ખંડવા
,, નવીનચંદ્ર મેઘજી શાહ મદ્રાસ
,, શીવજી નાગસી શાહ શિહોર
,, ધનજી એચ. શાહ ઇન્દોર
,, હીરાચંદ કુંવરજી દંડ ,,
કુ. દેવિકાબેન શાહ હૈદ્રાબાદ
શ્રી મુલજી રતનશી ,,
,, માણેકજી ત્રીકમજી કલીકટ બડગરા
,, કુંવરજી ખેતશી અલપઇ
,, રમણલાલ ચાંપશી જામનગર
,, દામજી શામજી ફૈઝપુર

શ્રી વીશનજી પદમશી કોચીન
,, કરમશી ખેતશી ખોના પાલિતાણા
,, વાડીલાલ જીવરાજ શાહ ,,
,, કલ્યાણજી રાયશી ધુલવા કલકત્તા
,, તારાચંદ હેમરાજ અમદાવાદ
,, નારાણજી ગોવિંદજી શાહ ઘાટનજી
,, નરશી રાયશી પીર ડીગ્રસ
,, રતિલાલ રૂપસી ચાલીસગામ
,, હીરાચંદ એમ. લોડાયા આકોલા
,, ખીંયરાજ ખીમજી બુરહાનપુર
,, રાયચંદ એલ. શાહ કોઇમ્બતુર
,, પ્રતાપસિંહ જીવરાજ દેવાસ
,, કિશોરચંદ કાનજી ભોપાલ
,, હંસરાજ કામદાર દિલ્હી

**કચ્છ-હાલાર-ગુજરાત**
શ્રી શામજી પેથરાજ દલતુંગી
,, દામજી ધનજી નાગડા રંગપુર
,, તેજપાલ ધારશી મોતા માંડવી
,, રાયચંદ ધનજી છેડા નલીઆ
,, રતીલાલ શીવજી ખોના તેરા
,, વેલજી જીવરાજ મીઠાપોર્ટ
,, હીરાલાલ કે. જીવાણી કોઠારા
,, માણેકજી વેલજી શાહ વાંકુ
,, ઉમરશી મણશી શાહ વારાપધર
,, જીવરાજ કાનજી શાહ બાંઢીઆ
,, ડુંગરશી ખી[illegible]શી લાલા
,, શશીકાંત નારાણજી સુથરી
,, સોમચંદ માલશી લોડાયા સાંધવ

# ‘પ્રકાશ’ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– દિપક ગંગાજર શાહ (ડાઘા), વરાડીયા (મુલુંડ)

**સન ૨૦૦૧ થી ૨૦૦૫ ના અંકોમાંથી**

(પ્રકાશ સમિક્ષાના ‘શીશુ મહેલ’ વિભાગના સહ સંપાદક તથા ‘શિક્ષણ સૌરભ’ વિભાગના સંપાદક તા. ૨૦-૦૫-૨૦૨૪ના અંકમાં ‘મળવા જેવા માણસ’ વિભાગમાં સ્થાન કેટલીક સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓમાં પદાધિકારી તથા વોટ્સએપ તથા કુટુંબ એપમાં કેટલાંક ગ્રુપના એડમિન ડીજીટલ મીડિયા વોટ્સએપ પર ૫૦૦૦+ સભ્યો ધરાવતાં ‘કેડીઓ દીપ’ ગ્રુપના સંસ્થાપક તથા સહ એડમિન.

**૧. ઓક્ટોબર ૨૦૦૧ તંત્રી લેખમાં,**

**તપસ્વી બહુમાનઃ** જૈન સમાજમાં તથા જ્ઞાતિમાં તપસ્યા, ધાર્મિક અનુષ્ઠાનો તથા વિધિ વિધાનોનું પ્રમાણ વધ્યું. પણ તપસ્વીઓના બહુમાનના અતિરેક સામે લાભ બત્તી ધરવામાં આવી.

**સગપણ વિધિઃ** અન્ય જ્ઞાતિઓમાં સગપણ પ્રસંગે લગ્ન જેટલાં ખર્ચ અને આડંબર તથા હોલમાં જમણવાર, દાગિનાની લેવડદેવડ તથા દેખાદેખીની હરીફાઇ. જ્યારે આપણી જ્ઞાતિમાં બે સંબંધીઓ કન્યા પક્ષના ઘેર માત્ર દુધ પિવાની વિધિ સંપન્ન કરી મહાજનશ્રીના ચોપડે સગપણ નોંધ પ્રથાની અનુમોદના કરી.

**જાન્યુઆરી ૨૦૦૨ઃ શ્રી અનંતનાથજી જિનાલયની પુનઃ પ્રતિષ્ઠા અવસર**

તા. ૯-૧૨-૨૦૦૧ ના ડો. (પુનશી હીરજી) મૈશેરી માર્ગ પછી શરુ થતા કેશવજી નાયક રોડ તથા નરશી નાથા માર્ગના જંક્શન ચોકને ‘તિર્થંકર શ્રી અનંતનાથજી મહારાજ ચોક’ નામાભિધાનને ગૌરવજનક અને મંગલમય ચિહ્ન ગણવામાં આવ્યું. અચલગચ્છાધિપતિ આ. ભ. શ્રી ગુણોદયસાગર સુરીશ્વરજી મ. સા. ની નિશ્રાને સોનામાં સુગંધ ગણવામાં આવી. ટ્રસ્ટના જ્ઞાતિજનો માટેના રહેણાંક વસવાટ કાર્યની પ્રશંસા કરવામાં આવી. દેરાસરનો વહીવટ પહેલેથી મહાજન હસ્તક હતો. ૧૯૪૫માં બંધારણ ઘડી ટ્રસ્ટ બન્યું.ચૂંટણી પ્રથાએ ટ્રસ્ટીઓની નિમણૂંક. આમ બંધારણથી લોકશાહી ઢબે વહીવટમાં મુંબઇમાં આપણું મહાજન અગ્રેસર.

જાન્યુઆરી ૨૦૦૨ :

ક. દ. ઓ. જૈન જ્ઞાતિ ગૌરવ ગાથા

‘મોટી ખાવડી જિનાલય’

શેઠશ્રી કેશવજી નાયકએ થોડો સમય મોસાળ ગામ મોટી ખાવડીમાં રહી ખેતી કરેલ. એમના મામા શેઠ શીવજી નેણશી તથા જીવરાજ રતનશી પણ ત્યાં રહેતા. શેઠ કેશવજી નાયકે ત્યાં ઉપાશ્રય તથા પાર્શ્વ પ્રભુનું ગૃહચેત્ય સં. ૧૯૩૨માં બંધાવ્યા ને તેમના ધર્મ પત્ની મા. વીરબાઇ મા ને હસ્તે પ્રતિષ્ઠા થઇ. ઉપરાંત જામ સાહેબના સમયમાં રંગપુર, જશાપુર, તરઘડી તથા માંઢા ગામના વહીવટ કર્તા શ્રી રતનશી લાધાણી ખોનાના પ્રયાસોથી જખૌના શેઠ વીરપાર પાસુભાઈ ખોનાના સ્મરણાર્થે એમના દિકરી દેવલીબાઇ એ સં. ૧૯૬૨માં શ્રી ચંદ્રપ્રભુ સ્વામીનું શિખરબંધ દેરાસર બંધાવ્યું ને સં. ૧૯૬૩ શ્રાવણ સુદ ૬ ના શેઠ માણેકજી જેઠાભાઈ (વર્ધમાન પુનશીવાળા) તથા શેઠ શ્રી પદમશી હીરજી નેણશીના હસ્તે પ્રતિષ્ઠા થઈ. જિનાલયની નિકટમાં શેઠ ડુંગરશી ભીમજી શામજી એ સં. ૧૯૪૨માં દેરાસર નજીક મહાજનવાડી બંધાવી.

અચલગચ્છાધિપતિ આ. ભ. દાદા ગૌતમ સાગરસૂરીશ્વરજી મ. સા. એ મોટી ખાવડીમાં ચાતુર્માસ કરેલ તથા હાલાર પંથકમાં વિચરી જૈન ધર્મનો પ્રચાર કરેલ.

ફેબ્રુઆરી ૨૦૦૨ :

શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ ગૌરવ ગાથા, શેઠ શ્રી કેશવજી નાયક

શેઠ નરશી નાથા પછી હોઠે શેઠ કેશવજી નાયકનું નામ આવે. જન્મ સન ૧૯૦૧ માં લાખણીયામાં પછી કોઠારા વસ્યા.

રૂ ના વેપારમાં ઘણું કમાયા. બેંક ઓફ ઇન્ડિયાની સ્થાપનામાં અગ્રેસર. જસ્ટિસ ઓફ પીસ બિરૂદ મેળવનાર પ્રથમ કચ્છી. મુંબઇ સુધરાઇની વહીવટ કમિટીના સભ્ય. કોઠારા, સુથરી, ગીરનારમાં જિનાલય નિર્માણ. શેત્રુંજ્ય પર ટુંક, ગીરનારમાં વસ્તુપાળ તેજપાળ ટુંક ફરતે કોટ નિર્માણ. મુંબઇ વાલકેશ્વરમાં દેરાસર નિર્માણ. સન ૧૮૭૬માં ભાતબજાર કુવારાનું નિર્માણ.

ફેબ્રુઆરી ૨૦૦૨ : પ્રતિભા પ્રકાશ - કવિ તેજ

ડીસેમ્બર ૨૦૦૧માં ભારતીય સંસ્કૃતિ ફાઉન્ડેશન તરફથી કવિ તેજપાલ ધારશી નાગડાને સુવર્ણચંદ્રક એનાયત.

જન્મ ૧૧-૦૭-૧૯૩૭ નલિયા. ૧૯૭૧માં તેજ જો અવાજ-ભાગ ૧ પ્રસિદ્ધ. પત્ની જયાબેનના અવસાનની અસરે

સાહિત્ય સર્જનમાં વિલાપજી વાણીને ધર્ધ જી વાણી પ્રકાશન. એમનાં સર્જનમાં પ્રસંગ કાવ્ય, સંવાદ કાવ્ય, કવિતા, ગીત, ગઝલ, ભજન, દુહા, સંગર, પિરોલી, ફટાણાં, હાઇકુ, ટુચકા, મુક્તક, સુભાષિત, તસ્બી, તાન્કા, બાળ કાવ્ય,ગદ્ય કાવ્ય તથા અછાંદસ જેવાં ગીતો દ્વારા એમણે ભક્તિ, વૈરાગ્ય, નિયતી, માયા, રહસ્યાત્મક નિર્વેદ ધાર્મિક પાખંડ, અનુભૂતિ, મૃત્યુ, હિંસા વિરોધ, સંસ્કૃતિ પ્રેમ, મુલ્ય મહિમા, કુટુંબ પ્રેમ, શિક્ષણ, વિજ્ઞાન,પ્રકૃતિ, પ્રણય, અંધશ્રદ્ધા,કોમી એકતા, સદભાવ જેવા અનેક વિષયો સામાન્ય માનવી માટે સાહિત્યિક માર્ગે પહોંચતા કર્યા. સમસ્ત કચ્છ સમાજ તરફથી સન્માન તથા ગુજરાત સાહિત્ય અકાદમી અને કચ્છ શક્તિ તરફથી એવોર્ડ મળેલ છે.

ફેબ્રુઆરી ૨૦૦૨ : સમાચાર સંકલન

રંગભૂમિ ના લાડકવાયા 'બાપુ' કચ્છ રત્ન શ્રી ચાંપશીભાઈ નાગડાની સંસાર તખ્તા પરથી તા. ૨૧-૦૧-૨૦૦૨ ના ચિરવિદાય.

રંગભૂમિ, ગુજરાતી, હિન્દી રજતપટ, રાસ, નૃત્ય નાટિકાના ક્ષેત્રે પાંચ દાયકા સુધી છવાયેલા રહેનાર ચાંપશીભાઈએ ૭૫ ગુજરાતી નાટકો, ૫૦ ગુજરાતી ફિલ્મો, ૨૦ નૃત્ય નાટિકા ઉપરાંત બંગાળી અને હિન્દી ફિલ્મોમાં કામ કર્યું. ટીવી પર રસિક દવેની ગુજરાતી સિરિયલ 'તકદીરનો તકાદો' માં દાદાની ભૂમિકા. ગુજરાતી ફિલ્મો – મળેલા જીવ, મુળુ માણેક, કાદુ મકરાણીના નિર્માતા.

મોટાભાઈ લક્ષ્મીચંદભાઈ તથા એમની જોડી ધમાલ રાસ માટે પંકાયેલી અને દેશ વિદેશમાં પ્રસિદ્ધ.

માર્ચ ૨૦૦૨ : ક. દ. ઓ. જ્ઞાતિ ગૌરવ ગાથા હિરા માણેક

મા. હીરાબાઇ માણેકજી (બાબુ શેઠ) નરશી લોડાયા (ગુંદરવાળા) વરાડીયા-ચિચબંદર/ગામદેવી એ વખતે ૮૨ વર્ષના જાજરમાન મહિલા ગામદેવીમાં રહેતા. પહેલાં ચિચબંદરમાં ઝવેરી મેન્સનમાં ૩૦ જણના સંયુક્ત કુટુંબમાં સાથે રહેતા. કચ્છથી સગાં સંબંધીઓ અવારનવાર આવતા. એમને નોકરીએ લગાડતા તથા લગ્ન પણ કરાવી આપતા. એમણે બને એ સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લીધેલ. હમેશા ખાદીના વસ્ત્રો પહેરતા.

બાબુશેઠ ગુજરાતી રંગભૂમિ માટે સક્રિય હતા. એ જમાનાના વિખ્યાત કલાકારો એમને ઘેર આવતા. એમનાં પુત્રો-પરિવાર હાલ કેનેડા વસે છે.

એપ્રિલ ૨૦૦૨ : ઝુકી તો જવાય ને...

શેઠની નરશી નાથામાં જ્ઞાતિ દાઝ હતી. મળેલી લક્ષ્મીનો જ્ઞાતિ હિતમાં સદ ઉપયોગ. જિનાલયો નિર્માણમાં હીરા, રત્ન, માણેક, સંગેમરમર આરસનો ઉપયોગ પણ પોતાનાં મકાનમાં આરસનો જરા પણ ઉપયોગ નહીં.

નલિયા અને મુંબઇ મહાજને શેઠની અનિચ્છાએ એમને 'શીરોમણી' પદે અલંકૃત કર્યા. પાઘ પહેરાવી, શાલ ઓઢાડી, લલાટે તિલક કરી જિનાલયોની મુખ્ય ધ્વજા ફરકાવવાનો પર્યુષણમાં પહેલી ગહુલી કાઢવાનો તથા પહેલી આંગી રચાવવાનો વારસાગત હક્ક આપ્યો. તે વ્યવહારે નલિયામાં શ્રી કુસુમકાંત વર્ધમાન જીવરાજ નાગડા તથા મુંબઇમાં શ્રી રમેશચંદ્ર વિસનજી દામજી નાગડા પરિવારના સભ્યો મુખ્ય ધ્વજા ચડાવે છે. આપણી આ કદઓ જ્ઞાતિ એ દિવસથી આજે પણ પોતાનાં ઉપાશ્રય-આરાધના ભવનમાં જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા નો ફોટો રાખે છે તથા પર્યુષણની પુર્ણાહુતીએ ભા. સુ. છઠ્ઠના સામુદાયિક ક્ષમાપના પ્રસંગે નકરા/ઉછામણી શ્રી શેઠ શ્રીની છબી સમક્ષ દીપ પ્રજ્વલન તથા માળા રોપણ કરી શેઠને યાદ કરે છે.

૧૩ વર્ષથી ચાલતા શ્રી અનંતનાથજી જિનાલયનું જિર્ણોદ્ધાર પુર્ણ થવાના આરે. પુનઃપ્રતિષ્ઠા સમયે દેવ વૃધ્ધિને લક્ષમાં લઈ મહાજનના પદાધિકારીઓએ ૪૪મા સમૂહ લગ્નમાં મુંબઇમાં શ્રી અનંતનાથ દાદાની ધ્વજારોહણનો વારસાગત હક્ક ધરાવતા શ્રી રમેશભાઈને દરખાસ્ત કરી કે આપ સંમતિ આપો તો ટ્રસ્ટ/મહાજન મહોત્સવના કળશ સમા ધ્વજા ફરકાવવાનો લાભ કોઈ પણ જ્ઞાતિજનને ચડાવો લઈને આપે. તે વખતે સાત હજાર જ્ઞાતિજનો સમક્ષ બે હાથ જોડીને, નયન ભીના કરી, શેઠને યાદ કરી, પળનો વિલંબ કર્યા વિના ઉદાર દિલે હા પાડી. સામેથી તાળીઓનો પ્રચંડ પ્રતિઘોષ થયો. મહાજન શ્રી તથા ટ્રસ્ટે રમેશભાઈને વધાવ્યાં.

એપ્રિલ ૨૦૦૨ : શેઠ શ્રી નરશી નાથા

જ્ઞાતિના મુંબઇમાં વસવાટ શરૂ થયા બાદ દેવ દર્શન તથા સેવા પુજા માટે શેઠ શ્રી નરશી નાથાએ ગૃહચૈત્ય બંધાવ્યું. ત્યારબાદ એક શિખરબંધ દેરાસર બંધાવ્યું ને સં. ૧૮૮૯ માં શ્રાવણ સુદ નોમના ગૃહ જિનાલયના મુળ નાયકને નુતન જિનાલયમાં પ્રતિષ્ઠિત કર્યા.

સન ૧૯૪૪ના મુંબઇ ગોદીમાં થયેલ ધડાકાઓથી ઘણાં મકાન પડી ગયેલ. પણ અનંતનાથ જિનાલયને કંઈ ન થયેલ.

સન ૧૯૮૪માં જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથાની ૨૦૦ મી જન્મજયંતિ તથા દેરાસરની ૧૫૦ મી સાલગીરાની ઉજવણી નિમિત્તે ભારતીય તાર ટપાલ ખાતા તરફથી તા. ૦૫-૦૭-૧૯૮૪ના નરશી નાથા ટુંક પાલીતાણાના નયનરમ્ય રેખા

ચિત્ર વાળા સ્પેશિયલ કવર પર અનંત નાથજી પ્રતિકૃતિ વાળી ડીઝાઇનથી કવર કેન્સેલેશન કરવામાં આવેલ.

સપ્ટેમ્બર ૨૦૦૨:

૨૦૦૧ના ધરકીકંપ બાદ કોવઇ નગરની સ્થાપનાઃ શ્રી લહેરચંદ કુંવરજી દામજી ખોના, સુથરી-ભુજ

મહાવિનાશક ધરતીકંપમાં સર્વસ્વ ખોઈ બેઠેલાં ભુજના જ્ઞાતિબંધુઓ તથા અન્ય જરૂરતમંદ વ્યક્તિઓ માટે કંઈક કરી છૂટવાની નેમ આ ભાઈએ લીધી. પણ શું કરવું! મનોમન સ્કુરણા થઈ કે માણસને ધરતીનો છેડો ઘર મળી રહેશે તો એ પોતાની વેર વિખેર થયેલી જિંદગીને વ્યવસ્થિત કરી શકશે. એટલે બની શકે તેટલી વ્યક્તિઓને ઘર બનાવી આપવાનો સંકલ્પ કર્યો. પણ પૈસા વગર શું થાય? જાણીતાં ઓળખીતા લક્ષ્મી સંતોને ઘેર ઘેર જઈ અલાહેક જગાડી. પણ ઠેર ઠેર નિષ્ફળતા. પણ નિરાશ ન થયાં. આખરે શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ તરફથી આશાનો દીપક પ્રજ્વલિત થયો. આ ભગીરથ કાર્ય પૂર્ણ કરવા રાત દિવસ જોયાં વગર જહેમત ઉઠાવી. સૌ પહેલાં જમીન ખરીદી. ૪૪ સભ્યોની સોસાયટી બનાવી. શ્રી કોઈમ્બતુર ગુજરાતી સમાજ કો ઓ હા સો લી નં. ૨૭૧૨૬ થી રજિસ્ટ્રેશન કરાવ્યું. ગુજરાત સરકાર પાસેથી NGO ની માન્યતા પ્રાપ્ત કરાવી. ધન્ય છે આ વિરલા શ્રી લહેરચંદ કુંવરજી ખોનાને (તેઓશ્રી પાંચ વર્ષ પહેલાં તા. ૩૧-૧૦-૨૦૧૯ ના અરિહંત શરણ પામેલ છે. એમનાં પત્ની હંસાબેન તથા પરિવાર આજે પણ કોવઇ નગરમાં ૩૨ નંબરના મકાનમાં રહે છે.)

## પ્રથમ પુસ્તક વિષે કેટલાક અભિપ્રાયો:

—:o:—

"......તમોએ જે લેખો એ પુસ્તકમાં પ્રગટ કરેલ છે તેમાંથી ઘણાખરા વાંચવા તેમજ મનન કરવા યોગ્ય છે. તમારો પ્રયાસ સ્તુત્ય છે. જ્ઞાતિને હિતકર છે......"

—શ્રીયુત વેલજી આણંદજી મૈશેરી,
બી. એ., એલ એલ. બી.

"આ સાહસનો હેતુ નિર્મળ અને જ્ઞાતિસેવા કરવાનો છે અને મજકુર જ્ઞાતિના લોકો તેને ઉત્તેજન આપે એવી આશા રાખવી ફેકટ નહીં જણાય. આ પુસ્તકમાં જ્ઞાતને લગતા ઉપયોગી લેખો, વાર્તા, કાવ્યો તેમજ અન્ય જ્ઞાતિના લેખકોના પણ લેખો છે જેમાં મહાત્મા ગાંધીજીનો "ગૌહત્યા કરતાં પણ અઘોર" વાળો સંદેશો અને સ્વ. ભાઇ લખમસી હીરજી ઉપર શ્રીયુત કૃષ્ણલાલ ઝવેરીની પુષ્પાંજલી એ બે મુખ્ય છે. પુસ્તક સચીત્ર છે. આ સાહસ માટે તેના પ્રકાશકોને મુબારકબાદી ઘટે છે"

—મુંબઇ સમાચાર.

"જ્ઞાતિસુધારણાના લેખો. ઐતિહાસિક પ્રસંગો અને જ્ઞાતિહિતેચ્છુઓના જીવન પ્રસંગોને રસ પૂર્વક આ અંકમાં આપેલા છે. તેમજ વાશેક ફોટા-ચિત્રોથી તેને આકર્ષક કરેલ છે. **જ્ઞાતિમત કેળવવા આવાં પ્રકાશનો આવકારદાયક અને આવશ્યક છે."**

—જૈન.

"એની અંદર તે નાતના જાણીતા પુરૂષોની છબીઓ અને હકીકત આપ્યા ઉપરાંત કેટલાક નિબંધો અને રકેય કોમેલ કલમો પાસે લખાવી દાખલ કરેલા છે."

—સાહિત્ય.

"જ્ઞાતિના મુખપત્રના દીપોત્સવીના સવાસો પાનાના પ્રસ્તુત અંકમાં જ્ઞાતિપ્રશ્નો—આર્થિક, સામાજીક, કેળવણી વિષયક, ધાર્મિક અને રાજકીય—વિવિધ રીતે અનેક લેખકોને હાથે છણાએલા છે. જ્ઞાતના અગ્રણીઓ અને પ્રસિદ્ધ પુરૂષોની છબીઓથી અંક લદાએલો છે.'

—સૌરાષ્ટ્ર.

"ક. દ. ઓ. જ્ઞાતિની સ્થિતિ અને પ્રગતિને ઉદ્દેશી, જુદા જુદા લેખકોના લેખથી આ પુસ્તક પ્રકટ કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે દરેક જ્ઞાતિ હિતચિંતકે અવસ્ય આ પુસ્તક વાંચવા જેવું છે. કેટલાક લેખકોએ કેટલીક બાબતો જ્ઞાતિજનોને ચોખ્ખી ને ચટ કહી દીધી છે એ વાત અભિનંદનને પાત્ર છે...........અમે એક બાબત ના કહી શકતા નથી, આ પુસ્તક પ્રકટ કરવામાં પ્રસિદ્ધ કરનારાઓનો હેતુ શુદ્ધ, આદર્શ ઉચ્ચ છે પણ હેતુ અને આદર્શના સિદ્ધિ માટે પસંદ કરવામાં આવેલી લેખન પદ્ધતિ વાંધો ઉઠાવવા જેવી છે. અમને આશા છે કે હવે પછીના પુસ્તક પ્રકાશનમાં આવી ભૂલ કરવામાં નહિ આવે."

—કચ્છ વર્તમાન.

"......તેમાં પ્રકટ થયેલા લેખો ચિત્રો વગેરે જોતાં અમને લાગે છે કે, પ્રકાશકો નિવેદનમાં જણાવેલી નીતિ હમેશા માટે ચાલુ રાખી પક્ષપાત, અંગત દ્વેષભાવ, અસત્ય, ઇર્ષા, આદિ વેર ને ઝેર ઉત્પન્ન કરનારાં દુર્ગુણોથી પ્રકાશને દુર રાખશે તો પોતાના મોટા મનોરથો પાર ન પાડી શકાય એવું કશુંયે નથી. પ્રકાશના પ્રકાશકોને અમે અભિનંદન આપીએ છીએ."

—સ્વદેશ.

# 'પ્રકાશ'ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– સુધીર વાલજી મોતા, વાંકુ (ભોપાલ)

જીવનની પહેલી સવારની સુધ કોને હોય છે? પણ આપણે જેમ જેમ મોટા થઈએ તેમ તેમ ખબર પડે છે અને બધું યાદ રહેવા માંડે છે. વાંચવાનું શીખ્યા પછી તો જાણે જગત ખુલ્લું હોય અને દુનિયા આખી પડખામાં હોય છે. હું યાદ કરું તો મારા પહેલા વાચનની સ્મૃતિમાં પ્રકાશ સમીક્ષા જરૂર હોય છે. ભણતર હિન્દીમાં થયું તો પણ સામે આવતી કોઈ પણ છાપેલી વસ્તુને વાંચવાનું કુતુહલ મને પ્રકાશના પાના ઉથલાવવા ઉકસાવે અને કોઈના શિખાયા વગર હું ગુજરાતી વાંચતો થયો એમ મારૂ ગુજરાતી નો પહેલો ટીચર એટલે પ્રકાશ સમીક્ષા. ઘરમાં દાદી અને મા સાથે કચ્છી અને બીજાઓ સાથે હિન્દીમાં વાત થતી પણ પ્રકાશે મને ગુજરાતી શીખવાડી એટલી કે હું ગુજરાતી નાટકમાં પણ કામ કરતો થયો.

મારી સામે પ્રકાશ સમીક્ષાનો સન ૨૦૧૨ નો પહેલો અંક છે, હું વિચારૂ છું કે આમાં માત્ર સંજોગ ખરૂ કે એના મુખપૃષ્ઠ ઉપર કવિ તેજ છે– તેજ નો અવાજ મારા અંદરના કવિને પકડી રાખે એના પહેલા હું આગળના પાના ઉથલાવું છું. આગળ આવું ત્યારે દ્રઢ મનોબળ અને તપસ્યાની વાત ધ્યાન દોરે છે. તંત્રીશ્રીની નજર ખરેખર તેજ છે અને તેઓ બીજે મળી આવતા સારા આલેખો અને સંકલનનો પ્રકાશના અંકોમાં ઉધૃત કરતાં ચૂકતા નથી. આ અંકના છેલ્લા રંગીન પાના ઉપર ૯૦ વર્ષ પેલા માંડવી મસ્જિદબંદર માં સ્થાપિત ઓસવાલ સ્વયંસેવક મંડળની શ્વેત શ્યામ તસવીર જોઈ મન રાજી રાજી થઈ જાય છે આમાં અરજણભાઈ ચાંપશી અને બીજા ત્રણેક ભાઈઓની ઓળખાણ થાય છે. બીજા અંકમા ઝૂકી તો જવાયના અંતર્ગત શ્રી લહેરચંદ વેલજી મૈશેરીએ જે લક્ષ કર્યું છે તે વાત ખૂબ જ અગત્યની છે. જ્ઞાતિ શિરોમણીના કાર્યોનો ઉલલેખ કરતાં તેમણે ધ્યાન દોર્યું કે આરસનો ઉપયોગ માત્ર દેરાસર કે પ્રતિમા ઘડવા માટે છે પણ આપણે બીજી જગ્યાએ ઉપયોગ કરીએ છીએ તે બરોબર નથી.

પાંચમી મે થી બારમી મે ૨૦૧૨ના અંકમાં ચંદ્રસેન મોમાયાનો લેખ જ્ઞાતિના ઈતિહાસ તરફ લઈ જાય છે. ૧૮૯૫ માં લઈ જતું આ લેખન એક મોટા પરિવર્તન પ્રત્યે ધ્યાન દોરે છે. જ્ઞાતિનું બંધારણ બનાવવાનું અને એના આગળ પાછળના વર્ષોમાં કેવી રીતે ૧૮૬૫ માંજ આપણે પહેલ કરી લીધી છે. કેટલીક વાતો આલેખમાં જાણવા મળે છે જેના આગળ ઘણીવાર તો ઝૂકી જવાનું મન કરે છે. જ્ઞાતિના પહેલા કૃષિ સ્નાતક કરમશીભાઈ ધુલ્લા હતા એ બાબત ખબર પડી. એક અંકમાં ઝુકી તો જવાયમાં એક બેન જે ભરત ગુંથણ અને પાક કલામાં સિદ્ધહસ્ત છે. લખે છે કે કેમ એમનું સાદુ વિજિટિંગ કાર્ડ જોઈ ને કલ્પેશભાઈ મોતાએ બીજુ આકર્ષક કાર્ડ છપાવીને ભેટ કર્યું. અનંત છાયાના મુદ્દા અંગે જાગૃતિની જરૂરિયાત માટે પ્રકાશ સમીક્ષાના પ્રયાસો લગભગ દરેક બીજા ત્રીજા અંકમાં પ્રતિબિંબિત થાય છે જે એક સ્વસ્થ સંકેત છે ૨૦૧૨ના અંકમાં ચર્ચાના ચોતરેમાં ધ્યાન દોરે એવો એક લેખ પહેડીનો પાખંડ શીર્ષક હેઠળ છે કે આપણે વતન બહાર ખૂબ જ ઝગમગતી અરેન્જમેન્ટ કરીને માતાની પેડી કરિયે છીએ પણ પોતાના વતનમાં જઈ શકતા નથી, એ વાત બરોબર નથી. એવી આદત વધતી જાય છે. એમનું કહેવું કે આપણે માતાની પેડી માટે વરસમાં એકવાર પોતાના વતનમાં જવું જ જોઇએ.

૭ થી ૧૩ જુલાઈ ૨૦૧૨ઃ આ સમસ્ત અંક કવિ તેજ ઉપર કેન્દ્રિત છે. તેજના અભિનંદન સમારોહનુ ચિત્રણ અને આખા અંકમાં જેવી રીતે આ કવિને સ્થાન અપાયું છે તે આ વાત બતાવે છે કે આપણી જ્ઞાતિમાં સાહિત્યકારનું સન્માન કેટલું ખરૂ. તેજની બધી ચોપડીઓના કવરના ફોટાઓ આમાં છે જોઈને આ કવિની મહાનતાથી આજની પેઢી રૂબરૂ થાય છે કે બહુ પ્રશંશની વાત છે. આપની લિપિ કચ્છી ન હોઈ ગુજરાતી છે આવામાં કચ્છી બોલીની રચનાઓ આપણા સાહિત્ય ને જીવંત રાખે છે.

આગળ એક વાત મારી વ્યક્તિગત. ન માનવામાં આવે તો એક વાત ઉપર ધ્યાન દોરું છું જે મારાથી સંબંધિત છે. નલિયા મુંબઇના વનીતાબેન હરીશ નાગડા લખે છે કે કેવી રીતે એક સાસુ મા વહુ ને નૃત્ય કરવા પ્રોત્સાહન આપે છે અને મારી માં મારી પત્ની જ્યોતિને અને પછી મને પણ એક લગ્નમાં નૃત્ય કરવા પ્રેરે છે તે વાત એમને ગમી અને પ્રકાશ સમીક્ષાને લખી મોકલ્યું. મારું એમ કહેવું કે પ્રકાશ સમીક્ષાએ આને અંકમાં સ્થાન આપ્યું એ મોટી વાત છે. જોકે આપણી જ્ઞાતિમાં વહુઓને દીકરી જ માનવામાં આવે છે અને તેમને પણ દીકરીની જેમ પગે લાગવા ઉપર પાબંદી છે.

એના આગળના અંક એટલે કે ૨૪ થી ૨૦ જુલાઈ ૨૦૧૨ માં પણ પ્રકાશ સમીક્ષાએ એમની એ વાત આગળ જારી રાખી છે કે ફ્રેન્ડલી યુનિયન નામની સંસ્થા દ્વારા જે પ્રકાશન શરૂ થયું કે તેને વારંવાર યાદ કરી એના જૂના અંકોના ફોટો આપી એની વાત કરવી.

ઓગસ્ટ ૨૦૧૨ નો ત્રીજો અંક વાંચતા એક બહુ જ પ્રેરક અને રોચક નવી વાત ખબર પડે છે ડોક્ટર રશ્મિબેન ભેદા જ્યારે પોતાની ડોક્ટરેટ કરતા હતા ત્યારે એમને ખબર પડી કે મંજલવાસી ભાઈ ભીમસિંહ માણેકે ધાર્મિક ગ્રંથોનું અધ્યયન કરીને એના ઉપર લખવાનું ખૂબ જ મહેનતનું કાર્ય કર્યું છે. પ્રકાશના આ અંકમાં તેમની બાબત જાણકારી છે અને કેવી રીતે તેઓને જૈન સૂક્તનો વિરોધ મળ્યો પણ પોતાના કામથી તેઓ હટયા નહીં. એમની મોટી ઉપલબ્ધિ અનેક મહત્વના ગ્રંથોનું અધ્યયન અને તેના ઉપર લેખન છે. જેમાં અચલગચ્છની ગુરૂ પટ્ટાવલી સૌ પ્રથમ પ્રકાશિત કરવાનું શ્રેય એમને

જાય છે.

આજ અંકમાં લક્ષ્મી સચવાય છે અને સરસ્વતી વેચાય છે શીર્ષક થી લેખમાં શિક્ષણનું મહત્વ બતાવાય છે. આજ અંકમાં જૂના અંકથી લીધેલ એક ગઝલ છે જેનું શીર્ષક થોડું અઘરૂં છે, પણ આ ગઝલ હિંદૂ સમાજમાં વિધવાઓની સ્થિતિ એક રાવ તરીક બતાવે છે. આના લેખક કે. એ. પટેલ છે.

૨૯-૧૨ થી ૪-૧-૧૩ઃ બીજી નાતમાં પરણેલી દીકરી સાથે અદેખાઇ કરવાની પ્રવૃત્તિ ન રાખવી અને ભેદભાવના કરી તેને બધા આયોજનોમાં સામેલ કરવાની સમજણ આપતો લેખ ચર્ચાના ચોતરે છે.

જ્ઞાતિના દરેક વ્યક્તિને ૫૦ લાખ ના accident Insurance કવર આપવાના ઉપક્રમની જાહેરાત જેમાં સૂચનો આવકારવામાં આવ્યા છે, આ અંકના એક પૂરા પાના ઉપર છે. જ્ઞાતિ મુરબ્બી કિરીટ લક્ષ્મીચંદ ધરમશીએ આ કામ માટે ૧૫ લાખનું ડોનેશન આપવાનું સૂચન પ્રેરક અને ઉત્સાહવર્ધક છે. 'ઝુકી તો જવાય' માં બાંઢિયા ગામના તળાવમાં મોટી સંખ્યામાં કાચબા હોવાનું સૂચન ઉત્સુકતા અને પર્યટન લાલસા જગાડે છે.

આ અંકમાં જ્ઞાતિની બે દીકરીઓ દિશા જયચંદ લોડાયા અને ઉર્વી વિપુલ ડાઘાની પ્રવજ્યા પંથે યાત્રા એટલે કે દીક્ષા લેવાના સૂચનો યોગ્ય રૂપે છે.

લહેરચંદ વેલજીના ચર્ચાના ચોતરે કીધેલી વાતમાં 'સૂગ ન પાડવા' વિષે મંતવ્યો અપાયા છે.

ભાવનગરના સમાજસેવી ઉપેંદ્ર સુધાકર લાપસિયાના મેગનેટિક અને બીજી થેરેપીથી ઉપચાર સેવાનું સૂચન છે. જ્ઞાતિ આગેવાન તિલકચંદ નરશી દંડને એમ.પી. કૉટન અસોસિયેશન દ્વારા lifetime achiement award થી નવાજવાના સમાચારો સાથે શાંતિજિન ગ્રુપના સામૂહિક લગ્નના આયોજનનો રિપોર્ટ છે.

મુંબઇ મહાજનની પુનઃ સક્રિયતા અને આગવીના મંતવ્યો ઉપર અગત્યના સૂચનો અને જાહેર ખબર આ અંકમાં છે.

૨૯-૦૩-૨૦૧૪ જ્ઞાતિ યુવાન ધવલ મયૂર લોડાયાના રેલ અકસ્માતમાં થયેલ મૃત્યુ પર સમયથી સારવારના મળવાની અક્ષમ્ય ચૂક ઉપર જ્ઞાતિજનોના એકજુટ વિરોધ પ્રદર્શનના રિપોર્ટથી આપણી સજગતા અને સંવેદના દેખાય છે.

ચર્ચાના ચોતરેમાં આવતી કાલની સમજણઃ મુંબઇથી બહાર વૈવાહિક સંબંધ ટાળવાની પ્રવૃત્તિ દાખવે છે અને એના દુષ્પ્રભાવો બતાવે છે.

૫.૪ થી ૧૧.૪.૧૪ના અંકમાં શ્રી તિલક કુંવરજી લોડાયાનો લેખઃ ક.દ.ઓ. આગેકૂચઃ વારસા કરતા પ્રેરણા મહાન છે. શીર્ષક હેઠળનો લેખ જીવનની વાસ્તવિકતાથી અવગત કરી સાચી દિશા આપે છે. આજ અંકમાં જ્ઞાતિ સંસ્થાઓને અંદાજપત્રક એટલે બજેટ બનાવવાની અનિવાર્યતા સૂચવવામાં આવી છે. 'સ્વયં સિદધા' ના છાસ વિતરણ કેંદ્રની ખબર ધ્યાન દોરે છે. જ્ઞાતિ આગેવાન ચિમન મેઘજી મોતાની બૃહદ ગુજરાતી સમાજમાં કારોબારીની ચૂંટણીમાં પ્રથમ ક્રમાંકે રહી સ્થાન મેળવવાની ખબર ઇતર સ્થાનોમાં જ્ઞાતિનું ઉચ્ચ સ્થાન સૂચવે છે.

૧૩.૪ થી ૨૬.૪ આ બે અંકોમાં અનંતનાથજી ટ્રસ્ટ અને જ્ઞાતિ સભાની મીટિંગોનો અહેવાલો ટીપ સાથે છે. આ જ અંક માં હાઇકોર્ટમાં સુનાવણીની ખબર પણ છે. સંવાદને સંગીન બનાવવાનું અગત્યનું આવ્હાન છે. પેલા અંકમાં તો મુખપૃષ્ઠથી લઈને આગળ સુધી ચેરિટી ઉપર જ વધુ સામગ્રી છે. આજ અંકમાં બહુમાનનું અતિરેક પ્રવીણ શામજી દંડ સૂરતનું એક વૈચારિક લેખન છે.

જ્ઞાતિ પ્રતિભાના અંતર્ગત સંઘર્ષપૂર્વક સ્થાન મેળવનાર કલાકાર લક્ષ્મીચંદ નેણશી મેઘાણી બાબત પહેલી વાર જાણવા મળે છે. મહિલા દિવસ પર નાંદેડના નિર્મળાબેન હીરાચંદ દંડનું મુંબઇમાં એક જાણીતા અને સફળ બ્યૂટીશિયન તરીકે કામ કરવા બદલ સન્માનનું સૂચન છે.

પ્રકાશના બધા જ અંકોમાં લગ્ન જનમ મરણના સૂચનો આવે જ છે પણ આ વખતના એક સૂચન ઉપર ધ્યાન દોરવાનું જરૂરી માનું છું. ૫૫ વરસની વયમાં બે જ્ઞાતિજન મહિલા-પુરુષ મળી પ્રભુતાના પગલા માંડે તો એમનું અભિનંદન એટલા માટે કરવું જોઇયે કે તેઓ જીવનની શરૂઆત માટે વયબંધનને નકારી એક દાખલો ઉભો કરે છે. ન ઉમ્ર કી સીમા હો ના જન્મ કા હો બંધન !

૩-૫-૧૪ થી ૯-૫-૨૦૧૪ તંત્રી શ્રી જ્ઞાતિ પત્રકારત્વની વાત કરતા પૂછે છે કે પત્રકારિતા મીઠી હોવી જોઈએ કે લીમડા જેવી કડવી? આવતા અંકમાં kdo classic નું મૌજ માં રહો ચિન્મય મિશનના સહકારથી આયોજનનો રિપોર્ટ, આયોજનનું મહત્વ વિસ્તારથી બતાવે છે. આ માસના અંકોમાં કચ્છી કવિઓ બાબત ધારાવાહિક રૂપે લખવામાં આવેલ છે. કચ્છી સાહિત્યને યોગદાન આપવામાં કવિ તેજ અને દુલેરાય કારાણીની સાથે રશ્મિન ખોના, હરેશ કસબી, રવિ પેથાણી, મુકુંદ મહેતા, બિહારીલાલ અજાણી, ખત્રી હુસૈન ઇસ્માઇલ, કમર કચ્છી, આદિ કવિઓના નામોં તેમની રચનાઓ સાથે આપવામાં આવેલ છે. સંતોષ થાય છે કે પોતાની લિપિ ન હોવા છતાં કચ્છી સાહિત્ય જીવંત છે અને પ્રકાશ પણ એને સામે લાવવાનું કામ કરે છે. એક અંકમાં પંચમ સૂત્રમ 'શિર્ષક હેઠળ સર્વ સંતાપોની સાચી દવાની વાત ભારમલ નાગડાએ કરેલ છે. શ્રી તિલકભાઈ લોડાયા અંગ્રજી લેખમાં નાતના આઇ ટી પ્રોફેનલો ની સેમિનાર કરવા બદલ મહત્વના સૂઝાવો આપે છે. શાંતિ જિન ગ્રુપ આયોજિત આપણી કન્યાઓની વિહાર યાત્રાનો રિપોર્ટ પ્રેરક છે.

જૂન જુલાઇ ૨૦૧૪ માં પહેચાન કાઉન્સિલીંગ ગ્રુપ ચલાવતા અલ્પા ગૌતમ ધરમશી સ્વયંસેવિકા તરીકે પોતાના અનુભવોના આધારે જીવન જીવવાની કલા સાથે મૃત્યુ નજીક હોય ત્યારના સમય માટે સૂચનો આપે છે. શ્રી તિલક કુંવરજી લોડાયાના લેખો કન્નડ છાપા વિજય વાણીમાં નિયમિત છપાય છે તેવી ગર્વિત કરે એવી ખબર છે.

૯-૧૫.૮.૨૦૧૪ અચલગચ્છના પ્રથમ પ્રમુખ તરીકે શ્રી નારાણજી શામજી દ્વારા સંઘના બીજા અધિવેશનમાં આપેલ પ્રવચનના સાર તરીકે અચલગચ્છ પરિચયના નામે શ્રૃંખલા ધારાવાહિક રૂપે રજૂ કરવામાં આવી છે. જે વાંચી અગત્યની વાત માલમ થાય છે કે આષાઢ સુદી પૂનમના શત્રુંજય તીર્થના પટ ખૂલા રાખી આપણા ગચ્છને આંગી પૂજન કરવાની આગળ આવીને શરૂ કરાવાઇ હશે કે જે ચારસો વરસથી બંધ હતી. કદઓ જ્ઞાતિના ૩૦ જેટલા સ્વાતંત્રવીરોનો અહેવાલ ધરાવતી શ્રી કુલીનકાંત ભોજરાજ લોડાયા લિખિત બહુમુલ્ય પુસ્તક માટે અગત્યની જાણકારી છે.

અંક ૧૬-૩૪ નું મુખપૃષ્ઠ ઉપર શ્રી વીરચંદ ધરમશીના પુસ્તક જે જાણીતા પુરાતત્વવેતા ભગવાનલાલ ઇન્દ્રજીના જીવન ઉપર છે તેનું લોકાર્પણ અને અ.સૌ. ચેતના હિતેશની બેંડમિંટન ક્ષેત્રે મેળવેળ ઉપલબ્ધીથી રંગીન છે. આજ અંકમાં ૧૦૦ કે તેથી વધુ વયના જ્ઞાતિજનો તથા તેમના જૂના વસવાટ વિશે છે જે કહેવા ઉશ્કેરે છે કે આ બાબતમાં હજી આગળ કામ થવું જોઇએ. આવતા અંકમાં શ્રી મહેંદ્ર સુધાકર લાપસિયાની નવી નિમણૂંકના સમાચાર સાથે તેમની ભાવનગરના વ્યાપાર અને સામાજિક જગતમાં મોટી ભાગીદારીનો અહેવાલ છે.

અંક ૧૭/૪૦ ૨૭.૯-૩.૧૦.૨૦૧૪ મુખ્યપૃષ્ઠ ઉપર ગાંધીધામ વિદ્યારત્ન એવાર્ડ જેવી સંસ્થાગત ગતિવિધિ સાથે અન્ય પાનાઓમાં ભુજના પ્રબોધ મુનવરની વ્યક્તિગત રૂપે અપાતી સેવાઓ, જેમ કે કોઈ ગુમ બાળકને જતન કરી પરિજનો પાસે પહોંચાડવો, રેલવે સલાહકાર સમિતિમાં સભ્યની સેવા બજાવવી, જેવા કામોની ઝલક છે. શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાની પ્રેરક જીવન કથા છે. કુલીનભાઈ માનવ જ્યોત સંસ્થાના આગેવાન છે અને પોતે સી.એ. જેવું મેહનતથી અર્જેલ પદ મૂકી માનવ સેવા માટે પૂર્ણ સમર્પિત કર્યું છે. તેઓ આ બદલ પોતાના ભાગીદારના સમર્પણનો આભાર સાર્વજનિક કરવાનું નથી ચૂકતા.

આવતા અંકમાં મોટી ખબર નાનકડા રૂપમાં છે. સુરેન્દ્રનગરના પુલિસ ડીએસપી કદઓ સુકન્યા પન્નાબેન નિતિન મોમાયાને ચીનમાં રાષ્ટ્રપતિને ગાર્ડ ઓફ ઓનર આપવાનું ઓનર મળેલ. તેમજ એના આગલા અંકમાં શ્રી હીરાચંદ દંડ ફિલ્મ એંડ ટીવી નિર્માતાઓની ઈપેક્સ સંસ્થાના પ્રમુખ પદે નિમાયાની મહત્વની ખબર છે.

અંક ૪૩માં વિદ્યાર્થી સંઘ દ્વારા તેમની ૬૧મી વરસગાંઠ ઉપર માત્ર ૬૧ રૂપિયામાં વોટર પ્યુરિફાઇયર જ્ઞાતિજનોને આપવાની રોચક જાહેરાત મુખપૃષ્ઠ ઉપર તરલતા જગાડે છે. આજ અંકમાં ૧૯૭૧ની જંગમાં કચ્છ માધાપુરની ૭૦ વીરાંગનાઓ સહિત ૯૦ વીરોના નવી હવાઇ પટી બનાવવાના શૌર્ય બદલ વાયુસેના દ્વારા સન્માનની ખબર ગર્વિત કરે છે. અને સાથે વધુ વિગત જાણવા ઉત્સુકતા જગાડે છે. એના ઉપર 'ભુજ ધ પ્રાઇડ' નામે ફિલ્મ પણ બની ચુકી છે પણ તેમાં ફિલ્મી તત્વો ધુસાડવામાં આવ્યા હોવાથી અધૂરી હકીકત જ સામે આવેલ.

૪.૧૦ થી ૧૦.૧૦.૨૦૧૪ અંક ૧૭.૪૫માં શ્રી નવીન પટેલના કચ્છી કાવ્ય સ્તંભમાં કચ્છી સ્તવનોની મૂલ્યવાન માહિતી આપવામાં આવી છે. સંકલનકાર પાર્શ્વ, રચનાકાર વાચક, શ્રી નિત્યલાભમાં કચ્છીમાં ગોડીજી પાર્શ્વનાથ સ્તવન આપવામાં આવેલ છે. માધવ જોશી 'અશ્ક' ની રચના પણ છે.

વરસ ૨૦૧૪ જતા જતા મુંબઇ મહાજન અને શ્રી અનંતનાથજી ટ્રસ્ટના કારોબારીની બિનહરીફ ચૂંટણીના સમાચારો પ્રકાશ સમીક્ષાના અંકોમાં પ્રકાશિત થયા છે.

## પ્રકાશી રહ્યું

**(રાગ : એક પંખી આવીને ઊડી ગયું)**

એક શતકથી અખંડિત પ્રકાશ પ્રકાશી રહ્યું,
જ્ઞાતિ ખબરોની સરસ સમીક્ષા કરતું રહ્યું.

કચ્છી દશા જ્ઞાતિનું દર્પણ, પખવાડિક પત્રક
ગૌરવથી વધામણા કરીએ પુરું કર્યાના શતક.

નાનીશી પગદંડીમાંથી બન્યું એક વિશાળ રાજમાર્ગ,
કાર્યદક્ષ તંત્રી મંડળની ઉમદા સેવાથી ઘર ઘર પહોંચે લીધા વગર ખર્ચ

જન્મ, અભ્યાસ, સગપણ, લગ્નની અને મરણ ખબર,
પહોંચાડે છે દેશવિદેશની કરી સફર.

ગામેગામની વિવિધ સંસ્થાઓને ઉજાગર કરે છે પ્રકાશ,
લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવતા દાતાઓને ગજાવે છે આપીને અવકાશ.

દરેક પ્રસંગો, અનુષ્ઠાનો, ચર્ચાઓની કરી સમીક્ષા,
જાહેરાતો, વિજયના વધામણા વાંચવા નથી કરવી પડતી પ્રતિક્ષા

અગ્રેસર જ્ઞાતિ વિવિધ લલિત કલાઓમાં પારંગત,
ભવ્ય આલિશાન ચૈત્યોને સમાવે છે પરંપરાગત.

કામણગારું કચ્છ બોલાવી રહ્યું, અબડાસા છે સૂનકાર,
હવે ઘર આંગણે રેલ્વે પધારશે, ચાલો વતનને કરો ધમધોકાર.

જ્ઞાતિજનો જાગો! ડેરી ઉદ્યોગ, ગૃહ ઉદ્યોગ વતનમાં કરો,
મળેલા દરિયા કિનારે રિસોર્ટો ખોલી ધમધમતું કરો.

સૌથી ચિંતાજનક સમસ્યા છે જન્મ નોંધની રેખા છે સાવ નાની,
બીજી શતાબ્દી ઉજવવા હમણાંથી રાખવાની સાવધાની.

**- ખમા ધર્મેન્દ્ર નાગડા, માટુંગા (જખૌ)**

# ‘પ્રકાશ’ની ૧૦૦ વરસની સોનેરી સફરની સરવાણી



– ચેતન લહેરચંદ નાગડા, નલિયા (ડોંબિવલી)

પ્રકાશ સમીક્ષા : (૬-૧-૨૦૨૧ થી ૨૦-૧૨-૨૦૨૧)

તંત્રી :- ડૉ. હીરાચંદ દામજી દંડ

લેખકો :- શ્રી સોમ ધરમશી, શ્રી પ્રવીણચંદ્ર શામજી ધરમશી, શ્રી રમેશ મૂલજી લોડાયા, શ્રી વિરચંદ લખમશી નાગડા, શિલ્પાબેન અજાણી, શ્રી તિલકચંદ કે. લોડાયા, શ્રી નીરવ પ્રફુલ દંડ, શ્રી રમેશ દેવજી ખોના, શ્રી નવીન હીરાચંદ નાગડા, કાશ્મીરાબેન વિરેન્દ્ર લૂઠીયા, શ્રી ચેતન મેઘજી મોતા, શ્રી ઉદય લાલજી શાહ

જાહેરાત :- H D Fire Protection, Micro Finance Valve Pvt Ltd, Dharamshi Security Pvt, LTD, U M Khona Co. Insurancekhoj.com

ધર્મ સંદેશ, જ્ઞાન ગમતઃ- શ્રી જયકાંત મોતા

વતનના વાવડ :- શ્રી કેસરસિંહ ખોના

વિશેષતાઃ- માંટુગામાં ભંડારકરચોક અને ચંદાવરચોકને શ્રી દીનેશભાઈ શાંતિલાલ નાગડા ચોક નામકરણ સમારોહ (૫/૨/૨૧ પાનાં નંબર-૩૧).

દેશની આઝાદીની ચડવળમાં શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિની ગૌરવમય ગાથા બુકનુ પ્રકાશન (૨૦-૩-૨૧ પાનાં નંબર -૧૫).

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિના કવિ શ્રી તેજપાળ ધારશી નાગડાનો સૂર્યાસ્ત ૧૬-૪-૨૦૨૧.

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મહારાજા સાહેબને અચલગચ્છાધિપતિ પદ પ્રદાનનું વિશેષાંક પ્રકાશિત કરવામાં આવેલ (૫-૫-૨૧).

પ્રકાશ સમીક્ષા : (૫-૧-૨૦૨૨ થી ૨૦-૧૨-૨૦૨૨)

તંત્રી :- ડૉ. હીરાચંદ દામજી દંડ

લેખકો :- શ્રી સોમ ધરમશી, શ્રી પ્રવીણચંદ્ર શામજી ધરમશી, શ્રી વિરચંદ લખમશી નાગડા, શિલ્પાબેન અજાણી, શ્રી તિલકચંદ કે. લોડાયા, શ્રી રમેશ દેવજી ખોના, શ્રી ઉદય લાલજી શાહ, અલ્પાબેન ધરમશી, શ્રી જ્ઞાનેશ જયચંદ લાપસિયા, રાજુલ સંભવ દંડ, શ્રી હેમાંગ લાલજી લોડાયા

જાહેરાત :- H D Fire Protection, Micro Finance Valve Pvt Ltd, Dharamshi Security Pvt, LTD, U M Khona Co. Insurancekhoj.com

ધર્મ સંદેશ, જ્ઞાન ગમતઃ- શ્રી જયકાંત મોતા

વતનના વાવડઃ- શ્રી કેસરસિંહ ખોના

વિશેષતાઃ- પાંજો કચ્છ ગ્લોબલ કચ્છ એક આવકારદાઈ પગલું

સખી વૃંદ પુના દ્વારા ભુલાતી રીતી રિવાજ વિજ્ઞાનનું શ્રદ્ધામય આલેખન ઇ-બુકનું વિમોચન (૨૦/૩/૨૨ પાનાં નંબર-૧૭)

શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરીવાર દ્વારા એક સુંદર વિચાર જ્ઞાતિજનોને આત્મનિર્ભર બનાવીએ (૨૦/૬/૨૨ પાનાં નંબર-૫)

પ્રકાશ સમીક્ષા : (૫-૧-૨૦૨૩ થી ૨૦-૧૨-૨૦૨૩)

તંત્રી :- ડૉ. હીરાચંદ દામજી દંડ

લેખકો :- શ્રી સોમ ધરમશી, શ્રી વિરચંદ લખમશી નાગડા, શિલ્પાબેન અજાણી, અલ્પાબેન ધરમશી, શ્રી તિલકચંદ કે. લોડાયા, શ્રી ઉદય લાલજી શાહ, અલ્પાબેન ધરમશી, શ્રી જ્ઞાનેશ જયચંદ લાપસિયા, શ્રી કુલીનકાંત ચાંપશી લૂઠીયા, શ્રીમતી હીરાબેન નેણશી ખોના

જાહેરાત :- H D Fire Protection, Micro Finance Valve Pvt Ltd, U M Khona Co.

ધર્મ સંદેશ, જ્ઞાન ગમતઃ- શ્રી જયકાંત મોતા

વતનના વર્તમાન :- શ્રી કેસરસિંહ ખોના

વિશેષતાઃ- આ વર્ષમાં સંશોધનકાર શ્રીમતી હીરાબેન નેણશી ખોના અને લેખક શ્રી સોમ ધરમશી દ્વારા જીવનની અનોખી પાઠશાળા ૭ ભાગ ખૂબ સરસ રહ્યાં હતાં.

શ્રીમતી હીરાબેન નેણશી ખોના, શ્રી નેણશી દેવજી ખોના, શ્રી સોમચંદભાઈ ધરમશી તેમના દ્વારા ભજવાયેલા નાટકોના સંસ્મરણો, તેમનામાં રહેલી પ્રતિભા, અનુભવોનું સુંદર સંકલન આ વર્ષના અંકોમાં છપાયેલા હતા.

વિશ્વ મહિલા દિવસ નિમિતે છપાયેલ ક.દ.ઓ. નારી શક્તિનો પરિચય પણ સુંદર રીતે અપાયેલ છે

કચ્છ દર્શનની તીર્થ માહિતી વિશિષ્ઠ છે

પ્રકાશ સમીક્ષા : (૫-૧-૨૦૨૪ થી ૫-૮-૨૦૨૪)

તંત્રી :- ડૉ. હીરાચંદ દામજી દંડ

લેખકો :- શ્રી સોમ ધરમશી, શ્રી વિરચંદ લખમશી નાગડા, શિલ્પાબેન અજાણી, અલ્પાબેન ધરમશી, શ્રી તિલકચંદ કે. લોડાયા, શ્રી ઉદય લાલજી શાહ, અલ્પાબેન ધરમશી, શ્રી કુલીનકાંત ચાંપશી લૂઠીયા, ડૉ. કેતન લોડાયા

જાહેરાત :- H D Fire Protection, Micro Finance Valve Pvt Ltd, U M Khona Co.

ધર્મ સંદેશ, જ્ઞાન ગમતઃ- શ્રી જયકાંત મોતા

વતનના વર્તમાન :- શ્રી કેસરસિંહ ખોના

વિશેષતાઃ- શ્રી સોમ ધરમશી દ્વારા કચ્છ દર્શનની વિશિષ્ઠ માહિતી આ વર્ષે પણ સુંદર રીતે અપાઈ રહી છે

CA રોનક પ્રતાપ મોતા દ્વારા ચેરિટેબલ ટ્રસ્ટમાં ઇનકમટેક્સમાં ફેરફાર થયેલ કાયદાઓ અંગે માહિતી (૨૦/૨/૨૦૨૪)

આરોગ્ય પ્રકાશમાં ડૉ. વિરચંદ લખમશી નાગડા દ્વારા અપાતી આરોગ્ય વીશેની માહિતી ખૂબજ ઉપયોગી રહી છે.

# સમય ચક્ર : ૨૦૦૧ થી ૨૦૨૪



– રમેશ મુલજી લોડાયા, સેવક ભરૂડિયા (મુલુંડ)

વર્ષ ૨૦૦૧માં કચ્છમાં ભૂકંપ આવ્યો ત્યારે ભદ્રેશ્વર તીર્થને ખૂબ જ નુકસાન થયું હતુ. એના સમારકામ માટે રૂા. ૩૧ લાખનું દાન આપણી જ્ઞાતિએ આપ્યું હતું અને એટલા માટે આજે પણ જિનાલયના મુખ્ય પ્રવેશદ્વાર પર શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિનું નામ અંકાયેલ છે. સપ્ટેમ્બર ૨૦૦૩માં પ્રકાશ સમીક્ષા માસિકને બદલે શ્રી જયંત વિસનજી છેડા અને શ્રી તિલકચંદ કુંવરજી લોડાયાના સાથ અને સહકારથી અઠવાડીક થયું. અને તા. ૫.૮.૨૦૧૮થી પાક્ષિક બન્યુ. ૩૦.૮.૨૦૦૭ના જ્ઞાતિએ નીડર અને બાહોશ પત્રકાર અને પ્રકાશ સમીક્ષાના તંત્રી શ્રી સનત્ શાહને ગુમાવ્યા. સને ૧૯૪૯માં લેખક, ૧૯૫૦માં સંપાદક, ૧૯૫૨થી પ્રકાશ સમીક્ષાના તંત્રી અને ત્યારબાદ ૧૯૫૫થી જીવનના અંત સુધી પ્રકાશ સમીક્ષાના તંત્રી તરીકે સેવા આપી. આમ પ્ર.સ. સાથે ૫૮ વરસનો નાતો રહ્યો. એક યુગ આથમી ગયો. એમના માટે કહી શકાય કે પ્ર.સ. એટલે સનતભાઈ અને સનતભાઈ એટલે પ્રકાશ સમીક્ષા.

૨૦૦૭માં માટુંગા ગુજરાત ક્લબ જે જમીન પર હતી તે, અને તેના ઉપરના બે જુના મકાનો શેઠ શ્રી ભવાનજી અરજણ અને શ્રી બી.એન. મહેશ્વરીએ મ્યુ. કોર્પોરેશન પાસેથી ખરીદી અને ત્યાં એક નવું મકાન બનાવ્યું. તા. ૨૩.૨.૨૦૦૮ના ભાંડુપ ખાતે ભારતભરના ક.દ.ઓ. મહાજનોનું અધિવેશન ભરાયું અને તેમાં નાની ન્યાતના વિલીનીકરણને સ્વીકૃતિ અપાઈ અને ત્યારબાદ નાની ન્યાત વિલીનીકરણની ઔપચારિક ઉદ્‌ઘોષણા કરવામાં આવી. ૨૦૦૮માં દ. ભારત મહિલામંચ, હૈદ્રાબાદના ઉપક્રમે તા. ૧૨ થી ૧૪.૧.૨૦૦૮ દરમ્યાન ત્રિદિવસીય જ્ઞાતિ મહિલાઓનું સંમેલન હૈદ્રાબાદ ખાતે યોજાયું. મુખ્ય અતિથી શ્રીમતી હીરાબેન નેણશી ખોના હતા. ૨૦૦૮માં બેંગ્લોરમાં જવેરબાઈ ધનજી કલ્યાણજી ધરમશી કચ્છી ભવન. તા. ૯.૧૦.૨૦૦૮ના વિજયાદશમીના દિવસે જ્ઞાતિને અર્પણ કરવામાં આવ્યું.

ઈ.સ. ૨૦૦૮-૨૦૦૯ દરમ્યાન પ્રકાશ સમીક્ષા 'મરમજા મોતી' કોલમ હેઠળ કવિ તેજ રચિત જીવનના રહસ્ય ઉજાગર કરતી બે પંક્તિની રચનાઓ ઉપર સુંદર વિવરણ આપવાની લેખમાળા ચાલુ કરવામાં આવી. ઈ.સ. ૨૦૦૮-૦૯માં સગપણની સમસ્યામાં મદદરૂપ થઈ શકે એવી સગપણ સેતુ કોલમ શરૂ કરવામાં આવી.

૨૦૦૯માં પૂ.આ.ભ. ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. આદિ થાણાની નિશ્રામાં મા. સરલાબેન લક્ષ્મીચંદ નાગડા દ્વારા સોનગઢથી સિધ્ધાંચલ છરી પાલિત સંઘની યાત્રા કરેલ. ૨૦૧૭માં પ્ર.સ.નું રજીસ્ટર્ડ ટ્રસ્ટ બન્યું. ૨૦૧૮માં નલીયા ખાતે આપણી જ્ઞાતિનું ચતુર્થ સંમેલન તા. ૨૩-૨૪-૨૫ ડિસેમ્બર ૨૦૧૮ના મુખ્ય સહયોગી દાતા શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી હ. શેઠશ્રી હંસકુમાર બી. ખીમજીના સહયોગે શ્રી નલીયા મહાજન દ્વારા શ્રી મુલચંદ પદમશી મોતાના પ્રમુખપણા હેઠળ યોજાયું. આ સંમેલનમાં જ્ઞાતિ વિકાસના ઠરાવો થયા. કેડીઓ ગ્લોબલ કાર્ડ, માઈક્રો ફાયનાન્સ, સંજીવની મેડીકલ સ્કીમ જેવી સ્કીમોની જાહેરાત થઈ. કદઓ રત્ન, કદઓ જ્ઞાતિ ભૂષણ, કદઓ જ્ઞાતિ ગૌરવ પુરસ્કારો અપાયા.

તા. ૫.૯.૨૦૨૧ના પ્ર.સ.ના તંત્રી મેઘાવી તંત્રી શ્રી રાયચંદ રતનશી નાગડાનું અવસાન થયું. તા. ૧૬.૪.૨૧ ગુજરાતી સાહિત્ય એકેડેમી અને કચ્છ સાહિત્ય એકેડેમી પુરસ્કાર વિજેતા કચ્છી કવિ જ્ઞાતિ ગૌરવ કવિ 'તેજ' તેજપાલ ધારશી નાગડાનું દુઃખદ નિધન થયું. તા. ૨૨.૪.૨૦૨૧ના કલાપ્રભસાગરસૂરીજી અચલગચ્છાધિપતિ પદે આરૂઢ થયા. શેઠ શ્રી હંસકુમાર બી. ખીમજીનું અવસાન તા. ૬.૬.૨૦૨૩ના થયું અને જ્ઞાતિએ વ્યવહાર કુશળ, માર્ગદર્શક, ઉદારદિલ દાતા, શિક્ષણપ્રેમી ગુમાવ્યો.

### પ્રકાશ સમીક્ષાના પૂર્વ પ્રતિનિધીઓના નામો

| | |
|---|---|
| નરેન્દ્ર પી. ધરમશી | બેંગ્લોર |
| ભરતભાઈ કારાણી | ગદગ (મુલુંડ) |
| શાંતીલાલ રામજી લાલકા | હુબલી |
| કલ્પના રમાકાંત | જામનગર |
| ફાલ્ગુન લખમશી ખોના | ભાંડુપ |
| ભરત શામજી છેડા | કાંજુરમાર્ગ |
| કાંતિશ ધુલ્લા | ડોંબિવલી |
| પ્રબોધ એચ. મુનવર | ભુજ |
| જયંતકુમાર ધુલ્લા | કોલકત્તા |
| દિનેશ પદમશી મોમાયા | પુના |
| શરદ ગોવિંદજી પોલડીયા | ડોંબિવલી |
| રીના ગૌતમ શાહ | અંધેરી |
| રમેશ ચાંપશી નાગડા | મસ્જીદ બંદર |
| દિપક ગંગાજર ડાગા | મુલુંડ |
| રજનીકાંત લાલજી ધરમશી | થાણા |
| હીરાચંદ કુંવરજી ધરમશી | તીલક નગર |
| સનત વાલજી ખોના | ડોંબિવલી |

પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત નિવેદનના પ્રતિસાદ રૂપે તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી અમને મળેલી માહિતીના આધારે પ્રકાશિત

# અનુક્રમણિકા.

—:o:—


મંગલ પ્રાર્થના ૧
નિવેદન ૨
ધર્મપાલન ૩
ભુલી જતાં શીખો! ૪
ભગવતી ત્રિશલાના ચરણમાં ૫
મરણ પછવાડે રોવા કુટવાનો રિવાજ ૬
બે કુરૂઢીઓ ૭
શ્રી ક. દ. ઓ. જૈન જ્ઞાતિ વાર્તા
સમાજના યુવકો! કંઇ સમજશો કે? ૮
સ્ત્રીઓની વધતી જતી શારીરિક નબળાઇ ૧૨
અહિં તહિં ૧૪
પ્રશ્નાવલિ ૧
એક આગેવાન ૨
શેઠ આણંદજી સુરજી ૬૭
શેઠ ઉમરશી માલશી ૧૫
શેઠ ઉમરશી શીવજી ૧૧
શેઠ કાનજી કરમશી માસ્તર ૨૩
શેઠ કુંવરજી કેશવજી ગોવિંદજી ૧૩
સૌ. કુંવરબાઇ દેવજી કલ્યાણજી ૨૯
શેઠ ખીમજી ખીવસી પટેલ ૩૪
શેઠ ખીમજી જીવરાજ ૨૧
શેઠ ખીમજી રૂપસી ૫૩
બ્હેન ખેતબાઇ કલ્યાણજી ૫૩
શેઠ ગોવિંદજી ખીમજી ૭
શેઠ ગોવિંદજી મેઘજી ભારાણી ૬૭
શેઠ ચત્રભુજ તેજપાલ ૧૭
શેઠ ચાંપશી લધા લોડાયા ૩૧
શેઠ જીવરાજ નરશી મૈશેરી ૨૬
શેઠ જીવરાજ મણશી લોડાયા ૧૩
શેઠ જીવરાજ માણેકજી ૬૮
શેઠ જેઠાભાઇ કાનજી ઉત્તમી ૫૯
શેઠ જેઠાભાઇ દેવજી નાગડા ૩૩
શેઠ જેઠાભાઇ નરશી કેશવજી ૨
શેઠ જેઠાભાઈ પ્રેમજી કુરવા ૪૩
શેઠ જેઠાભાઇ રતનશી મોમાયા ૬૭
શેઠ ડુંગરશી રાએશી ૬૭
શેઠ ત્રીકમજી રાયશી મોતા ૫૫
શેઠ દામજી કેશવજી ૧૦
શેઠ દામજી વેરશી પુંજા ૧૪
શેઠ દામજી શામજી પુંજાણી ૬૭
બ્હેન દેવકાબાઇ આણંદજી ૪૩
શેઠ દેવજી રાયશી ઝવેરી ૫૮
શેઠ દેવરાજ મુલજી ૧૩
શેઠ દેવશી મણશી ૬૭
શેઠ નથુભાઇ હંસરાજ ૬૧
શેઠ નરશી પુંજાભાઈ ૪૫
શેઠ નેણશી રતનશી ૬૭
શેઠ પદમશી મેગજી નલીઆવાળા ૩૫
શેઠ પીતાંબર ત્રીકમજી ૪૬
શેઠ પુનશી અરજુન ૪૯
સૌ. પ્રેમાબાઇ વેલજી લાલજી ૬૫
શેઠ બી. ડી, ઓશવાલ ૨૫
શેઠ માણેકજી જીવરાજ ૬૧
શેઠ માણેકજી કલ્યાણજી ૨૫
શેઠ માણેકજી દામજી સુંદરવાળા ૪૬
શેઠ માણેકજી પીતાંબર ૬૨
બ્હેન મીઠાબાઇ ખેતશી ૩૬
શેઠ મેઘજી ભીમશી ૩૩
ડૉ. મેઘજી વેલજી ધરમશી ૬૪
શેઠ મેઘજી હીરજી જંગેઆલી ૩૭
શેઠ મેઘજી હીરજી બુકસેલર ૨૨
સૌ. રતનબાઇ હીરજી મૈશેરી ૬

# ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો

– દિનેશભાઈ રતનશી મૈશેરી – મોટી સિંધોડી



## તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી અમને પ્રાપ્ત થયેલ માહિતીને આધારે



### શ્રી કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ
### શ્રી અનંતનાથજી મહારાજ જૈન ટેમ્પલ એન્ડ ઈટ્સ સાધારણ ફંડ્સ

પ્રમુખ : શ્રી નયન અશોક ભેદા – ૯૮૨૧૦ ૯૦૩૨૩
ઉપપ્રમુખ : શ્રી કુમાર બાબુભાઈ દંડ – ૯૩૨૨૬ ૮૦૦૦૮
ઉપપ્રમુખ : શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા – ૯૮૨૧૦ ૭૩૮૩૦
મંત્રી : શ્રી ચેતન મેઘજી મોતા – ૯૩૨૨૨ ૮૨૯૯૩
મંત્રી : શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ – ૯૮૨૦૨ ૦૦૮૦૦
ખજાનચી : શ્રી રાજેશ રાયચંદ છેડા – ૯૮૨૦૨ ૨૬૮૭૩

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – અમદાવાદ

મે. ટ્રસ્ટી : શ્રી ગુલાબ ધનજી દંડ – ૭૫૭૫૦ ૯૭૦૭૮પ્રમુખ : શ્રી જીતેન્દ્ર દેવજી ખોના – ૯૮૨૫૦ ૩૪૭૮૫
ટ્રસ્ટી : શ્રી નલીન કેશવજી મોમાયા – ૯૩૭૬૧ ૧૪૩૦૦મંત્રી : શ્રી રાજેશ ખીમચંદ ધરમશી – ૯૯૨૫૦ ૩૮૮૯૬




### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – આરીખાણા

પ્રમુખ : શ્રી પ્રવિણ હંસરાજ લોડાયા – ૯૮૨૦૦ ૭૬૬૦૫

આરીખાણા મધે જિનાલયમાં મૂળનાયક શ્રી શામળીયા પાર્શ્વનાથજી બિરાજમાન છે. શેઠશ્રી શામજી જીવરાજ લોડાયાએ બંધાવેલ આ જિનાલયની સં. ૧૯૪૫માં પ્રતિષ્ઠા થયેલ. આ જિનાલયનો વહીવટ શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડોના ટ્રસ્ટ દ્વારા થાય છે. મહાજનવાડી, અતિથીગૃહ તથા ઉપાશ્રય છે.

વિશેષમાં શ્રી ભલારા દાદાનું મૂળ ગામ આરીખાણા છે, જેઓ પછીથી સુથરીમાં સ્થાયી થયા હતા.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – બારોઈ

પ્રમુખ : શ્રી અશોક લાલજી પોલડીયા – ૯૪૨૨૨ ૧૨૨૫૦
મંત્રી : શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા – ૯૮૧૯૮ ૮૩૫૨૨

બારોઈ ગામે જિનાલયમાં મૂળનાયક શ્રી શાંતિનાથજી દાદા બિરાજમાન છે. શેઠશ્રી લધા જીવણ અને શેઠશ્રી હેમરાજ અરજણ દ્વારા બંધાવેલ આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૧૮માં થઈ. અને પુનઃ પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૩માં થયેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય અને અતિથીગૃહની સગવડ છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - બાયઠ



પ્રમુખઃ શ્રી નવીન નારાણજી ધુલ્લા (જૈન)-૯૮૬૯૫ ૨૪૯૪૯
મંત્રીઃ શ્રી નરેન્દ્ર હીરાલાલ પોલડીયા(પટેલ)-૯૩૨૧૬ ૦૧૮૪૮

ગેટવે ઓફ અબડાસાની ઉપમા ધરાવતા બાયઠ ગામનાં જિનાલયમાં મૂળનાયક શ્રી આદિનાથ દાદાનું જિનાલય સં. ૧૯૦૯માં નિર્માણ થયેલ. જ્યારે સં. ૨૦૦૭માં શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસરજી તથા તેના સાધારણ ફંડના ટ્રસ્ટ દ્વારા નવા બનેલા જિનાલયમાં મહાવીર સ્વામીજી ભગવાનને પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. મહાજનશ્રી પાસે આયંબિલવાડી, મહાજનવાડી, કન્યાશાળા, ચબુતરો, ધર્મશાળા, ઉપાશ્રય, અતિથીગૃહ અને કાયમી ભોજનશાળા ઉપલબ્ધ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ભુજ

મો. : ૯૯૨૫૧ ૬૯૮૭૬

પ્રમુખ : શ્રી પ્રબોધ હીરાચંદ. મુનવર મંત્રી : શ્રી હીરાચંદ એલ. છેડા

### શ્રી અનંતનાથજી મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ - દલતુંગી



પ્રમુખ : શ્રી પ્રવિણ જેઠાલાલ લાપસીયા – મો. ૯૮૨૧૦ ૯૨૭૬૭
મંત્રી : શ્રી દિલીપ ડુંગરશી લાપસીયા – ૯૨૧૪૪ ૨૬૧૪૨

દલતુંગી મધ્યે જિનાલયમાં મૂળનાયક શ્રી અજિતનાથ સ્વામી ભગવાન બિરાજમાન છે. લગભગ ૧૨૫ વર્ષ પહેલા માતુશ્રી જમનાબાઈ (શેઠશ્રી ડાયાભાઈ ખેરાણી લાપસીયાની દિકરી) એ દેરાસર બંધાવી આપેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ગોરખડી

પ્રમુખ : શ્રી મહેશ પોપટલાલ ધરમશી – ૯૩૨૦૮ ૯૨૮૦૪
સભ્ય : શ્રી જીતેન્દ્ર બાબુલાલ ધરમશી – ૯૬૫૩૬ ૬૨૮૮૨

ગોરખડી (જિલ્લો જામ જોધપુર) ગામે જિનાલયમાં મૂળનાયક શ્રી અજીતનાથ દાદા બિરાજમાન છે. જેની પ્રતિષ્ઠા સં. ૧૯૫૫માં થયેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય અને અતિથીગૃહ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - ગોએરસમા



પ્રમુખ : શ્રી અશોક લાલજી પોલડીયા – ૯૪૨૨૨ ૧૨૨૫૦
મંત્રી : શ્રી ભૂપેન્દ્ર લક્ષ્મીચંદ ડાઘા – ૯૮૧૯૮ ૮૩૫૨૨

ગોએરસમા ગામે જિનાલયમાં મૂળનાયક શ્રી ચંદ્રપ્રભુ સ્વામી બિરાજમાન છે. માતુશ્રી ચાંપુબાઈ ઠાકરશી હિરજી ડાઘા પરિવારે બંધાવી આપેલ. આ જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૮૪માં થયેલ. જ્યારે પુનઃ પ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૩માં થયેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો



### શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર - જખૌ

ટેલી. : ૦૨૮૩૧૨૮૭૨૨૪, મો. : ૯૩૨૧૩૧૭૧૩૯

પ્રમુખ : શ્રી હંસકુમાર શામજી શિયાલ – ૯૬૧૯૪ ૮૪૧૫૧

મંત્રી : શ્રી ચંદ્રેશ વિસનજી સોની – ૯૨૨૪૦ ૩૫૦૬૦.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - જસાપર

પ્રમુખ : શ્રી મોતીલાલ ભવાનજી ધરમશી – ૯૮૨૧૦ ૧૯૮૦૯

મંત્રી : શ્રી સોમચંદ કુંવરજી મોતા – ૯૮૨૦૮ ૨૧૯૦૮

જસાપર મધે જિનાલયમાં મૂળનાયક શ્રી આદેશ્વર દાદા બિરાજમાન છે. શ્રેષ્ઠીવર્ય શેઠશ્રી કેશવજી નાયક દંડ (મૂળ ગામ લાખણીયા) દ્વારા બંધાવેલ આ દેરાસરની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૮૭૬માં થયેલ. જ્યારે પુનઃ પ્રતિષ્ઠા ઈ.સ. ૨૦૧૨માં થયેલ છે. મહાજનશ્રી પાસે અતિથીગૃહની સગવડ છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - કોઈમ્બતુર

પ્રમુખ : શ્રી પ્રદીપ રતિલાલ લોડાયા – ૯૮૪૩૦ ૨૦૭૭૬

મંત્રી : શ્રી મનીષ પ્રવિણ મોમાયા – ૮૯૦૩૩ ૮૯૦૩૩

કોઈમ્બતુર (તામીલનાડુ) મધે શ્રી અચલગચ્છ જૈન સંઘ દ્વારા નિર્માણ પામેલ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૨૦૭૧માં થયેલ, જ્યાં મૂળનાયક તરીકે શ્રી મુનિસુવ્રત સ્વામીજી બિરાજમાન છે. દક્ષિણ ભારતમાં અચલગચ્છનું પ્રથમ શિખરબંધ જિનાલય છે. અતિથીગૃહની વ્યવસ્થા છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - કાંજુરમાર્ગ

પ્રમુખ : શ્રી ખુશાલ શામજી નાગડા – ૯૮૨૦૧ ૬૫૮૨૪મંત્રી : શ્રી વિનય શીવજી મોમાયા – ૯૮૨૦૨ ૦૮૫૫૦



### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન કોઠારા જ્ઞાતિ મહાજન-કોઠારા
### શ્રી શાંતિનાથજી મહારાજ જૈન દેરાસર અને સાધારણ ફંડ ટ્રસ્ટ-કોઠારા
### શ્રી કોઠારા પાંજરાપોળ - કોઠારા

મો.: ૯૭૧૨૦૮૨૨૩૫

પ્રમુખઃ શ્રી નલિન કેશવજી અજાણી–૯૮૨૦૦ ૪૩૬૪૫

મંત્રીઃ શ્રી દિનેશ લાલજી લોડાયા(અજાણી)–૯૭૧૨૦ ૮૨૨૩૫

મોટી પંચતિર્થીમાં સ્થાન ધરાવતા કચ્છના સૌથી ઉંચા જિનાલયમાં મૂળનાયકરૂપે શ્રી શાંતીનાથ દાદા બીરાજમાન છે. શેઠશ્રી વેલજી માલુ, શેઠશ્રી શીવજી નેણશી તથા શેઠશ્રી કેશવજી નાયકે ૧૬ લાખ કોરીના ખર્ચે બનાવેલ આ જિનાલયનાં પાયામાં એકાવન ગાડા નાણું મુકવામાં આવ્યું છે.

આયંબિલવાડી, અતિથિગૃહ, પાંજરાપોળ તથા કાયમી ભોજનશાળાની સગવડ છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો



### શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ કોટડી મહાદેવપુરી મહાજન
### કોટડી મહાદેવપુરી

પ્રમુખ : શ્રી દામજી હંસરાજ ગાલા – ૯૯૮૭૨ ૪૦૯૩૦
ટ્રસ્ટી : શ્રી મનીષ ઉમરશી ધ્રોળ – ૯૮૧૯૨ ૮૭૬૫૪

કોટડી મહાદેવપુરીમાં કે.વી.ઓ. જૈન મહાજન સંચાલિત એક જ સંકુલમાં શ્રી મુનીસુવ્રત સ્વામી, શ્રી કુંથુનાથજી તથા શ્રી અનંતનાથજી ભગવાનના ત્રણ દેરાસર છે. હાલમાં સ્થાનિકે કેડીઓની વસ્તી નથી. અસલમાં ગામ કેડીઓ જ્ઞાતિનું વસાવેલ હતું.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – લાલા

પ્રમુખ : શ્રી જવેરભાઈ મુલજી લાલકા – ૯૩૯૩૯ ૪૩૧૧૦
મંત્રી : શ્રી પ્રવિણ ભવાનજી મૈશેરી – ૯૮૨૦૦ ૭૧૭૫૯

નાની પંચતીર્થીમાં સ્થાન ધરાવતા લાલા ગામે જિનાલયમાં શ્રી ચંદ્રપ્રભુ સ્વામી બિરાજમાન છે. શેઠશ્રી ખીંયરાજ દામજી લધાભાઈ દંડ દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૬૪માં થયેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનાલયની સગવડ છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન – લુણી (તા. મુંદ્રા)

સ્થાનિક કાર્યકર્તા : શ્રી હેમંતભાઈ – ૯૯૨૫૭ ૬૦૯૬૬

લુણી ગામે મૂળનાયક તરીકે શ્રી શાંતિનાથ દાદા બિરાજમાન છે. સં. ૧૯૫૯માં શેઠશ્રી રતનશી નેણશી ડાઘા (લુણી) એ આ જિનાલય બંધાવી આપેલ. હાલે આ જિનાલયનો વહીવટ શેઠ વર્ધમાન કલ્યાણજી ટ્રસ્ટ વસઈ તીર્થ ભદ્રેશ્વરની પેઢી સંભાળે છે.

### શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મોટી ખાવડી



પ્રમુખ : શ્રી સુનીલ માણેકજી લોડાયા – ૯૭૨૭૫ ૯૯૯૯૯
ટ્રસ્ટી : શ્રી પંકજ હીરાચંદ લોડાયા – ૯૮૯૮૨ ૧૪૧૪૧

મોટી ખાવડી (જામનગર) મધે આપણી જ્ઞાતિનાં બે જિનાલય છે. પ્રથમ જિનાલયમાં મૂળ નાયક શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજી બિરાજમાન છે. શ્રી જૈન સંઘ મોટી ખાવડી દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૩૨માં થયેલ.

જ્યારે બીજા જિનાલયમાં મૂળનાયક તરીકે શ્રી ચંદ્રપ્રભ સ્વામી બિરાજમાન છે. શેઠશ્રી વીરપાર પાસુભાઈ ખોનાની સુપુત્રી દેવલીબાઈ દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૬૩માં થઈ. મહાજનશ્રી પાસે ત્રણ ઉપાશ્રય, અતિથીગૃહ, મહાજનવાડી તથા ભોજનશાળા ઉપલબ્ધ છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મોટી સિંધોડી

પ્રમુખ : શ્રી ભરત ભવાનજી લોડાયા - ૯૮૨૦૭ ૫૦૪૦૮
મંત્રી : શ્રી કિરણ લાલજી પટેલ - ૭૦૨૦૦ ૮૨૫૬૨

શ્રી મોટી સિંધોડી સ્થિત મૂળનાયક શ્રી નેમીનાથ દાદાનું જિનાલય શ્રી અનંતનાથજી ટ્રસ્ટ દ્વારા બંધાવી આપેલ. ઈ.સ. ૧૯૫૫માં પ્રથમ પ્રતિષ્ઠા થઈ. ત્યારબાદ સમય અનુસાર ઈ.સ. ૧૯૭૮, ઈ.સ. ૨૦૦૬ તથા ઈ.સ. ૨૦૨૪માં ભવ્ય નૂતન જિનાલયમાં શ્રી નેમિનાથ દાદા, શ્રી સુમતિનાથ દાદા, શ્રી અનંતનાથ દાદા, શ્રી સુપાર્શ્વનાથ દાદા અને શ્રી કુંથુનાથ દાદાની પ્રતિષ્ઠા કરવામાં આવી. શ્રી સંઘ પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - માંડવી

પ્રમુખ : શ્રી ભદ્રીક પુનશી મૈશેરી - ૯૮૨૫૨ ૨૫૦૩૭
મંત્રી : શ્રી પ્રબોધ હીરાચંદ મુનવર - ૯૯૨૫૧ ૬૯૮૭૬

માંડવી મધે જિનાલયમાં શ્રી અજીતનાથજી દાદા બિરાજમાન છે. શેઠશ્રી ઠાકરશી વેરશી પાસ્વીર લોડાયા (પીર) એ બંધાવેલ આ દેરાસરની પ્રતિષ્ઠા તા. ૩.૨.૧૮૮૧ થેયલ છે. મૂળનાયકનાં મુખમાં હીરા જડીત દાંત તથા મસ્તક પાછળ નયનરમ્ય ભાવમંડળ છે. તથા ગર્ભગ્રહમાં આકર્ષક કાંચ-કામ કરેલ છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - મોડપર

પ્રમુખ : શ્રી અશોક મણીલાલ દંડ - ૯૮૨૧૧ ૧૦૧૫૦મંત્રી : શ્રી ચંદ્રકાંત વેરશી લોડાયા - ૯૯૬૭૫ ૧૯૧૮૫

મોડપર (તા. લાલપર) મધે જિનાલયમાં ૯૯ના મૂળનાયક શ્રી સુપાર્શ્વનાથજી ભગવાન બિરાજમાન છે, જે પ્રતિમા ૪૦૦ વરસથી અધિક પ્રાચીન છે. પ્રતિષ્ઠા ૨૦૧૪માં થયેલ. અતિથીગૃહ, ઉપાશ્રય તથા ભોજનાલયની વ્યવસ્થા છે.



### શ્રી નાની ખાવડી (હાલાર) જૈન ચિંતામણી પાર્શ્વનાથ દેરાસરજી ટ્રસ્ટ નાની ખાવડી

પ્રમુખ : શ્રી પંકજ પાશ્વીર લુઠીયા - ૯૯૩૦૫ ૦૯૦૭૦
મંત્રી : હિતેન ચંદુલાલ લોડાયા - ૯૮૨૧૫ ૫૯૩૩૬
નાની ખાવડી મધે જિનાલયે મૂળનાયક શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી બિરાજમાન છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - પરજાઉ

પ્રમુખ : શ્રી ગુલાબ ધનજી દંડ - ૭૫૭૫૦ ૯૭૦૭૮મંત્રી : શ્રી લહેરચંદ આણંદજી દંડ - ૯૧૬૭૭ ૧૩૩૨૧

નાની પંચતીર્થમાં સ્થાન ધરાવતું પ્રજાઉ ગામે જિનાલયે મૂળનાયક શ્રી ચંદ્રપ્રભસ્વામીજી બિરાજમાન છે. સં, ૧૯૧૦માં શા. નેણશી દામજી નાગડા, શા. વર્ધમાન જેતશી વિકમશી તથા શા. તેજપાર વિરઘોરે ગૃહચૈત્ય બનાવી આપેલ. વર્તમાનનાં શિખરબંધ જિનાલયની પ્રતિષ્ઠા ઈ.સ. ૧૮૯૬માં થયેલ. અતિથીગૃહ, ઉપાશ્રય તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - પારોલા



પ્રમુખ : શ્રી ધનપતી કુંવરજી મોમાયા – ૯૪૨૩૧ ૮૫૭૧૬

મંત્રી : શ્રી હરીષ પદમશી લોડાયા – ૮૬૬૮૯ ૭૬૬૫૬

મૂળનાયક શ્રી શાંતિનાથજીની પ્રતિમા સંપ્રતિ રાજાના સમયની છે અને તેની અંજનશલાકા આદિ વિધિ તે કાળમાં થયેલ છે, એટલે આશરે આ પ્રતિમાજી ૨,૩૦૦ વર્ષ પૂર્વેના છે. તે વખતે રાજ્યાશ્રય હતો અને આ પ્રતિમાજી શ્રીલંકાના દેરાસરજીમાં સ્થાપિત રહી ત્યાં પૂજિત હતા. તે પછી સમ્રાટ અશોકના સમયે બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળતા, આપણા પૂ. યતિશ્રી જસરાજજીના દાદા ગુરૂઓએ આ પ્રતિમાજીને શ્રીલંકામાંથી ભારત લાવી ક્રમેક્રમે પારોલા શહેરમાં લઈ આવ્યા અને આ પ્રતિમાજીને પારોલામાં આશરે ૩૦૦ વર્ષ પહેલાં પધરાવેલ. લગભગ ૧૬૫ વર્ષ પહેલા શેઠ હરભમ નરશી નાથાએ શ્રી રત્નસાગરસૂરી સામ્રાજ્ય, યતિ શ્રી જસરાજજી અને મુનીમ શ્રી અરજણ પાસવીરની પ્રેરણાથી શ્રી શાંતિનાથજીનું ગૃહચૈત્ય બંધાવ્યું. તેની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૧૬ વૈશાખ સુદ ૭ ના થઈ. પ્રતિષ્ઠાની વિધિ અલગચ્છાધિપતિ શ્રી રત્નસાગરસૂરીશ્વરજીના શિષ્યરત્ન શ્રી વિનય સાગરજીની નિશ્રામનાં  થઈ. તે વખતે પૂ. જસરાજજી યતિશ્રી પારોલામનાં વિદ્યમાન હતા. સંવત ૧૯૮૭માં પારોલામાં શ્રી શાંતિનાથજી ભગવાનનું નવું શિખરબંધ દેરાસર તેમજ ઉપાશ્રય બાંધવામાં આવ્યો,.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રંગપુર

પ્રમુખ : શ્રી પંકજ કેશવજી ધરમશી – ૯૩૨૦૭ ૦૨૦૭૪

મંત્રી : શ્રી જતીન ગુલાબચંદ નાગડા – ૯૮૧૯૩ ૬૦૦૯૩

શ્રી રંગપુર ગામે જિનાલયમાં મૂળનાયક શ્રી ભીડભંજન પાર્શ્વનાથજી બિરાજમાન છે. શ્રી રંગપુર ક.દ.ઓ. જૈન સંઘ દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા તા. ૫.૫.૧૯૯૦ શિખરબંધ, સંગેમરમરયુક્ત દેવવિમાનમાં થયેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ અને ભોજનશાળાની વ્યવસ્થા છે.



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - રાપરગઢ

ટ્રસ્ટી : શ્રી હિતેન્દ્ર માણેકજી મોતા – ૯૮૨૧૦ ૫૪૨૪૯

ટ્રસ્ટી : શ્રી પારસ પદમશી મૈશેરી – ૯૮૨૧૦ ૫૦૩૬૨

અબડાસાની નાની પંચતીર્થમાં સ્થાન ધરાવતું રાપરગઢ ગામે મૂળનાયક શ્રી ગોડીયા પાર્શ્વનાથજીનું જિનાલય માતુશ્રી લીલબાઈ ચાંપશી હીરજી મૈશેરી પરિવારે સં. ૧૯૫૦માં બંધાવી આપેલ. ત્યારબાદ વિધિવત પુનઃ પ્રતિષ્ઠા સં. ૨૦૫૪માં થઈ.

પુણ્યશ્લોકી માતુશ્રી તારાબાઈ માણેકજી કેશવજી મોતા પરિવારે નૂતન નયનરમ્ય જિનાલય વિ.સં. ૨૦૮૦માં મહાજનશ્રીને અર્પણ કરેલ છે.

જ્ઞાનશાળા, ધર્મશાળા, અતિથીગૃહ, મહાજન વાડી અને ભોજનશાળાની સગવડ છે.

આ ગામના સ્વ. શ્રી ચાંપશી ભારમલ નાગડાએ રંગભૂમી તેમજ ફિલ્મ કલા ક્ષેત્રે વિવિધ સિદ્ધિઓ હાંસલ કરી ગામ અને જ્ઞાતિનું નામ રોશન કર્યું છે.

## ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો



### શ્રી છત્તીસગઢ કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - રાયપુર

ટેલી. : ૦૭૭૧-૨૮૮૨૫૨૬

પ્રમુખ : શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા – ૯૪૨૫૨ ૧૩૫૪૦

મંત્રી : શ્રી કિશોર મેઘજી મોતા – ૯૨૨૯૪ ૯૫૪૫૯



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સેવક ભરૂડીયા (હાલાર)

પ્રમુખ : શ્રી અશોક મણીલાલ દંડ – ૯૮૨૧૧ ૧૦૧૫૦

મંત્રી : શ્રી દિલીપ જેઠાલાલ દંડ – ૯૮૨૦૭ ૭૭૨૨૧

મુળનાયક આદિનાથ દાદા, ઉપાશ્રય તથા અતિથીગૃહ સંપર્ક : ૭૮૯૨૮ ૩૮૧૩૫



### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધવ

સાંધવ ગામે મૂળનાયક તરીકે બિરાજમાન શ્રી શાંતિનાથ દાદાની પ્રતિમાજી ૧૯૭ વર્ષ પ્રાચીન છે. સં. ૧૯૨૨માં ગ્રહચૈત્યમાં દાદાની પ્રતિષ્ઠા કરવામાં આવી. જ્યારે સં. ૨૦૬૨માં શિખરબંધ નૂતન જિનાલય અને પ્રતિષ્ઠાનો લાભ શ્રી સાંધવ જૈન સંઘે લીધેલ. ૪ અતિથીગૃહ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંયરા




ટ્રસ્ટી : શ્રી મધુકર જવેરચંદ શાહ – ૯૭૬૯૭ ૨૫૩૬૧

ટ્રસ્ટી : શ્રી ભદ્રેશ મુલજી પટેલ – ૯૮૩૩૧ ૩૧૩૫૯

સાંયરા ગામે મૂળનાયક શ્રી આદિનાથ દાદા બિરાજમાન છે. શરૂઆતમાં ગૃહચૈત્ય હતું. ત્યારબાદ સર વસનજી ત્રિકમજી નાઈટ, શેઠશ્રી ઉકેડા પુનશી તથા શેઠશ્રી રતનશી દામજી મોમાયાએ બંધાવી આપેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, આયંબિલ વાડી, મહાજનવાડી, અતિથીગૃહ, ચબુતરો તથા ફૂલવાડી એક પુસ્તક ભંડાર છે.

# ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - સાંધાણ




પ્રમુખ : શ્રી ગુલાબ ડુંગરશી ધરમશી – ૯૬૧૯૭ ૧૧૫૫૦

મંત્રી : શ્રી તિવ્યેશ દિનેશ ધરમશી – ૯૩૨૨૩ ૦૭૮૧૭

સાંધાણ ગામે મૂળનાયક શ્રી શાંતિનાથ દાદાનું ભવ્ય જિનાલય વિ.સં. ૧૯૦૭માં શેઠશ્રી માડણ તેજશી ધુલ્લાએ બંધાવી આપેલ. જ્યારે પુનઃ પ્રતિષ્ઠા ઈ.સ. ૨૦૧૯માં થયેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનશાળા છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન -સુજાપુર



ટ્રસ્ટી : શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – ૯૮૨૧૧ ૬૫૯૬૧

ટ્રસ્ટી : શ્રી કિશોર જીવરાજ શાહ – ૯૪૨૭૪ ૫૦૫૦૦

સુજાપુર ગામે મૂળનાયક અજિતનાથ સ્વામી બિરાજમાન છે. શા. વર્ધમાન ગોવિંદજી સાંયા, માતુશ્રી ભમલબાઈ લધા સોજપાર તથા નેણશી વસાયા સાંયા દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા વિ.સં. ૧૯૩૮માં થયેલ. તથા પુનઃપ્રતિષ્ઠા વિ.સં. ૨૦૬૩માં થયેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રય અતિથીગૃહ તથા ભોજનશાળાની સુવિધા છે.

## શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ જૈન દેરાસર અને સાધારણ ફંડ – સુથરી

મો. : ૯૭૧૪૨ ૮૪૨૨૩

ટ્રસ્ટી : શ્રી હેમાંગ રાયચંદ ધરમશી – ૯૮૨૦૦ ૨૨૬૩૮

ટ્રસ્ટી : શ્રી અશોક વેરશી મોતા – ૯૮૨૦૦ ૬૬૪૦૮



શ્રી સુથરી મોટી પંચતિર્થીમાં મહાતીર્થ તરીકે પ્રચલિત છે. અત્રે ૪૨૫ વર્ષથી દેરાસરમાં શ્રી અજિતનાથ દાદા બિરાજમાન છે. ૧૮૬ વર્ષથી પ્રભાવી શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદા મૂળ નાયક રૂપે બિરાજમાન છે. જેઓનું નામ ૧૦૮ પાર્શ્વનાથ દાદાના નામોમાંનું એક છે. અત્રે ત્રણ ધર્મશાળાની ઉત્તમ વ્યવસ્થા છે. કાયમી ભોજનશાળા ઉપલબ્ધ છે.

તદુપરાંત ૧૫૦ વર્ષથી અબોલ પશુઓ માટે પાંજરાપોળનો વહીવટ પણ સુપેરે ચાલી રહ્યો છે.

તપસ્વીરત્ન, તપચક્રવર્તી અચલગચ્છાધિપતિ આ.ભ. શ્રી ગુણોદય સાગરસૂરીશ્વરજી મ.સા.ના ૨૦૦૮માં થયેલ ચાતુર્માસ દરમ્યાન ૬૫ દિવસમાં તૈયાર થયેલ શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ દાદાનું જિનાલય શેઠ શ્રી રાયચંદ હંસરાજ ધરમશી પરિવારના સ્વ. દ્રવ્યથી બનાવવામાં આવેલ છે.

# ક.દ.ઓ. જ્ઞાતિ મહાજનો–દેરાસરો



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - તેરા

## શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથજી જૈન દેરાસર ટ્રસ્ટ - તેરા

ટ્રસ્ટી : શ્રી નરેન્દ્રભાઈ શામજી દંડ - ૯૦૦૪૩ ૯૧૪૧૩

ટ્રસ્ટી : શ્રી નરેન્દ્રભાઈ લાલજી ખોના - ૯૮૭૦૪ ૧૩૧૩૦

શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર સંવત ૧૯૧૫ના મહાસુદ-૫ (વસંત પંચમી)ને સોમવાર તા. ૯.૨.૧૮૫૯ના રોજ તેરાના શેઠશ્રી રામયલ શીવજી તથા શેઠશ્રી બુદ્ધા ડોસાએ આ જિનાલય બંધાવીને શ્રી સંઘને અર્પણ કરેલ છે શ્રી શામળીયા પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય (કાચ મંદિર) સંવત ૧૮૭૮માં તેરાના યતિ શ્રી ગોરજી હીરાચંદજી તારાચંદજી એ બંધાવીને આ જિનાલય શ્રી સંઘને અર્પણ કરેલ છે. શ્રી સહસ્ત્રકુટ વિહાર જિનાલય સંવત ૨૦૪૬ શ્રાવણ વદ ૧૦ બુધવાર તા. ૧૮.૮.૧૯૯૦ના રોજ અ.સૌ. ભારતીબેન હંસકુમાર ખીમજીએ તેમના સસરા અને સાસુના આત્મશ્રેયાર્થે આ જિનાલય બંધાવીને શ્રી સંઘને અર્પણ કરેલ છે. આ ઉપરાંત તીર્થમાં શીખરબધસ નયન રમ્ય છ દેવકુલીકાઓ ઉપરાંત શ્રી નરેન્દ્ર જ્ઞાન મંદિરમાં આવેલ તીર્થપટ્ટો જોવાલાયક છે. તેમજ પ.પૂ.સાધુ-સાધ્વી ભગવંતો માટે ઉપાશ્રય તથા તીર્થના દર્શનાર્થે આવનાર યાત્રિકો માટે રહેવાની સુવિધાસભર આધુનિક અતિથીગૃહની વ્યવસ્થા છે અને અત્રે કાયમી ભોજનશાળા તેમજ આયંબીલ શાળા પણ ચાલુ છે. જીવદયા ક્ષેત્રે શ્રી તેરા પાંજરાપોળ તેરા પણ કાર્યરત છે.



## શ્રી વરાડીયા જૈન દેરાસર સાધારણ અને મહાજન ફંડ્સ ટ્રસ્ટ-વરાડિયા

પ્રમુખ : શ્રી તિલકચંદ કરમચંદ વિકમશી - ૯૮૪૪૦ ૫૩૧૦૧

મંત્રી : શ્રી પદમ લાલજી લોડાયા - ૯૩૨૨૮ ૨૭૦૮૫

વરાડીયા મુકામે ફણા રહિત શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી મૂળનાયક તરીકે બિરાજમાન છે. શેઠશ્રી દેવજી મુરજી મોમાયા દ્વારા નિર્મિત આ જિનાલયની પ્રતિષ્ઠા સં. ૧૯૫૯માં થયેલ. તથા સન ૨૦૧૭માં જિનાલય જિર્ણોદ્ધાર તથા જિનાલય સંકુલનું નવ નિર્માણ થયેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - વારાપધર

ટ્રસ્ટી : શ્રી નયન અશોક ભેદા - ૯૮૨૧૦ ૯૦૩૨૩

ટ્રસ્ટી : શ્રી અરવિંદ લાલજી લોડાયા - ૯૮૨૫૬ ૩૪૬૪૯

શ્રી વારાપધર ગામે મૂળનાયક શ્રી આદિનાથ દાદા બિરાજમાન છે. શા. નાગશી દેવણાંધ લોડાયા તથા શા. મણશી ઉકેડા લોડાયાએ વિ.સં. ૧૯૧૮ માં બંધાવી આપેલ. મહાજનશ્રી પાસે ઉપાશ્રય, અતિથીગૃહ તથા ભોજનશાળાની સગવડ છે.



## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન - વાંકુ

પ્રમુખ : શ્રી રમેશ ત્રિકમજી સોની - ૯૮૨૦૦ ૩૪૨૫૧

મંત્રી : શ્રી દામજી નરશી સોની - ૯૯૨૦૪ ૬૦૫૫૩

નાની પંચતીર્થમાં સ્થાન ધરાવતા વાંકુ ગામે શ્રી અજિતનાથ દાદા મૂળનાયક તરીકે બિરાજમાન છે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન વાંકુ દ્વારા નિર્મિત આ નૂતન જિનાલયની પ્રતિષ્ઠા ઈ.સ. ૨૦૧૮માં થયેલ છે. મહાજનશ્રી પાસે ઉપાશ્રયની વ્યવસ્થા છે.

# ક.દ.ઓ. સંસ્થાઓ તથા મંડળો

## શ્રી વીરજી લધાભાઈ જૈન વિદ્યાર્થીગૃહ ટ્રસ્ટ-ઘાટકોપર, મુંબઈ

મેનેજીંગ ટ્રસ્ટી : શ્રી કમલેશ શીવજી વિકમશી – ૯૩૨૩૨ ૬૨૫૫૧

ટ્રસ્ટી : શ્રી હીરાચંદ દામજી દંડ – મો. : ૭૭૩૮૫ ૦૮૧૫૦

ટ્રસ્ટી : શ્રી કિરીટ એલ. લાપસીયા – મો. : ૯૮૨૦૧ ૩૮૭૨૫

## શ્રી ક.દ.ઓ. શિક્ષણ પ્રસારક ટ્રસ્ટ

પ્રમુખ : શ્રી કિરીટ એલ. લાપસીયા – ૯૮૨૦૧ ૩૮૭૨૫

મંત્રી : શ્રી હીરાચંદ દામજી દંડ – ૭૭૩૮૫ ૦૮૧૫૦

## શ્રી ક.દ.ઓ. ઉત્કર્ષ ટ્રસ્ટ

પ્રમુખ : શ્રી હીરાચંદ દામજી દંડ –૭૭૩૮૫ ૦૮૧૫૦

મંત્રી : શ્રી હેમાંગ રાયચંદ ધરમશી – ૯૮૨૦૦ ૨૨૬૩૮

## શ્રી કેડીઓ જૈન સર્વોદય મંડળ – મુલુંડ

પ્રમુખ : શ્રી મયુર મણીકાંત ધુલ્લા

મંત્રી : શ્રી જીજ્ઞેશ કુંવરજી મોતા

**લેડીઝ વિંગ**

ઉપપ્રમુખ : લતા ભાગચંદ કારાણી

મંત્રી : કાશ્મીરા પ્રેમ ચુરલા

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન (નલીયાવાલા) મુંબઈ ચેરીટેબલ ટ્રસ્ટ

નલીયા – ટેલી. ૦૨૮૩૧ – ૨૨૨૨૧૫

શ્રી ચીમનલાલ હીરજી ખોના–૯૮૨૧૦ ૬૯૨૫૫

શ્રી વિજય વર્ધમાન ખોના–૯૮૨૧૦ ૨૭૮૭૪

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહિલા મંડળ – ભુજ

મો. : ૯૯૨૫૨ ૨૬૨૪૯ / ૮૩૨૦૬ ૮૨૫૨૮

પ્રમુખ : જયાબેન પ્રબોધ મુનવર

મંત્રી : જીનાલીબેન ભૂપેશ શાહ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન યુવા મંડળ – ભુજ

મો. : ૯૮૭૯૬૦૦૮૬૮

પ્રમુખ : તુષાર એમ. જૈન

મંત્રી : શ્રી અભય ડી. ધરમશી

## જલગાંવ કે.ડી.ઓ. જૈન કલ્ચરલ એન્ડ સોશિયલ વેલ્ફેર લીગ-જલગાંવ

પ્રમુખ : શ્રી અશોકભાઈ પોલડીયા – ૯૪૨૨૨ ૧૨૨૫૦

મંત્રી : શ્રીમતી શિલ્પાબેન છેડા – ૯૪૦૫૦ ૬૦૧૩૯

## શ્રી રચના મહિલા મંડળ-મુંબઈ

ટેલી. : ૨૨૨૫૯૦૬૧૧૦ – મો. : ૯૮૨૧૨૬૬૧૧૦

પ્રમુખ : શ્રીમતી હર્ષા પ્રતાપ ધરમશી

મંત્રી : શ્રીમતી હેતલ ગીરીશ ધરમશી

## શ્રી જીરાવલ્લા પાર્શ્વનાથ મહિલા મંડળ – ઘાટકોપર

પ્રમુખ : નીલુબેન ધનપતી મોમાયા–૯૨૨૨૪ ૩૦૯૫૧

ઉષાબેન રાજેન્દ્ર મોમાયા – ૯૩૨૨૦ ૨૬૬૪૬

# ક.દ.ઓ. સંસ્થાઓ તથા મંડળો

**શ્રી સખીવૃંદ મહિલા મંડળ – પુના**

મો. : ૯૦૯૬૦ ૮૬૬૨૮ / ૯૩૭૦૧ ૫૧૦૫૧

પ્રમુખ : કોમલ કલ્પેશ ધરમશી — મંત્રી : ચાંદની અમિત લાલકા

**શ્રી મહિલા હિતવર્ધક મંડળ – હુબલી**

પ્રમુખ : શ્રીમતી હર્ષાબેન ભરત ધરમશી – ૮૮૮૦૩ ૪૦૭૧૭ — મંત્રી : ડૉ. મધુબાલા મણીકાંત લોડાયા – ૯૪૪૯૯ ૧૪૬૧૧

**શ્રી કે.ડી.ઓ. જૈન એકતા મહિલા મંડળ**

પ્રમુખ : મીનાબેન મહેશ લાલકા — મંત્રી : ભાવિનીબેન નિલય દંડ

**શ્રી ડાઘા મોમાઈ મા મિત્ર મંડળ (ટ્રસ્ટ)**

મો. : ૮૯૭૬૦ ૧૭૮૩૦

પ્રમુખ : શ્રી નીતિન પદમશી ડાઘા — મંત્રી : શ્રી નલિન રતનશી ડાઘા

**શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ્ જીનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા.**
**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ – ધુલીયા**
**શ્રીજી ઈંગ્લીશ મિડીયમ સ્કુલ – ધુલીયા**

પ્રમુખ : પ.પૂ. યતિવર્ય મોતીસાગરજી મ.સા. – ૯૯૬૯૧ ૮૪૩૭૭

ચેયરમેન : શ્રી ભરત નરશીભઆઈ દંડ – ૯૬૮૯૮ ૯૩૨૩૨ — મંત્રી : શ્રી કેતન ઠાકરશી ગોસર

**શ્રી સી. ડી. ઓ. જૈન એજ્યુકેશન સોસાયટી – ઈંગ્લીશ મિડીયમ સ્કુલ – ગદગ (કર્ણાટક)**

ટેલી.: ૨૩૬૪૦૨, ૨૩૭૪૦૨ મો.: ૯૬૮૬૪ ૯૭૪૦૨

**શ્રી પ્રગતિ મહિલા મંડળ – મોટી સિંધોડી**

પ્રમુખ : શ્રીમતી જ્યોત્સના લહેરચંદ મૈશેરી – ૯૮૨૦૫ ૨૯૫૫૫ મંત્રી : શ્રીમતી નીતા મુકેશ લોડાયા – ૯૯૮૭૩ ૭૦૭૬૨

**શ્રી કદઓ મંડળ – ડોંબિવલી**

પ્રમુખ : શ્રી મહેન્દ્ર મેઘજી મોતા – ૯૩૨૩૧ ૮૨૬૫૩ મંત્રી : શ્રી અનુજ ગીરીશ લોડાયા – ૯૫૭૯૭ ૮૭૮૦૦

સુજ્ઞ જ્ઞાતિજનો,

ત્રણેક મહિના સુધી પ્રકાશ સમીક્ષાના માધ્યમથી મહાજનો – મંડળો – સંસ્થાઓને તેમની વિગતો મોકલવા નિવેદન પ્રકાશીત કર્યા હતા. વ્યક્તિગત રીતે પણ સંપર્ક સાધવાના પ્રયત્નો કર્યા હતા. તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધી પ્રકાશ સમીક્ષાને મળેલી માહિતીનો સ્મૃતિ વિશેષ અંકમાં સમાવેશ કર્યો છે, જેની જ્ઞાતિજનોએ નોંધ લેવા વિનંતી.

**સ્મૃતિ વિશેષ અંકમાં પ્રકાશિત માહિતીને યોગ્ય રીતે પ્રકાશિત કરવા પ્રયત્ન કર્યો છે**
**છતાં કોઈ માનવ સહજ ભૂલ – ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામી દુક્કડ્મ**

## પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે શુભેચ્છાના સંદેશાઓ

અત્યંત હર્ષનો વિષય છે કે આપણા સમાજની પાક્ષિક પત્રિકા 'શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા' ની સ્થાપનાને ૧૦૦ વર્ષ પૂરા થાય છે. સ્થાપના દિવસ પર કાર્યક્રમ મુંબઈમાં આયોજીત થઈ રહ્યું છે. ૧૦૦ વર્ષ જ્ઞાતિના ઈતિહાસ-સમાચાર સમસ્ત જ્ઞાતિજનોને પહોંચાડો છે તે અત્યંત અનુમોદનીય છે. જ્ઞાતિ માટે ગૌરવની વાત છે. આ પાવન અવસર પર અમારા મહાજન વતી ખૂબ-ખૂબ શુભેચ્છાઓ અને અભિનંદન.

**- ચંદ્રેશ વીરચંદ શાહ**

**અધ્યક્ષ : શ્રી છત્તીસગઢ ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-રાયપુર**

શ્રી ક,દ.ઓ. પ્રકાશ સમીક્ષાનો અંક ભારતભરના કદઓ જ્ઞાતિજનોને વિનામુલ્ય મોકલવાનું અનોખું અને અનુઠું કાર્ય કરો છો તે બદલ પ્રકાશ સમીક્ષા સમિતીનું હાર્દિક મનઃપૂર્વક અભિનંદન કરીએ છીએ. અંકમાં આપણા માદરે વતન કચ્છની ખુબ જ સારી રીતે ઓળખાણ આપીને કચ્છનું દર્શન કરાવો છો તે વખાણવાલાયક છે. આવુ સચિત્ર દર્શન ઘેરબેઠા કરવાથી સમાજ બાંધવોને  ત્યાં જઈ સાક્ષાત કચ્છ ફરવાની ઈચ્છાઓ થઈ રહી છે. આમ થાય તો કચ્છમાં અવરજવર વધી જાય. આપનું સ્વાસ્થ્ય કેવી રીતે સ્વસ્થ રહી શકે તે ઉપર વિશેષ માહિતી પ્રકાશિત કરો છો તે માટે શું શું કરવું, એ પણ પ્રકાશિત કરો છો. સાચું જીવન કેવી રીતે જીવાય આ માહિતી આપો છો. ગામેગામ શહેરોમાં થતી વિશેષ ઘટનાઓની જાણકારી મળે છે. શિક્ષણ ક્ષેત્રમાં સારા માર્ક લઈ ઉત્તીર્ણ થયા બાળકોના ફોટો છાપીને તેમને પ્રોત્સાહિત કરો છો. ધર્મ આરાધના અને તપ કરનાર સાધર્મિકો બાબત જાણકારી આપો છો. આવા કેટલાક સમાચારો સમાજ સુધી પહોંચાડવા પ્રકાશ સમીક્ષા સમિતીની ભુરીભુરી અનુમોદના કરીએ છીએ. આ સમાજાભિમુખ કાર્ય કરવા બદલ આપની ખૂબ ખૂબ અનુમોદના તથા પરમપિતા મહાવીર સ્વામીને પ્રાર્થના કરીએ છીએ કે આ કાર્ય નિરંતર આગળ વધવા તમને બળ આપે.

જલગામ મહાજનની વિશેષ અગત્યની માહિતીઓ અમે પાઠવીએ છીએ. ચૈત્ય પરિપાટી, બોક્સ ક્રિકેટ અને સમાજાભિમુખ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આમ દરેક વિવિધતાને ક્ષેત્રે જલગામ હંમેશા આગળ પડતું રહે અને અમોએ મોકલાવેલ અહેવાલોની માહિતી એવી જ રીતે છાપતા રહો અને અમને ઉપકૃત કરીને અમારી હિંમત હંમેશા વધારતા રહેશો.

**- અશોક લાલજી જૈન (પોલડીયા)**

**પ્રમુખ : શ્રી કદઓ જૈન મહાજન-જલગાંવ**

જ્ઞાતિનું લોકપ્રિય મેગેઝીન પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષ પરીપૂર્ણ કરી રહ્યું છે. એ વિશિષ્ટ ઉજવણી સહુના હૃદયમાં આનંદ અને હર્ષની અનુભૂતિ કરાવે છે. ૧૦૦ વર્ષથી આ મેગેઝીનના મહાસાગરની સફરને સફળ બનાવનાર અને સક્ષમ, ઉત્સાહીત, ઉદ્યમશીલ કાર્યકર્તાઓ, પદાધિકારીઓના યોગદાન અને પ્રશંસનીય કાર્યને બિરદાવી આપણે આદરથી અભિવાદન કરીએ. કોઈપણ ક્ષેત્રે સહકાર, સંપ સાથ અને સહયોગનું જ આ પરિણામ છે.

'બિંદુઓ ભેગા મળ્યા, સિંધુના આકારમાં,<br>
ભવ્યતાનું રૂપ છે, જોઈ લો સહકારમાં'

આજે આપણા પ્રકાશ સમીક્ષાની જ્યોત જ્ઞાતિમાં ઝળહળી રહી છે. અને આગવું સ્થાન પ્રાપ્ત કરેલ છે. એનું પણ એક ઉદાહરણ અને કારણ છે... આ અંકનું દર મહિને આપણા ઘરમાં પદાર્પણ થતાં ઘરનાં પૂ. વડીલો એની આતુરતાથી રાહ જોતાં હોય અને આપણને પૂછે બેટા! પ્રકાશ સમીક્ષા આયો કોરો! એમના હાથમાં એ અંક ફરતો જાય, એના દરેક પાનાની એક એક લાઈન તેઓ વાંચતા અને ખુશ થતાં. આમ હર દિલમાં, વડિલોનાં જીવનમાં એ પ્રકાશની જ્યોત જાગૃત છે.

આપણા સહુ પાસે અનંત શક્તિનો ભંડાર છે એજ શક્તિથી આપણે જ્ઞાતિને સમૃદ્ધ બનાવીએ. આપને આ સંદેશાથી શુભેચ્છા પાઠવીએ છીએ. પ્રકાશ સમીક્ષાનો દીપ સદૈવ ઝળહળતો રહે.

**ઐસા દીપ જલાઓ કી કભી બુઝે હી નહીં,<br>
ઐસા ફુલ ખીલાઓ કી કભી મુરઝે હી નહીં.**

**- પ્રદીપ આર. લોડાયા**

**પ્રમુખ : શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કોઈમ્બતુર**

## પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે શુભેચ્છાના સંદેશાઓ

પ્રકાશ સમીક્ષા એટલે જ્ઞાતિ ને વિવિધ દિશાઓમાંથી સામાજિક, આધ્યાત્મિક અને જ્ઞાતિ વિષય ઉપર પ્રકાશ આપતું જ્ઞાતિનું સો વર્ષનું યુવાન મુખ પત્ર. જ્ઞાતિની એક વિચારધારા, સો વર્ષથી જ્ઞાતિ ના બધા જ પ્રસંગોનો એક સાક્ષી, જ્ઞાતિ તથા જ્ઞાતિજનોની તકલીફોને પણ ઉજાગર કરતો, જ્ઞાતિની સચોટ સમીક્ષા કરતું જ્ઞાતિનું અને જ્ઞાતિજનો દ્વારા ચલાવાતું એક સો વર્ષની સાક્ષીનું મુખપત્ર. એક મધ્યસ્થ ભાવથી , નિડર કલમ થી લખાતા વિવિધ તંત્રીલેખો અને સર્વે તંત્રીઓને તેમની નીડરતાને સો સો સલામ.

પહેલા સાપ્તાહિક ને હવે પાક્ષીક, આજના વડીલો માટે પણ આજના ડિજિટલ તથા મોબાઈલના જમાનામાં પણ પ્રકાશ સમીક્ષા એક જરુરત છે. તેમાં લખાયેલ વિવિધ લેખો સૌને જ્ઞાતિના પ્રવાહમાં જોડી રાખે છે. સહુને માહિતગાર રાખે છે.

કોઈ મહેનતાણાની અપેક્ષા સિવાય વિવિધ કોલમ સંભાળતા તંત્રીઓ, સહ તંત્રીઓ સર્વે કોલમલિસ્ટને હૃદયથી શુભેચ્છા .

આપણું આ પ્રકાશ સમીક્ષા સર્વેના જીવનમાં પ્રકાશ પાથરતું રહે, ૧૦૦ વર્ષ નહીં પણ આગળ વધી અને વધુ સેન્ચુરીઓ કરતો રહે તેવી હૃદયની શુભેચ્છાઓ.

**- કુમાર બાબુભાઈ દંડ-તેરા (ભાંડુપ)**

### પ્રકાશ સમીક્ષા એ century મારી.

આજ થી સો વરસ પહેલાં જ્યારે શિક્ષાનું પણ મહત્વ બહુ ન હતું, ખાસ કરીને સ્ત્રીઓમાં, એવા સમયે એક માસિક પત્ર પ્રકાશિત કરવું, કંઈ સહેલું ન હતું. પરંતુ આપણી જ્ઞાતિ હંમેશા સમયથી આગળ હતી, છે અને રહેશે.

પ્રકાશ સમીક્ષા બહુ બધી મુશ્કેલીઓમાંથી પસાર થઈને ત્યારે આ મુકામ સુધી પહોંચ્યું છે.

સૌથી પહેલાં 'પ્રકાશ' નાં નામે આ સામાયિક શરૂ થયું ત્યારબાદ એનું નામ 'પ્રકાશ સમીક્ષા' થયું. હજી કંઇક આગળ વધે ત્યાં જ્ઞાતિ જ્યોત નામનું સામાયિક શરૂ થયું. લોકો એ તરફ વળવા લાગ્યા. પરંતુ અમુક કારણોસર થોડા સમય બાદ 'જ્ઞાતિ જ્યોત' બંધ થઈ ગયુ. પ્રકાશ સમીક્ષા સૌથી પહેલાં માસિક પત્ર હતું. વ્યવસ્થિત ચાલતું હતું. ફરી એક અડચણ આવી. એક નવું જ સામાયિક 'પાંજો પ્રતિબિંબ' નામનું જોરશોરથી શરૂ થયું. ખૂબ ચાલવા લાગ્યું. એક સમય એવો આવ્યો કે લોકો 'પ્રકાશ સમીક્ષા' ને ભૂલવા લાગ્યા હતા. ત્યારે હિંમત કરીને પ્રકાશ સમીક્ષાને અઠવાડિક કરી નાખ્યું. જેથી લોકોને તરત અને તાજા સમાચાર મળવા લાગ્યા. પરંતુ એ કંઈ સહેલું ન હતું. સમાચાર ભેગા કરવા, પ્રિન્ટિંગ, અને ત્યાર બાદ સંપૂર્ણ ભારતભરમાં મોકલવી. ત્યાર બાદ અઠવાડિકને બદલે પાક્ષિક કરવાનું વિચાર્યું. એ આઈડિયા એકદમ વ્યવસ્થિત હતો અને હવે એ સુચારુ રૂપે ચાલી રહ્યું છે. હજી એક વાત. What's app નાં નવા નવા આગમન વખતે એક સુંદર પ્રયોગ શરૂ કરવામાં આવ્યો. "Daily whatsapp prakash samiksha" જેમણે પણ આ વાંચ્યું હશે, એમણે ખૂબ માણ્યું હશે. આ પ્રકાશ સમીક્ષા ઇન્કમટેક્સ કમિશનર તિલકભાઈ લોડાયાએ જોરદાર રીતે ચલાવ્યું હતું. હવે નિયમિત રીતે દર મહિને ૫ તારીખ અને ૨૦ તારીખનાં પ્રકાશિત થાય છે અને હજારો લોકો વાંચે છે. સમય પ્રમાણે પ્રકાશ સમીક્ષામાં ઘણાં બદલાવ આવ્યા. હવે તો ન્યૂ જનરેશનને આકર્ષિત કરવા થોડા ઘણા લેખ અંગ્રેજી ભાષામાં પણ આવે છે જે બહુ સરસ હોય છે.

આજે 'પ્રકાશ સમીક્ષા' શતાબ્દી વર્ષમાં પ્રવેશ કરી ચૂક્યું છે. એને આજ સુધી, અહીં સુધી લાવનારા પ્રત્યેક તંત્રી તેમજ ટ્રસ્ટી ગણ ને ખૂબ ખૂબ વધાઈ. પ્રકાશ સમીક્ષા આમજ 'યાવત ચંદ્ર દિવાકરો' એટલે કે જ્યાં સુધી સૂરજ અને ચંદ્ર અવકાશમાં રહે. ત્યાં સુધી આ દુનિયામાં આમજ ચાલતું રહે તેવી હાર્દિક શુભકામનાઓ.

**- શ્રીમતી માલતી હરીશ ધરમસી-જખૌ (નવી મુંબઈ)**

Dear Hirachandbhai,

I am extremely happy to know that our Community Magazine Prakash Samiksha is celebrating It's Centenary this year. As a social entrepreneur, I have grown with it. It has played an important role in keeping our spread out community welknit, vibrant and informed.

I am sure it will continue its journey smoothly in years to come and serve the needs of the community. While doing so I suggest that it should involve our youngsters in the community activities. Constant endeavour may be made to revitalise the Gnatizens who are indifferent and less interested in our community affairs. Sections like 'Vanita Vishv' may be reintroduced. Subjects relating to Digital world may be introduced.

I wholeheartedly congratulate the Trustees of Prakash Samiksha and wish the magazine all success in the years to come.

**- Kantilal G. Vora-Coimbature**

## પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ પ્રસંગે શુભેચ્છાના સંદેશાઓ

Dear KDO Prakash Samiksha team

What a remarkable milestone! Heartiest congratulations to the entire team of Prakash Samiksha on reaching 100 years—a true testament to the dedication and spirit that have kept this magazine thriving in our community. And it's a fantastic way to celebrate the occasion, too.

Kudos to the team and the efforts you all put in.

Best wishes
**Vipul Meisheri**
Director of Finance & Operations - Middle East-Dubai

**''પ્રકાશ સમીક્ષા ના ૧૦૦ વર્ષની લાંબી સફર''**

પ્રકાશ સમીક્ષાએ ૧૦૦ વર્ષની લાંબી સફરમાં અનેક ઉતાર ચઢાવ પસાર કરીને શતાબ્દી મહોત્સવના આરે આવીને ઊભું છે. જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરશી નાથા અને કેશવજી નાયક જેવી પ્રતિભાશાલી વ્યક્તિથી માંડીને બીજા પણ અનેક મહાનુભાવોના જીવન ઝરમરના આબેહૂબ વર્ણન આપણે પ્રકાશ સમીક્ષાના અંકોમાં વાંચ્યા છે. પ્રકાશ સમીક્ષાના અનેક તંત્રીશ્રીઓ આ મહામૂલા પ્રકાશનને ઉચ્ચ શિખરો પર બિરાજમાન કરવામાં પોતાનો અમૂલ્ય ફાળો આપેલ છે. શ્રીમાન સનત શાહ, રાયચંદ રતનશી અને વર્તમાન તંત્રી શ્રી હિરાચંદ દંડે પોતાની કાબેલીયતથી જે સેવા અર્પણ કરેલ છે તે હકીકતમાં કાબીલેદાદ છે. જેથી પ્રકાશ સમીક્ષાનો શતાબ્દી મહોત્સવ ઉજવવા જ્ઞાતિ જનો ઉત્સુક અને ઉત્કંઠિત બન્યા છે.

જ્ઞાતિ સંમેલનોને સફળ અને સાર્થક બનાવવા પ્રકાશ સમીક્ષાનું અભૂતપૂર્વ યોગદાન છે. જ્ઞાતિની શૈક્ષણિક સંસ્થાઓ, મહાજનો, દેરાસરો, પાંજરાપોળ વિગેરેના વહીવટ કેવી રીતે ચાલી રહ્યા છે તે પ્રકાશ સમીક્ષાના અહેવાલોથી જાણી શકયા છીએ.

અનેક જ્ઞાતિજનો ધાર્મિક શૈક્ષણિક સામાજિક વિજ્ઞાનના ક્ષેત્રમાં પ્રગતિ સાધીને નામાંકિત થયા છે. કોઈ કોઈ વેપાર તથા ઔદ્યોગિક ક્ષેત્રમાં પોતાની આગવી અને અનોખી શૈલીથી સાહસખેડીને સુપ્રસિદ્ધ બન્યા છે. કોઈક રમત ગમત, ચિત્રકલા, પેઈન્ટિંગ ક્ષેત્રમાં પોતાની કળા ખીલવી સૌને આકર્ષિત કર્યા છે. કોઈ કોઈ સંગીત, વક્તવ્ય અને કવિતાઓના સર્જનહાર બનીને ઉચ્ચ શિખર પ્રાપ્ત કરેલ છે. કોઈક ટપાલ ટિકિટોના અવનવા સિક્કાઓના સંગ્રહકાર બન્યા છે. કોઈક ઈન્ફોર્મેશન અને ટેકનોલોજી જેવા આધુનિક ક્ષેત્રમાં પોતાની કુશળતા દાખવીને ભારત અને વિદેશમાં પણ ખ્યાતનામ થયા છે. કોઈકે રાષ્ટ્ર સેવા માટે જીવન અર્પણ કરીને જ્ઞાતિના ઈતિહાસમાં પોતાનું નામ સુવર્ણાક્ષરોથી અંકિત કર્યું છે.

આવું પ્રતિભાશાળી વ્યક્તિત્વ ધરાવનાર જ્ઞાતિજનોની ગૌરવ ગાથાથી ચિરપરિચિત રહેવા પ્રકાશ સમીક્ષાએ નિર્ણાયક ભૂમિકા અદા કરેલ છે. જ્ઞાતિને ઉચ્ચ શિખરો પર બિરાજમાન કરવામાં પ્રકાશ સમીક્ષાનું જબરદસ્ત યોગદાન સદા સ્મરણીય બનીને રહેશે.

અંતમાં કવિ તેજની બે પંક્તિઓ ટપકાવીને મારા લેખને વિરામ આપું છું.

''મા ભોમકાલા જોકો ખપીને ખાક થી વેંધા
તેંજો જગ ઈતિહાસ જે પન્ને રોંધો નામ સદાય અમર''

**– રમેશચંદ જયચંદ નાગડા – કોપલ**

આપણી જ્ઞાતિનું લોકપ્રિય મુખપત્ર પ્રકાશ સમીક્ષા જ્યારે શતાબ્દી વર્ષ ઉજવતું હોય ત્યારે આ ભવ્ય ઈમારતના પાયાના રત્નોને સો સો સલામ. વાચકોના પ્રતિભાવ, ઝુકી તો જવાય ને, નાના ગૃહ ઉદ્યોગ ચલાવતા જ્ઞાતિજનો માટે નિઃશુલ્ક જાહેરાતો તથા વિશેષ કરીને પરમ શ્રદ્ધેય શ્રી સનતભાઈ શાહના ધારદાર તંત્રીલેખો વાંચવા માટે પ્રકાશ સમીક્ષાની આતુરતાપૂર્વક રાહ જોવાતી.

વર્તમાનમાં મળવા જેવા માણસ, અતિથિ સંપાદકનો પ્રયોગ તથા અંગ્રેજી ભાષાના આર્ટીકલ આકર્ષણના કેન્દ્ર છે. આપણી જ્ઞાતિના મુખપત્રને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવો એ આપણી સૌની નૈતિક ફરજ છે. આવનારા સમય માટે પ્રકાશ સમીક્ષાને ઢેરસારી શુભકામનાઓ.

**– દિનેશ રતનશી શાહ (મૈશેરી), મોટી સિંધોડી (મલાડ)**

## પ્રકાશ સમીક્ષા સાથેના સંસ્મરણો

### પ્રકાશ સમીક્ષાની શાનદાર સફર

આપણી જ્ઞાતિને કચ્છ, ગુજરાતમાં સ્થળાંતર બાદ સ્થાયી થયાને લગભગ ૪૦૦ વર્ષે ઉપરનો સમયગાળો પસાર થઈ ગયો છે તે માહિતી પ્રકાશ સમીક્ષાના કોઈ એક અંક દ્વારા કેટલાક વર્ષો પૂર્વે જાણવા મળેલ. જ્ઞાતિની આ ચાર સદીઓની સફરમાં પ્રકાશ સમીક્ષાએ પણ એક સદીની પોતાની સફર પૂર્ણ કરી છે જેને એક નેત્રદિપક સિધ્ધિ માની શકાય. ભારતની આઝાદીને ૭૫ વર્ષ પુરાં થતાં સરકારે અમૃત કાલ જેવો શબ્દ પ્રયોગ કરેલ. તો પ્રકાશ સમીક્ષા માટે સુવર્ણકાલ શબ્દ પ્રયોગ જરૂર કરી શકાય. જ્ઞાતિની સફર દરમ્યાન અગાઉ 'જ્ઞાતિ જયોત' અને 'પાંજો પ્રતિબિંબ' નામના બે પ્રકાશનો પણ સામેલ છે. 'જ્ઞાતિજયોત' નો ઈતિહાસ મને ખબર નથી પણ પાંજો પ્રતિબિંબ એ લગભગ ૨૫ વર્ષ સુધી જ્ઞાતિની સેવા કરીને યથાશક્તિ જ્ઞાતિના વિકાસ માટે પોતાનો ફાળો આપેલ છે. મેં પણ 'પાંજો પ્રતિબિંબ' માટે કેટલાક ચર્ચા પત્રો તથા લેખ પણ લખેલ. પ્રકાશ સમીક્ષાની આ એક સદીની સફરમાં તેણે ઘણાં તડકા છાંયા જોયા હશે અને સ્વરૂપો બદલ્યા છે. જેમકે માસિક, અઠવાડિક અને હાલનું પાક્ષિક પ્રકાશન. સમયની માંગ અને પરિસ્થિતિ પ્રમાણે પરિવર્તન જ કદાચ પ્રકાશ સમીક્ષાની એક સદીની સફર માટેનું મુખ્ય પરિબળ હશે તેવું હું માનું છું. ગુજરાતી પ્રકાશનો એ ૧૦૦ વર્ષ પુરા કરેલ છે તેમાં 'મુંબઇ સમાચાર' અને સુરતના 'ગુજરાત મિત્ર' આ બે પ્રકાશનો પ્રમુખ છે. આ 'કલબ' માં આપણી અલ્પ સંખ્યક જ્ઞાતિના પ્રકાશન 'પ્રકાશ સમીક્ષા' નું સામેલ થવું એ એક ગૌરવપૂર્ણ સિધ્ધિ માની શકાય જેના માટે જ્ઞાતિ વત્સલ અને કર્મઠ પ્રકાશ સમીક્ષાની સમિતીના સભ્યોને હાર્દિક ધન્યવાદ તથા અભિનંદન.

કોઈપણ પ્રકાશનનો એક મૂળભૂત હેતુ હોય છે. કોઈના માટે એ વ્યવસાય હોય છે તો કેટલાક ખાસ કરીને સંસ્થાકિય પ્રકાશનો જેમકે R.S.S. (રાષ્ટ્રિય સ્વયં સેવક સંઘ) ના 'ઓરગેનાઇઝર' કે શિવસેનાનું 'સામના' એ પ્રચાર અને પ્રસાર માટેનું માધ્યમ છે. કોંગ્રેસ દ્વારા અગાઉ 'નેશનલ હેરોલ્ડ' નામનું અખબાર પ્રકાશિત થતું હતું. આ બધા પ્રકાશનો છે પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે સત્તા પ્રાપ્ત કરવાનો કે જાળવી રાખવાનો છે. લગભગ નિઃશુલ્ક એવા સમીક્ષા પ્રકાશનનો હેતુ શું હોઈ શકે? સ્વ. આર.આર. નાગડાના કોઈ લેખમાં મેં વાંચેલ જેને સ્મૃતિના આધાર પરથી લખું છું કે, આપણી જ્ઞાતિમાં સદીઓ પહેલાં જ્ઞાતિવત્સલ પણ પ્રમાણમાં જૂનવાણી એવા ધનિકો કે શેઠોનું વર્ચસ્વ હતું અને જે હમેશાં જોવા મળે છે તે 'જનરેશન ગેપ' ના કારણે જ્ઞાતિના યુવાનોનો આ કર્તાહર્તા જેવા ધનિકો સાથે વિચાર ભેદ રહેતો હતો. તેથી આવા કેટલાક યુવાનોએ એક જ્ઞાતિ મૂખપત્ર જેવા માધ્યમને પ્રકાશિત કરવાનું નક્કી કર્યું, જેથી તેઓ પોતાના વિચાર જ્ઞાતિ સમક્ષ રજૂ કરી શકે. આ એક વિચારબીજમાંથી પ્રકાશસમીક્ષાનું ઉદ્ગમ થયું જે આજે ૧૦૦ વર્ષ પછી એક સબળ સફળ નિર્ભિક, નિષ્પક્ષ અને પારદર્શક જ્ઞાતિ મૂખપત્ર બન્યું. આપણી અલ્પ સંખ્યક પણ સમગ્ર ભારત કે વિશ્વમાં સ્થાપિત જ્ઞાતીને ભાવાત્મક અને સામાજિક રીતે જોડી રાખવામાં આપણા જ્ઞાતિના મુખ્ય પત્રો એ પ્રશંસનિય કાર્ય કરેલ છે. જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના કાર્યોની વિગતોની માહિતી માટે પ્રકાશ સમીક્ષા એ સબળ માધ્યમ બની ચુક્યું છે.

પ્રકાશ સમીક્ષાના જૂના અંકોમાં જ્ઞાતિના સામાજિક, ધાર્મિક તથા સંસ્થાકિય પ્રવૃત્તિઓનો ઈતિહાસ જાણવા મળે છે. એ રીતે પ્રકાશ સમીક્ષા એ આરકાઇવ જેવું કાર્ય કરેલ છે. સમાજમાં અને સામાજિક સંસ્થાઓમાં મોટા ભાગે કોઈ કોઈક વાર સ્વછંદ વ્યવહાર પણ કરતા જોવા મળે છે. ખાસ કરીને જ્યારે સંસ્થા એટલી મોટી હોય કે તે સમગ્ર જ્ઞાતિની ઉપર તાત્કાલિક કે દૂરગામી અસર કરી શકે તેવી હોય ત્યારે, જ્ઞાતિના મુખપત્રોએ લાગતા વળગતા સંસ્થાના સૂત્રધારોને યોગ્ય સલાહ, સૂચન કે ટીકા ટીપણ પણ કરીને એક સકારાત્મક વિપક્ષની ભૂમિકા પણ ભજવી છે. જ્ઞાતિની મિલ્કતો અને ટ્રસ્ટોના વહીવટ બાબતે સ્વ. આર.આર. નાગડા પ્રકાશ સમીક્ષાના અગ્રલેખોમાં ઘણીવાર સંસ્થા સંચાલકોની નિતી કે લીધેલાં પગલાઓનું મુલ્યાંકન કરીને સમીક્ષા પણ કરતા તથા પ્રકાશ સમીક્ષાના 'ચર્ચાને ચોતરે' જેવા વિભાગો સમગ્ર જ્ઞાતિના અન્ય સામાન્ય જ્ઞાતિજનોને પોતાના વિચારો રજૂ કરવા માટે એક 'પ્લેટફોર્મ' પણ પુરું પાડેલ છે.

પ્રકાશ સમીક્ષાના જીવન ચક્ર વિભાગમાં જ્ઞાતિના સગપણ, લગ્ન, છુટાછેડા, જન્મ, મરણ તથા સરનામાં ફેરફાર (સ્થળાંતર) જેવા જ્ઞાતિના અસ્તિત્વને અસર કરતા પરિબળો નિયમિતપણે રજૂ થાય છે. જે જ્ઞાતિની Demo Mogra Graphic સ્થિતિને દર્શાવે છે. આ માહિતીઓના આધારે મેં અને અન્ય જ્ઞાતિજનોએ જ્ઞાતિમાં જનમ મરણની વિગતો પરથી જ્ઞાતિની ઘટતી જતી જન સંખ્યા પર આંકડાઓ આધારિત વાસ્તવિક સ્થિતિ ઉજાગર કરેલ છે. આવા જ આંકડાઓ આંતરજ્ઞાતિય લગ્નો, સગપણની સમસ્યા કે છુટાછેડા (લગ્ન વિચ્છેદ) બાબતે પણ ઉપયોગમાં લઈને લેખો લખેલ છે, જે જ્ઞાતિના સામાજિક સ્વાસ્થ્યને અસર કરતા મુખ્ય પરિબળો

## પ્રકાશ સમીક્ષા સાથેના સંસ્મરણો

માની શકાય.

કેટલાક વર્ષો પહેલાં એક અંગ્રેજી સુવાક્ય વાંચેલ જેનો ગુજરાતી અનુવાદ રજૂ કરું છું. 'સાથે આવવું એ શરૂઆત છે, સાથે કાર્ય કરવું એ સફળતા છે અને સાથે રહેવું એ સિદ્ધિ છે'. પ્રકાશ સમીક્ષાને તેની એક સદીની સફર, જે શરૂઆત, સફળતા અને સિદ્ધિનો ત્રિવેણી સંગમ છે તેના માટે હાર્દિક અભિનંદન અને ભવિષ્યની આવી જ નેત્રદિપક સિદ્ધિઓ માટે શુભેચ્છા.

છીપનું મોતી : સફળતા એ હિમશીલા (Ice Bung) છે જે માત્ર ૧૦% દેખાય છે અને બાકીના ૯૦% જે નથી દેખાતા તે સંઘર્ષ, મહેનત અને સર્મપણ છે.

### સફર, સંગાથ, સૂચન અને સ્મૃતિઓ

પ્રકાશ સમીક્ષાનો જ્ઞાતિ સાથે સો વર્ષનો સતત સંગાથ છે, જ્યારે મારો પ્રકાશ સમીક્ષા સાથે લગભગ ૧૬-૧૭ વર્ષનો સંપર્ક છે. પ્રકાશ સાથેના મારા સંપર્કના સમય ગાળામાં મેં લગભગ ત્રણેક કવિતા, કેટલાક ચર્ચાપત્રો અને અનેક લેખો લખેલ છે. બને ત્યાં સુધી હું સ્વકેન્દ્રીય કે સ્વપ્રશંસા લાગે તેવા લેખ લખવાનું મને પસંદ નથી પણ જ્યારે સ્મરણો લખવાનું આવે ત્યારે સ્વાભાવિક છે કે થોડી સ્વપ્રશંસા આ લેખમાં કોઈને પણ લાગી શકે છે. પણ એજ આ લેખનું હાર્દ છે. પ્રકાશ સમીક્ષા માટે મેં અંગ્રેજી અને ગુજરાતી એ બંને ભાષાઓમાં ઘણા લેખ લખેલા છે; જ્યારે કેટલાક લેખ દ્વિભાષી એટલે કે ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષાઓમાં પ્રકાશિત થયેલ છે

આમ તો પ્રકાશ સમીક્ષામાં શું છાપવું કે ન છાપવું એ નક્કી કરવાનો વિશેષ અધિકાર પ્રકાશક અને તંત્રીમંડળનો છે. પણ એક વાચક તરીકે મારું એક નમ્ર સૂચન છે કે પ્રકાશ સમીક્ષામાં એવા લેખોને પ્રાથમિકતા આપવી જોઈએ જેના વાંચનથી વાચકના જ્ઞાનમાં વૃદ્ધિ થાય કે તેના માનવીય મૂલ્યોમાં અભિવૃદ્ધિ થાય અને શક્ય હોય ત્યાં સુધી આવા લેખો મૌલિક હોય એ જરૂરી છે; કારણ કે ટેકનોલોજીના વપરાશ કે ઉપયોગથી કોઈપણ વ્યક્તિ કોઈપણ ભાષામાં સારો લેખક બની શકે છે, પણ સર્જક બનવું એ અઘરું છે. ઉદાહરણ તરીકે ગુજરાતના એક પ્રખ્યાત લેખક ડોક્ટર આઈ. કે. વીજળીવાળાએ ઇન્ટરનેટ પરથી માનવી મૂલ્યોમાં વૃદ્ધિ કરે અને માનવીય સંવેદનાથી ભરપૂર એવી ઘટનાઓનું સંગ્રહ અને સંકલન કરીને 'મોતીચારો' નામની એક પુસ્તિકા પણ પ્રકાશિત કરેલી છે, જેનો ડોક્ટર સાહેબે પ્રમાણિકતાથી ઉલ્લેખ પણ કરેલ છે.

પ્રકાશ સમીક્ષામાં સૌ પ્રથમ મારો લેખ લગભગ ૨૦૦૭ માં પ્રકાશિત થયેલો, જે પ્રકાશના અગાઉના ત્રણ વર્ષોમાં પ્રકાશિત થયેલ આંતરજ્ઞાતિય કે આંતરજાતીય લગ્ન સંબંધની જે વિગતો હતી તેના પરથી સંકલન અને પૃથુકરણ કરીને 'જ્ઞાતિમાં આંતર જ્ઞાતિય લગ્નની સમસ્યા લાલ બત્તી' એ શીર્ષક હેઠળ પ્રકાશિત થયેલ. આ લેખ અંગ્રેજીમાં હતો અને સ્વ. આર. આર. નાગડા સાહેબને ખુબ જ પસંદ આવેલો જેથી તેમણે એ લેખને સંપાદકીય એટલે કે 'એડિટોરિયલ પેજ' ઉપર સ્થાન આપેલ. ત્યારપછી લગભગ બીજા ત્રણ લેખોને પણ સંપાદકીય એટલે કે 'એડિટોરિયલ પેજ' ઉપર સ્થાન આપેલ, જેને હું સફળતા કે સિદ્ધિ નહીં. પણ પ્રકાશ સમીક્ષા દ્વારા મારું કરવામાં આવેલું સૌથી મોટું બહુમાન કે સન્માન માનું છું. આ સમયગાળા દરમિયાન પ્રકાશ સમીક્ષામાં ત્રણે ત્રણ સંપાદકો એટલે સ્વર્ગીય શ્રી આર.આર. નાગડા, શ્રી ઉદયનભાઈ શાહ અને વર્તમાન તંત્રી શ્રી હિરાચંદભાઈ દંડ સાથે મારા વ્યક્તિગત સંબંધો ખૂબ જ સૌહાર્દપૂર્વક રહ્યા છે હિરાચંદભાઈ દંડે તો મને કહેલું કે. શ્રી .'તમે પણ પ્રકાશ પરિવારના એક સદસ્ય જ છો. જૂન ૨૦૨૧માં મારા ધર્મ પત્ની શ્રીમતી નલીની ધરમશી નું અવસાન થયેલ ત્યારે પ્રકાશ પરિવારે એમને શ્રદ્ધાંજલિ આપીને આ શાબ્દિક ભાવના ને ચરિતાર્થ કરેલ, જેબદલ અમારો પરિવાર પ્રકાશ પરિવારનો સદાય ઋણી રહેશે.

અગાઉ જણાવ્યું તેમ પ્રકાશ માટે મેં અંગ્રેજી અને ગુજરાતી એમ બંને ભાષામાં લેખો લખેલા છે; પણ વાચકોના પ્રતિભાવ જોતા મને એવું લાગે છે કે ગુજરાતી લેખ વાંચનારાઓનો બહુ બહોળો વર્ગ છે. અગાઉ પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા લેખોના લેખકના સંપર્ક માટે ફોન નંબર કે ઇ-મેલ આઇડી જેવી વીગતો લેખની સાથે પ્રસિદ્ધ નહીં થતી હતી તે સમયે કેટલાક સુજ્ઞ વાંચકોએ પ્રયત્ન કરીને પણ મારો સંપર્ક કરેલો એવા કેટલાક જ્ઞાતિજનોમાં સ્વ. શ્રી ચીમનભાઈ મોમાયા (સેંધવા) અને સ્વ. શ્રી પ્રવીણભાઈ લોડાયા (વડોદરા) મુખ્ય છે. ત્યારબાદ જ્યારથી લેખકના ફોન નંબર આપવાની શરુઆત થઈ તે પછીથી અનેક જ્ઞાતિજનો તથા અન્ય જ્ઞાતિ બહારના વાંચકોએ મને ફોન કરીને પ્રોત્સાહન આપેલું છે; જેમાં શ્રી રમેશ જેઠાભાઈ નાગડા ( (કોચીન) અને શ્રીમતી ચંદ્રિકાબેન (પુના) નો વિશેષ ઉલ્લેખ કરવો જરુરી છે. કારણકે તેમણે પત્ર લખીને પ્રકાશ સમીક્ષાના તંત્રીશ્રીને મારા લેખ બાબત ખૂબ જ સકારાત્મક પ્રતિક્રિયા આપેલ અને તંત્રી મંડળે તેમના પત્રોને પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત પણ કરેલ, જે બદલ હું આપ સૌનો આભારી છું. એક સમય એવો હતો જ્યારે પ્રકાશ સમીક્ષામાં પ્રવિણ ભાઈ લોડાયા, પ્રવીણભાઈ ડાઘા અને પ્રવીણ ધરમશી એમ ત્રણ ત્રણ પ્રવીણ નામધારી લેખકોના લેખ પ્રકાશિત થતા હતા; ત્યારે એક વખત સ્વર્ગીય આર. આર. નાગડા સાહેબે મને ફોન કરીને મજાકમાં કહ્યું હતું કે લોકો કહે છે કે પ્રકાશનું નામ બદલીને પ્રવીણ સમીક્ષા કરી નાખો!

લગભગ દસેક વર્ષ પહેલા સુરતમાં પ. પૂ. હિમકારશ્રીજી મહારાજ સાહેબ ની એક દિવસની સ્થિરતા હતી. (સંસારિક નામ શ્રી હિરાચંદભાઈ ભવાનજી ખોના, ગામ નલિયા. મારા ધર્મપત્ની નલીની ધરમશીના ફોઈના પુત્ર હતા.) અમે સજોડે તેમને વંદન કરવા ગયા હતા.

## પ્રકાશ સમીક્ષા સાથેના સંસ્મરણો

ત્યારે તેમને લગભગ ૪૫ મિનિટ સુધી અમારી સાથે વાતચીત કરી હતી અને ખૂબ જ આશીર્વાદ આપેલા હતા. ત્યારે તેમણે મને કહ્યું કે હું ક્યારેક ક્યારેક પ્રકાશ સમીક્ષામાં તમારા લેખ વાંચું છું અને તમે ખૂબ જ સુંદર લખો છો, મારા આશીર્વાદ છે કે તમે આ ક્ષેત્રમાં હજુ વધારે પ્રગતિ કરો. અમે સાધુ ભગવંતો ધર્મ પ્રભાવના કરીએ છીએ જ્યારે તમે બંને જ્ઞાન પ્રભાવના કરો છો. મારા ધર્મપત્ની નલીની ધરમશી સુરતની બે પ્રસિદ્ધ અને પ્રતિષ્ઠિત સ્કૂલોમાં અંગ્રેજી માધ્યમમાં ૨૫ વર્ષ સુધી આચાર્ય હતા. પૂજ્યશ્રીના આ કથનથી અમે બંને ગદગદ, નતમસ્તક અને ધન્ય થઈ ગયા.

કેટલાક સુખદ અને અવિસ્મરણીય અનુભવો રજૂ કરું છું. કેટલાક વર્ષો પહેલા પ્રકાશ સમીક્ષામાં 'બહુમાનનો અતિરેકત' આ શીર્ષક નામનો મારો એક લેખ પ્રકાશિત થયો હતો. જે વાંચીને એક પરિચિત અને પ્રમાણમાં યુવાન એવા આપણી જ્ઞાતિના એક સંગઠનના પ્રમુખે મને ફોન કર્યો હતો અને કહ્યું હતું કે હું આ બહુમાનના અતિરેક્ત ને અમારા સંગઠનમાં ઓછું –કરવાનો પ્રમાણિકપણે પ્રયાસ કરીશ. ઓગસ્ટ ૨૦૨૧ માં અમે કચ્છ અબડાસાના પંચ તીર્થના દર્શને ગયા હતા. ત્યારે નામ આપ્યા વગર એક તીર્થની ખેદજનક પરિસ્થિતિ દર્શાવતો મારો લેખ પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થયો હતો તેના પછી બે ત્રણ દિવસમાં એ તીર્થના એક સનિષ્ઠ અગ્રણી અને કાર્યકરનો મારા પર ફોન આવ્યો અને ખૂબ જ સકારાત્મક ચર્ચા થઈ. ત્યરબાદ તે અને તેમની કાર્ય સમિતિના અથાક પ્રયત્નોથી છેલ્લા ત્રણ વર્ષથી ખાસ કરીને પર્યુષણમાં આ તીર્થ ખૂબ જ ધમધમતું થયું છે. કમનસીબે એકાદ વર્ષ પહેલાં એમનું અવસાન થયું. જ્ઞાતિને આવા કર્મઠ કાર્યકરોની ખૂબ જ જરૂર છે ત્યારે એમની ખોટ જ્ઞાતિને જરૂર સાલશે. હવે કેટલાક જોગાનું જોગ પ્રસંગો રજુ કરું છું. ઓગસ્ટ ૨૦૨૧ માં મારો લેખ 'કચ્છમાં આપણા તીર્થ સ્થાનોની દયાજનક પરિસ્થિતિ પ્રકાશિત થયેલો ત્યાર પછી પ. પૂ. જયદર્શીતા મહા સતીજીએ મહારાષ્ટ્રમાં જલગામમાં કચ્છના મહાજનોના પ્રતિનિધિઓની એક સભાનું આયોજન કરેલ અને આ બાબતે શું કરી શકાય એ સબંધે ચર્ચા વિચારણા કરેલ. કેટલાક વર્ષ પહેલાં પ્રકાશ સમીક્ષા માં 'ચૂંટણી એક અનિવાર્ય અનિષ્ટ' આ શીર્ષક હેઠળ મારો એક લેખ આવેલો, જેમાં મેં ભારતમાં ચૂંટણીના અતિરેક્ત વિશે લખેલું કે ભારત એ ચૂંટણી પ્રધાન દેશ છે. આજે કેન્દ્ર સરકાર આજ મુદ્દા પર 'એક રાષ્ટ્ર એક ચૂંટણી' એ સૂત્ર આપીને કાર્યરત છે.

પ્રકાશ સમીક્ષા આપણી જ્ઞાતિનું મુખ પત્ર હોવાથી દરેક જ્ઞાતિજનો વાંચે એ સ્વભાવિક અને અપેક્ષિત છે. પણ કેટલાક એવા વાંચકો પણ છે જે આપણી જ્ઞાતિના નથી એમની પાસે પ્રકાશ સમીક્ષા આકસ્મિક રીતે હાથમાં આવતા વાંચેલ છે કે ઇન્ટરનેટ ઉપરથી વાંચેલ છે, અને પછી મને ફોન કરીને મારા લેખ વિશે સુંદર પ્રતિક્રિયા પણ આપેલ છે એવા કેટલાક વાંચકોના નામ હું અત્રે રજૂ કરું છું, જે મારા માટે અને પ્રકાશ સમીક્ષા માટે સુખદ આશ્ચર્ય કહી શકાય. કેટલાક વાંચકોના મોબાઈલ નંબર પણ આપેલ છે.

મૂળ કચ્છના અને છેલ્લા ૩૦ વર્ષથી અમેરિકામાં રહેતા ગુર્જર સમાજના શ્રી નૌતમભાઈ પરીખ. મૂળ ભાવનગરના અને હાલ મુંબઈમાં સ્થાયી થયેલા ગોગારી સમાજના શ્રી બી.આર.શાહ. મૂળ જામનગરના અને હાલ મુલુંડ સર્વોદય નગરમાં રહેતા હાલારી વિશા ઓસવાલ સમાજના શ્રી કપૂરચંદભાઈ સુમેરિયા(કે આર. શાહ), રાજસ્થાની જૈન સમાજ સેવક સી.એ.શ્રી પ્રકાશદીપ ભાઈ ગુંડિયા(મો.૦૯૪૧૪૫૨૪૭૭૪). મૂળ કચ્છ કુંદરોડીના અને હાલ મુંબઈમાં સ્થિત શ્રી ક.વિ.ઓ. જૈન સમાજના પ્રમુખ શ્રી પન્નાલાલ ખીમચંદ છેડા. (મો.૯૮૨૦૨૮૪૦૪૪). આ કેટલાક નામો યાદ છે, આ વિષય પાર ઘણું લખી શકાય તેમ છે પણ મર્યાદાઓના કારણે હું આ લેખનું સમાપન કાઠિયાવાડની ગામઠી ભાષા કે તળપદી બોલી પ્રસિદ્ધ એક દુહા થી કરીશ જે છીપનું મોતી છે.

**છીપનું મોતીઃ નવ રહંતા ઠાકરા, નાણા નવ રહંત ; કીર્તિ કેરા કોટડા, પાડ્યા નહીં પડત**

**– પ્રવિણચંદ્ર શામજી ધરમશી (શાહ) – કોઠારા (સુરત), મો. : ૯૯૭૮૯૦૩૨૪૭**

----

बहुत सालों से प्रकाश समीक्षा यानी की आपके साथ जुडी हुई हुं। मैने बहुत सारी संस्थाओ के साथ भी काम किया है। और उन सभीके कार्यक्रमो का विवरण प्रकाश समीक्षाने नियमित रूप से प्रकाशित किया है । मेरे लिखे हुए अनेक लेख भी प्रकाश समीक्षामें छापकर मेरा हौंसला बढ़ाया है। प्रकाश समीक्षा आपकी वारंवार अनुमोदना एवम् आभार। जो इस तरह मै आप सभीसे प्रकाश समीक्षासे जुडी रही । फिर से एकबार दिलसे आभार । धन्यवाद ।

'चाहे नाम गुम जायेगा, ये चेहरा भी बदल जायेगा, पर मेरी आवाज और कलम ही मेरी पहचान सदा बनाये रखेगी।' बस भगवान से बार बार यही प्रार्थना करूँगी कि, आज मैं ७२ साल की हो गई हूँ, पर फिर भी प्रकाश समीक्षा के संग हंमेशा, जिंदा हुँ, तब तक, जुडकर रहना चाहुँगी ।

जय जिनेन्द्र, भुलचुक मिच्छामी दुक्कडम्

**– सौ शैला नरेन्द्र लोडाया–जलगाँव**

# પ્રકાશ સમીક્ષા સાથેના સંસ્મરણો

## સાગર સમાન ઐતિહાસિક સફરમાં મારા ૨ બુંદ જેટલા સંસ્મરણો

ઈલેકટ્રોનિક મીડિયા અને સોશ્યિલ મીડિયાના આ આધુનિક યુગમાં પ્રિન્ટ મીડિયાના વાંચનનું પ્રમાણ ભલે ઓછું થયું હોય પણ આપણી જ્ઞાતિના ગૌરવસમું સી.ડી.ઓ. પ્રકાશ સમીક્ષા જયારે તેના ૧૦૦ વર્ષ ની ઉજવણી કરી રહ્યું છે ત્યારે તેના તંત્રીશ્રી અને પુરા તંત્રીમંડળ અને તેની સાથે જોડાયેલ તમામ પૂજનીય વડીલો તથા તમામ વાચકગણને ખુબ ખુબ અભિનંદન.

હું પ્રકાશ સમીક્ષાનું મારા અભ્યાસકાળથી વાંચન કરું છું. અમારા ઘરમાં ૩ પેઢી પોતપોતાની કોલમ વાંચતા હતા જેમાં વડીલો તંત્રી લેખ અને સંસ્થા સમાચાર, જયારે ઘરની મહિલાઓ જન્મ-મરણ અને લગનની વિગતો મેળવતા હતા અને અમે યુવાનો લેખો, સમાજિક ઉત્થાનના વિષયો, કાવ્યો અને વતન પ્રેમ અંગે વાંચતા હતા. તેમજ અમારું નામ અને ફોટો જયારે પાસ થયાના અભિનંદન કોલમમાં છપાતા હતા ત્યારે અમને ગૌરવની લાગણી થતી હતી. વધુમાં જયારે આ કોલમ વાંચીને કોઈ સગા સંબંધીનો ફોન આવી જતો તો અમારી ખુશી બેવડાઈ જતી હતી. જે અમો લખેલ લેખો અને કવિતાઓના કટિંગ હજી પણ મારી ફાઈલમાં સંભાળીને રાખેલ છે.

ભલે આજે જમાનો ઝડપથી ચાલી રહ્યો છે અને આજે તો કાર્યક્રમ ચાલુ હોય ને સમાચાર મળી જતા હોય પણ વિસ્તારથી માહિતી વાંચવાની મજા તો પ્રકાશ સમીક્ષામાં જ આવે છે. અમે કચ્છમાં રહેતા હોઈ જે તે સમયે મુંબઈ અને દેશ દેશાવર જ્ઞાતિમાં શું ચાલી રહ્યું છે તેની માહિતી અને વિવિધ સંસ્થાઓ દ્વારા અવનવા કાર્યક્રમોની ઝલક આવતી એ વાંચવાનો અલગ ઉત્સાહ રહેતો. તેમજ શિશુ મહેલ, પ્રકાશ કિરણ, કાવ્ય પ્રકાશ તથા ચર્ચાના ચોતરેની સાથે સરનામું અને ફોન નંબર બદલાયેલામાં અમોએ ભાગ લીધેલ છે. સુડોકો તથા ધાર્મિક પ્રશ્નોત્તરી પણ ક્યારેક હાથે ચડી જતી. વધુમાં જ્ઞાતિના ગૌરવસમા વડીલોની જીવનગાથા અને તેમના જીવનકવન વાંચીને અમને પણ જ્ઞાતિ માટે કંઇક કરી છુટવાની ભાવના કેળવાતી હતી.

વધુમાં પ્રકાશ સમીક્ષા સાથે મારું એક સંસ્મરણ વગોળતાં એટલું જ કહીશ કે, જયારે અમો અમારા લેખ અને કવિતા લખીને મોકલતા અને આપણો લેખ પ્રકાશ સમીક્ષાના કયા અંકમાં છપાશે એવી ઉત્કંઠા રહેતી હતી. ત્યારે ઈ-મેઈલ કે વોટ્સએપ્પ ન હોવાના કારણે તે સમયે પોસ્ટ મારફતે મોકલતા હતા, અને રૂા.૫/- ની ટિકિટ લગાડી કવર લાલ ડબ્બામાં નાખી આવતા. પરંતુ એક વખત આપની ઓફિસથી એક પત્ર આવેલ કે તમે લખો તો સારું છો પણ એટલું પણ ના લખો કે અમને પોસ્ટની પેનલ્ટી ભરવી પડે. એ પછીથી મને સમજાયું કે કવરમાં વજન પ્રમાણે કાગળ મોકલવાના હોય અથવા તો વજન પ્રમાણે કવર ઉપર ટિકિટ લગાડવાની હોય. જે સંસ્મરણ આજે પણ મારા માનસપટ ઉપર રહેલું છે અને મને ઘણું શીખવા મળેલ છે. આ અનુભવો જીવનમાં હજી કામ આવે છે.

ઉચ્ચ અભ્યાસ અને વ્યવસાયિક જીવનની વ્યસ્તતાના કારણે લખવાનું ઓછું કરેલ હતું. પરંતુ પ્રકાશ સમીક્ષાના ૧૦૦ વર્ષ પુરા થવા જઈ રહ્યા છે ત્યારે હવે ફરી લખવાનું ચાલુ કરેલ છે. સમાજની વિવિધ બાબતો ઉપર પ્રકાશ પાડવાનો પ્રયાસ કરું છુ. આપના મુખપત્ર દ્વારા સમાજની નાની નાની બાબતોને આવરી લેવાય છે. જ્ઞાતિના વિકાસમાં પ્રકાશ સમીક્ષાનો ફાળો છે એ અવિરત ચાલુ રહે અને આ શતાબ્દી વર્ષ સુધીની સફરમાં જેમને પોતાનું જીવન ખપાવ્યું એવા તમામ પ્રત્યક્ષ કે પરોક્ષ વ્યક્તિઓને યાદ કરી અને આવનારા સમયમાં આપની આ ગૌરવગાથા એક નવો ઇતિહાસ રચે એવી અંતરની શુભેછાઓ સાથે આપશ્રીની આગેવાનીમાં આપ હજી પણ વધુ ને વધુ શિખરો સર કરો એવી શુભકામનાઓ.

**- એડ. કેતન મધુકાંત લોડાયા - કોઠારા (ગાંધીધામ)**

**એક ઉજવણી શતાબ્દીની...**

જેને અલગ-અલગ નામથી મળી હતી ઓળખ,
જેના તંત્રી બદલાયા, વિચારો બદલાયા,
પણ ના બદલાયી એની શાખ ...

થઇ રહ્યા છે જેના ઐતિહાસિક ૧૦૦ ગૌરવપૂર્ણ વર્ષ પુરા,
પણ હજી છે જ્ઞાતિના વિકાસ માટેના સપના અનેક અધૂરા...

એ જમાનામાં ટપાલ પણ પહોંચાડવી હતી એક મુસીબત,
પણ એના સાથે એવી તો લાગણી જોડાણી કે
બધાના દિલમાં હવે થઇ ગયું છે અંકિત...

આવનારા સમયમાં ભલે બધું થઇ જશે ડિજિટલ,
પણ મૌલિક લખાણ સાથે સિદ્ધાંતોનું પાલન
એજ બનાવે છે એને સ્પેશ્યિલ...

આ સફરને ચલાવવી એ કોઈ નાનીસુની વાત નથી,
જે યાદો ક્યારે વિશરાશે નહિ,
ભલે આવે નવા નિશાળિયા ને અડચણો અનેક,
પણ આ અવીરત પ્રવાહ ક્યારે અટકશે નહિ...

બધી ઉમરવાળા પોતપોતના વિષયની કોલમ છે વાંચે,
સમાજના પ્રશ્નોને હંમેશા વાચા આપી અગ્રતાક્રમ આપે...

કોઈ પણ પેઢી હોય અત્યારે, પણ સૌને યાદ રહેશે આ સફર,
જેની આતુરતાથી રાહ જોવાય, એ જ છે આપણું પ્રકાશ સમીક્ષા...

આજે ભલે સોશ્યિલ મીડિયાનો છે જમાનો,
પણ પ્રકાશ સમીક્ષાથી છે આપણો નાતો પુરાનો...

આવનારા સમયમાં પણ પ્રાપ્ત કરો ઉચ્ચ શિખરના સોપાનો,
આપ કરતા રહો ઉત્તમ કાર્યો, અમો આપીએ છીએ તમને
શુભેચ્છાનો ખજાનો....

**એડ. કેતન લોડાયા - ગાંધીધામ**

# વ્યક્તિ વિશેષ : શ્રી રાયચંદ પીતાંબર નાગડા



રાયચંદભાઈની બાલ્યાવસ્થા ખૂબ જ જાહોજલાલીમાં વિતેલ, એમનો જન્મ ૨૩.૦૬.૧૯૦૪માં ખંડવામાં થયેલ. એઓ હિંદી, મરાઠી, ગુજરાતી તથા ઈંગ્લીશ ભાષા ઉપર પ્રભુત્વ ધરાવતા હતા. સન ૧૯૧૭માં લોકમાન્ય તિલક ખંડવા આવેલ. ત્યારથી એમનું જીવન નવી દિશામાં ફંટાયું. તિલક અને ગાંધીજીના વિચારોથી એમના જીવનમાં પરિવર્તન આવ્યું. સાદુ જીવન અને ઉચ્ચ વિચારોના તાણાવાણાથી એમનું જીવન વણાઈ ગયું. દેશપ્રેમથી ઓતપ્રોત બન્યા. ખંડવામાં ઉગ્ર આંદોલન કરવા કટીબદ્ધ બન્યા. ૧૨ ઓગસ્ટ ૧૯૩૦ના દિવસે ગવર્મેન્ટ હાઈસ્કૂલ ઉપર તિરંગો ફરકાવીને બ્રિટીશ હુકમતના પાયા હચમચાવી દીધા. તિરંગો ફરકાવવાથી ખંડવામાં પ્રથમ ગિરફ્તારી સ્વીકારી જેથી બ્રિટીશ હુકુમતમાં હડકંપ મચી ગયું. એમના સ્વરાજ પ્રેમની ગાંધીજીએ પ્રશંસા કરી. રાયચંદભાઈના આગ્રહ ભરી વિનંતીથી મહાત્મા ગાંધીજી તા. ૯.૧૨.૧૯૩૩ના ખંડવા પધાર્યા અને 'નાગડા વિલા'માં જ ઉતર્યા હતા. ખંડવામાં ઘંટાઘર ચૌક ઉપરથી ગાંધીજીએ વિશાલ જનમેદનીને સંબોધેલ. આ ઘટના ખંડવાના ઈતિહાસમાં યાદગાર અને ચિરસ્મરણીય બની ગઈ. જેની તસ્વીરો અને કેમેરા આજે પણ નાગડા વિલામાં એક ધરોહર બનીને પ્રદર્શિત થઈ રહી છે. સ્વાતંત્ર સંગ્રામમાં વિદેશી વસ્તુઓનું બહિષ્કાર કરીને દેશપ્રેમી બંધુઓ આગમાં ભસ્મીભૂત કરી રહ્યાં હતા. તે સમયે રાયચંદભાઈના પત્ની માનકુંવરબેને પોતાના મોંઘેરા પોષાકોનું હોળી કરીને ઉજવલ દાખરો પ્રસ્તુત કર્યું. રાયચંદભાઈના પત્ની માનકુંવરબેને પોતાના મોંઘેરા પોષાકોનું હોળી કરીને ઉજવલ દાખલો પ્રસ્તત કર્યું. રાયચંદભાઈના પ્રયાસોથી પહેલી કન્યા મહા વિદ્યાલયનો શુભારંભ થયું. એઓ દસ વર્ષ સુધી મ્યુનિસીપાલિટીના અધ્યક્ષ સ્થાને રહ્યા હતા. તે સમયે ખંડવા પ્રગતિના પંથે આગેકૂચ કરેલ. આઝાદીના ૨૫મા વર્ષે તત્કાલીન વડાપ્રધાન ઈંદિરા ગાંધીએ દેશ માટે સમર્પિત આઝાદીના ઘડવૈયાઓને તામ્રપત્ર અર્પણ કરેલ. જેમાં રાયચંદભાઈને પણ આમંત્રણ આપેલ. રાયચંદભાઈએ સ્વીકારવા દિલ્હી ન ગયા અને કહ્યું કે મને સ્વરાજ જોઈતું હતું તે મળી ગયું છે. હવે મને કાંઈ પણ જરૂરત નથી. એમની ત્યાગ ભાવનાથી ઈન્દીરા ગાંધી પણ આશ્ચર્યચકિત થયા. અને એમણે અધિકારીઓની સાથખે તામ્રપત્ર ખંડવાના ઘરે મોકલીને રાયચંદભાઈનું બહુમાન કરેલ.

**–રમેશચંદ જયચંદ નાગડાના જય જીતેન્દ્ર**








# સ્વ. હીરાચંદ શીવજી મેપાણીનો મૃત્યુ પત્ર

હીરાચંદ શી. મેપાણી
ફોન: [illegible]
[illegible]
[illegible]
[illegible]

<u>સૂચનો</u>

✓ દૈનિક વર્તમાન પત્રોમાં અવસાન થયાના સમાચાર પ્રસિદ્ધ માટેનું લખાણ આ સાથે સામેલ છે. તેમાં મારી અંતિમ ઇચ્છાનુસાર મારા કોઈપણ ફેરફાર કરવું નહિં લખાણમાં વધારો ન કરતાં ટૂંકું અને ઓછું રહેવા દેવું. લખાણમાં સ્વર્ગવાસ થયાનું કે અરિહંતશરણ પામ્યા છે વ. એવા શબ્દો લખવા નહિં તેમજ લૌકિક વહેવાર બંધ રાખેલ છે, એવા શબ્દો પણ લખવા નહિં.

✓ ૬૦/૬૫ની વય ઉપરના અવસાન માટે સાદડી પ્રાર્થના સભા કે શોક [illegible] એવા કોઈ રિવાજને મુદલ અનુસરવું નહિં માત્ર અવસાન થયેલ છે તેની જાણકારી સર્વેને મળે એટલા પૂરતી અવસાન નોંધ છાપાંઓમાં પ્રસિદ્ધ કરવામાં આવે એટલુંજ પૂરતું છે. અવસાન નોંધના સમાચારમાં [illegible] લખવું છપાવવું નહિં જેથી લોકોને [illegible] શોક વ્યક્ત કરવા [illegible]

✓ [illegible]

✓ કોઈપણ છાપું કે સામયિકમાં ક્યાં પણ મારી યાદમાં ફોટો, પરિચય, [illegible] કે શ્રદ્ધાંજલિ વ. એવું લખાણ છાપવું છપાવવું નહિં [illegible] પ્રસિદ્ધ ન થાય તેમ કરવું છું.

✓ મારી અંતિમ ઇચ્છા મુજબ બાઈને પણ મારો પાછળ શોક પાળવા દેવું નહિં. પહેરવેશ, હાથનું બંગડી ચાંદલો વ. બધું એજ પ્રમાણે ચાલુ રાખી એમાં કાંઈપણ ફેરફાર કરવું નહિં.

✓ દેહદાન તથા ચક્ષુદાનનું રજીસ્ટ્રેશન [illegible] હોસ્પિટલ સાથે થયેલ છે તેના રજીસ્ટ્રેશન સર્ટિફિકેટ આ સાથે સામેલ છે. જો મુંબઈમાંજ અવસાન થાય તો [illegible] હોસ્પિટલને દેહદાન અને ચક્ષુદાનની વ્યવસ્થા કરવી. જો કે હાલમાંજ MAY 1993 માં [illegible] અને [illegible] અગ્રણી એવા [illegible] જેમણે પણ પૂર્ણ [illegible] હોસ્પિટલને દેહદાન કરેલ અને [illegible] પોતે પણ દેહદાન [illegible] દેહદાન પ્રવૃત્તિ માટે પ્રચાર કરતા હતા પણ [illegible] હોસ્પિટલ માટે [illegible] તથા [illegible] એવા સમાચાર છાપાંઓમાં પ્રસિદ્ધ થયેલ છે તો [illegible]

[illegible] મારા દેહદાનના ઉપયોગના ન હોય તો ઇલેક્ટ્રીક ક્રીમેટોરિયમમાં અંતિમ સંસ્કાર કરવું. ચક્ષુદાન [illegible] ઉપયોગી થઈ શકે તેમ હોય તો રજીસ્ટ્રેશન [illegible] મુજબ [illegible] હોસ્પિટલને ચક્ષુદાન [illegible] થઈ શકે તે માટે વ્યવસ્થા કરવી.

**– મારા અવસાન બાદ મારા માટે [illegible] વગેરે કાંઈપણ કરવું નહિં.**

મારા મૃત દેહપર પુષ્પ કે સુખડના હાર કે પુષ્પોનો ઉપયોગ કરવો નહિં તેમજ [illegible] વગેરે પહેરાવવા નહિં.
મૃત દેહપર [illegible] [illegible]

– [illegible] નહિં [illegible]

– [illegible]

સૂચના (વસીયત) કરી દેવું

# રૈયાણ જો મસ્તમોલાના ફકિર

લેખક : સોમ ધરમશીં, મો. : ૯૭૨૬૭ ७६६२७



**તેજપાલ ધારશી શાહ કવિ 'તેજ'**

કવિતા મને ગમે છે અને કવિતા ન ગમવાનું એક પણ કારણ નથી હોતું. જેમ પ્રેમ કરવાનાં કોઈ પણ કારણ હોતા નથી તેમ કેટલીક કવિતા સાથે ક્યારે પ્રેમ થઈ જાય છે, તે ઘણીવાર તેની પંક્તિઓ કાનમાં ધુમરાતી હોય છે ત્યારે તેની પ્રતીતિ થાય છે. સૃષ્ટિ પર પથરાયેલું સૌંદર્ય પણ કવિતા જ છે ને.

કવિતા ગમે છે તેથી તેના રચયિતા પણ જાણતાં અજાણતાં ગમવા માંડે છે, આ કવિ કેવી રીતે રચતો હશે કવિતા ? હૃદયના ભાવને, શબ્દોનાં તાણા વાણાં પર ગુંથી પરિપક્વતાનાં નીંભાડામાંથી કાગળ ઉપર સાંગોપાંગ ઉતારે છે ત્યારે કોઈ માતાને પ્રસવ વેદના થાય છે, તેવું જ કાંઈ કવિને થતું હશે ? મને ઘણા બધા કવિઓ ગમે છે પણ કવિ તેજ વિશેષ ગમે છે. તેના કારણો શોધવા બેશું તો અમૃત ઘાયલની પંક્તિઓ યાદ આવી જાય.

**''કાજળભર્યા નયનનાં કામણ મને ગમે છે,**
**કારણ નહીં જ આપું, કારણ મને ગમે છે.''**

સ્મૃતિપટ પર છવાયેલા વાદળાંઓને વિખેરું અને કવિ શ્રી તેજ સાથે માણેલાં પ્રસંગોનાં સંસ્મરણોની માળા ગુંથવા બેશું તો જૂનાગઢના શ્રી મનોજ ખંડેરીયાની અમર લાગણી સભર રચના બહાર આવે.

**''ક્ષણોને તોડવા બેસું તો વરસોનાં વરસ લાગે,**
**બુકાની છોડવા બેસું તો વરસોના વરસ લાગે,**
**મને સદ્‌ભાગ્ય કે શબ્દો મળ્યા તારે નગર જાવા,**
**ચરણ લઈ દોડવા બેસું તો વરસોનાં વરસ લાગે.''**

તેજની પાસે નિરક્ષિણની એક વિશેષ કલા છે. એ કલા જીવનસાથીના વિયોગ પછી કચ્છનાં સીમાડામાં, રખડતાં-રખડતાં આ અલગારી માણસે કદાચ આત્મસાધ્ કરી હશે. આ અદ્‌ભૂત નિરિક્ષણ કલાનાં દર્શન તેમની કવિતામાં ઠેર ઠેર જોવા મળે છે.

કવિની અંદર એક ભગત જીવ પણ બેઠેલો છે. અને તેથીજ પ્રભુ ભક્તિનાં ગીતો શ્રી પાર્શ્વનાથ તથા ભોળા શિવશંભુ ઉપરના કાવ્યોમાંથી મળે છે. સાથે સાથે આપણા ધર્મમાં ઘુસી ગયેલા ઢોંગીપણા તેમજ સામાજિક અન્યાયો ઉપર ચાબખા મારવાનું 'તેજ' છોડતા નથી તેથી કેટલાક લોકો વચ્ચે તે અળખામણાં થઈ પડે છે.

ફક્ત ચાર ચોપડીનો અભ્યાસ, તે પણ દરેક ધોરણમાં બે-બે ત્રણ-ત્રણ વર્ષ અને તે છતાં કવિતાનાં બધા સ્વરૂપોનું ખેડાણ કરી શકે તે ઈશ્વરી દેન હશે કે આંતરિક સુઝ ? પારંપારિક કવિતાથી લઈ અતિ આધુનિક કવિતાના લક્ષણો તેમની કવિતામાં દ્રષ્ટિગોચર થાય છે. પ્રભુ ભક્તિના ગીતો, કાફીઓ, દુહાઓ, ગીતો, ગઝલો, બેત, અછાંદસ, હાઈકુ કે તાન્કા તેમની કવિતામાં પ્રાણ પુરે છે. બાળ કાવ્યો, રાસ ગરબા, પીરોલી ઉપર પણ તેમણે હાથ અજમાવ્યો છે.

કવિને ઘણા માન-અકરામો મળ્યા છે પણ આવા કવિશ્રીનું કચ્છ સાહિત્ય અકાદમી કે દિલ્હી સાહિત્ય અકાદમી **''ગૌરવ સન્માન''** કરે તે જ સરસ્વતી દેવીનાં કવિને સાચા આર્શિવાદ છે.

તા. ૧૧ જુલાઈ, ૧૯૩૭ના નલિયા-કચ્છના શાહ ધારશીં દેવરાજ નાગડાના ઘરે સ્વ. વેજબાઈની કુખે જન્મ, શાળાનું ભણતર નલિયાની શેઠશ્રી ગોકુલદાસ તેજપાળ શાળામાં પણ... અડધોથી વધુ વખત સીમમાં રખડવામાં કે તળાવમાં ધુબાકા મારવામાં, બે-બે, ત્રણ-ત્રણ વર્ષ દરેક ધોરણમાં રહી બારથી તેર વર્ષ શાળામાં વિતાવ્યા બાદ નોકરીની શોધ, બદલાવતા-બદલાવતાં જંગલ ખાતાની સરકારી જીપ ડ્રાઈવરની નોકરીમાં સ્થાઈ થયા. ઈ.સ. ૧૯૬૩માં લગ્ન કરી સંસારમાં ઠરીઠામ તો થયા પણ એ સુખી દામ્પત્યજીવન અલ્પ જીવી નિકળ્યો. સહધર્મચારીણી જયાબેન અરિહંત શરણ થયા.

કવિ તેજનું જીવન છેરણ-વેરણ થઈ ગયું, આ કારમો ''ઘા'' અને પાંચ સુપુત્રીઓ અને ત્રણ સુપુત્રોને મોટા કરવાની જવાબદારીએ તેજના કવિત્વને વધારે સંવેદનશીલ બનાવ્યું.

**''ભલા, ઓચિંધો કીં ભંધ થેઓ કુણકાર ?,**
**ભો ! મોભી કુંજડીં જ થિઈ વિઈ કતારનું ધાર''**

કચ્છમાં દેખાતી હારબંધ કુંજલડીઓની પંક્તિઓનો અહીં કવિએ કેવો માર્મિક અર્થ લીધો છે. પોતાની પત્ની જે પરિવારની મોભી કુંજલડી હતી તે કતાર છોડી આકાશમાં ઉડી ગઈ અને તેથી હસતો-રમતો સુખી પરિવાર જેમાં કુણકાર હતો તે કિલકિલાટ બંધ થઈ ગયો.



**મુશાયરામાં રજુઆત કરતાં**

જીપ ડ્રાઈવરથી કારકિર્દી શરૂ કરનાર કવિ તેજે સાહિત્યની જીપ પુરપાટ દોડાવી છે. સાહિત્યનાં દરેક પ્રકાર જેવા કે 'કવિતામાં ગીત, કવિત, દોહા, બેત, સંગર, મુક્તક, હાઈકુ, અછાંદસ કવિતા અને કોઈપણ કાવ્ય પ્રકારમાં ન બંધાય તેવી રચનાઓ પણ આપી છે.' (સૌજન્ય શ્રી પ્રભાશંકર ફડકે

કૃત- ''**શબ્દને સથવારે**'' પુસ્તક માંથી) કવિશ્રીએ કવિતા ઉપરાંત ગદ્યમાં પણ ખેડાણ કર્યું છે, તેના ઉત્કૃષ્ટ નમુનાઓ અમુક પુસ્તકોમાં છલકાઈને બહાર આવે છે, તો ''ટીટોડ઼ી ટૌકા કરે''માં તેમની નાટ્ય લેખનકલા પણ તેના સંવાદો માટે આજે પણ સાંભરે છે.

કવિશ્રી સાહિત્યનાં દરેક પ્રકારમાંથી પસાર થયા છે અને પોતાની રચનાઓ દ્વારા ''ભક્તિ, વૈરાગ્ય, નિયતી, માયા, ધાર્મિક પાખંડ, પ્રકૃતિ, અનુભૂતિ, અહિંસા, મુલ્ય મહિમા, કુટુંબ પ્રેમ, શિક્ષણ, વિજ્ઞાન, કોમી એકતા અને સદ્ભાવ જેવા અનેક વિષયોને સામાન્ય માનવી સુધી સાહિત્યનાં માર્ગે પહોંચતા કર્યા છે.

કવિશ્રીની કેટલીક રચનાઓ ઉપાધ્યાય શ્રી ભુવનચંદ્રજી મ.સા. ''ચિન્મય''ને ગમી તેથી સામાન્ય જનતા સુધી અંગ્રેજીમાં રૂપાંતર કરી આપણને ''The Rays Of Light'' મળે છે.

**''ખિલી ગિન, મિલી ગિન, હી મોભતજો મેડ઼ો;**
**ચઇં ડીંએંજે ખેલમેં, 'તેજ' ખોભરો કેંડ઼ો ?''**
Meet, greet and treat people with love and care;
How logn our stay will be in this life's fair ?

**''સુકી ભઠ ભોમકા, સુકા નીરનવાણ;**
**તય અસાંજે મુલકમેં નાંય નીલપજી તાણ.''**
"Arid is the land and water is scanty;
But in our motherland, wormth is in plenty."

**''માણેઓ ત મિંજ પિઈ માણે ગિનોં 'તેજ';**
**ભાંકી સાંયર વટ લૅરીંએંજા લેખા ન વેં.''**
"Plunge into the sea and enjoy if you dare;
To sit on bank and count ripples is not fair."

ઈ.સ. ૨૦૧૮માં તેમના ચાલીશમાં પુસ્તક ''ખીરખન'' જેમાં તેમણે પસંદ કરેલી તેમની પ્રકાશિત થયેલી રચનાઓથી પૂર્ણ થયેલ છે.

કવિશ્રીનાં જીવનની અદ્ભૂત મને ગમતી રચના...
**''મેડ઼ેમેં હટડ઼ી મંટીયું ઘિરાકી કિતરી વાર !**
**'તેજ' ખટ તાં એડ઼ી નેઆરજે જો'કો હલે સજી જમાર.''**
**''તડેં પાં ખુસીમેં ખુલા ખિલી વિઠા અઇંયું;**
**જડેં જીયણમેં 'તેજ' ઘણે ભુલી વિઠા અઇંયું.''**

કવિને આદરાંજલી
**''તેજ એટલે માત્ર કવિ નહીં યુગ સર્જક કવિ...''**

કવિ 'તેજના સર્જનમાં વિસ્મય છે, જીવન સાથી ગુમાવવાના લગભગ એક દાયકામાં જીવનની અસહાયતા છે, તો તે પછી આધ્યાત્મિકતા અને છેવટે દુનિયા સાથે એકાકાર થઈ જવાની મસ્તી છે.

ઉપરાંત કચ્છી લોકજીવનનો ધબકાર... ખાસ કરીને કચ્છીઓની રમૂજવૃતિ 'તેજ'માં ઠાંસી ઠાંસીને ભરેલી છે. એટલ જ તો કવિ આધ્યાત્મિકતા સુધી પહોંચ્યા પછી પણ ''રૈયાણ''ના માણસ રહી શક્યા છે. **-ચંદ્રસેન મોમાયા (સહતંત્રી પ્રકાશ સમીક્ષા)**

**કવિ 'તેજ' એટલે સૂકી ધરાનું ભીનું નજરાણું...!**
**-કવિ કુસુમકાન્ત શાહ**

**''સ્વ. મેઘબિંદુની 'તેજ' સાથે મુલાકાત...''**

'સહજતા, સરળતા જેની કવિતાનો પ્રાણ છે એ કવિ 'તેજ', માણસ પણ મળવા જેવો.

કવિ તેજની કવિતા દ્વારા મેં કુદરતના ટહુકાઓ સાંભળ્યા છે, તો ક્યારેક ભાવ-ગીતોથી ભીંજાયો પણ છું. 'ટીટોડ઼ી ટહુકા કરે' એ કાવ્યમાં કવિ તેજનો સાચો પરિચય થાય છે. પોતાની ષષ્ઠીપૂર્તિ વર્ષે જ સૂચક રીતે કવિ 'વિરાંઢ'ની વાત કરે છે.

'તેજ'ની અનુભૂતિ કરી શકાય, એને શબ્દો દ્વારા વ્યક્ત કેમ કરી શકાય ? **તેજ એટલે 'તેજ'. - મેઘબિન્દુ**

કચ્છી ડાયરાઓમાં 'તેજ'ની રચનાઓ ગાતી વખતે ગાયક અને શ્રોતાઓ વચ્ચે એક અદ્ભુત અવર્ણનીય ભાવ જગત સર્જાતું વારંવાર અનુભવ્યું છે. કવિ 'તેજ'ની રચનાઓ વિનાનો કચ્છી ડાયરો યાદ નથી આવતો. વિશિષ્ટ વ્યક્તિ, વિશિષ્ટ જીવનશૈલી અને વિશિષ્ટ અભિવ્યક્તિમાં માહિર.

**'તેજ' એટલે બસ 'તેજ'....... - શ્રી લાલ રાંભીયા.**

જિંદગી તો આય 'તેજ' હથારી મેં ચાંધ
**- શ્રી રામ અંતાણી (સંપાદક, કચ્છમિત્ર પૂર્તિ)**

છેલ્લે તેમની જ એક રચનાથી તેમને સ્મરણાંજલિ..
**''વિલ સિરી વેંધી ફુલ કિરી વેંધો !**
**કડેક હી તેજ-પ-તેજમેં ભિરી વેંધો !''**

મુશાયરા કે કવિ સંમેલનનો નહીં પણ રૈયાણના આ મસ્ત ફકીર કવિને મળવાનો અને માણવાનો અનુભવ આનંદ પ્રદાન કરે છે. ભલે દૈહિક રૂપે શ્રી તેજપાલ ધારશીં નાગડા આપણી વચ્ચે નથી પણ કવિ 'તેજ' તરીકે એમની કાવ્યરત્ન કણીકાઓથી હંમેશ આપણા દિલમાં કાયમ રહેશે.



# કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિનો ઈતિહાસ



– રમેશ મુલજી લોડાયા, સેવક ભરૂડિયા (મુલુંડ)

''ઓસવાલ'' નામનું મૂળ ભારતના રાજસ્થાન રાજ્યના જોધપુરથી લગભગ ૬૦ કિલો મીટર ઉત્તર-પશ્ચિમમાં આવેલા ઓસિયા નામના એક નાનકડા ગામ સાથે જોડાયેલું છે. હાલનાં ઓસિયા સ્થળે એક સમયે એક મોટું નગર હતું.

અનેક ગ્રંથોમાં ઓસવાલોની ઉત્પત્તિ બાબત લખાયું છે કે આચાર્ય રત્નપ્રભસુરી વિહાર કરતા ઉપકેશ પટ્ટન (હાલનું ઓશિયા)માં આવ્યા અને ત્યાંના તે સમયના રાજા ઉપલદેવ અને તેમના મંત્રી ઉહડને પ્રતિબોધી જૈન બનાવ્યા. એમની સાથે હજારો રાજપૂતોએ પણ માંસાહાર ત્યાગી જૈન ધર્મ અપનાવ્યો. આવા માંસાહારમાંથી શાકાહારી બનેલાને જુદા પાડવા તેમને આચાર્ય સ્વંયપ્રભસૂરીએ બનાવેલ મહાજન સંઘ કે મહાજન વંશમાં જોડ્યા. જેઓની પાછળથી ઓસવાલ જ્ઞાતિ બની.

આ રત્નપ્રભસૂરી ક્યારે થયા અને ક્યા સમયે જૈન બનાવ્યા એ બાબતે જુદા જુદા મતો પ્રવર્તે છે. વિક્રમ ૧૩૯૩માં ઉપકેશગચ્છના કક્કસુરીએ રચેલા ઉપકેશગચ્છ ચરિત્ર અને અન્ય ગ્રંથો અનુસાર જૈન તીર્થંકર પાર્શ્વનાથ ભગવાનની પરંપરાના સંપ્રદાયમાં છઠ્ઠી પાટે રત્નપ્રભસૂરી થયા જેઓ વિરાત્ (ભગવાન મહાવીરના નિર્વાણ) પછી બાવન વરસે આચાર્ય થયા અને વિરાત્ ૭૦ વરસે ઓશિયા નગરમાં જૈનો બનાવ્યા. બીજો મત અનુસાર વહીવંચા/ભટ્ટ/બારોટોનાં કવિતો/ ગુટકા (નોંધો)માં બિયાં બાવીસે એટલે સંવત ૨૨૨માં ઓસવાલ થયા તેવું લખ્યું છે. તે કયો સંવત હતો તે જાણી શકાયું નથી. વળી આ કવિતમાં આભાસન. ૨૨૨મ આભા નગરીમાં ખ્યાત પુરુષ ઓશ્વાન્શમાં થઇ ગયો તેવું નોંધ્યું છે. જે દર્શાવે છે કે સં. ૨૨૨માં ઓશવાલો હતા. ત્રીજો મત ઈતિહાસકારો/ પુરાતત્વવેતાઓ ઓસવાલોની ઉત્પત્તિનો સમય વિક્રમની ૮ મી સદીનો સ્વીકારે છે. કારણ તે પહેલાના કોઈ પુરાવા-મુદ્રા,તામ્રપત્ર, શિલાલેખો મળતા નથી. પરંતુ આ ત્રણે મતો એક વાતનો તો સ્વીકાર કરે છે કે ઓસવાલોની ઉત્પત્તિ મારવાડના ઓશિયા નગરમાં આચાર્ય રત્નપ્રભસુરીએ રાજપૂતોને પ્રતિબોધીને કરી.

શરૂઆતમાં શ્રીમાલી, પોરવાલ, ઓસવાલ, અગ્રવાલ, ખંડેલવાલ જેવી જૈનોમાં જ્ઞાતિઓ ન હતી. બધા મહાજન વંશ કે મહાજન સંઘ તરીકે ઓળખાતા હતા. આ સંઘમાં ક્ષત્રિય, બ્રાહ્મણ અને વૈશ્યો હતા પણ મહાજન વંશમાં તમામ એક હતા, કોઈ વર્ણભેદ ન હતો. વર્ષો બાદ ખંડેલા નગરમાં સંમેલન થયું ત્યારે જુદી જુદી દિશામાંથી નવા બનેલા જૈનો આવ્યા અને એ સંમેલનમાં સામાજિક, સાંસ્કૃતિ, આર્થિક અને ધાર્મિક પ્રશ્નો ચર્ચાયા તેમજ આવેલા લોકોને જે તે પ્રદેશમાંથી આવ્યા તે પ્રદેશ પરથી એમનું અલગ નામ અપાયું જેમ કે શ્રીમાળમાંથી આવ્યા તે શ્રીમાલી, ઓશિયાથી આવ્યા તે ઓસવાલ, પદ્માવતી નગરથી આવેલા તે પદમાવત કે પોરવાલ, આગ્રાથી આવેલા તે અગ્રવાલ, ખંડાલાના ખંડેલવાલ નામ આપ્યું. આવી રીતે મહાજન વંશની સાડા બાર જ્ઞાતિ થઈ. ખંડેલામાં થોડા લોકો જૈન ધર્મ પાળતા હતા અને થોડા મહેશ્વર હતા એટલે ખંડેલાની અડધી જ્ઞાતિ ગણવામાં આવી. આ બધી જુદી જુદી નાતના જથ્થા બંધાયા અને બેટી વહેવાર પોતપોતાની નાતમાં સિમિત રાખો એવું નક્કી થયું.

ઓસવાલ જ્ઞાતિના મૂળ સ્થાપક ઉપકેશ ગચ્છાચાર્ય રત્નપ્રભસૂરિ છે અને ત્યાર બાદ થયેલ અનેક જૈનાચાર્યો નવા નવા અજૈનોને પ્રતિબોધી જૈન બનાવી ગચ્છમાં સામેલ કરતા રહ્યા. આ ઉપરાંત અન્ય ગચ્છોના આચાર્યો જેઓ ઉદારવૃત્તિવાળા હતા અને પોતાના ગચ્છ પ્રત્યેની લાગણીઓ હતી માટે એમણે પ્રતિબોધેલા લોકોને અલગ ન રાખતા ઓસવાલ વંશમાં સામેલ કરી સંઘનું હિત કર્યું. આ રીતે જૈન બનવાનો સિલસિલો વિક્રમની ૧૬મી સદી સુધી ચાલુ રહ્યો. ૧૮ ગોત્ર જે વિક્રમ સંવતના ચારસો વર્ષ આસપાસ હતા. ૧૮ ગોત્રથી શરૂ થયેલ ઓસવાલ જ્ઞાતિમાં આજે ૨૭૦૦થી વધુ ગોત્ર છે.

ઓસવાલોની અધિઅધિષ્ઠાયિકા કુળદેવી સચ્ચાઈ માતા છે, જેનું મુખ્ય સ્થાન ઓશિયા, બીજું સ્થાન થારપારકર અને ત્રીજું સ્થાન એ ગુંદાલા છે. રાજપુતમાંથી જૈન થયા ત્યારે જૈનાચાર્યોએ પોતપોતાની કુળદેવીને કુળદેવી તરીકે ચાલુ રાખવાની છૂટ આપેલી. કેટલાક ગોત્રો અંબા માતા, આશાપુરા માતા અને મોમાઈ માતાને કુળદેવી તરીકે પૂજે છે. કેટલાક ગોત્રોમાં કુટુંબની વહુ કે દીકરી પણ કુળદેવી તરીકે પૂજાય છે. સિંધમાંથી કચ્છ આવતી વખતે સચ્ચાઈ માતાની સહાયથી હેમખેમ કચ્છ પહોંચ્યા તેથી ઘણા ઓસવાલોએ સચ્ચાઈ માતાને પોતાની કુળદેવી સ્વીકારેલ છે. વળી સચ્ચાઈકાદેવી (સચ્ચાઈ માતા) પરમાર કુળની કુળદેવી હોઈ અને આપણી મોટા ભાગની નુખો(ગોત્રો) પરમાર વંશમાંથી નીકળ્યા હોવાથી આપણા મોટાભાગના લોકોને ગોત્રજા/ કુળદેવી સચ્ચાઈ માતા છે.

પ્રતિકૂળ કુદરતી પરિસ્થિતિઓ જેવી કે યુદ્ધો, વિદેશી આક્રમણો, દુષ્કાળ જેવી કુદરતી આફતો, પ્લેગ, કોલેરા,મેલેરિયા જેવા રોગચાળા, ભૂસ્તરશાસ્ત્રીય ફેરફારો, વાતાવરણમાં ફેરફાર, અને મજબુરી જેવી કે ખરાબ અથવા દમનકારી કાયદા, ભારે કરવેરા, ધર્માંતરણ, વેપાર, સામાજિક રાજકીય અથવા ધાર્મિક બંધન, વસ્તીમાં વધારાનું દબાણ, અપર્યાપ્ત જમીન, ખોરાક અને રોજગારની સમસ્યાઓને કારણે કેટલાક ઓસવાલ મહાજનોએ વધુ સારા

જીવનની શોધમાં ઓસિયા ગામ છોડી થારપારકરમાં આવ્યા. ત્યાંથી પાણીની સમસ્યાને કારણે ઉત્તર તરફ સિંધમાં ગયા.

**સિંધમાંથી કચ્છમાં ઓસવાલોનું આગમન**

સિંધનો રાજવી હમીર સુમરો જે હિન્દુમાંથી મુસ્લિમ થયેલ છતાં હિંદુ ધર્મ પર મન ધારાવતો હતો. એણે ઓસવાલોનું રક્ષણ કરવાનું વચન આપેલ પણ રક્ષણ કરતા મર્યો. ઓસવાલો તેનો સૂગ રાખી ચાલી નીકળ્યા ફરી દક્ષિણે પારકર પ્રદેશમાં આવ્યા. પરંતુ થારપારકરમાં પણ મુસ્લિમ સત્તા આવી અને થારપારકાર પણ સિંધનો જ હિસ્સો બની ગયો. મહમદ બેગડાએ વિ.સં. ૧૬૨૭, ૧૬૨૮ અને ૧૬૬૨માં સિંધ પર ૩ વખત ચડાઈ કરેલી. ત્રીજી ચડાઈ વખતે સિંધ હાર્યું. બેગડો ત્યાં પોતાના સુબા નીમી ચાલ્યો ગયો. આ સુબાનું ધર્માન્તરનું દબાણ વધ્યું. ઓસવાલોની અસહ્ય પરિસ્થિતિ જોઈ એક યતિએ કચ્છ વાગડ રાજવીને સમજાવ્યું કે સારી ઉદ્યમી પ્રજા છે, આ પ્રદેશના વિકાસ માટે વસાવી લો. વાગડ કંથકોટમાં રાજવી દેદા વંશના નારણજીનું રાજ હતું. રાજવીએ તૈયારી બતાવી અને કચ્છ સરહદે લશ્કર મોકલ્યું જેથી ઓસવાલોને રક્ષણ મળે અને હેમખેમ વાગડમાં આવી જાય. અમાસની રાત્રે ઘરોમાં જલતા કોડીયા મૂકી જેટલી લઈ શકાય તેટલી ઘર વખરી લઈ ઓસવાલો એક જ રાતમાં ૧૨ ગાઉનું રણ ઓળંગી ખડીરને રસ્તેથી કચ્છમાં આવ્યા. કેટલાક ઓસવાલો સિંધમાંથી ગોદ્વાદ રસ્તે મારવાડ/મેવાડ તરફ ગયા તો કેટલાક રાધનપુર રસ્તે ગુજરાતમાં ગયા. ખડીરમાં ૩ દિવસનો મુકામ કર્યો. ત્યાંથી આગળ કંથકોટ તરફ આવ્યા. રાજવી નારણજી દેદાએ રહેવા માટે જમીન આપી અને આજુ બાજુના પ્રદેશમાં ખેતી કરવા પણ જમીન આપી. કંથકોટમાં વીરા નુખના મહાજને દેશ તેડો કીધો., વાવ પાસેનો અવેડો ઘીનો ભર્યો. એ વખતે મોટા વાસણો ઓછા હતા અને અવેડાનો ઉપયોગ ઘી ભરવા માટે કરતા. અવડા પાસે ઘીવાળા વાસણો લોકોએ માટીમાં ધોયા. ઘીથી માટી ચીકણી થઇ ગઈ. નારાણજીના કુંવર ભારમલજી ઘોડાને પાણી પાવા લાવ્યા. ઘોડો ચીકણી માટીમાં લપસ્યો. કુંવર નીચે પડ્યા. ગુસ્સે થતા કવેણ બોલ્યો, આવી ગંદી કોમ ક્યાંથી ભરાઈ? આનાથી પ્રભુ કે'દિ છોડાવીશ? આ સાંભળી લોકોને ડર પેઠો. સર્વે મહાજન આગેવાનો ભેગા મળ્યા. વિચાર્યું કે રાજ કુંવર વિરુદ્ધ રાજવીને ફરિયાદ કરવી બરાબર નથી, વળી રાજવી સાંભળે કે નહિ?. સમૂહમાં કંથકોટ છોડવાનો નિર્ણય લીધો. એક જગ્યાએ લખ્યું કે મહાજનનો દીકરો કંથકોટનું પાણી ન પીએ. પીએ તેને ગધેડે ગાળ. ઓસવાલો ચાલી નીકળ્યા. બીજે દિવસે અંજાર અને ભચાઉ વચ્ચે સેણું નદી કાંઠે પડાવ નાખ્યા. કંથકોટના રાજવીને ખબર પડી કે ઓસવાલોને કોઈ દુઃખ થયું છે અને ચાલી નીકળ્યા છે. મનાવવા રાજવી આવ્યા. આ બાજુ કચ્છ ભુજના રાજવીને ખબર પડી તેમણે પોતાના નાનાભાઈ હમીરજીને ઓસવાલોને પોતાના રાજમાં લઈ આવવા મોકલ્યા. એજ અરસામાં રાવલ જામ કચ્છ છોડી સૌરાષ્ટ્રમાં જઈ રહ્યો હતો તે પણ લોકોને સૌરાષ્ટ્રમાં સાથે લઇ જવા આવ્યો. વાગડ રાજવીએ ઓસવાલોને પાછા વળવા સમજાવ્યા પણ તૈયાર નહિ. જ્યારે અતિ આગ્રહ કર્યો ત્યારે થોડ ઓસવાલો તૈયાર થયા. જેમણે વાગડમાં પહેલું ગામ લાકડિયા વસાવ્યું. ત્યાર પછી વાગડના ૨૪ ગામોમાં વસ્યા જેઓ વાગડ વીસા ઓસવાલ તરીકે ઓળખાયા.. થોડા લોકો રાવલ જામ સાથે સૌરાષ્ટ્ર તરફ ગયા અને થોડા લોકો કંઠી તરફ આવ્યા અને બાવન ગામમાં વસ્યા તેઓ કચ્છી વીસા ઓસવાલ તરીકે ઓળખાયા. દશા ઓસવાલો ખડીરથી પચ્છમ થઇ નખત્રાણા અને અબડાસા બાજુ આવ્યા અને ૪૨ ગામોમાં વસ્યા. કચ્છમાં વાસ્વતને કારણે કચ્છી ઓસવાલની ઓળખ બની. વીસા ઓસવાલોમાં પુનર્લગ્ન ન હતા. સમયાન્તરે કન્યાની અછતને લીધે વીસા ઓસવાલોએ પુનર્લગ્ન કર્યા તેમને વીસા ઓસવાલ નાતે ન સ્વીકાર્યા અને આપણી દશા ઓસવાલમાં પુનર્લગ્ન સ્વીકાર્ય હોઈ આવા વીસા ઓસવાલ નાતથી છૂટ પડેલ ભાઈઓને સ્વીકાર્યા. તેઓ અબડાસામાં આપણી નાતમાં આવી જોડાઈ ગયા. સમયાંતરે ચાર નાતની ૪ મંજી (મોટા પટેલની ખુરસી) -વાગડની મંજી લાકડિયામાં, કંઠીની મંજી ભોરારામાં, અબડાસાની મંજી કોઠારામાં અને હાલારની મંજી કુલસુમરા (કનસુમરા)માં થઈ.

રાજપુતોમાંથી જૈન બની ઓસવાલ થવાનો સમય એક સરખો નથી. જ્યાં સુધી કચ્છના ઓસવાલોને લાગે છે ત્યાં સુધી થોડા કચ્છી ઓસવાલો વિક્રમની ૧૨મી સદી પહેલા જૈન બની ગયેલા. પણ મોટા ભાગના ગોત્રોને વિધિપક્ષ અચલચ્છ સ્થાપક આચાર્ય શ્રી આર્યરક્ષિતસૂરીશ્વરજી જેમણે સં. ૧૧૬૯ને વૈશાખ સુદ ૩નાં ગચ્છની સ્થાપના કરી તેમણે અને ત્યાર પછી થયેલ આચાર્યોઓ જેઓ સિંધ-થારપારકર પ્રદેશમાં વિચરી અનેક રાજપૂતોને જૈન બનાવ્યા, જેમાં મોટા ભાગના પરમાર વંશીય (સોઢા) હતા એમને જૈન બનાવ્યા. આ સિવાય રાઠોડ, સોલંકી, ચૌહાણ, ભટ્ટી, ચાવડા રાજપૂતોમાંથી પણ જૈન થયા. પરમારમાંથી ૩૫, રાઠોડમાંથી ૧૬, સોલંકીમાંથી ૧૪, ચૌહાણમાંથી ૯, ભટ્ટીમાંથી ૬, ચાવડામાંથી ૪ શાખા/નૂખ/ ઓળખ નીકળી. સમયાંતરે આ શાખામાંથી પણ અલગ પેટા શાખા નીકળી તો કેટલીક શાખાઓ અસ્ત થઈ.

**ઓસવાલોનો કચ્છમાં આગમન સમય**

કચ્છી ઓસવાલો ક્યારે કચ્છમાં આવ્યા તેનો ચોકસ સમય વહીવંચાની વહીઓ અને જ્ઞાનભંડારની વંશાવલીઓ સિવાય મળતો નથી. આ વહીઓ અને વંશાવલીઓમાં કચ્છ આગમન સમય સં. ૧૫૬૫ બતાવ્યો છે. સિંધ-પારકરમાંથી થોડા લોકો ઉત્તર ગુજરાત તરફ ગયા જેમાં ઓસવાલો પણ હતા. વિસરીયા મોતા (જેમની હવે મોતા તરીકે ઓળખ છે) ની વહીઓમાં નોંધ મળે છે કે વિ.સં. ૧૫૮૫ વરસે મંગિયાએ કચ્છ દેશ મધ્યે હાથીનું બાન છોડાવ્યું. મંગિયાનો વસવાટ નલીયા ગામે હતો. મંગિયાના વડવા હાલારમાં ગુવાણા ગામમાં વસતા હતા. વિસરીયા મોતા સૌરાષ્ટ્ર-હાલારમાંથી કચ્છ આવ્યા છે. ઉપરોક્ત નોંધ પરથી જણાય છે કે આપણું મોતા ગોત્ર સં. ૧૫૮૫ પહેલા અબડાસામાં વસી ચુક્યું હતું. અચલગચ્છની

૬૩મી પાસ થયેલા ધર્મમૂર્તિસૂરી, જન્મ સવંત ૧૫૮૫ ખંભાતમાં અને તેઓ નાગડા ગોત્રીય ઓસવાલ હતા, જે બતાવે છે કે સં. ૧૫૮૫ પહેલા ઓસવાલો ગુજરાતમાં વસી ચૂક્યા હતા. આ ધર્મમૂર્તિસૂરી સવંત ૧૬૧૩માં જામનગરમાં વિચરતા હતા અને જામનગરમાં વસતા ઓસવાલ નાગડા ગોત્રીય તેજસિંહ શાહે આ ધર્મમૂર્તિસુરીની પ્રેરણાથી ચાંદીબજાર, જામનગરમાં દેરાસર બંધાવેલું. ધર્મમૂર્તિસૂરી સવંત ૧૬૩૫માં કચ્છ જખૌ આવેલા. જખૌમાં થયેલ રત્નસાગર મહોપાધ્યા (સંસારી નામ રતનસી, પિતા આંસુ અને માતા કર્માદે, ગોત્ર દશા ઓશવાલ નાગડા) પટ્ટાવલીઓમાં એમનો જન્મ સં. ૧૬૨૬ બતાવ્યો છે. ઉપરોક્ત પ્રમાણ પરથી જણાય છે કે વહીવંચાઓની વહીમાં ઓસવાલોનો કચ્છ આગમનનો સમય સં. ૧૫૬૫ બંધ બેસતો છે. થોડા ઓસવાલો કચ્છ આવવાને બદલે ગુજરાત તરફ ગયા. ઓસવાલોની કચ્છમાં ઓળખ કચ્છી ઓસવાલ થઇ અને તેઓ ખેતીના વ્યવસાયમાં જોડાયા. જે ઓસવાલો ગુજરાતમાં ગયા તેઓ વ્યાપારમાં જોડાયા અને તેમાંથી થોડા કચ્છમાં આવી વસ્યા. તેઓ ગુર્જર ઓસવાલ તરીકે ઓળખાયા. ગુર્જર ઓસવાલો માંડવી, ભુજ, અંજાર, મુન્દ્રા શહેરોમાં વસ્યા.

થરપારકરમાં દશા ઓસવાલોનાં થોડા પરિવારો આઝાદી સુધી વસતા હતા. મુનિ શ્રી વિધ્યાવિજયજી મ.સા. એમની કિતાબ, 'મારી સિંધ યાત્રા ઈ.સ. ૧૯૪૩'માં નોંધ્યું છે કે એ વખતે દશા ઓસવાલોના ૪૦ ઘર સિંધ થારપારકરમાં હતા'. દેશના ભાગલા વખતે તેઓ ત્યાં રહી ગયેલ. ભાગલા વખતે પાછળ રહી ગયેલે જ્ઞાતિ બંધુઓને સુથરીમાં વસવાટ કરવા શ્રી રતનસી માણેકચંદે આમંત્રણ મોકલેલું પણ તેઓ અન્યત્ર ચાલ્યા ગયા.

**કચ્છી દશા ઓસવાલોના ગોત્રો**

કચ્છી દશા ઓસવાલોનાં શરૂઆતના ગોત્રો સહસ્ત્રગુણા ગાંધી, ગાલ્હા, નાગડા, મીઠડીઆ, વડેરા, વિષાપહાર, દેવાણંદ સખા, વિગેરે ગોત્રો હતા. સમયાન્તરે કોઈક ગોત્ર અસ્ત થયા તો કોઈ ગોત્રમાંથી નવી શાખાઓ ફૂટી. વર્તમાને કચ્છી ઓસવાલોની ૮૭ જેટલી શાખા જોવા મળે છે. આવી નુખો/ શાખા મુખ્યત્વે ગોત્રમાં થયેલ પ્રસિદ્ધ પુરુષના નામ પરથી, નિવાસ સ્થાનના નામ પરથી, હોદ્દા પરથી કે વેપાર ધંધા પરથી પડી છે જેમાં મોટા ભાગની નુખો પિતા કે દાદાના નામ પરથી પડેલી જોવા માળે છે. કચ્છના દશા-વીસા ઓસવાલોની ૮૭ નુખો નોંધાઈ છે જેમાંથી કચ્છી દશા ઓસવાલની વર્તમાને નીચે મુજબની ૩૬ નુખો જોવા મળે છે.

૧) કુરવા, ૨) કાંકન, ૩) ખોના, ૪) ગડા, ૫) ગાલા, ૬) ગુટકા, ૭) ગોસર, ૮) ચુરલા, ૯) છેડા, ૧૦) ડાગા, ૧૧) દંડ, ૧૨) ધરમસી, ૧૩) ધુલ્લા, ૧૪) ધ્રોળ , ૧૫) નાગડા, ૧૬) પનપારીયા, ૧૭) પોલડિયા, ૧૮) બોરીચા, ૧૯ ભેદા, ૨૦) મુનવર, ૨૧) મોતા, ૨૨) મોમાયા, ૨૩) મૈશેરી, ૨૪) માંયા, ૨૫) લાપસીયા, ૨૬) લાલકા, ૨૭) લુઠીઆ, ૨૮) લોડાયા, ૨૯) વિકમસી, ૩૦) વોરા, ૩૧) શિયાલ, ૩૨) સાયલા, ૩૩) સોની, ૩૪) સંઘવી, ૩૫) સાંયા, ૩૬) હેફા .

શ્રી હીરજી હંસરાજ કાંયાણીએ એમના શ્રી. ક.દ.ઓ. દર્પણ માસિકમાં ઈ.સ. ૧૯૯૯માં કચ્છી દશા ઓસવાલની ૪૫ નુખો નોંધી છે જેમાંથી ૧) ગાંધી ૨) છઠ્ઠા ૩) દેઢિયા ૪) ભીધ ૫) લાડકા ૬) ભૂર ૭) લધડ ૮) ગંગર ૯) ખોંભડા નુખો લુપ્ત થઈ ગઈ છે. અથવા અન્ય નુખમાં ભળી ગઈ છે. આ પૂર્વે આપણી જ્ઞાતિમાં નીસર, ફુરિયા, મારૂ, ગાંધી મહેતા ગોત્રો પણ હતા.

દશા-વીસા ભેદ : ગુજરાત સર્વસંગ્રહ નામના પુસ્તકમાં લખે છે કે જ્યારે મૂળ જ્ઞાતિમાંથી કેટલાકે ફંટાઈ નવાં કુળ સ્થાપ્યાં ત્યારે જુના કુળે પોતાને વીશા (વિશેષ શુદ્ધ) અને નવાને આછા શુધ્ધ ગણી દશા કહ્યા. વળી દશામાંથી ફંટાઈ જે જથ્થો જુદો પડ્યો તે પાંચા (પંજા) કહેવાયા. વાણિઆની બધી નાતમાં આ દશા અને વીશાનો ભેદ છે.

એક દંતકથા મુજબ સંવત ૧૨૭૫માં આબુ ઉપર પ્રતિષ્ઠા મહોત્સવ થયો તેમાં વાણીયાની સઘળી ૮૪ નાતને આમંત્રણ વસ્તુપાળ અને તેજપાળે આપ્યું. ત્યાં કોઈ કારણસર મતભેદ પ્રાયઃ વસ્તુપાળ-તેજપાલ વિધવાનાં પુનર્લગ્નથી થયેલ સંતાનોને કારણે અમુક લોકો જમવામાંથી ઉઠી ગયા અને ચુસ્ત રહ્યા તેઓ પૂર્ણ (વીસવસા) એટલે વીસા થયા અને જે સંપૂર્ણ ચુસ્ત ન રહ્યા અને સુધારાવાદી બની જમ્યા તે દશા થયા. આવા ભેદો શ્રીમાળી, પોરવાડ, ઓસવાલ વિગેરે વાણિયાની સઘળી નાતોમાં પડ્યા. પાછળથી કન્યાઓની અછતને કારણે ગરીબ લોકોને કન્યા મળવી મુશ્કેલ. તેથી લોકોમાં બળવો અને પુનર્લગ્ન (વિધવા સાથે લગ્ન) થવા માંડ્યા. વીસા ઓસવાલ જ્ઞાતિએ આવા પુનઃ લગ્ન કરનારાઓને સ્વીકાર્યા નહી. એ વખતે આપણી નાતમાં પુનર્લગ્ન માન્ય હતા અને વીસા-દશા એક મગની બે ફાડ સમાન હોઈ, વીસા ઓસવાલમાંથી બહિષ્કૃત થયેલાઓને દશા ઓસવાલ જ્ઞાતિએ સ્વીકાર્યા. આ વિભાજન વખતે જેમને વિધવા વિવાહ માન્ય રાખ્યા એ તમામ કાંઈ વિધવા લગ્ન કરેલ કે વિધવાથી થયેલ સંતાનો ન હતા, માત્ર વિધવા વિવાહનાં હિમાયતી હતા. તેથી દશા જ્ઞાતિ તમામ વિધવા પુનર્લગ્નથી ઉત્પન્ન થઇ છે તેમ ન કહી શકાય. આ વિષય બહુ ચર્ચાસ્પદ છે પરંતુ ટુંકમાં તાત્પર્ય એ છે કે વીશા અને દશા એ એકજ નાતના બે ભાગ (તડ) છે. માત્ર અમુક મમત્વને લઈને બે ભાઈ જુદા પડે તેથી તે સગાઈમાંથી મટી જતા નથી. આ બે ભેદમાંના કોઈ ઉંચા કે નીચા નથી. કોઈ કુલિન કે કોઈ કલંક્તિ નથી. વીશા અને દશા એ બને નાત-ક્ષાત્ર-કુળ-તેમનાં દેવ દેવીએ તેમના વ્યવહારિક સંબંધ અને રિવાજે-ધંધાએ વગેરે સઘળું એક જ છે.

સને ૧૮૨૫ની નોંધ મુજબ દશા ૩૦૦ વરસ પહેલા વીસામાંથી છુટા પડ્યા છે એવું દર્શાવ્યું છે. ઘણા વિદ્વાનોએ નોંધ્યું છે કે કચ્છી ઓસવાલમાં દશા-વીસા ભેદ ઓસવાલોના કચ્છ આગમન બાદ વિક્રમની ૧૭મી સદીમાં પડ્યા છે. પરંતુ વહીવંચા-ભાટોની વહીઓમાં નોંધ જોવા મળે છે કે વિ.સં. ૧૪૫૨ ચૈત્ર સુદ ૨ ને બુધવારે

દશા જ્ઞાતિ થઇ. મૂળ શાખા ખોના, વિકમસી, લોડાયા અને ધરમસી. જે કચ્છી ઓસવાલોના કચ્છ આગમન પહેલા દશા-વીસા ભેદ હતા તેની પૃષ્ટી કરે છે. ત્યાર પછી વીસા ઓસવાલોમાંથી પુનર્લગ્ન કરતા છુટા પડ્યા તે દશામાં જોડાતા ગયા. સં. ૧૯૦૦માં દશા ઓસવાલ જ્ઞાતિએ પણ પુનર્લગ્નો અમાન્ય કર્યા અને ત્યાર બાદ દશા ઓસવાલમાં જેમણે વિધવા સાથે પુનર્લગ્ન કર્યા તે દશામાંથી છૂટા પડ્યા અને તેઓ પંજા (નાની ન્યાત) તરીકે ઓળખાયા. કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિએ સુધારાવાદી પગલું ભરી પોતાની નાતમાંથી છૂટા પડેલા નાની ન્યાતના ભાઈઓને પોતાની નાતમાં પાછા સ્વીકારતા બંને નાતનું ઈ.સ. ૨૦૧૬માં એકીકરણ થયું. મૂળ પ્રશ્ન વિધવા પુનર્લગ્ન માન્ય ન હોવાનો જયારે હવે રહ્યો જ નથી અને હવે તો આંતરજ્ઞાતિય લગ્નો પણ સ્વીકૃત થવા મંડ્યા છે ત્યારે હવે દશા અને વીસા વચ્ચે અલગતા ન રહેવી જોઈએ આ સમયની માંગ છે. તેમજ વરસો અગાઉ પૂર્વજોએ કરેલ પુનર્લગ્નથી છુટા પડેલાઓના વર્તમાન સંતાનોને સજા શા માટે? દેશાવર અને વિદેશમાં બંને જ્ઞાતિ એક જ છે. દશા અને નાની ન્યાત જ્ઞાતિનું એકીકરણ થયું તેમ દશા-વીસાનું થાય તે ઇચ્છનીય છે.

**સંપૂર્ણપણે અચલગચ્છની સમાચારી પાડતી જ્ઞાતિ**

આપણી જ્ઞાતિ સમગ્ર પણે અચલગચ્છીય સમાચારી પાડે છે તેનું એક કારણ ૧૭મી સદીના પૂર્વાર્ધમાં ક.દ.ઓ.માં થયેલ રત્નસાગર મહોપાધ્યાય હોઈ શકે છે. તેઓ ગચ્છાચાર્ય દાદા કલ્યાણસાગરસુરીજીને કચ્છ લાવ્યા અને અબડાસામાં સતત વિચરણ કરી આપણને ધર્મમાં સ્થિર કર્યા તે હોઈ શકે છે. વિક્રમ સં. ૧૭૪૭માં દશા ઓસવાલ નાગડા ગોત્રીય કર્મસિંહ, માતા કમદિ કુખે વિધ્યાસાગરનો જન્મ થયો જેઓ કચ્છી દશા ઓસવાલ નાતમાં પ્રથમ આચાર્ય અને સં. ૧૭૬૨ માં ગચ્છાધિપતિ થયા. કચ્છમાં ઋષિ મુલચંદજી દ્વારા સ્થાનકવાસી સંપ્રદાયનો ઉગ્ર પ્રચાર થયો ત્યારે મુલચંદ ઋષિને શાસ્ત્ર વાદમાં હરાવી કચ્છ બહાર કર્યા. શ્રી. રત્નસાગરજી મહોપાધ્યાય, દાદા શ્રી કલ્યાણસાગરસુરીશ્વરજી મ.સા. અને આચાર્ય શ્રી વિધ્યાસાગરસુરીશ્વરજી મ.સા.નાં સતત કચ્છ અને અબડાસામાં વિચરણને કારણે આપણી જ્ઞાતિ અંચલગચ્છમાં ૧૦૦% સ્થિર રહી શકી. આપણાં ગચ્છાધિષ્ઠાયિકા પાવાગઢ નિવાસિની દેવી મહાકાલીકા માતા છે. આપણા ગચ્છ ઉપર કોઈ વિપત્તિ આવે ત્યારે આચાર્યો શાસનદેવીને સમરે છે.

**કરાડ જ્ઞાતિ**

થારપારકરનાં શિવધર્મી મહેશ્વરો પણ કચ્છ આવ્યા. ત્યાં એમની કરાડ જ્ઞાતિ બનાવી. ધર્મમાં ફરક સિવાય બધી રીતે ઓસવાલોને મળતા હતા અને એ બે કોમ વચ્ચે બેટી વ્યવહાર પણ હતો.. કરાડ જ્ઞાતિ મહેશ્વરી જ્ઞાતિની પેટા જ્ઞાતિ હતી. કરાડ જ્ઞાતિના ૬૫ પરિવારો હતા. જેઓનો મોટે ભાગે ગોધરોમાં વસવાટ હતો. તેઓ પોતાને કશ્યપ ઋષિના વંશજ માને છે.. તેઓ તેમની મૂળ શાખા મહેશ્વરીથી પહેલા મારવાડમાંથી કચ્છ આવી શ્રીમંત બન્યા. તેઓ મહેશ્વરીને ધિક્કારવા માંડ્યા કારણ તેઓ આર્થિક રીતે તેમનાથી નબળા હતા. આથી મહેશ્વરીઓએ તેમને વળતા બદલા રૂપે તેમની સાથેનો બેટી વહેવાર બંધ કર્યો. તેથી કરાડ જ્ઞાતિના લોકોએ દશા જ્ઞાતિમાં ભેળવવાની વિનંતી કરી જે દશા ઓસવાલ જ્ઞાતિએ માન્ય કરતા ઈ.સ. ૧૮૧૫માં કરાડ જ્ઞાતિ દશા જ્ઞાતિમાં જોડાઈ. કુરવા, ખોંભડા, ધ્રોળ વિગેરે ગોત્રો કરાડ જ્ઞાતિના છે.

આપણા કચ્છ આગમન એટલે સં. ૧૫૬૫થી સં. ૧૮૦૦ સુધીનો વધારે ઈતિહાસ મળતો નથી. જે કંઈ મળે છે તે અચલગચ્છીય પટાવાલીઓ અને વહીવંચાઓની વહીઓમાંથી મળે છે. આ વહીઓ અંગે સંસોધન હાથ ધરાય તો ઘણી વિગતો મળી શકે તેમ છે. આ વહીઓ એ વખતના આપણા જ્ઞાતિ જીવન, વ્યવસાય અને શ્રીમંતાઈ ઉપર પ્રકાશ પાડે છે. આવી થોડી વિગતો આપણે જોઈએ.

A) વિસરીયા મોટા ભીમના ભાઈ ભાણાનાં કચ્છી થયા. એમની વંશાવલીઃ મં. ભાણા-મં. રહયા-મં. લખધીર-મં. નામેરી-મં. દેવરાજ-મં. માંડણ-મં. મેધા-મં. મોહણ-મં. મંગીઆ. આ મં. મંગીઆ સં. ૧૫૮૫માં કચ્છ નલિયામાં હતા. આ વિસરીયા મોતા ગોત્રમાં અનેક મંત્રીઓ કારભારીઓ થયા છે. મૂળ ભીન્નમાલનું શ્રીમાળી ગોત્ર ઓસવાલમાં ભળ્યું છે. કરિયાણાનો વેપાર કરવાથી ભણશાળી કહેવાયા. અચલગચ્છના પ્રથમ શ્રાવક આ ગોત્રના યશોધન ભણશાળી થયા. વીશલદેવ વાઘેલાના મંત્રી થવાથી વિસરીયા થયા. રાજ્ય કારભારી હોવાથી સૌરાષ્ટ્રમાં મહોતા અને કચ્છમાં મોતા તરીકે ઓળખાયા અને તેથી વિસરીયા મોતા નુખ/ગોત્ર થયું. જે ક.વી.ઓ.માં વીશરીયા ગોત્ર અને આપણી ક.દ.ઓ. જ્ઞાતિનું મોતા ગોત્ર. વિસરીયા મોતા માંડલ હાલારમાં છીકારી, પડધરી, રાણપર, ગુવાણે, નાંદુરી બતાવે છે પછી કચ્છ આવ્યા તેવું બતાવે છે.

B) નીસર ગોત્રના સાડુઆએ નલિયા ગામે સવંત ૧૫૯૫માં પાષાણના તળાવ બંધાવ્યા જે બતાવે છે કે દશા ઓસવાલમાં નીસર ગોત્ર હતું.

C) મં. મંગીઆ પુત્ર કુડાના પુત્રોએ સં. ૧૬૨૪ વરસે દેશ તેડો કીધો. કુડાનો પેટ નરીએ છે.

D) મં. પેથરાજ પુત્ર બાલો તેના ૪ પૂત્રો મળી બાલાનું ખરચ કીધું સં. ૧૭૦૪માં નલિયામાં, અબડાસાના ગામ ૪૦-૪૫ ત્રીધારી લાપસી જમાડ્યા. દેશ ત્રણ અબડાસા, કંઠી અને વાગડના મહાજન જમાડ્યા. ધૃત (ઘી) મણ ૫૦૦ વાપર્યું. મં. બાલા સંઘ અગ્રેસર હતા. નલીયા એ વખતે આજની જેમ ગામડું ન હતું તેની જાગીરમાં ૪૦ ગામો હતા.

E) નલિયામાં મં. વકીયા શાહ થયા. વિ.સં. ૧૭૧૧માં એમણે પુત્ર હરગણ પરણાવ્યો. વકીય શાહ અને દાદા કલ્યાણસાગરસૂરીશ્વરી વચ્ચે ખુબ આત્મીય સંબંધ અને તેથી સં. ૧૭૧૬માં દાદા કલ્યાણ સાગરસુરીશ્વરજીની શેષ અવસ્થા સમયે નલીઆ તેડી લાવ્યા. ગામમાં સારી ધર્મ આરાધના કરાવી.

F) મં. વકીયા શાહે પિતા મુલા શાહ અને માતા વાહલાબાઈ પાછળ નળિયા ગમે નાત મેડો કીધો.

G) સં. ૧૭૨૫માં મં. વકીયા ભાર્યા વાલ્હા નિમિતે નલિયામાં ૪ દિવસનો નાત મેડો (બાપન) ગામનો કીધો. ધૃત શેર ૨ ઘરદીઠ દીધું.

H) વકીયા શાહ, બંધુ શામલ શાહ અને એમના કાકા મેધા શાહના પુત્રો હંસા અને તેજસીના કેળવા નલીયા ઉપરાંત સાંયરા અને પર્જુમાં ફેલાયા. વંશ વૃદ્ધિ થતા નલીયાથી ઘણા તેરે વસ્યા.

I) કોઠારમાં વિસરીયા મોટા ગોત્રના પુનરાજ શાહ થયા. તેમની વંશાવલી મં. મોહન પુ. વારસંગ પુ. કાનો પુ. સધીયુ પુ. દેવસી પુ. પુનરાજ થયો.નલિયાના મં. વકીયા શાહ અને કોઠારાના મં. પુનરાજ મં. મોહનની ૬ ઠ્ઠી પેઢીએ થયા.

J) સં. ૧૭૦૫, માઘ સુદ ૭ના પુનરાજે પુત્ર ભારમલ પરણાવ્યો, કોઠારા ચહું પાટે જીમાડ્યો.

K) વિ.સં. ૧૭૧૧,મહા વદ ૫, મં. પુનરાજે પુત્ર કાનડ પરણાવ્યો.કોઠારે ત્રીધારી લાપસી કરી. ઉસ્વાલ પારકરા સહુ જીમ્યા.

L) મં. પુનારાજે પિતા દેવસી સધીયાણી પાછળ સં. ૧૭૧૮માં ચૈત્ર સુદ ૫, દેશ તેડું કીધું. અબડાસો, કંઠી અને વાગડનું મહાજન તેડાવી જમાડ્યું. મહાજન દશા-વીસા દિન ૩ જીમ્યા. ૫મે દિવસે મેડો કીધો ખરચ કોરી ૬૦૦૦.

M) વિ.સં. ૧૭૨૪, ફાગણ વાળ ૩ પુનરાજે પુત્ર રાજસી પરણાવ્યો કોઠારા મહાજન સર્વે જીમાડ્યું.

N) સં. ૧૭૪૦ ભાદરવા સુદ ૫ દિને કોઠારા મધ્યે પોતાની યાત્રા નિમિતે લહાણી ધૃતની કીધી ઘર દીઠ ૨ શેર ધૃત દીધું અબડાસાના ૪૦-૪૫ ગામમાં. ધૃત મણ ૨૦૦ બેઠા.

O) સં. ૧૭૪૨મ પુનરાજ ભાર્યા માઘઈ પાછળ મેડો કીધો.

P) સં. ૧૭૫૫ કાનડ ભાર્યા ઉમા પાછળ કોઠારે અબડાસાનો મેડો કીધો ગામ ૪૦-૪૫, કોરી ૫૦૦ બેઠી.

Q) સં. ૧૭૫૭ કાનડ પાછળ કનૈયાએ ખરચ કોઠારે લાપસી ત્રીધારી ચારે ખૂણે (ચોખરો) કીધો. પુનરાજ અને તેના પુત્રોએ અનેક મેળા, દેશ તેડા કર્યુ. જે આ પરિવારની શ્રીમંતાઈ બતાવે છે.

R) ગામ રાપર ગઢવારીના વિસરીયા મોતા કેલ્હાણ શાહ નલીયાનાં મં. વકીયા શાહ અને કોઠારાના મં. પુનરાજ શાહના કૌટુંબિક કાકા થતા હતા. વકીયા શાહના સગા કાકા મેધા શાહ કેલ્હાણ શાહ પહેલા રાપર ગઢવારી જાગીરના કારભારી હતા. તેનું. સં. ૧૭૦૬ માગસર સુદ ૨ ના અવસાન થતા કેલ્હાણ શાહ રાપરના કારભારી થયા. મેધા શાહના પુત્ર તેજસીને કામદારપણું મળતા સાંયરે ગયા અને હાંસા શાહને કામદારપણું મળતા પરજાઉ ગયા. તેજસી અને હંસાએ રાપરમાં પિતા મેધા શાહ વસે નાત મેડો કીધો સં. ૧૭૦૬માં.

S) કેલ્હાણ શાહ પ્રસિદ્ધ પુરુષ અને જ્ઞાતિ આગેવાન હતા. એમનું અવસાન સં. ૧૭૧૮માં થયું. તેમના ૪ પુત્રો આદિત્ય, આસધીર, જીવરાજ અને ભાઈઉએ પિતા વાસે ૫૨ ગામનો મેડો કીધો. (ક્દોના ગામ ૪૦-૪૫ હતા પણ અંક બાવન પ્રચલિત કહેવાતું). ચારે પુત્રોએ પિતા વસે તળાવ બનાવ્યું જેનું નામ કેલ્હાણસર રાખ્યું. પિતા નિમિતે મેડો કીધો. ખરચ કોરી ૮૦૦૦ બેઠી.

T) મોહણ પુ. પબા પુ. મુલગ ૧ અને પદમુ અને સહદે ૩. સહદે પુત્ર મેંલગ ૧ અને ધીરુ ૨. સહદે સં. ૧૬૩૧માં ગુવાણે હાલારમાં ગયો વસે મરાણા. ધીરુના ૪ પુત્રો -લખધીર ૧, મહીપુ ૨,જેતોડ અને રામુ ૪. ભાચુડેથી સુખપર આવ્યા.

U) સં. ૧૭૨૪માં જેતા શાહે ફાગણ વદ બીજના પત્ની વાહણી પાછળ મેડો કીધો.

V) સં. ૧૭૩૬માં જેતા શાહ અવસાન. પાચલ પુત્ર કાંહીએ ૫૨ ગામનો મેડો કીધો. નાતમાં ઘર દીઠ ધૃત શેર બેની લહાણી કીધી. કાંહિયે પિતાના નામે તળાવ જેતાસર બાંધ્યું. વિસરીયા મોતાનાં થોડા પરિવારો ઝાલાવાડના સાયલા રાજ્યમાં મંત્રી રહ્યા તેથી સાયલા ઓળખ/નુખ થઈ. જેતા શાહના કેડવા રાયધણજર, તેરા, કુવાપધાર વસ્યા.

W) જેતાશાહનાં ભત્રીજા પત્રામલ (પતુ) લખધીરાણીએ કુવાપધારમાં સં. ૧૭૪૬માં તળાવ બંધાવ્યું. આ પત્રામલનાં પુત્ર કાનો પુત્ર વીસર પુત્ર જેઠો પુત્ર તેજસી પુત્ર ભારમલ થયા જેઓ શેઠશ્રી નરસી નાથના સાળા થતા હતા. ભારમલ શેઠે જ્ઞાતિ હિતચિંતક થયા.

X) વિસરીયા મોતા ગોત્રમાં છીકારી હાલારમાં મં. ઢુંઢા અને કોડન શાહ બંધુ થયા જેમણે છીકારીમાં શિખર બધ્ધ દેરાસર બંધાવ્યું. સં. ૧૬૪૮મા ભુચરમોરી યુધ્ધમાં જામની હાર થતાં ખંડણી ચુકવવા રાજ્યમાં આકરા વેરા અને મોટી વસુલાત કરી તેથી ઘણા ઓસવાલો કચ્છ પાછા ફર્યા તેમાં છીકારીના વિસરીયા મોતા પણ કચ્છ સુથરી આવ્યા. પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પણ સાથે લાવ્યા. ઉડિયા મેધા શાહ મૂર્તિ સાથે લાવેલા. ઉડિયા શાહે સં. ૧૭૨૧માં ઉપાશ્રય અને ગૃહ ચૈત્ય બનાવ્યું. તેઓ સાયલા ગોત્ર જે વિસરીયા મોટાની શાખા છે તે ગોત્રના હતા. વિસરીયા છીકારી, નાંદુરી, ખીરસરા, પારલા હાલારના ગામોમાં વસતા હતા ત્યાંથી કચ્છ ગયા. અબડાસામાં દશામાં ભળી ગયા. સં. ૧૮૯૫, વૈશાખ સુદ ૮, રવિવારે ધૃત કલ્લોલ પાર્શ્વનાથને શિખરબધ્ધ દેરામાં બિરાજમાન કર્યા..

Y) ધુલ્લાઃ જેઠા પાલણી. ધુલાણી શાહ સિંધ થરપારકરથી કચ્છમાં સં. ૧૫૬૫માં આવ્યા. રાયધણજરમાં વસ્યા. તેનાથી ૭મી પેઢીએ થયેલ ભારીયાના પુત્ર કાંયા ખૂઉડે વસ્યા. ગામધણીથી વાંધો પડતા નરપાર સુથરી વસ્યા. નરપારનો પુત્ર દેવરાજ હાલાર આવીયો

Z) લોડાયા ગોત્રના પચાણ ડુંગરાણીએ વાંકુ- વારાપધર વચ્ચે તળાવ્યું સવંત ૧૬૮૮માં. આ પચાણ ડુંગરાણીના પરદાદા

એટલે વીરો પાતોવારા ભલારાના પાતાશાહ જેઓ હાલારમાં નાંદુરી ગામ લાલપુર પાસે વસેલા. પચાણ ડુંગરાણી પુત્ર રાજદેએ વિક્રમ સંવત૧૭૦૧માં વાંકુમાં તળાવ ખોદાવ્યું.

AA) ભોરકીયાના પુત્ર બે થયા ૧) ખેતુ અને ૨) ઉધરીયો. ખેતુના પુત્રો લોડાઈકા અને મુરીઓ. લોડાઈકા શાહ પ્રસિદ્ધ પુરુષ થયા અને તેનાથી લોડાયા ગોત્ર શરૂ થયું. લોડાઇકા શાહના પાંચ પુત્રો ૧) લાલો ૨) લુણો ૩) પદમુ ૪) કમુ અને ૫) નાંઈઓ. તેઓ કચ્છમાં અબડાસામાં બારા પાસે સુખપર ગામે વસ્યા. લુણાનાં એક પુત્રની જાન પરણવા બાજુને ગામ જઈ રહી છે. જાનમાં લુણાના પાંચ પુત્રો, સુડધ્રોનાં એક જાડેજા દરબાર વળાવિયા અને એક કુતરો સામેલ છે. ગામથી થોડા આગળ સીમમાં લુંટારા જાન લુંટવાનો પ્રયાસ કરે છે. ધીંગાણું થાય છે જેમાં લુણાના પાંચે પુત્રો, દરબાર અને કુતરો મરાય છે. સુખપર ગામની સીમમાં આ લુણાના પાંચ પુત્રો, કુતરો તથા સુડધ્રો ગામના દરબારશ્રીની એમ સાત ખાંભીઓ છે. લુણાના પરિવારો સુખપર ગામનો અપીયો (ગામનું પાણી ન પીવાની પ્રતિજ્ઞા) કરી અને બાંઢીઆ અને જખૌ ગામે વસ્યા. તેમના પરિવારોની છેડાછેડી સુખપરનાં આ સ્થાને છૂટે છે.

BB) ઉધરીયાના પુત્રો આસીઓ અને ગલઈયો. આસિયાના પુત્રો કોરપાર, વીરો, પાતો, ધરમુ, ખીંયુ, હેમૈયો, ભીમુ અને વિરમ થયા. ભાલારાના પાઠમાં માત્ર વીરો, પાતો, કોરપાર ત્રણ નામ આવે છે પરંતુ વહીમાં આઠ ભાઈઓનાં નામો જોવા મળે છે. ભલારનો પરિવાર કુકડાઉથી સુથરી આવ્યો તીયાથી હાલાર લાલપુર પાસે નાંદુરી અને પાટલા ગામે વસ્યા. વીરોજી અને પતોજીને પીરી મળી. ભલાઈના કામો કરતા હોવાથી ભલારા કહેવાયા. એમના મંદિરો લાલપુર અને સુથરીમાં આવેલા છે. લાલપુરમાં ચૈત્રી પુનમના મેળો ભરાય છે. લોડાયા અને અન્ય ઘણા ગોત્રના કૂલ દેવતા તરીકે પૂજાય છે. શુભ પ્રસંગે એમના પાઠ મંડાય છે, એમનો સમય સં. ૧૬૧૦ની આસપાસનો ગણાય. વિ.સં. ૧૬૪૮માં ભૂચરમોરીના યુધ્ધપછી આ ત્રણે ભાઈઓનો પરિવાર કચ્છમાં આવી વસ્યો. વીરાનો પરિવાર કોઠારે, પાતાનો સુથરી અને કોરપારરનો પરિવાર વાંકું વસ્યો.

CC) વિક્રમ સં ૧૭૦૦ આસપાસ લઘુ નાગડા ગોત્રમાં રામૈયો અને પસાઈયો બે ભાઈયો નલિયામાં થઇ ગયા. ગુરુ ઉપર અપાર શ્રદ્ધા. ગુરુએ ના પડવાથી સારો વરસાદ થયો હોવા છતાં વાવણી ન કરી. બીજા ખેડૂતોનો સારો પાક થયો અને ધાન ખરાવાડમાં તૈયાર થયું ત્યારે ગુરુએ ખેતરમાં હળ ચલાવવાનું કહ્યું. લોકો આ ભાઈઓ ઉપર હસતા હતા છતાં ગુરુ આજ્ઞા માની ખેતરમાં હળ ચલાવ્યું. ધનનો ચરુ મળ્યો. રાજવીને સોંપવા ગયા પણ ન સ્વીકાર્યું. ગુરુ પાસે ગયા. ગુરુ આજ્ઞાથી ધર્મ કાર્યમાં વાપર્યું. કચ્છના જૈનોને નલીયા તેડાવી નલીયાથી ભદ્રેશ્વરનો મોટો સંઘ કાઢ્યો. વળતા નલીયામાં સમસ્ત કચ્છ દેશનું તેડું કીધું. ૭ વાનાની સુખડી જમાડી, પહેરામણી આપી. ધૃત ભરેલ કળશિયામાં સોના મહોર નાખી લ્હાણી કીધી.

DD) વિ.સં. ૧૬૨૬માં જખૌમાં લઘુ નાગડા ગોત્રમાં રત્નસાગર મહોપાધ્યાય (સંસારી નામ રતનસી) નો જન્મ. પિતા આસુ અને માતા કમાબાઈ. માતા-પિતા રતનસીને નાનો મૂકી અવસાન પામ્યા, કાકા રણમલે મોટો કર્યો. સં. ૧૯૩૫માં આચાર્ય અંચલગચ્છાધિપતિ ધર્મમુરીસૂરી જખૌ આવ્યા ત્યારે કાકાએ રતનસીને વહોરાવ્યો. તેઓ વય, દિક્ષા પર્યાય અને જ્ઞાને મુની કલ્યાણસાગરથી મોટા હોવા છતાં ગુરુ આજ્ઞાને માન્ય રાખી કલ્યાણસાગરસુરીનું શિષ્યપણું સ્વીકાર્યું. તેઓ ગચ્છાધિપતિ બની શક્યા હોત. કેટલો મહાન ત્યાગ!!!. તેઓ આચાર્ય ન હોવા છતાં એમનાથી પાટ પરંપરા નીકળી. વર્તમાન આચાર્ય ગચ્છાધિપતિ શ્રીકલાપ્રભસાગરસુરીશ્વરજી એમની પરંપરામાં આવે છે. કચ્છમાં સારું વિચરણ કરી સારો ધર્મ પ્રચાર કર્યો.

EE) વોરા રામાણી વિક્રમ સંવત ૧૫૯૬માં હાલારમાં નંદુરી વસ્યા પુત્ર માલો કચ્છ પાછો આવ્યો એટલે તેના બાળકનું નામ ફરી પાછો આવ્યો એટલે ફુરિયા રાખ્યું. એના પરથી ફરીયા અટક થઈ. વિસરિયા મોતા છીકારીથી નાંદુરીથી ખીરસરે હતા. છીકારી પરિવાર સુથરી, નાંદોરી પરિવાર કોઠારે અને ખીરસરાનો પરિવાર સાંધાણ જઈ વસ્યા.

GG) વિ.સં. ૧૭૪૭માં કચ્છ ખીરસરા બંદર ગામે લઘુ નાગડા ગોત્રમાં પિતા કર્મસિંહ અને માતા કમદિ જન્મ નામ વિદ્યાધર. ખુબ તેજસ્વી. વિ.સં. ૧૭૫૬ દિક્ષા નામ વિદ્યાસાગર. સં. ૧૯૬૨માં આચાર્ય પદ. જૈન આગમ-નિગમનાં પ્રખર નિષ્ણાત. એમના સમયમાં કચ્છમાં ઋષિ મુલચંદે સ્થાનકવસી પંથનો ઉગ્ર પ્રચાર કર્યો. તેમની સામે શાસ્ત્ર વાદ (ધર્મસંવાદ) કરી મહારાઓશ્રીની હાજરીમાં વિદ્યાસાગરે પરાસ્ત કર્યા અને મૂર્તિ પૂજાનું પ્રતિપાદન કર્યું. સ્થાનકવાસી બની ગયેલ લોકોને મૂર્તિ માર્ગે પાછા વાળ્યા.

HH) વિ.સં. ૧૮૧૯ને માગસર સુદ ૧૦ના સિંધના ગુલામ કલોરો અને કચ્છ રાજવીની સેના વચ્છે યુદ્ધ લડાયું. એક રાતમાં એક લાખ સૈનિકો કપાયા. કચ્છી તોપો સમયસર ન ફૂટવાથી કચ્છની સેના હારી. ક્લોરોના સૈન્યે અનેક ગામો લુંટ્યા, સળગાવ્યા, ખંડણી વસુલ કરી. ક્લોરોનું સૈન્ય તેરાથી આગળ અઈડા ગામ તરફ આગળ વધ્યું. ગામમાં માત્ર વૃધ્ધો, મહિલાઓ અને બાળકો હતા . યુવા પુરુષો યુધ્ધમાં કચ્છ તરફે લડતા ખપી ગયેલા અને બીજા ગામ છોડી નાશી ગયેલા. ગામની રખેવાળી ૩ પુરુષો કરતા હતા (૧) હરધોર શાહ (દંડ) (૨) હીરજી ઠક્કર અને (૩) ગુંગો રબારી કરમણ. એક ગામ સંભાળે, બીજો લોકોને સંભાળે અને ત્રીજો કરમણ રબારી ગામનું પશુધન સાચવે. ગાયો ચરાવતા રબારીએ દૂરથી લશ્કર આવતું જોઈ ગાયોને ગામ તરફ વાળી અને પોતે ભાગ્યો અન્ય બે સાથીને જાણ કરવા. થોડા વખતમાં લશ્કર આવી પહોચ્યું. ઝાંપો બંધ કર્યો અને મોરચો સંભાળ્યો. દુશ્મનની વિશાળ સેના સામે ટકવું મુશ્કેલ છતાં વીરતા પૂર્વક લડ્યા. લશ્કર આ ત્રણેની બહાદુરી જોઈ ડરી ગયું કે આવા ગામમાં બીજા હશે તો જીવ બચાવવો મુશ્કેલ થશે એવું વિચારી

પલાયન થઇ ગયા. અનેક ઘાવ પડવાથી ત્રણેના દેહ ઢળી પડ્યા પણ ગામ લુંટાતા બચી ગયું. ગામ લોકોએ આ ત્રણે વીરોની સ્મૃતિ જીવંત રાખવા તળાવની પાળે પાળિયા ઉભા કર્યા. દર ચૈત્રી ચૌદસના દિવસે મેળો ભરાય છે. હરધોર શાહને અઈડા દાદા તરીકે સૌ પૂજે છે. એમના વંશજો વાર તહેવારે દાદાની ખામ્ભીએ માથું ટેકાવવા આવે છે.

**ક.દ.ઓ. ઓસવાલોનું સામાજિક જીવન**

સિંધની રહેણી-કરણી, રિવાજો, પહેરવેશ, ભાષાની અસર રહી. લગ્ન વખતે વપરાતા શબ્દ 'ખીર વધાય' કે 'સોથા ખીર સિંધી શબ્દો છે. કન્યા માતા-પિતાને પગે ન લાગે, નામ પાછળ આવતો 'આણી' શબ્દ જીવાનું જીવાણી કારાનું કારાણી, દેવોનું દેવાણી સિંધી ભાષી છે. પીર સંસ્કૃતિ સિંધની છે. આપણે પણ ભલારા પીર, પઠાપીર, લાલ છતા પીરને માનીએ છીએ

**વ્યવસાયઃ** એ સમયના લોકો ભોળા અને બધા સંયુક્ત કુટુંબમાં રહેતા. સખત મહેનત, ખેતી, પશુપાલન, ઘીનો વેપાર ધાન કોઠી ભરી પછી વધારાનું વેચી નાખે. ખેતીવાડીના કામથી પરવાર્યા બાદ માટી પથથરના ઘરો બનાવે, સલાટ અને કમાંગરી (ભીંત ચિત્રકામ) કામ, નળીયા ચારે, ખાટલા ભરે, બોરડી વાઢીને વાડ બનાવે. શ્રીમંતો બહુ ઓછા હતા. તેમાંથી થોડા જાગીર ભોગવતા, કારભારીપણું, દરિયો પણ ખેડતા, વહાણો વસાવ્યા, પશુપાલન, ઘી અને અનાજનો વ્યાપાર પણ કરતા. ઘર ઘર એક ચક્રવાળા રેંટીયા રહેતા. ફુરસદના સમયમાં રેંટીયો ફેરવી તેમાંથી તૈયાર થયેલું સુતર ગામમાં જ વણાટ થતું. અમુક ગામોમાં કપડાંને રંગ કરવાના કારીગરો હોય ત્યાં રંગારાને કામ આપવામાં આવતું. ઘરની સ્ત્રીઓ ખેતીનાં કામમાં મદદ કરતી, ધાન સંગ્રહી રાખવાની વ્યવસ્થા કરતી, ઢોરો ઉછેરનું કામ કરતી. દળણાં દળવા, છાસ વલોણું, છાણ વાસીદા, પાણી ભરવાનું કામ પણ બહેનો જાતે કરતી. દૂધ કદી વેચવામાં આવતું નહીં.

**પહેરવેશઃ** કચ્છી પહેરવેશ પર સિંધ-રાજસ્થાનની અસર જોવા માળે છે. પુરુષો રાજપુતાના તથા સિંધનો પ્રાચિન, મર્યાદાવાળો પોષાક ધારણ કરતા મારવાડમાં જેને ચૂડીદાર પાયજામો કહે છે તેને કચ્છમાં ચોરણો કહે છે. તે પાણકોરાનો પગની ઘૂંટણ પાસે બટનવાળો કડાં બોરવાળી ઈજાર અને ઉપરનાં ભાગમાં સૂરવાળ જેવો પહોળો રહેતો. ઓસવાલો આવા ચોરણા ઉપર મર્યાદા જાળવવા કાળી, પીળી કે રાતી પટ્ટીવાળો પાતળો ખેસ અથવા આડીયું પહેરતા. તથા ખભા પર અજરખ. કચ્છી પાઘની ખાસ ઓળખ. ઉઘાડે માથે કોઈ નહીં. જો કોઈ સારે કામે નીકળે અને ઉઘાડે માથે સામો મલે તો અપશુકન થયા માની પાછા વળી જાતા. લુગડામાં થીગડા માથે થીગડા મારતા. ચોયણા ફાટે ત્યારે બદલાવતા. ચોયણો નહોતી વખતે જ ધોઈ નાખતા. સાબુ નોતા. ધોરી ધૂળથી નહાતા અને લુગડા ધોતા. પગમાં ચાંચવાળા જોડા. વ્યવસાય ખેતી અને પશુ પાલન. ભૌગોલિક પરિસ્થિતિને અનુકુળ રણની ગરમી, રેતીથી બચવા સુતરાઉ ઢીલા કપડા પહેરતા. પછી ચોરણા ઉપર કેડિયાને બદલે (આભો) લાંબુ ખમીસ (પહેરણ) આવ્યું. સમય જતા લેંઘા, ઝબ્બા કે ખમીસ તથા પાઘડીને બદલે ટોપી આવ્યા. શહેરમાં ઝીણી કોરના ધોતિયા, કફ અને કોલરવારા ખમીસ(અંગરખો), ઉપર પ૬ ઈંચનો લાંબો ડગલો, ટોપી, અને શ્રીમંતો પાઘડી પહેરતા. હવે આધુનિક વસ્ત્રો પેન્ટ, શર્ટ, સૂટ આવ્યા.

સ્ત્રીઓ કાપડું, કંચુકી (ખુલ્લી પીઠવાળું બ્લાઉઝ), ઉપર છાયલ કે ઓઢણી. પછી વિલાયતી પાવર મલમલ પર લાલ રંગનું વચ્ચે સફેદ ફૂદાડીયોથી ભાત પડેલ ઉમરાવતી છાયલનો પહેરવેશ આવ્યો. વરસોથી આ પહેરવેશ પ્રચલિત. શોક જેવા પ્રસંગે આવો છાયલ પહેરવાનો રિવાજ થઇ ગયેલ. બીજા કલરનો પહેરો તો ટીકા થતી. આ છાયલ રિવાજમાંથી રૂઢી બની ગયો. શહેરમાં આવ્યા પછી સાડી, શેલા આવ્યા, મુંબઈ આગમન પછી પહેરવેશ ફરી બદલાયો. પુરા કાળના બ્લાઉઝ, ઓઢણી, ચણીયા ચોળીને બદલે સાડલો આવ્યો. ગુજરાતી સાડી અને મારવાડી સાડી અને પછી ફેશનમાં બંગાળી સાડી અને દક્ષિણી સાડી આવી. છોકરીઓમાં સ્કર્ટ, ફ્રોક, મીડી-મેક્સી, પંજાબી અને જીન્સ આવ્યું. આપણામાં સ્ત્રીઓમાં ખોંભાનું મહત્વ. સોનાના તારવાળા ખોંભાનાં કિંમતી ''ઘરચોળા'' દશાઈ બહેનોની જાહોજલાલી અને સૌભાગ્યનું 'પ્રતિક' બની ગયા. 'પારસી સમાજ' ની અસરથી. ''કેનવાસ ભરત'' આપણી જ્ઞાતિની બહેનોમાં માનીતું ભરત બન્યું. દરેક કન્યાને ફુરસદના સમયે 'ભરતકામ' શિખવાડવામાં આવતું. આ આપણી જ્ઞાતિની બહેનોને એટલું માફક આવ્યું કે કેટલીય બહેનોએ પોતાની 'આજીવિકાનું સાધન' બનાવ્યુ. વિધવા થનાર મહિલાઓનો પહેરવેશ. કાળો કે લાલ રહેતો. શોક દર્શાવવા અન્ય મહિલાઓ પણ થોડો વખત કાળો પહેરવેશ ધારણ કરતી. આગળ જતાં સફેદ છાયલ શોકના પ્રતિક બન્યાં.

**ક્ષાત્રતેજ :** આપણા વડવાઓ ક્ષત્રિયવટથી રહેતા. લુચ્ચા લફંગાથી ડરતા નહીં. સ્વમાન જાળવવા સમય પડે સામનો કરતા. આગળ તલવાર, બંધુકોના પરવાના ન હતા. સૌ કોઈ રાખતા. વાણિયા પણ રાખતા અને ટાણે વાપરી પણ જાણતા. સ્વમાની સ્વભાવથી ઘણી વખત ગામધણી સામે દુશ્મનાવટ થઇ જતી. અહિંસા ધર્મ સ્વીકાર્યો હોય તેથી ઝગડાથી દૂર રહેવા ગામ છોડી અન્યત્ર રહેવા જતા રહેતા. વધુ પડતા સ્થળાંતરનું એક કારણ આ પણ રહ્યું છે. સ્ત્રીઓ બહાદુર અને નિડર હતી. ખેતી કે વ્યાપારમાં બચત થાય તે સ્ત્રીઓ સંઘરી રાખતી અને જરૂર પડ્યે પતિને આર્થિક મુશ્કેલીમાં ઉભી રહેતી. સ્વામી ભક્તિ, કષ્ટ સહિષ્ણુતા, ઉદારતા, વીરતા, સ્ત્રી મર્યાદા, ધરતી પ્રેમ, પશુ પ્રેમ, જાતીય ગૌરવ, યશની આકાંક્ષા, ધર્મમાં આસ્થા, કર્તવ્ય પરાયણતા, વચનબધ્ધતા, જેવા અનેક ગુણો ઓસવાલોના લોહીમાં રહેલા છે. તો ઈર્ષા, અદેખાઈ, વેર ન ભૂલવું, બદલાની ભાવના જેવા અવગુણો પણ રહેલા છે.

**કેળવણી :** સ્થાનિક કચ્છીઓમાં કેળવણીનો ખૂબજ અભાવ છે. જ્યાં સમગ્ર પ્રદેશમાં જ કેળવણીનું પ્રમાણ નજીવું હોય ત્યાં જૈનો

માટે તો કહેવું જ શું? રાજવીઓ યુધ્ધમાં સતત રોકાયેલા પડ્યા હતા, રાજકીય ખટપટો અને વારસદારોમાં ઝગડાઓ તેમાંથી ઉભા થતા બહારવટાને લીધે રાજવીઓનું ધ્યાન તેમાં જ અટવાયેલું રહેતું. વળી રાજવીઓ ખાસ ભણેલા ન હતા એટલે શિક્ષણ પ્રત્યે ખાસ ધ્યાન આપી શક્યા નહીં. શિક્ષણ ગામઠી કે પંડ્યાની શાળામાં કે ગોરજીની પોશાળામાં થતું. માંડ માંડ એકાદ જણ તાર ભાંગ્યું તુટ્યું ઉકેલી શકતા. લેખન, વાંચન અને મુખ ગણિત પર વિશેષ ભાર આપવામાં આવતો. કાગળ, કલમ, પેન, પેન્સિલ, સ્લેટપેન પણ ન હતા. સુતાર પાસે તૈયાર કરાવેલ પાટિયા ઉપર ઝીણી ધૂળ પાથરી તે ઉપર લાકડાની અણીદાર ટુકડાથી કે આંગળીથી ધૂળ પર અક્ષર પાડી તેનાથી અક્ષરજ્ઞાન અપાતું અને બાળકો આ અક્ષર ઘુંટતા અને એક સરખો રાગડો કાઢીને બારાખડી અને આંકના પાડા લેતા. ૧થી ૪૦ એકા ઉપરાંત પા, અડધા, પોણા, સવાયા, દોઢા, અઢીયા, ઉઠા (સાડા ત્રણગણાં)ના પાડા(આંક) શીખતા. સાદું ક્ષેત્રફળ કાઢવું, માપ (વજન) અને કિંમત કાઢવી, હિસાબ, કાગળ પત્ર વહેવાર, મુખ્ય શિક્ષણ. આપણા વડીલો ભલે અભણ હતા પણ ઉચ્ચ કોઠા સુઝ (વહેવારિક જ્ઞાન) ધરાવતા હતા. કચ્છની બહેનોમાં જૈન ધાર્મિક શ્રદ્ધા અને ધાર્મિક જ્ઞાન પુરુષની સરખામણીએ વધારે.

**ખોરાકઃ** સવારનું સીરાણ કચ્છમાં બાજરાના રોટલા, માખણ, દહીં, છાસ કે સિંધથી આવતા લાલ ચોખા, દૂધ, સાકર નાખી ખાતા. બપોરે બાજરાના રોટલા, ગોળ, છાસ, શાક, રોટલી, ભાત તો ક્યારેક થતા.સાંજે મીક્ષ ચોખા તથા કઠોળની વાનગી એટલે ખીચડી, કઢી, રોટલા, ગુવારનું શાક, છાસ, અથાણુંનું વિયારું. અથાણામાં બીજોરા, મરચા, કેર, લીંબુ, કેરી. જયારે MILLET (બાજરી-જુવાર આદિ) તથા કઠોળની વાનગી એટલે ખીચડો જે ગરીબોનો ખોરાક. એ સમયે આપણામાંથી ઘણાની સ્થિતિ નબળી જ હતી. ભત ખાઈને દિવસો કાઢતાં. (ભત એટલે જુવાર કે બીજું અનાજ ખાંડણિયામાં ખાંડી ચુલામાં ડોણામાં નાખી તેમાં મગ, મઠ અને છાશ નાખી ઉકાળે, રાબ જેવો ખોરાક બનતો) ચાયનું ચલણ નોતું.

**મનોરંજન :** એ વખતે આજની જેમ રેડિયા, ટેપ રેકોર્ડર, ટી.વી., વિડિયો જેવા મનોરંજનના કોઈ સાધનો ન હતા. ખેતીમાં વ્યસ્ત લોકો શહેરમાં કે બહાર ફરવા ન જઈ શકતા. એ કાળે મનોરંજન કરી પેટીયું રળવા રાજસ્થાન તરફથી નટ, મલ્લ, બજાણિયા, કઠ પુતલીના ખેલ કરનારા, રાવણહથ્થા વાદકો આવતા. નાટક, આખ્યાન, ભવાઈ કરનારાઓ આવતા. ગામના પટેલની રજા લઈ પોતાની કલા પીરસતા. ગામડામાં બારોટો (વહીવંચા) આવતા તેઓ પોતાના યજમાનોની વંશાવલીઓ રાખતા. તેમાં યજમાનોના વંશમાં થયેલ સગપણ, લગનો, જન્મો અને મરણોની કે સારા પ્રસંગોની નોંધ કરતા. આ બારોટો રાત્રે ડાયરો કરી વીરરસ, સમર્પણ, દાતારીની વારતા, દુહા, છંદો, ભજનો સંભળાવતા. આખું ગામ સાંભળવા આવતું. મનોરંજનનું ઉત્તમ સાધન હતું.

**મુસાફરી :** એ જમાનામાં ( ઇસ.૧૯૨૫ આસપાસ) બસ ચાલી શકે તેવા ૪ જ રસ્તા. માંડવીથી ભુજ, ભુજથી તુણા અથવા ખારી રોહર, ભુજથી કોટડા અને ભુજથી મુન્દ્રા, આટલી જ મુસાફરી મોટર માર્ગે, બાકીની બળદ ગાડામાં જ કરવી પડતી. મુંબઈ જવા જામનગર-મુંબઈ સૌરાષ્ટ્ર મેલ માટે તુણા બંદરેથી બેડી બંદર (જામનગર)દરિયાઈ મુસાફરી કરવી પડતી અથવા તુણાથી નવલખી લોન્ચમાં અને પછી નવલખીથી વાંકાનેર ટ્રેનમાં જઈ, વાંકાનેરથી જામનગર-મુંબઈ મેલ પકડવો પડતો. બીજો રસ્તો માંડવીથી દરિયાઈ માર્ગે મુંબઈ જવાતું. સ્ટીમરો આવતા આ મુસાફરી સરળ થઇ.

**મહેસૂલ :** મહેસૂલ વસુલ કરવાની બે પદ્ધતિ હતી. રોકડ આકાર જેમાં વીઘા દીઠ ઠરાવીક રકમ રોકડ રૂપે આપવું પડતું અને બીજી ભાગ બટાઈ પદ્ધતિ જેમાં ઉત્પાદન ઉપર ચોકસ હિસ્સો અનાજ રૂપે આપવો પડતો. કાપણી કરેલ પાક પહેલા ખરાવાડમાં લઇ જવો પડે, આખા ગામનો પાક તૈયાર થઇ જાય ત્યારે અધિકારી રાજ ભાગ પસંદ કરે અને રાજભાગને રાજના ગોદામમાં પહોંચાડવાનો હુકમ કરે. તે ઉપરાંત બીજા લાગા આપવા પડે, ધર્માદા લાગો, હવાલદારી લાગો, કુંભાર, લુહાર, વણકર, હજામ, ગોવાળ વિગેરે વસવાયાનાં લાગા ( હિસ્સા) આપવાના. વધે તે ઘરે લઇ જાય. જો રાજનું કરજ હોય તો માલ ઘરે લઇ જાય તે પહેલા વસુલ કરે તેટલું અનાજ વેચી રકમ વસુલી કરે.

**ન્યાય :** ગામનો પોલીસ એટલે મુખી અથવા પોલીસ પટેલ જેને ગામનો પસાયતો મદદ કરતો. ગામમાં થતા વિવાદો કે ઝગડા ગામના પંચ દ્વારા હલ થતા. ગામનો ચોવટિયો, પટેલ અને અન્ય આગેવાનોનું બનેલું પંચ બન્ને પક્ષને બોલાવી, ચોરે બેસી એમને સાંભળી, પંચના સભ્યો આપસમાં ચર્ચા વિચારણા કરી પોતાનો ચુકાદો આપતા જે સામાન્ય રીતે બન્ને પક્ષ સ્વીકારી લેતા. નાતીલા નાતીલા વચ્ચેના પ્રશ્નો ગામમાં રહેલ પોતાની જ્ઞાતિનો ગામ પટેલ હલ કરવાનો પ્રયત્ન કરતો. પ્રશ્ન વિકટ હોય તો નાતના પટેલ પાસે જતો. પંચાયતી રાજ આવતા પટેલશાહી નષ્ટ થઈ.

**આરોગ્યઃ** પહેલા દાકતર નોતા તો આવી બિમારીઓ પણ નોતી. દવા નોતી તો લોકો નરવા હતા. જારનો ખોરાક (જે તુચ્છ ખોરાક કહેવાય) પણ દુઝાણાના પાર નહીં. વખેડા ઉપાડી ઉપાડી લોકોના શરીર ખૂબ કસાયેલા મજબૂત. તાવ આવે તો મામેજવો, ગોઈડીયાની આંતર છાલ વાટી ગાળીને પીતા. લીમડાની અંતરછાલ પીવડાવતા. પેટમાં દુઃખે તો આકડાના પાન બાંધી ઈંટનો શેક કરતા કે કુંભાર પાસે ડામ દેવડાવતા, માથું દુખે તો આકડાના પાન બાંધે. આગળ શીતળા, મરકી કે કોલેરા જેવી મ્હામારીઓ આવતી.

**ગ્રામ્ય જીવનઃ** વહેલી પરોઢે ઘંટીને રથડે જુતેલી કે ઘમ્મર વલોણાં વલોવતી કે ચાંદની રાતનાં કે સાતમ આઠમનાં તહેવારોમાં શેરીઓમાં રાસડા લેતી બહેન દીકરીઓ કે વહુવારુના કંઠથી નીતરતાં ગીતો, તો પારણામાં સંસ્કાર પાતી માતા બહેનોના કંઠેથી મધુર હાલરડાંથી ગામડું ગુંજી ઉઠતું.

**જ્ઞાતિ વહીવટઃ**

શરૂઆતમાં આપણી જ્ઞાતિનું મૌખિક બંધારણ હતું. પટેલું નેતૃત્વવાળી વ્યવસ્થા-(૧) ગામના પટેલ (૨) વિભાગના (વડાના) પટેલ અને (૩) વરિષ્ઠ પટેલ (સીણોય) પટેલ હતા. કચ્છમાં કોઠારા અને હાલારમાં મોટી ખાવડી પટેલોની મંજી હતી. જ્ઞાતિનો વસવાટ મુંબઈ અને દેશાવર થતા મુંબઈ મહાજન થયું અને સીણોઈ પટેલનું મહત્વ ઘટ્યું. પરંતુ મુંબઈ મહાજન કચ્છ-હાલારનાં સીણોય પટેલ સાથે સલાહ પ્રમાણે વહીવટ કરતું. સમયાંતરે ત્રણે મહાજનો સ્વતંત્ર રીતે વહીવટ કરવા મંડ્યા. દર વરસે ભાદરવા વદ એકમના કોઠારમાં વાર્ષિક સંમેલન ભરાતું. એ જમાનો પટેલશાહીનો જમાનો હતો. ગામનો વહીવટ પટેલો દ્વારા અને નાતનો વહીવટ નાતના પટેલો દ્વારા. નાતના ધારા ધોરણો હતા અને ગુનેગારોને નાતના પટેલો અને કારોબારી સભ્યો સજા ફરમાવતા. ક્યારેક સત્તાના મદમાં કે સગાવાદમાં નાતીલાને અન્યાય થતો પણ નાત મુખીઆ સામે કોઈ હરફ ઉચારી શકતા નહીં. નાતના ઘડેલા કાયદોઓ હતા અને નહીં પાડનારને દંડ, નાત બહાર કરવાની કડક સજા અપાતી. નાતીલો સીધો નાતીલા સામે ફરિયાદ ન કરી શકતો. પહેલા નાતના પટેલો સમક્ષ ન્યાય માટે જવું પડતું અને એમનો નિર્ણય માન્ય ન હોય તો રાજા પાસે ફરિયાદ કરી શકતો.

આપણી જ્ઞાતિમાં સહુ પ્રથમ સુધારા સને ૧૮૪૧ (સં. ૧૮૯૭)માં નલીયા મુકામે શેઠશ્રીએ કરેલ દેશ તેડા વખતે થયેલ. ત્યારબાદ ઈ.સ. ૧૯૧૧માં સુથરી ખાતે શેઠ શ્રી ખેતસી ખીંયસી ધુલ્લાએ નાત મેળો યોજેલ તે વખતે સામાજિક વહેવારોને નિશ્ચિત અને સુત્રબધ્ધ કરતા સુધારા થયા. સને ૧૯૧૧, સં. ૧૯૬૭ ભાદરવા વદ ૧નાં કોઠારા મુકામે સમસ્ત મહાજન ભેગું થયું. એ વખતે સામાજિક અને ધાર્મિક સુધારાના નિયમો ઘડાયા અને નાતના વહીવટીય વિભાગ માટે ૧૦ વાડાઓ નક્કી કરવામાં આવ્યા.

**હાલારમાં પ્રથમ પ્રયાણ :**

ઓસવાલોનું હાલારમાં પ્રથમ આગમન જામ રાવલ સાથે સં. ૧૫૯૬માં થયું. વહીવંચાની ઘણા ગોત્રોની વહીઓમાં સં ૧૫૯૬ હાલે (હાલારમાં) આગતઃ જેવી ટુંકી નોંધ મળે છે. એ વખતના મુખ્ય ગામો ગુવાણા, નાંદુરી, છીકારી જેવા ગામોમાં છૂટા છવાયા વસ્યા. આવનારા પરિવારોની સંખ્યા ઘણી ઓછી હતી. વિ.સં. ૧૬૪૮માં અકબરની સેના અને જામનગરના રાજવીની સેના વચ્ચે ધ્રોળ પાસે ભૂચર મોરીના મેદાનમાં યુધ્દ્ધ થયું તેમાં જામ પક્ષે હાર થઈ. મુસ્લિમ સેનાએ જામનગરમાં આવી લૂંટ ચલાવી. મોટી ખંડણી રાજવીને ચૂકવવાની આવી તેથી પ્રજા ઉપર આકરા કરવેરા લગાડ્યા, વેપારીઓ પાસેથી મોટી રકમ વસુલ કરી. પ્રજા ત્રાસી ગઈ અને કચ્છથી આવેલ ઘણી જ્ઞાતિના લોકો પાછા કચ્છ ચાલ્યા ગયા. કચ્છી દશા ઓસવાલો અબડાસામાં આવી પોતાની નાતમાં પાછા ભળી ગયા.ત્યાં તેમની છાપ ઘણા વરસો સુધી હાલાઈ તરીકેની રહી. ૫૦ વરસ પછી ફરી કચ્છમાંથી ઘણા લોકો હાલાર તરફ ગયા પણ આ વખતે ક.દ.ઓ. ગયા નહિં.

**હાલારમાં બીજું પ્રયાણ :**

સં ૧૬૫૦માં લાલન ગોત્રિય ઓસવાલ વર્ધમાન શાહ અને પદમસી શાહે આચાર્ય દાદા કલ્યાણસાગરસૂરિશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભદ્રેશ્વરથી શેત્રુંજયનો છ'રી પાળતો સંઘ કાઢેલ તેમાં ઘણા ઓસવાલો હતા. અને વળતા જામનગર રાજવીના આમંત્રણે અને કચ્છ રાજ કરતા અડધું દાણ લેવાના પ્રસ્તાવે બન્ને શ્રેષ્ઠી જામનગરમાં વસ્યા અને અન્ય ઓસવાલો પણ વસ્યા. જો કે આ વખતે દશા ઓસવાલો કચ્છથી આવ્યા હોય તેવું જાણવા મળતું નથી. વહીવંચાઓની વહીઓમાં પણ કોઈ નોંધ જોવા મળતી નથી. મુંબઈમાં રુઢીચુસ્ત નાતના આગેવાનો વિરુદ્ધ સુધારાવાદી વચ્ચે લડાયેલ રાજગોર બ્રાહ્મણોને ફરજિયાત પ્રસંગોએ જમાડવાનો કેસ ઈ.સ. ૧૮૯૪ (સં ૧૯૫૦)ના કેસમાં આપણા ગામના જેઠુ આણંદ દંડે સુધારાવાદી પક્ષના આગેવાન નરસી કેસવજી નાયકની આગેવાનીમાં આગળ પડતો ભાગ લીધેલ. કોર્ટમાં જુબાની આપતા જેઠુ માસ્તરે જણાવેલ કે અમારા વડવાઓ આસરે ૧૦૦ વરસ પહેલા કચ્છમાંથી હાલાર આવ્યા હતા. જે મુજબ સને ૧૮૦૦ આસપાસ બીજું આગમન ગણાય. જો ભૂચર મોરીના સં. ૧૬૪૮ના યુધ્દ્ધ બાદ કચ્છ આવવું ન પડ્યું હોત અને પ્રથમ વખત આવેલ પરિવારો બીજી વખત હાલાર ગયા હોત તો હાલારમાં પણ ક.દ.ઓ. ની સંખ્યા ઘણી વધારે થઇ ગઈ હોત. અત્રે એ નોંધવું જરૂરી છે કે કચ્છમાંથી હાલારમાં આવેલી ઘણી જ્ઞાતિઓએ પોતાની અલગ જ્ઞાતિ બનાવી જેમકે હાલાઈ લુહાણા, હાલાઈ ભાટિયા, હાલારી વીશા ઓસવાલ વિગેરે પણ હાલારના કચ્છી દશા ઓસવાલોએ પોતાની ઓળખ કચ્છી દશા ઓસવાલો તરીકેની જાળવી રાખી છે.

મુંબઈ તરફ વસવાટ થયો તેથી ૨૫-૩૦ વરસ પહેલા હાલાર તરફ બીજું સ્થળાંતર ઈ.સ.૧૭૫૦-૧૮૦૦ના અરસામાં થયું. શરૂઆતમાં ઢાંક, ચેરેલિયા, ખારેચીયા, રાજપરા જેવા સોરઠના ગામોમાં અને ત્યારબાદ ધ્રાફા, ગોરખડી તરફ વસ્યા. થોડા પરિવારો મોટી ખાવડી, દલતુંગી, બેરાજા ગામમાં પણ વસ્યા. સમયાંતરે નાની ખાવડી, રંગપુર, ભરૂડિયા ગામો કચ્છી દશા ઓસવાઓએ વસાવ્યા.

**મુંબઈ તરફ પ્રયાણઃ**

વિ. સં. ૧૮૨૧ થી ૧૮૭૬ (ઈ.સ. ૧૭૬૫-૧૮૨૦) નો સમય કચ્છ માટે ખુબ ખરાબ રહ્યો. શરૂઆતના ૧૮ વરસ રાવ ગોડજી બીજા અને પછી રાવ રાયધણજી બીજાનું રાજ રહયું. રાજકીય અંધાધુંધીનો સમય, દિવાનોની હત્યા, જગતની ૧૮ મોટી લડાઈઓમાંની એક લડાઈ ઝારા યુધ્ધ જેમાં એક દિવસમાં એક લાખ સૈનિકો કપાયા, (જે સંખ્યા બન્ને વિશ્વ યુધ્ધો કરતાં પણ વધુ). કચ્છને મોટી કિંમત ચુકવવી પડી, આકરા કરવેરા, અમલદારોની રંજાડ, રાયધણજી બીજા ૧૪ વરસની ઉંમરે ગાદીએ આવ્યા. મુસ્લીમ રંગે રંગાયા, હિંદુઓ પર જુલ્મો, મુસ્લીમ બનવા દબાણ, પ્રજાએ રાજાને નજરકેદ કર્યા, બારભાયા (૧૨ ની કમિટી)નું રાજ, દરેક તાલુકો મન

ફાવે તેમ વહીવટ. આ બધી માનવ સર્જિત મુશ્કેલી સાથે કુદરતી આફતો- દુષ્કાળ, ભુકંપ, મરકી જેવી મહામારી, તીડોના ત્રાસથી કચ્છી પ્રજા ખુબ દુખી. અંગ્રેજોએ મુંબઈનો વિકાસ શરૂ કર્યો અને ઈ.સ. ૧૮૧૩ (સં. ૧૮૬૯)માં મુંબઈને અંગ્રેજોએ વેપાર મથક બનાવ્યું અને ત્યાર પછી મુંબઈનું મહત્વ વધતું ગયું અને કાઠીયાવાડ, કચ્છ, ગુજરાતમાંથી અનેક લોકો મુંબઈ આવ્યા. કચ્છમાંથી કોઠારા, તેરા, જખૌના ભાટિયાઓ મુંબઈ તરફ પ્રયાણ કર્યું. આ ભાટિયા પરિવારો આપણા વિસ્તારનાં હોઈ તેમની સાથેના આપણા સંપર્કોને લીધે કચ્છી દશા ઓસવાલોએ મુંબઈ જવાની શરૂઆત કરી. આપણી જ્ઞાતિમાં તેરાના જેતસી જીવરાજ અને ગોધરોનાં સારંગ શેઠ સં. ૧૮૪૦માં સૌ પ્રથમ મુંબઈ આવ્યા. વિ.સં. ૧૮૫૭માં શેઠશ્રી નરસી નાથા મુંબઈમાં આવ્યા. વિ.સં. ૧૮૬૯-૭૦માં મરકી રોગમાં લગભગ અર્ધી પ્રજા નાશ પામી અને ત્યાર બાદ કચ્છ બહાર જવાની હિજરત વધી.ઈ.સ.૧૮૧૯ (સં ૧૮૭૫)નાં ધરતીકંપે કચ્છનું જીવન બદલી નાખ્યું. સિંધુનું પાણી આવતું બંધ થતા તથા ધરતીકંપને લીધે જમીનનું પડ ઉંચે આવતા લખપત અને અબડાસાનું જનજીવન ખુબ પ્રભાવિત થયું. આ કારણે વધુ જ્ઞાતિજનોએ મુંબઈ તરફ પ્રયાણ કર્યું.

**દેશાવરમાં વસવાટ :**

વિલાયતમાં ઔદ્યોગિક ક્રાંતિ આવતા માન્ચેસ્ટર અને લીવરપુલની કાપડની મિલો કામ કરતી થઇ. ઝીણા તારનું રુ મિસર અને અમેરિકાથી આવતું પરંતુ જાડા રુની ઘરાકી ભારત પાસેથી રહેતી. સૌરાષ્ટ્ર અને ઉત્તર પશ્ચિમ ભાગમાંથી આવું રુ મળી રહેતું તેથી ત્યાંના ગામડામાં કપાસની મોટી ઘરાકી રહેતી. ત્યાંથી ભેગું કરેલું કપાસ બેલ ગાડી કે વણઝારાની પોઠો મારફતે મુંબઈ અને સુરત બંદરે આવતું. આપણો વસવાટ ખાનદેશ, કુમઠા, ધારવાડમાં તેને કારણે થયો. ત્યાં જીનીંગ, પ્રેસિંગની મિલોની સ્થાપના થઇ. શરૂઆતમાં એકલ દોકલ નોકરો, આડતિયા આદિ ગયા. ત્યાં ધર્મશાળાઓ સ્થાપી જે આવા લોકો માટે રહેઠાણની ગરજ સારતી. સમય જતાં વ્યાપારની પેઢીઓ સ્થપાઈ અને લોકો પરિવાર સહિત વસ્યા. પંજાબમાં રુ નું ઉત્પાદન ઘણું થતું તેથી પંજાબમાં પણ આપણી પેઢીઓ થઇ પરંતુ પરિવાર સાથેના વસવાટ ખાસ થયો નહિં. જલગામ વેપારનું મૂખ્ય સ્થળ થયું તે પહેલા પારોલા મુખ્ય સેન્ટર. પારોલા દેરાસરમાં પર્યુષણ ઉજવવા આજુબાજુના ગામોના લોકો આવતા અમલનેર, જલગામ, ધરણગામ, રાવેર, બોધવડ, મલકાપુર, યાવલ , ડોંડાઈચા , શાહેદા, ચોપડા, પીપરી વિ. ગામોથી આવતા.

**જ્ઞાતિમાં શિક્ષણનો વિકાસ :**

સં. ૧૯૩૪-૩૭ની સાલમાં કેટલાક ભાઈઓએ પાઠશાળા સ્થાપી પરંતુ કોન્સરવેટિવ વિચાર ધરાવતા શેઠીયાઓ તરફથી તેને તોડી પાડવામાં આવી. ત્યારબાદ કેટલાક વરસો સુધી કેળવણીનો ફેલાવો કરવાની કોઈએ હિમત કરી નહિ. લક્ષ્મીચંદ તેજપાળે સને ૧૮૮૪માં માંડવી, મુંબઈ વિભાગમાં રિપન ઈંગ્લીશ સ્કૂલના નામે એક સ્કૂલ સ્થાપી. આ સ્કૂલમાં જ્ઞાતિના ૫-૬ ભાઈઓએ કેળવણી મેળવી અને તેમણે જ્ઞાતિ શિક્ષણ માટે ભરપુર પ્રયાસ કર્યો. આથી શેઠિયાઓ નારાજ અને મજકૂર માસ્તર મંડળને તોડી પાડવાનો પ્રયાસ થયો.

ઇસ. ૧૮૯૪માં લડાયેલ રાજગોર બ્રાહ્મણ કેસમાં મહાજન પક્ષ જે કેળવણીનું હિમાયતી હતું તેની જીત થતા મુંબઈ મહાજનમાં લોકશાહી ઢબના વહીવટના દ્વાર ખુલ્યા. વિ.સં. ૧૯૫૭, જ્ઞાન પંચમી તા. ૨૮.૧૦.૧૯૦૦ ના રોજ મુંબઈ ખાતે મુંબઈના આગેવાન શેઠ વસનજી ખીમજીના પ્રમુખપદ હેઠળ જ્ઞાતિ મેળાવડામાં સાંયરાનાં શેઠ માણેક ચાંપસી ખોનાના પ્રમુખ આર્થિક યોગદાન અને શ્રી જેઠાભાઈ દામજી મેઘજી દંડના પ્રયાસથી શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન પાઠશાળાની સ્થાપના ટનટનપુરા સ્થિત આપણી મહાજનવાડીમાં થઇ. શરૂઆતમાં ગુજરાતી ધોરણ ૪ સુધીનું શિક્ષણ આ સંસ્થા આપતી. પાછળથી આ પાઠશાળાને શ્રી ખેતસી ચત્રભોજ ખીંયસીં અજાણી ક.દ.ઓ. જૈન વિદ્યાલય નામ મળ્યું. શ્રી શિવજી દેવસી મઢડાવાળાએ પાલીતાણા ખાતે ઈ.સ. ૧૯૦૨ આસપાસ શેઠ શ્રી ખેતસી ખીંયસી ધુલ્લા અને સર વસનજી ત્રિકમજી નાઈટની સહાયથી પાલીતાણા ખાતે બોર્ડીંગ શરુ કરી. ઇસ. ૧૯૦૩માં મુંબઈ ખાતે શ્રી ક.દ.ઓ. બોર્ડીંગની સ્થાપના થઇ જેને પાછળથી શ્રી વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ નામ મળ્યું.

સં. ૧૯૬૫ (સને ૧૯૦૮) માં શ્રી શિવજી દેવસી મઢડાવાલાએ માંડવી-કચ્છ ખાતે બાલાશ્રમની સ્થાપના કરી. માંડવીનું વાતાવરણ અનુકૂળ ન હોવાથી આ સંસ્થા સને ૧૯૧૧માં નલીયા ખાતે ફેરવવામાં આવી. સને ૧૯૨૩માં શેઠ શ્રી નરસી નાથા ચેરીટી ટ્રસ્ટની સહાય મળતા સંસ્થાનું નામ શેઠ શ્રી નરસી નાથા જૈન બાલાશ્રમ થયું. સને ૧૯૩૮માં બે લાખ કોરીના ખર્ચે બાલાશ્રમનું નવું મકાન બન્યું. તા. ૨૩.૧.૧૯૬૮ના સંસ્થાનો હીરક અને તા. ૧ અને ૨ ફેબ્રુઆરી ૧૯૮૫ના મુંબઈમાં અમૃત મહોત્સવ ઊજવાયો. જુન ૧૯૮૦માં નલિયા બાલાશ્રમને કન્યા છાત્રાલયમાં ફેરવવામાં આવ્યું.

સને ૧૯૭૪માં શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટની રજત જયંતી ઉજવાઈ તે પ્રસંગે કેળવણી ક્ષેત્રે નવું ટ્રસ્ટ સ્થાપવાની જરૂરિયાત જણાઈ અને તેના પરિણામે શ્રી ક.દ.ઓ. જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટની સ્થાપના થઇ. જેણે ધોરણ ૧થી એસ.એસ.સી. સુધી શાળા ફી અને પાઠ્ય પુસ્તકો આપવાનું શરૂ કર્યું.

સને ૧૯૪૭માં મુંબઈમાં જ્ઞાતિનું પ્રથમ સંમેલન ભરાયું. જ્ઞાતિના વિકાસ માટે કેળવણીની જરૂરીઆત પર વિચારણા કરવામાં આવી. વિચારણાને અંતે જ્ઞાતિની શિક્ષણની તમામ જરૂરીઆત પૂર્ણ કરે તેવું ટ્રસ્ટ ઉભું કરવાનો નિર્ણય લેવાયો, શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક શિક્ષણ સમિતિ ટ્રસ્ટની સ્થાપના થઇ સને ૧૯૫૯માં. જ્ઞાતિનું કન્યા છાત્રાલય થતા આ સંસ્થાનું સંચાલન અને જ્ઞાતિની કન્યા તથા મહિલાઓમાં કેળવણી પ્રસારનું કાર્ય પણ શ્રી ક.દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારક શિક્ષણ સમિતિ ટ્રસ્ટે સાંભળી લીધું.

સને ૧૯૫૪માં ૧૫મી ઓગસ્ટે મુંબઈ પાઠશાળા અને

બોર્ડિંગને મોટું દાન આપનાર દાતાઓનો સન્માન સમારંભ 'પ્રકાશ-સમીક્ષા'નાં ઉપક્રમે મુંબઈના મેયર શ્રી ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલના અધ્યક્ષ પદે યોજાયો. આ સમારંભ બાદ તરત જ જ્ઞાતિના યુવાનો શ્રી શિવજી કુંવરજી વિકમશી, શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી, શ્રી આણંદીલાલ માણેકજી દંડ, શ્રી સનત શાહ, શ્રી પોપટલાલ રામજી ધરમસી વગેરે ભેગા થયા અને તત્કાળ શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી સંઘની સ્થાપના કરી. શેઠશ્રી લાલજી રામજીએ યુવાનો શિક્ષણ ક્ષેત્રે આગળ આવે અને યુવાનો સ્વંય સંચાલન કરે તેવી બૂક બેંક સ્થાપના માટે રૂા. ૪૦,૦૦૦નું દાન આપતા શ્રી લાલજી રામજી બુક બેંક યોજના વિદ્યાર્થી સંઘ દ્વારા સંચાલિત કોલેજના વિદ્યાર્થીઓને પાઠ્ય પુસ્તકો સહાય આપવા માટે શરૂ કરાઈ. આ વિદ્યાર્થી સંઘ જ્ઞાતિ યુવાનોની પ્રવૃતિનું કેન્દ્ર બન્યું.

પૂ. ક્ષમાનંદજી મ. સા.ની પ્રેરણાથી પૂ. અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસુરીશ્વરજી મ. સા.ની પુણ્ય સ્મૃતિમાં ધુલીયા ખાતે ૭૬૦૦૦ ચો. ફૂટ જગ્યામાં 'શ્રી અચલગચ્છાધિપતિ શ્રીમદ્ જિનેન્દ્રસાગરસુરીશ્વરજી શ્રી ક. દ. ઓ. જૈન વિદ્યાર્થીગૃહ' ની સ્થાપના થઈ અને બોર્ડિંગ તા. ૨૫.૧.૧૯૭૩થી શરૂ થઈ જેનો વહીવટ ખાનદેશી સાત મહાજન સંભાળે છે.

ઈ.સ. ૧૯૬૧માં શ્રી ક.દ.ઓ. જૈન સહાયક સમિતિ ટ્રસ્ટની હાલાર સ્થિત ગામડાઓમાં શૈક્ષણિક સુવિધાઓ અને તબીબી સેવાનો અભાવ હોઈ નજીકના શહેર જામનગરમાં બાળકોને અભ્યાસની અને તબીબી ઉપચાર માટે તેમજ અન્ય કાર્ય માટે આવતા જ્ઞાતિજનોને રહેવાની સગવડ મળે તે માટે બોર્ડિંગ અને સેનેટોરીયમ ઉભા કરવા માટે સ્થાપના થઇ. ઈ. સ. ૧૯૬૬-૬૭થી શ્રી નાગશી જીવરાજ દેવાણી વિદ્યાર્થીગૃહ મુખ્ય મકાનના પહેલા માળે ૪ છાત્રોથી શરૂ થયું.. સને ૧૯૬૯-૭૦ માં મકાન ઉપર એક માળ ચડાવી બોર્ડિંગનું વિસ્તૃતિકરણ કરાયું.

**જ્ઞાતિમાં કન્યા શિક્ષણ :**

મુંબઈમાં સં. ૧૯૬૪માં શેઠશ્રી રૂપસી ભારમલના નામની શ્રાવિકા શાળા અને એજ વરસે મહિલા સમાજની સ્થાપના થઇ. સં. ૧૯૬૬માં વિધવા માટે શિક્ષણની પાલીતાણા ખાતે સ્થાપના થઈ. ભવિષ્યની માતાઓ કેળવણી પામે તે માટે સને ૧૯૧૧માં શ્રી શિવજી દેવસી મઢડાવાલાએ ભરપુર પ્રયાસ કરેલ અને કચ્છમાં ગામડે ગામડે ફરી કન્યાશાળા ખોલાવી.

શેઠ ત્રિકમજી વેલજી માલુંની પુત્રીઓ શ્રીમતી ખેતબાઈ જેઠાભાઈ વર્ધમાન તથા લક્ષ્મીબાઈ નાથુ ભોજરાજ ખોનાએ કન્યાઓના શિક્ષણ માટે 'શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન કન્યાશાળા' સં. ૧૯૫૬ કારતક સુદ પાંચમના સ્થાપેલ. શરૂઆતમાં ધાર્મિક અને સંસ્કૃત શિક્ષણ આપવામાં આવતું. જરૂરિયાત પ્રમાણે ફેરફાર થતા ગુજરાતી ધોરણ છઠ્ઠા સુધી તથા સીવણ, ભરત અને ધાર્મિક વિષયોનું જ્ઞાન અપાવા લાગ્યું.. સને ૧૯૪૪માં ગોદી ધડાકામાં અનંત ભુવન બી બ્લોક બળી ગયો જેમાં પાંચમે માળે કન્યાશાળા ચાલતી હતી. તેથી કન્યા શાળાનો પાઠશાળામાં સમાવેશ કરવામાં આવતાં જ્ઞાતિમાં સહ શિક્ષણની શરૂઆત થઈ.

જ્ઞાતિની મુંબઈ સ્થિત પાઠશાળા અને બોર્ડીંગની સુવર્ણ જયંતી ૧૯૫૪માં ઉજવાઈ. આ પ્રસંગે શ્રીમતી દેવકાંબેન ઝવેરચંદ લોડાયાએ કન્યા કેળવણી માટે જૈન કન્યા છાત્રાલયની અસરકારક રજૂઆત કરતા જણાવ્યું કે જો કન્યા છાત્રાલય શરૂ થાય તો ચીંચબંદરની તેમની ૨ બિલ્ડીંગો જેની કિંમત રૂા. ૯૬૦૦૦/- છે. દાનમાં આપવાની તેમજ અને પોતાના આભૂષણો દાનમાં આપી શરૂઆત કરી. નવેમ્બર ૧૯૫૯માં માટુંગામાં શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધાભાઇ ક.દ.ઓ. જૈન કન્યા છાત્રાલય અને મહિલા વિકાસગૃહની સ્થાપના થઇ. જ્ઞાતિજનોએ સારો ફાળો આપ્યો. આ રકમ શ્રી ક. દ.ઓ. જૈન શિક્ષણ પ્રસારણ સમિતિ ટ્રસ્ટને સોંપાઈ.

સને ૧૯૮૫માં જામનગર ખાતે મા. મોંઘીબાઈ નાગશી જીવરાજ દેવાણી કન્યા છાત્રાલય શરૂ થઈ. શરૂઆતમાં ભાડાના મકાનમાં શરૂઆત કર્યા બાદ સને ૧૯૯૭થી કન્યા છાત્રાલય પોતાના મકાનમાં શરૂ થયું.

**અનંતનાથ દેરાસરઃ**

મૂળ દેરાસરમાં સ. ૧૮૮૦-૮૨માં મુંબઈ વસતા જ્ઞાતિજનોએ ફંડ કર્યું. રૂા. ૬૫૦૦ જેમાં ખૂટતી રકમ રૂા.૨૫૦૦ જેટલી શેઠશ્રી નરસી નાથાએ આપી જે નાતે પાછળથી એમને ભરપાઈ કરી. સ. ૧૮૮૫માં નરશી નાથાએ ઉપાશ્રય કરાવી આપ્યો. સં. ૧૮૮૯ અનંતનાથ દેરાસરની ખનન વિધિ અને સં. ૧૮૯૦ શ્રાવણ સુદ ૯ના નરસી નાથાના વરદ હસ્તે પ્રતિષ્ઠા થઇ. પહેલા મૂળ ગંભારા જેટલો જ દેરાસર હતો. વચલો ભાગ પ્રથમ બાંધ્યો. ત્યાર બાદ સં. ૧૯૨૧માં જુના મકાનો ખરીદી ઉપર ૩જે માળે બિરાજતા પ્રભુજીની પ્રતિષ્ઠા થઇ. અહી મુંબઈના કોઈ પણ દેરાસર કરતા વધુ પાષાણની પ્રતિમાઓ છે. સને ૧૯૮૦માં આ સંખ્યા ૭૦ની હતી. ઝવેરાત, પુસ્તકો, મૂર્તિઓ સમાઈ શકે તે માટે ૧૯૪૨માં બે માળનું ભોયરું તૈયાર કરવામાં આવ્યું.

ઈ.સ. ૧૮૫૦ પછીનો ઘણો જ્ઞાતિ ઈતિહાસ મળે છે. પૂરી વિગતો જગ્યા સંકળાશ ને લીધે આપવી શક્ય નથી તેથી સંક્ષિપ્તમાં વિગતો આપવાનો પ્રયાસ કર્યો છે.

- ઇસ. ૧૭૮૪ શેઠ શ્રી નરસી નાથાનો જન્મ, ઇસ. ૧૮૦૧ મુંબઈ આગમન, તા. ૧૧.૧૨.૧૮૪૨ અવસાન.
- ઈ.સ.૧૮૧૯ સાંયરામાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ઘર દેરાસર હતું. જેમાં ઈ.સ. ૧૮૭૮માં આદેશ્વર ભગવાનની પ્રતિષ્ઠા થઇ.
- ઇ.સ. ૧૮૦૧માં શેઠ શ્રી કેશવજી નાયકનો જન્મ, ઈ.સ. ૧૮૮૫માં અવસાન.
- ઇ.સ. ૧૮૧૫ કરાડ જ્ઞાતિના ૬૫ પરિવારો ક.દ.ઓ. જ્ઞાતિમાં ભળ્યા.
- ઇ.સ. ૧૮૩૪થી ઈ.સ. ૧૯૦૦ સુધીમાં કચ્છમાં ૩૭ જિનાલયો અને દેશાવરમાં ૨૫ જેટલા જિનાલયોના નિર્માણ થયા.

- ઈ.સ. ૧૯૧૭માં કલકત્તા ખાતે યોજાયેલ જૈન કોનફરન્સનાં અધ્યક્ષ થવાનું માન ખેતસી ખીંયસી ધુલ્લાને મળ્યું. જ્ઞાતિ માટે ગૌરવની વાત. જ્ઞાતિજનોએ ઉત્સાહથી ભાગ લીધો. જ્ઞાતિજનોજ રચનાત્મક અભિગમ કેળવ્યો જેની ફલશ્રુતિ ૧.૭.૧૯૧૮ના ક.દ.ઓ. સેવક સમાજની સ્થાપના થઇ
- ઈ.સ. ૧૯૨૫માં શ્રી વાલજી લધાભાઇ લોડાયાની દ્રવ્ય સહાયથી પ્રથમ જ્ઞાતિ વસ્તી પત્રક બહાર પડ્યું. ત્યાર પછી ઈ.સ. ૧૯૩૫, ૧૯૪૮, ૧૯૬૮, ૧૯૭૮, ૧૯૮૯, ૨૦૦૨ અને ઈ.સ. ૨૦૧૩(ઓન લાઈન)માં વસ્તી પત્રકો બહાર પડ્યા.
- મુંબઈ મહાજનનો વહીવટ ઇ.સ. ૧૮૩૩થી ૧૮૪૭ સુધી નરસી નાથાની પેઢી હસ્તક અને ૧૮૪૭થી ૧૮૬૭ સુધી વીરજી નરસીની પેઢી હસ્તક રહ્યો. ત્યારબાદ વહીવટ જ્ઞાતિના પાંચ શેઠીયાઓ કરતા હતા અને રાજગોર બ્રાહ્મણ કેસ બાદ તા. ૨૬.૩.૧૮૯૫થી લોકશાહી ઢાબે શરૂ થયો. પ્રથમ પ્રમુખ શેઠ નરસી કેશવજી નાયક હતા. ૨૧.૮.૧૯૦૪થી મુંબઈ મહાજનનું બંધારણ અમલી બન્યું અને પ્રથમ બંધારણીય પ્રમુખ બન્યા શેઠ જેઠાભાઈ નરસી કેશવજી.
- ઇ.સ. ૧૮૪૧માં નલીયા ચંદ્રપ્રભુ જિનાલયની પ્રતિષ્ઠા શેઠ શ્રી નરશી નાથા હસ્તે થઇ. આ પ્રસંગે નાત મેડો યોજાયો.
- ઇ.સ. ૧૮૪૪માં હરભમ નરસી નાથાએ કુમઠા ખાતે પાર્શ્વનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું.
- ઈ.સ. ૧૮૪૫માં મુંબઈ મહાજન વાડી ખરીદાઈ નાતના પૈસા નરસી નાથાની કંપનીમાં હતા તેમાંથી અને ઈ.સ. ૧૯૪૮માં જૂની ચાલ તરીકે બંધાઈ. ઈ.સ. ૧૯૦૫માં મહાજનશ્રીએ ત્રણ માળનું મકાન બાંધ્યું જેમાં બીજો માળ પાઠશાળાને અને ત્રીજો માળ મુંબઈ બોર્ડિંગને વાર્ષિક રૂા. ૧ નાં ભાડે અપાયો.
- ઈ.સ. ૧૮૫૩માં શેઠ શ્રી વીરજી નરસી દ્વારા શ્રી શેત્રુંજય તીર્થનો સંઘ કાઢવામાં આવેલ.
- સને ૧૮૫૪માં ખોજા અને વાણીયાઓ વચ્ચે હુલ્લડ આપણી બહેનો ઉપર પાણી ફેંકતા થયું. શેઠ કેશવજી નાયકે કડક હાથે કામ લઇ માથાભારે લુહાણા ખટા મડાઈની મદદથી ખોજાઓને સારો પાઠ ભણાવ્યો.
- સને ૧૮૫૫માં પુરબાઈ હીરજી નરસી નાથા તથા શેઠ શ્રી ભારમલ તેજસી મોતા દ્વારા શ્રી સમેત શિખરજીનો સંઘ નીકળ્યો.
- ઈ.સ. ૧૮૫૬માં શેઠ શ્રી હરભમ નરસી નાથા તરફથી કેસરીયાજી તીર્થનો સંઘ કાઢવામાં આવેલ.
- ઈ.સ. ૧૮૬૦માં શેઠ શ્રી હરભમ નરસી નાથા તરફથી પારોલા ખાતે શ્રી શાંતિનાથજી ભગવાનનું ગૃહ ચૈત્ય બંધાયું, પરોલામાં ૪૦-૫૦ ઘરો હતા. પારોલામાં સ ૧૯૩૧માં શાંતિનાથ ભગવાનનું શિખરબધ્ધ જિનાલય થયું.
- ઈ.સ. ૧૮૬૨ શેઠ શ્રી વેલજી માલુ, શેઠ શ્રી શિવજી નેણસી તથા શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા શ્રી શેત્રુંજયનો સંઘ.
- સને ૧૮૬૫ (સં. ૧૯૨૧) પાલીતાણા ગીરીરાજ ઉપર શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા ૭૦૦૦ જિન પ્રતિમાઓની ઐતિહાસિક અંજન શલાકા અને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને રૂપિયા એક લાખનું માતબર દાન.
- સને ૧૮૬૫માં શેઠ જીવરાજ રતનસીએ અંજાર અને શેઠ કુંવરજી જીવરાજ રતનસીએ મુન્દ્રામાં દેરાસર બંધાવ્યા.સને ૧૮૬૬ શેઠ શ્રી ત્રિકમજી વેલજી માલુ દ્વારા કેસરીયાજીનો સંઘ.
- સને ૧૮૭૨ શેઠ શ્રી મુલજી દેવજી સુથરીવાળા તરફથી કેસરીયાજીનો સંઘ.
- સને ૧૮૭૨ કેશવજી નાયક ટૂંક પાલીતાણા ગીરીરાજ પર નિર્માણ કરી તેમાં અનંતનાથજી ભગવાનની પ્રતિષ્ઠા કરી. સને ૧૮૭૬માં મુંબઈ ભાત બજારમાં શેઠ શ્રી કેશવજી નાયક દ્વારા ફુવારાનું નિર્માણ
- સને ૧૮૭૩ શેઠ કેશવજી નાયકે વસ્તુપાળ તેજપાલ ટૂંકમાં ફરતે કોટ, જિનાલય જીર્ણોદ્ધાર તથા નેમિનાથ જિનાલય દરવાજા ઉપર માળ બંધાવી આપ્યો.
- સને ૧૮૭૫માં શેઠ કેશવજી નાયકનો કેસરીયાજીનો સંઘ તથા વાલકેશ્વરમાં જિનાલય બંધાવ્યું.
- સને ૧૮૭૬માં શેઠ શ્રી પરબત લાધા તરફથી સાંધાણથી કેશરીયાજીનો સંઘ નીકળ્યો.
- સને ૧૮૭૬માં શેઠ શ્રી કેશવજી નાયકે મોટી ખાવડી ગામે શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ગૃહ ચૈત્ય અને ઉપાશ્રયનું નિર્માણ કર્યું.
- સને ૧૮૮૧માં શેઠ ઠાકરસી વેરસી પાશ્વીર સુથારીવાળા તરફથી માંડવી ખાતે શ્રી અજીતનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું
- સને ૧૮૮૨માં શેઠ શિવજી દેવરાજ ખોના, સાંધવવાળાએ ભાયખલા મોતીશાહ દેરાસર કમ્પાઉન્ડમાં અજીતનાથનું દેરાસર કરાવ્યું
- ઈ.સ. ૧૮૮૫માં મસ્જીદ બંદર પર લક્ષ્મીચંદ તેજપાળ મૈશેરીએ રિપન ઈંગ્લીશ સ્કૂલ સ્થાપી
- ઈ.સ. ૧૮૯૪માં રાજગોર બ્રાહ્મણ કેસ લડાયો. જ્ઞાતિ બે વિભાગમાં વહેચાઈ ગઈ. એક બાજુ શેઠિયા પક્ષ અને બીજી બાજુ મહાજન પક્ષ. ચુકાદો મહાજન પક્ષમાં આવતા. જ્ઞાતિમાં લોકશાહી ઢબે વહીવટના મંડાણ શરૂ થયા.
- ઈ.સ. ૧૮૯૨ શેઠ ભીમજી શામજી સાંયરાવાળાએ કેશારીયાજીનો સંઘ કાઢ્યો અને ત્યાં ધર્મશાળા બંધાવી. બીજા બે સંઘ એ જ વરસે શેઠશ્રી ટોકરસી શામજી લોડાયા આરીખાણાવાળા તરફથી અને શેઠ શ્રી કરમસી પાંચારીયા, જખૌવાલા તરફથી નીકળ્યા.
- ઈ.સ.૧૮૯૪માં પાલીતાણા ગીરીરાજ પર ધર્મનાથજીનું જિનાલય તથા પાલીતાણા ગામમાં ધર્મશાળા શેઠ દેવજી પુનશી મોતા નલીયાવાળાએ બંધાવ્યા.

- ઇસ ૧૮૯૬માં સુથરીના વસનજી ત્રિકમજી લોડાયાને જે.પી.નો ૧૮૯૯માં રાવ બહાદુર સાહેબનો, ઈ.સ.૧૯૦૬માં ઓનરરી મેજીસ્ટ્રેટ અને ઇસ. ૨૦૧૧માં ઈંગ્લેન્ડના રાજાના દરબારમાં નાઈટ હૂડ (સર) નો ઈલ્કાબ મળ્યો. મેળવનાર એક માત્ર કચ્છી.
- ઇસ. ૧૮૯૭માં શેઠાણી પુરબાઈ હીરજી નરસી નાથા દ્વારા શ્રી ચંદ્રપ્રભુસ્વામી જિનાલય નિર્માણ.
- ઇસ. ૧૮૯૯ જ્ઞાતિના બીજા ગ્રેજ્યુએટ, ઇસ. ૧૯૦૧માં એલ.એલ.બી. બની જ્ઞાતિના પ્રથમ ડબલ ગ્રેજ્યુએટનું માન શ્રી લખમસી હીરજી મૈશેરીએ મેળવ્યું.તેઓ જ્ઞાતિના પહેલા સ્મોલ કોઝ કોર્ટના ન્યાયાધીશ બન્યા.
- ઇસ. ૧૯૦૦માં મુંબઈ ખાતે વ્યવહારિક સાથે ધાર્મિક શિક્ષણ આપતી શ્રી ક.દ.ઓ. પાઠશાળા શરૂ કરાઈ અને ઇસ. ૧૯૫૩માં શેઠ શ્રી ખેતસી ખીંયસી અજાણીનું નામ જોડાયું.
- ઇસ.૧૯૦૦, સં. ૧૯૫૬. છપ્પનીયા દુષ્કાળ વખતે સુથરીના શેઠ ખેતસી ખીંયસી ધુલ્લા દ્વારા હાલારના ક.દ.ઓ. પરિવારોને ૬ મહિના ચાલે તેટલું અનાજ અને જરૂરી કપડા આપ્યા. એમની સહાય બદલ સને ૧૯૬૦માં દલતુંગી દેરાસર પ્રતિષ્ઠા પ્રસંગે હાલારની નાત દ્વારા એમને પાઘડી બાંધવામાં આવી અને ‘હાલારના જગડુશા’નું બિરુદ અપાયું.
- સં. ૧૯૦૦માં શેઠાણી વીરબાઇ કેશવજી નાયક દ્વારા મહાવીર સ્વામીનું જિનાલય પાલિતાણામાં બંધાવ્યું. ૧૯૦૩માં શ્રી ક.દ.ઓ. જૈન બોર્ડિંગની સ્થાપના મુંબઈ ખાતે થઇ જેમાં ઈ.સ. ૧૯૫૩મ શેઠ શ્રી વીરજી લધાભાઇનું નામ જોડાયું.
- સને ૧૯૦૦, એપ્રિલમાં માંડવી લત્તામાં મરકીના ઉપદ્રવની સારવાર માટે મહાજનવાડીના ઉત્તર બાજુના બંગલામાં મ્યુ. કમીશ્નરની મંજૂરી મેળવી હોસ્પિટલ ખુલી મુકાઈ.
- ઈ.સ. ૧૯૦૦, ઓગસ્ટ માસમાં જૈન સુધારક વીરચંદ રાઘવજી ગાંધી અમેરિકાના પ્રવાસે જતી વેળાએ અન્ય જૈન જ્ઞાતિમાંથી સૌથી પહેલા આપણી જ્ઞાતિ તરફથી માનપત્ર અપાયું. તમામ જૈન કોમ માટે ઉત્તમ દાખલો બેસાડ્યો.
- ઈ.સ. ૧૯૦૨માં મોતીશાહના દેરાસર, ભાયખલામાં દાદાવાડીમાં આ. જિનદત્તસૂરી, આ. જિનચંદ્રસુરી અને આ. જિનકુશલસુરીની દેરીઓ છે તેને સેન્ટ્રલ બેંકના એક સ્થાપક પરજાઉનાં શેઠ વર્ધમાન જેતસી વિકમસીનાં સુપુત્ર શેઠ કલ્યાણજી વર્ધમાને દરવાજાને ચાંદીના પતરાથી મઢાવી આપેલ છે.
- ઇસ. ૧૯૦૩ આસપાસ શ્રી શિવજી દેવસી મઢડાવાળાએ પાલીતાણા બોર્ડિંગની સ્થાપના કરી. પાછળથી શેઠ ખેતસી ખીંયસી ધુલ્લા અને સર વસનજી ત્રિકમજી દરેક તરફથી રૂા. ૫૦,૦૦૦નુ અનુદાન મળતા બોર્ડિંગને આ બંને શેઠીયાનું નામ અપાયું.
- ઈ.સ. ૧૯૦૪, વિ,સં. ૧૯૬૦ અસાઢ સુદ પાંચમના મહાવીર સ્વામી ભગવાનની પ્રતીમાજીની પ્રતિષ્ઠા ભાંડુપ સેનેટોરીયમમાં કાષ્ટનાં દેરાસરમાં થઇ. દેરાસર નલિયાના શ્રી વેરસી માલસીએ બંધાવી આપ્યું. પાછળથી પથ્થરનું શિખરબધ્ધ દેરાસર બન્યું જેમાં સને ૧૯૪૬, વિ.સં. ૨૦૦૨, જેઠ સુદ ૧૧ના આદેશ્વર ભગવાનની પ્રતિષ્ઠા થઇ અને મહાવીર સ્વામિની મૂર્તિ ઉપરની દેરીમાં ગાદી નશીન કરાઈ.
- ઈ.સ. ૧૯૦૭માં શેઠ ખેતસી ખીંયસી ધુલ્લાએ કચ્છમાં ૫ર ગામનો મેળો કર્યો.
- ઈ.સ. ૧૯૧૧માં સેઠ ખેતસી ખીંયસી ધુલ્લાએ સુથરીમાં ક.દ.ઓ. નાતનો ૭ ટંક નો મેળો કર્યો અને સાત વાસણોની લ્હાણી કરી. આવો મેળો સને ૧૯૧૬માં ક.દ.ઓ. હાલાર નાતનો મોટી ખાવડી મુકામે પણ કર્યો અને ૭ વાસણોની લ્હાણી કરી.
- ઇ.સ. ૧૯૧૩ શેઠશ્રી ખેતસી ખીયસી ધુલ્લાએ સુથરીવાળાનો શેત્રુંજય તીર્થનો સંઘ નીકળ્યો.
- ઇસ. ૧૯૧૪માં શેઠ ખેતસી ખીંયસી ધુલ્લાએ લીંબડી ગામે બોર્ડિંગ તથા શ્રી શાંતિનાથ ભગવાનનું જિનાલય બંધાવ્યું.
- ઇસ. ૧૯૧૭માં શેઠશ્રી ખેતસી ખીયસી ધુલ્લાએ મહાજન ઉપર અનંતનાથ ટ્રસ્ટનું નીકળતું રૂા. ૭૫,૭૬૭, ૧૪ આના અને ૩ પાઈ જેટલું લેણું ભરપાઈ કરી જ્ઞાતિને દેવ દ્રવ્યના ભારમાંથી મુક્ત કરી. સર પરસોતમદાસ ઠાકોરદાસનાં પ્રમુખપણા હેઠળ મહાજનવાડીમાં તા. ૯.૧૨.૧૯૧૭ના રોજ મેળાવડો. મહાજન પ્રમુખ શ્રી જેઠાભાઈ નરસી કેશવજીએ ખેતસી શેઠને પાઘડી બાંધી અને શ્રી જેઠાભાઈના અનુગામી તરીકે મહાજન પ્રમુખ તરીકે ખેતસી શેઠનું નામ જાહેર કરાયું. મહાજનવાદડીમાં પ્રસિદ્ધ ચિત્રકાર રાજા રવિ વર્મા દ્વારા બનાવેલ શેઠ શ્રી નરસી કેશવજી નાયક, શેઠ શ્રી કાનજી વસનજી પલાણી અને ખેતસી ખીયસી ધુલ્લાના ફોટા લગાડવામાં આવ્યા. સને ૧૯૪૬માં મહાજનવાડીને બાળી નાખવામાં આવી ત્યારે આ ત્રણે ફોટા ગાયબ/નષ્ટ થયા.
- ઈ.સ. ૧૯૨૨ શેઠશ્રી ગોવિંદજી કાનજી પાંચારીયા દ્વારા મુંબઈથી પલીતાણાનો સંઘ.
- ઈ.સ. ૧૯૨૧માં તિલક સ્વરાજ ફંડ માટે મહાત્મા ગાંધી આપણી મહાજનવાડીમાં આવેલ.
- ૧૯૨૫માં જ્ઞાતિના પ્રગતિશીલ યુવાનોએ ફ્રેન્ડલી યુનિયન નામની સંસ્થા સ્થાપી અને તેના દ્વારા જ્ઞાતિનું મુખપત્ર પ્રકાશ (વર્તમાન ‘પ્રકાશ-સમીક્ષા)ની શરૂઆત કરી.
- ૧૯૨૨૭ માં જ્ઞાતિ આગેવાનોએ મુલુંડમાં ૮૨૩૭૬ ચોરસ વારનો પ્લોટ ખરીદી તે પર ૮૨ પ્લોટો પાડી રહેઠાણની યોજના બનાવી.
- ઈ.સ. ૧૯૨૭ (સં. ૧૯૮૩) માં સંઘવી નગીનદાસ કરમચંદે

પાટણથી ગિરનારનો સંઘ વાયા કચ્છનો કાઢ્યો. ૪૦૦૦ની સંખ્યા હતી. સંઘને સુથરી સંઘે ગરમ બાજરાના રોટલા અને દૂધ, માખણ, છાસથી નવકારસી કરાવી.

- ઇસ. ૧૯૨૮માં જ્ઞાતિમાં પ્રવર્તી રહેલ અનિષ્ટો સામે લડવા, કેળવણીનો પ્રસાર કરવા મુંબઈમાં જ્ઞાતિનું પ્રથમ યુવક સંમેલન ભરાયું.
- ઈ.સ. ૧૯૩૨માં મુંબઈમાં હિન્દુ-મુસ્લિમ રમખાણો થયા. ૧૪ મે ૧૯૩૨ થી ૨૯ મધરાત સુધી ૧૬૩ મરણ અને ૧૮૦૪ ઘાયલ. ભીંડી બજાર, કાલબાદેવી, નળ બજાર, ચકલા સ્ટ્રીટ, ખોજા ગલી, ભાયખલા, નાગદેવી, ગીરગામ રોડ, ડંકન રોડ, સેંન્ડહર્સ્ટ રોડ, મસ્જીદ બંદર વિગેરે વિભાગમાં તોફાનો. મુસ્લિમો હિંદુ સરઘસો ઉપર પથ્થરો, સોડાબોટલો ફેંકતા. પોલીશ નાકામયાબ, લશ્કરની મદદ લેવાઈ. આવા તંગ વાતાવરણમાં ડો. પુનશીએ ભરી પિસ્તોલે જાનના જોખમે ઘૂમી લોકોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો.
- ઈ.સ. ૧૯૩૩માં કુમાર સંઘની સ્થાપના થઇ. પ્રમુખ ડો. પુનશી હીરજી મૈશેરી. ૧૯૩૫થી રાત્રી શાળા ચલાવતું તેમાં વેપારી લાઈન તેમજ ઓફિસને લગતું શિક્ષણ નિયમિત આપતું, તે ઉપરાંત નામું, ટાયપિંગ, શોર્ટ હેન્ડ, કમર્શિઅલ અંગ્રેજી પત્ર વ્યવહાર શીખવવામાં આવતું.
- ઈ.સ. ૧૯૩૫માં ઇન્ડિયન મર્ચન્ટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રતિનિધિ તરીકે શેઠ શ્રી ભવાનજી અરજણ ખીમજી બિન હરીફ ચૂંટાતા સરદાર વલ્લભભાઈ પટેલના પ્રમુખપણા હેઠળ મેળાવડો આપણી મહાજનવાડીમાં યોજાયો.
- ઈ.સ. ૧૯૩૬માં પ્રગતિ મંડળની સ્થાપના શ્રી ખેતસી ચત્રભોજ ખીંયસી અજાણીના પ્રમુખ પદે થઇ.
- સને ૧૯૩૬માં શ્રી સમેત શિખરજી જૈન સ્પેસીયલ ટ્રેનમાં સંઘ યાત્રા ૨૨.૧.૧૯૩૬થી ૨૧.૩.૧૯૩૬ મુંબઈથી યોજાઈ. આ ટ્રેન મુંબઈ સેન્ટ્રલ પાછી આવી ત્યારે બોર્ડીંગના બેન્ડથી સ્વાગત કરાયું.
- ઈ.સ. ૧૯૩૮માં મહાજન વિરુદ્ધ શ્રી મેઘજી હીરજી જંગેઆલીવાળા કેસમાં મહાજનની હાર થઇ. કોર્ટ ખર્ચ મહાજને ભોગવવાનું આવ્યું. સોલીસીટરોના બીલો મુંબઈ મહાજને ભરપાઈ ન કરતા મહાજનની અસ્કયામતો (મહાજનવાડી) ઉપર ટાંચ આવી. શેઠ કાનજી વિશનજી પાલાણીએ રૂા. ૫૦,૦૦૦ ભરી લીલામ અટકાવ્યું. કુલ્લ ખર્ચ ૬૦૦૦૦ જેટલો થયો જેમાં બાકીના રૂા. ૧૦,૦૦૦ મહાજને એકત્ર કર્યા.
- ઈ.સ. ૧૯૩૮માં મુંબઈ મ્યુ. કોર્પોરેશન વર્તમાન નરસી નાથા સ્ટ્રીટને કોળી જ્ઞાતિના માધવરાવ રોકડે, જે.પી. નામ આપવાની દરખાસ્ત આવી. એ વખતે નગરસેવક ડો. પુનશી મૈશેરી હતા. એમની એ આપણી જ્ઞાતિ અને આ વિસ્તારનાં વેપારીઓની સહી સાથે શેઠશ્રી નરસી નાથના નામની દરખાસ્ત આપી અને પોતાની વગ વાપરી પાસ કરાવી અને શેઠશ્રીના નામ સ્ટ્રીટ મળ્યું.
- સને ૧૯૩૭-૩૮-૩૯ રુ માં મંદી. જાપાન અને ચીન વચ્ચે લડાઈથી ભારતમાંથી રુ ખરીદવા જાપાન પાસે પૈસાની તંગી તેથી ઓછું મંગાવતા તેથી ભારતમાં રુના ધંધામાં મંદી. ધંધામાંથી દશા, અનેક પેઢીઓ નબળી પડી, ઘણાં સટ્ટામાં ખુવાર થયા, નોકરિયાત બેકાર. અભણ લોકોએ ટ્રાન્સપોર્ટનો ધંધો અપનાવ્યો. રુ વેપાર ભાંગતાં નોકરિયાતો બેકાર થતાં મટકા, રેસ,જુગાર અને સટ્ટામાં ફસાયા.
- ઈ.સ. ૧૯૪૧, ૨૩મી નવેમ્બરના વર્ધમાન જીવરાજ વાલજીના હસ્તે શ્રી લધાભાઇ ખીયરાજ આયુર્વેદિક સાર્વજનિક દવાખાનાનું નલીયા ગામે ઉદઘાટન થયું. વૈદરાજ મણીશંકર લક્ષ્મીશંકર.
- ઇસ. ૧૯૪૨માં જ્ઞાતિના પહેલા સોલીસીટર શ્રી પદમસી દામજી ખોના, પ્રથમ સ્ત્રી ડોક્ટર રતનબેન પુનશી મૈશેરી તથા કંડલા પોર્ટના વિધાયક જ્ઞાતિના પ્રથમ ઈજનેર શ્રી ઠાકરસી રામજી ભાટેના બહુમાનમાં મેળાવડો મહાજનવાડીમાં શેઠ શ્રી ભવાનજી અરરજણના પ્રમુખપણા હેઠળ યોજાયો.
- ઈ.સ. ૧૯૪૩માં લલિત કળા મંડળની સ્થાપના થઇ.
- જ્ઞાતિના પ્રથમ ડોક્ટર પુનશી હીરજી મૈશેરી થયા. ઇસ. ૧૯૦૯માં મસ્જીદ બંદર પર પોતાનું દવાખાનું શરૂ કર્યું. પાઠશાળા અને બોર્ડીંગની સ્થાપનામાં સક્રિય ભાગ ભજવ્યો. ઇસ. ૧૯૧૩ થી જીવનના અંત સુધી ઇસ. ૧૯૪૩, સતત ૩૧ વરસ માંડવી વિભાગના કોર્પોરેટર રહ્યા.
- ૧૯૪૪, એપ્રિલ ૧૪મીનાં મુંબઈ ગોદી ઉપર ધડાકાને કારણે અનેક સ્થળે આગ લગતા ઘણા જ્ઞાતિજનો બેઘર બન્યા. જ્ઞાતિ વસવાટ પરામાં ફેલાયો. સુથરીના શ્રી દામજી જેઠાભાઈ લોડાયાએ સુંદર સેવા આપી.
- ૧૯૪૫માં સ્કીમ ઘડાઈ અને કોર્ટની મંજૂરી મળતા મુંબઈ મહાજન અને અનંતનાથ ટ્રસ્ટ અલગ સંસ્થા બની
- ૧૯૪૭માં શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટની સ્થાપના થઇ
- ઈ.સ. ૧૯૪૮માં પખાવાજ મંડળની સ્થાપના થઇ.
- ઇસ. ૧૯૬૨માં ઘાટકોપરમાં અનંત છાયાનો પ્લોટ લેવાયો તેના પર જ્ઞાતિજનો માટે મકાનો બંધાયા.
- ૧૯૪૬માં હુલ્લડ થતા મુંબઈ સ્થિત માજનવાડીને બાળી નાખવામાં આવી. સ્કૂલ મુંબઈ દેરાસરમાં શિફ્ટ કરાઈ.
- ૧૯૪૭માં ભાગલા વખતે મહાજનવાડી સિંધમાંથી આવેલ નિરાશ્રીતોને કામચલાઉ રહેવા અપાઈ જે તેઓએ ખાલી ન કરતા મહાજનવાડીના ટ્રસ્ટીઓને કોર્ટમાં જવું પડ્યું આખરે ૧૯૫૩માં ઘર મેળે સમાધાન થયું.
- ઈ.સ. ૧૯૪૭, ૧૭-૧૮-૧૯ ઓક્ટોબરનાં પરિવર્તનશીલ જગતમાં ટકી રહેવા અને વિકાસ સાધવા આયોજનપૂર્વક

યોજના ઘડી કાઢવા વિચાર વિમર્શ કરવા મુંબઈ ખાતે ક.દ.ઓ. જ્ઞાતિનું પ્રથમ સંમેલન ભરાયું. સ્ત્રીઓને મત આપવાનો અધિકાર મળ્યો.

- ઈ.સ. ૧૯૪૭ ભાગલા વખતે પંજાબમાં શેઠ શ્રી શામજી કરમસી પાંચારીયાની રુની અનેક ફેકટરીઓ હતી. ત્યાં હુલ્લડો ફાટી નીકળતા ઘણો સ્ટાફ ફસાઈ ગયેલ. શ્રી દેવસી ડુંગરસી મોમાયાએ એક પછી એક જ્ઞાતિજનોને પ્લેન દ્વારા મુંબઈ સલામત મોકલી આપ્યા. પછી તો વિમાની સેવા પણ બંધ થઇ ગઈ. દેવસીભાઈએ દિલ્હી જવાની પદયાત્રા શરૂ કરી. રસ્તામાં ઝેરવાળું પાણી પીવાઈ જતા બીમાર પડ્યા. છ મહિના દિલ્હી હોસ્પીટલમાં રહ્યા.
- ઈ.સ. ૧૯૫૪માં મુંબઈ પાઠશાળા અને બોર્ડીંગનો સુવર્ણ જયંતી મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી સંઘની સ્થાપના થઇ.
- ઈ.સ. ૧૯૫૪, સં. ૨૦૧૦ના ધનતેરસથી જ્ઞાતિ મહાજનના ઉપક્રમે યતી શિષ્ય શ્રી ટોકરસી મહારાજની પ્રેરણાથી શ્રી અનંતનાથજી દેરાસરમાં શ્રી મહાકાલી માતાજીની ભક્તિ ભાવના દર માસમાં પ્રથમ રવિવારે કરવાનો નિર્ણય લેવાયો.
- ઇસ. ૧૯૬૨માં ૩જી ફેબ્રુઆરીના રોજ કિંગ્સ સર્કલ ગાર્ડનને બી. એન. મહેશ્વરી ઉદ્યાન નામ અપાયું ભારતનાં નાણા પ્રધાન મોરારજી દેસાઈ દ્વારા સ્વ. બી. એન. મહેશ્વરીની સેવા બદલ. શ્રી મહેશ્વરી માટુંગા ગુજરાતી ક્લબના સ્થાપક, એમના તૈલ ચિત્રનું ૨૩.૫.૧૯૫૩નાં અનાવરણ મુંબઈ સરકારના અર્થ સચિવ ડો. જીવરાજ મહેતા હસ્તે થયુ. બી. એન. મહેશ્વરી ‘સ્વદેશ’ નામનું મેગેઝીન ચલાવતાં જેની ઓફીસ ૬૩, માંડવી, મુંબઈમાં મસ્જીદ બંદર રોડ પર હતી.
- ઈ.સ. ૧૯૬૪માં કચ્છ ભદ્રેશ્વરતીર્થ મધ્યે શ્રી અખિલ ભારત અચલગચ્છ ચતુર્વિધ સંઘનું પ્રથમ અધિવેશન કચ્છ વરાડીયાના શ્રી નારણજી શામજી મોમાયાના અધ્યક્ષપણામાં ૧૫૦૦ ભાઈઓની હાજરીમાં ભરાયું. ૧૫૦૦ ભાઈઓ હાજર રહેલ અને શ્રી સં .અચલગચ્છ (વિધીપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘની સ્થાપના થઇ.
- ઈ.સ. ૧૯૬૫ના, સં. ૨૦૨૧ અક્ષય તૃતીયના રોજ શ્રી ક. દ. ઓ. જૈન ભગીનીગૃહ, જુનું અનંત ભુવન ૪થે માળે, શ્રીમતી લક્ષ્મીબાઈ વીરજી લધા ક.દ.ઓ. જૈન છાત્રાલય અને મહિલા વિકાસ ગૃહની વ્યવસ્થા સમિતિના સંચાલન હેઠળ ૧૦ બહેનોની સંખ્યાથી શરૂ. મુંબઈ પરામાં વ્યવસાય કરતી બહેનોને રહેઠાણની સગવડ પૂરી પાડી.
- ઈ.સ. ૧૯૬૮, સં. ૨૦૨૪નાં જવેરચંદ નાગસી લોડાયા દ્વારા સ્પેસીઅલ ટ્રેન દ્વારા ૧૦૦૦ યાત્રિકોનો મુંબઈથી પાવાગઢ સંઘ નીકળેલ.
- ઈ.સ. ૧૯૭૦, સં. ૨૦૨૬માં પાવાગઢ મહાકાળી માતાજીના મંદિરમાંથી અખંડ દિપકમાંથી જ્યોત પ્રગટાવી તેની શ્રી અનંતનાથજી દેરાસરમાં માતાજીની દેરીમાં સ્થાપના કરવામાં આવી.
- ઈ.સ. ૧૯૭૭, ૨૧ મી જુલાઈનાં ડોંબીવલી ખાતે શ્રી ક.દ.ઓ. મંડળ, ડોંબીવલીની સ્થાપના થઇ. તા. ૧૯.૧૧.૧૯૮૦નાં બંધારણ રજિસ્ટર થયું.
- ઈ.સ. ૧૯૭૮માં પાંચમું વસ્તી પત્રક દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમ વતી હુબલી અને ગદગ મહાજનોએ પ્રગટ કર્યું.
- ઈ.સ. ૧૯૭૯, ૧૪ થી ૧૮ જુલાઈ દરમ્યાન શ્રી ભરત બી. ખીમજી અને અન્ય આગેવાનોએ ક.દ.ઓ.નાં હાલારના ગામડાઓની મુલાકાત લીધી. પ્રાયઃ આટલા મહાનુભાવો પ્રથમ વખત હાલાર આવ્યા.
- ઈ.સ. ૧૯૭૯માં ૨૯-૩૦ સપ્ટેમ્બર અને ૧ લી ઓક્ટોબરનાં હુબલી ખાતે ભરત બી. ખીમજીના પ્રમુખ પદે જ્ઞાતિનું બીજું સંમેલન ભરાયું. આ સંમેલનમાં મહિલા ગૃહ ઉદ્યોગ, સહકારી બેંક, મુંબઈ મહાજનવાડીનું આધુનિકરણ, જ્ઞાતિજનોને રોજગાર, રિવાજોમાં ફેરફાર આદિ જ્ઞાતિ વિકાસ માટે કૂલ ૨૪ ઠરાવો થયા.
- ઈ.સ.૧૯૭૯, ૧૪મી ઓક્ટોબરનાં ભાંડુપ સેનેટોરીયમમાં શેઠ શ્રી નરસી નાથા સભાગૃહનું ઉદઘાટન શેઠ શ્રી ટોકરસી આણંદજી લાલકાએ કરેલ.
- ઈ.સ.૧૯૮૦, ૧૯ ઓકટોબરનાં રોજ ભાંડૂપ ખાતે ગૃહઉદ્યોગની શાખા ખોલવામાં આવી.
- ઇસ. ૧૯૮૨, ૩જી ઓગસ્ટના શ્રી શાંતિલાલ મુલજી શિયાલ મુંબઈ મહાજનના પ્રમુખ પદે આવ્યા. તેમને મુંબઈ મહાજનનો વહીવટ વ્યવસ્થિત કરવા સુંદર પ્રયાસ કાર્ય. મહાજનનું મુખપત્ર ‘શિરોમણી’ શરૂ કર્યું.
- ઈ.સ. ૧૯૮૪ શ્રી અનંતનાથજી દેરાસરની ૧૫૦મી જન્મ જયંતી પ્રસંગે શેઠશ્રી નરસી નાથાની ટૂંક, પાલીતાણાની રેખાચિત્રવાળું સ્પેશીઅલ કવર તા. ૫.૮.૧૯૮૪નાં પ્રકાશિત કરાયું. ટપાલ ખાતા દ્વારા કેન્શલેશન ડીઝાઈનમાં શ્રી અનંતનાથજી દેરાસરની પ્રતિકૃતિ અંકિત કરવામાં આવી. શેઠશ્રીની તસ્વીરવાળા ૧૦,૦૦૦ પરબીડિયા મુંબઈ મહાજનશ્રી દ્વારા બહાર પાડવામાં આવ્યા.
- ઈ.સ. ૧૯૮૪, ૨૦ સપ્ટેમ્બરથી ૬ટ્ઠી ઓક્ટોબર સુધી મુંબઈ મહાજનના નેજા હેઠળ શ્રી સમેત શિખરજી તીર્થનો યાત્રા સંઘ કાઢવામાં આવ્યો.
- ઈ.સ. ૧૯૮૪, ૯મી ઓક્ટોબરનાં જ્ઞાતિ બંધુઓને વૈદકીય સહાય મળે તે માટે ‘જ્ઞાતિ શિરોમણી શેઠ શ્રી નરસી નાથા ટ્રસ્ટ’ની સ્થાપના મુંબઈ મહાજન દ્વારા કરવામાં આવી.
- ઈ.સ. ૧૯૮૪, ૨૨ જાન્યુઆરી ના ચીફ પ્રમોટર શ્રી લક્ષ્મીચંદ શિવજી રતાણી, વીરચંદ લાલજી મુનવર અને પ્રવિણ દેવજી

ખોના દ્વારા ૨૨૪૦ સભ્યો અને રૂા. ૪,૭૮,૨૦૦ના શેર ભંડોળથી અરિહંત કો-ઓપ. બેંકની સ્થાપના થઇ અને તા. ૬.૫.૧૯૮૪થી ભાંડુપ ખાતે બેંક કાર્યરત થઇ.

- દલતુંગીના શ્રી કાંતિ ચાંપસી ધુલ્લા જેઓ ઈ.સ. ૧૯૮૫ થી ૧૯૯૨ અને એમના પત્ની શ્રીમતી વિજયાબેન ધુલ્લા ઈ.સ. ૧૯૯૨ થી ૧૯૯૫ મુંબઈ સુધરાઈમાં સભ્ય તરીકે ચૂંટાયા. આપણી જ્ઞાતિ ઇતિહાસમાં એક દંપતી તરીકે મુંબઈ સુધરાઈમાં ચૂંટાવાનું માન મેળવનાર પ્રથમ દંપતી બન્યું.
- ૧૯૮૨માં મુંબઈ મહાજનના પ્રમુખ પદે શ્રી શાંતિલાલ મુલજી શિયાલ આવ્યા તેમને મુંબઈ મહાજનનો વહીવટ વ્યવસ્થિત કરવા ભરપુર પ્રયત્નો કાર્ય
- ઈ.સ. ૧૯૮૭માં રાજેન્દ્ર મણીલાલ ખોના બહુ નાની વયે મુંબઈ મહાજનના પ્રમુખ બન્યા.
- ઈ.સ. ૧૯૮૩, ૨૨મી મે ના આદેશી યતી શ્રી મદનચંદ્રજી મ.સા.નાં અવસાનથી ખાલી પડેલી શ્રી જિનેન્દ્રસાગર સુરીશ્વરજી મ.સા.ની આદેશી ગાદી ઉપર શ્રી મોતીસાગરજી મ.સા.ને બેસાડવામાં આવ્યા. પંચાન્હિકા મહોત્સવ કરવામાં આવ્યો.
- ઈ.સ. ૧૯૮૯માં શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળે મુંબઈ મહાજન વતી જ્ઞાતિનું છઠ્ઠું વસ્તી પત્રક બહાર પાડ્યું.
- ઇસ.૧૯૯૧માં ડીસેમ્બરની ૧૩-૧૪-૧૫ તારીખે મુંબઈમાં જ્ઞાતિનું ત્રીજું સંમેલન ભરાયું. જ્ઞાતિ સંસ્થાઓનું સંકલન, યુવા મંચ સ્થાપવા, કારકિર્દી માર્ગદર્શન કેન્દ્ર સ્થાપવા, તટસ્થ મુખપત્ર શરૂ કરવા, સમસ્ત મહાજનની રચના કરવા જેવા કૂલ ૧૬ ઠરાવો પાસ થયા
- ઇસ.૧૯૯૨ અનંતનાથ ટ્રસ્ટે કાંજુરમાર્ગમાં પ્લોટ ખરીદ્યો અને ત્યાં ન નફો ન નૂકશનના ધોરણે જ્ઞાતિજનો માટે ફ્લેટો બનાવવાની યોજના પૂર્ણ કરી.
- ઇસ.૧૯૯૫માં જ્ઞાતિના રહેઠાણની સમસ્યાના ઉકેલ માટે અમુક દાનવીરોના દાનથી મૂડી ઉભી કરી હોપ ૧૦૦૦ યોજના શરૂ કરી, જો કે તે આજ પર્યંત સફળ નથી બની.
- ઈ.સ. ૧૯૯૬, ૫ ડીસેમ્બરનાં ભરૂડીયાના કુ. દક્ષાબેન રતિલાલ પદમસી ધરમસીએ ક.દ.ઓ.નાં હાલારમાં ૪૫૦-૫૦૦ વરસના વસવાટમાં અચલગચ્છમાં પ્રથમ દીક્ષા લીધી અને બન્યા ચૈતન્યરક્ષિતાશ્રીજી મ.સા.
- ઇસ. ૨૦૦૨ અનંતનાથ જિનાલાયને આરસનું બનાવવાનું કાર્ય પૂર્ણ થયું આ. ગુણોદયસાગરસુરીશ્વરજીણી નિશ્રામાં પુનઃ પ્રતિષ્ઠા થઇ.
- ઇસ. ૨૦૦૧માં વસ્તી પત્રક સમિતિએ ૭મું વસ્તીપત્રક પ્રગટ કર્યું.
- ઇસ. ૨૦૦૪માં ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષાને માસિકને બદલે સપ્તાહીક બનાવાયું પણ બહુ સફળતા ન મળતા તેને પાક્ષિક કરાયું.
- ઈ.સ. ૨૦૧૬માં આપણી જ્ઞાતિએ વરસોથી આપણાથી છૂટી પડેલ નાની (ન્યાત)ને પોતાનામાં ભેળવી. સામાન્ય રીતે દરેક જ્ઞાતિઓમાં વિભાજન જોવા મળે છે. વિલીનીકરણ ભાગ્યેજ થયા છે. આપણી જ્ઞાતિએ દૂરંદેશી ભર્યું સાહસિક પગલું ભર્યું છે.
- ઈ.સ.....છોથું જ્ઞાતિ સંમેલન નલીયા ખાતે ભરાયું.

**જ્ઞાતિમાં પ્રથમ**

- સૌ પહેલા મ્યુ. કોર્પોરેટર ત્રિકમજી વેલજી માલુ.
- જ્ઞાતિમાં પ્રથમ મેટ્રિક થનાર શ્રી લક્ષ્મીચંદ તેજપાલ મૈશેરી.
- જ્ઞાતિમાં પ્રથમ ગ્રેજ્યુએટ શ્રી વીરજી લધાભાઇ ધરમસી.
- જ્ઞાતિના પ્રથમ બી. કોમ. શ્રી હંસરાજ વેલજી મોમાયા.
- જ્ઞાતિમાં પ્રથમ ડીપ્લોમા ધારક ડોક્ટર પુનસી મૈશેરી, એફ.સી. પી.એસ., એલ. એમ. એન્ડ એસ.
- જ્ઞાતિના પ્રથમ ડીગ્રીધારી ડો. મેઘજી વેલજી ધરમસી, એમ. બી.બી.એસ.-ગોરખડી મસ્જીદ બંદરમાં દવાખાનું. નેપ્ચુન વીમા કંપનીમાં ડાયરેક્ટર.
- મુંબઈના જૈનોમાં પ્રથમ ન્યાયાધીશ લખમસી હીરજી મૈશેરી.
- જ્ઞાતીના પ્રથમ સોલીસીટર પદમસી દામજી ખોના.
- જ્ઞાતીના પ્રથમ સિવિલ એન્જીનીયર ઠાકરસી રામજી ભાટે.
- જ્ઞાતીના પ્રથમ મહિલા ડીપ્લોમા ડોક્ટર ઇસ. ૧૯૪૧માં કુ. રતનબાઈ પુનસી મૈશેરી-એલ.સી.પી.એસ.
- જ્ઞાતીના પ્રથમ મહિલા ગ્રેજ્યુએટ ડો. ધનલક્ષ્મી જેઠાભાઈ દેવજી નાગડા , એમ.બી.બી.એસ.
- જ્ઞાતીની પાઠશાળામાંથી મેટ્રીકની પરીક્ષા આપનાર પહેલી ટુકડી ૧૯૪૩માં બહાર પડી.
- મણસી મુરજી જ્ઞાતિના પહેલા વીમા દલાલ અને ધી બોમ્બે ઇન્સુરન્સ બ્રોકર્સ એસોસીએસનના એક સ્થાપક.
- સમસ્ત જૈન સમાજે 'જૈન શ્રુત પ્રસારક શ્રાવક' તરીકે મંજલ રેલડીયાના શ્રી ભીમસી માણેક દંડ હતા.
- જ્ઞાતિના પ્રથમ એમ. એ. શ્રી કુસુમકાંત ભાટે પછી એલ. એલ. બી. થયા. ધુલીયામાં વકીલાત કરી. મરાઠીમાં પુસ્તકો લખ્યા જેમાંથી એક બનારસ વિશ્વ હિંદુ વિદ્યાલયમાં સ્થાન પામ્યું.
- જૂનામાં જૂની ચેરીટી નરસી નાથા ચેરીટી.
- વિલાયતમાં જ્ઞાતિમાં પહેલી ઓફીસ વેલજી માલુએ સ્થાપી.

**કચ્છી દશા ઓસવાલોની જાહોજલાલી અને ખાસિયતો**

- ૧૦૦% અચલગચ્છની સમાચારી પાળતી જ્ઞાતિ
- ૧૦૦થી વધારે માળા (બીલ્ડીંગો) ધરાવનારા
- ૭૦૦૦ જિનબિંબોની સં ૧૯૨૯માં શેત્રુંજય ગિરિરાજ પર અંજન શલાકા
- રુના રાજા, પોતાના વહાણો ધરાવનાર
- રતલના ભાવે સોનું ખરીદતા
- હીરા, મોતીના ઘરેણા

- અનેક ઘોડાગાડી, ચલાવનાર અંગ્રેજો
- ધનકુબેરોમાં ઇલ્કાબ કે ખિતાબો મેળવવાની સ્પર્ધાઓ થતી. સર, નાઇટ, બેરોનેટ, રાયબહાદુર જેવી પદવીઓ ગમે તે ભોગે મેળવવા માટે પડાપડી થતી. દેશી રજવાડાઓ સાથે સંબંધ રાખવામાં મોટાઈ મનાતી.
- સમાજોમાં પ્રતિષ્ઠા મેળવવા માટે બીનજરૂરી મેળાવડા કે સમારંભો યોજાતા
- તાજ હોટલમાં શેઠિયાઓની કાયમી રૂમો
- ધંધાકીય રીતે વધુમાં વધુ સંપર્કો કેળવવા માટે રેસનાં ઘોડા રાખવા એ વૈભવની નિશાની ગણાતી. રેસમાં ઘોડા ઉપર દાવ લગાવવા એ શોખની નિશાની ગણાતી
- ફર્ન્ટીઅર મેલ પ્રથમ વર્ગમાં અંગ્રેજો સિવાય કોઈને અધિકાર નહીં ત્યારે આપણાં ઘણા શ્રેષ્ઠીઓ મુસાફરી કરતા
- એક શેઠને ૧ રૂપિયાના છૂટા ન આપ્યા અને બહુ ઘમંડ હોય તો ઘરની બેંક ખોલવાનું મહેણું મારતા પોતાની બેંક ખોલી
- અત્તરવાલાએ બીજા ઘરાકો હોઈ સામાન્ય ઘરાક માની ધ્યાન ન આપતા મોંઘા અત્તરનો બાટલો પોતાની બસમાં રેડી દીધો
- અનેક બંદરની માલિકી, મિલોની માલિકી.
- શ્રીમંતાઈનું પ્રદર્શન બતાવવા સને ૧૮૪૮ થી ૧૮૮૮ દરમ્યાન ૪૦ વરસમાં ૩૫૦૦થી વધુ નાત જમણ
- અનેક સંઘો કાઢ્યા, લહાણીઓ, ઘી ભરેલા કળશિયામાં રૂપા મહોરો નાખી લહાણી કરતા.
- દેરાસરો, ઉપાશ્રયોનું નિર્માણ.
- ગામડે સુંદર બંગલાઓ બંધાવ્યા.
- અનેક કંપનીઓ, પ્રાઇવેટ બેંકો, ફાઇનાન્સિયલ કંપનીઓની સ્થાપના.
- મુંબઇમાં પોતાનાં મકાનો હોવા એ મોભો ગણાતો. મસ્જીદબંદર વિસ્તારનાં મોટા ભાગનાં મકાનો આ જ્ઞાતિનાં શ્રીમંતોનાં હતા. વાલકેશ્વરમાં બંગલાઓ હતા. પરેલ, ગોરેગામ, બોરીવલી, ભાંડુપ, મુલુંડમાં જમીનો હતી.
- આપણા શ્રેષ્ઠીઓ મુંબઈમાં સારુ કમાયા. ગામડે ગાર માટીના મકાનોની જગ્યાએ સારા મકાન-મેડીયું-બંગલા બનાવી શ્રીમંતાઈ બતાડી પણ ગામડે રહ્યા ઓછા. એ મેડીમાં પોતે ન રહી શક્ય એની બીમારી રહી કારણ માંદે સાજે જ ગામડે આવતા.
- ઈ.સ. ૧૮૬૧ થી ૧૮૬૫નો સમય ભારતનાં કપાસનો સુવર્ણયુગ અને આપણી જ્ઞાતિનો પણ સુવર્ણયુગ હતો.ઢોલ રમત, મટુકડી, તાંબડી રમત એ દશા ઓશવાલ જ્ઞાતિની ‘વિશેષતા’ ગણવામાં આવતી. પુરૂષો દાંડીયા રાસમાં ‘ધમાલ’ અને ‘બાર દાંડીઆ’ ની રમતોમાં પાવરધા હતા. દશાઈ પાઘડી શ્રીમંતાઈનું પ્રતિક હતી.
- અભણ અને સામાન્ય ગણાતી આપણી જ્ઞાતિએ એ જમાનામાં બહુ આગળ ગણાતી જૈન સમાજની અન્ય જ્ઞાતિઓ પોતાના ઉત્કર્ષ માટે પાઠશાળા, બોર્ડિંગ, કન્યાશાળા માટે વિચારણા કરે તે પહેલા આપણા વડીલોએ તેવી પ્રવૃતિઓના પાયા નાખી દીધેલ.
- નજીવી બાબતમાં કોર્ટ કચેરીનાં દરવાજે જવામાં આ જ્ઞાતિનાં શ્રેષ્ઠીઓ ગૌરવ અનુભવતા. ઘણી વખત આવા કાર્યો પોતે ન કરે તો બીજાને આગળ કરી તેમને આર્થિક મદદ કરી અહમ સંતોષતા. શ્રીમંતો પોતાનું ધાર્યું કરવા માટે કેટલાય ઉપાયો અજમાવતા.
- મુંબઈ શેર સુધરી ઈ.સ. ૧૮૮૮ના કાયદા અનુસાર અસ્તિત્વમાં આવી. તે પહેલા મુંબઈ શેરનો વહીવટ જસ્ટીસ કમિટી ચલાવતી. આપણી જ્ઞાતિના શેઠ વેલજી માડું, શેઠ શ્રી કેશવજી નાયક અને શેઠ શ્રી નરસી કેશવજી આ કમિટીના મેમ્બર હતા. જેઓ જે.સી. તરીકે ઓળખાતા. પૂરી મુંબઈનો વહીવટ ૭ જણાની કમિટી કરતી તેમાં ૩ આપણી જ્ઞાતિના હતા.
- સંસ્કાર સાથે શિક્ષણ આપતી પાઠશાળાઓ, બોર્ડિંગો, કન્યાશાળાઓ, જ્ઞાતિજનો માટે રહેઠાણ જેવી ઘણી પ્રવૃતિઓમાં આપણી જ્ઞાતિ પ્રથમ રહી છે. અખિલ ભારત જૈન શ્વેતાંબર બીજી કોન્ફરન્સ જયારે ઉપરોક્ત સંસ્થાઓ ખોલવાની અને જૈન ધર્મના સાર્વજનિક ખાતાઓ જેવાકે દેવ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્ય, સાધારણ દ્રવ્ય સબંધી ખાતાઓ રાખવાનું જૈનોને સૂચવતી તે પહેલા આપણે તે ખાતા શરૂ કરી દીધેલ. આપણા વડીલોની કેવી દીર્ઘ દૃષ્ટિ!!!
- દશા જ્ઞાતિની એક વિશિષ્ઠતામાં ઘણા કુશળ શિલ્પીઓ હતા. કહે છે કે છત્રપતિ શિવાજી ટર્મિનસ (CSMT), મુંબઈ યુનીવર્સીટીનાં રાજાબાઈ ટાવરમાં આપણી જ્ઞાતિના શિલ્પી-સલાતોએ ટાંકણા અને હથોડીથી ઘણી કૃતિઓ (પૂતળીઓ) બનાવી છે. સલાટ સિવાય ભીંત ઉપર ચિત્રો દોરવા (કમાંગરી ) કળામાં પણ પ્રવિણ હતા. આપણા કચ્છના ગામડાઓમાં જુના બંગલાઓમાં આ કળા જોવા મળે છે. જખૌના જીવની પરિવારમાં આ કળા વિકસી હતી.

**ભાવિ પ્રશ્નોઃ**

૧. ઘટતી જન સંખ્યા

૨. વધી રહેલા આંતરજ્ઞાતિય લગ્નો

૩. વધી રહેલું છૂટાછેડાનું પ્રમાણ

૪. કચ્છ/હાલારમાં આર્થિક વિકાસની તકો ઘણી વધી પણ જ્ઞાતિજનો જવા તૈયાર નથી

૫. ગામડા પડી ભાંગતા જ્ઞાતિના દેરાસરો અને અન્ય સંસ્થાઓની અકસ્યમાતો જાળવી રાખવાની મુશ્કેલી

૬. આરોગ્ય અને રહેઠાણની સમસ્યા.

***

## ૧૦૦ વર્ષની 'પ્રકાશ સમીક્ષા'ની ગૌરવપૂર્ણ ગાથા

જ્ઞાતિના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે, લખાશે જેમનું નામ,
દશ દાયકાના અસલી હીરોને, જ્ઞાતિજનો કરે છે સલામ,
શતાબ્દી વર્ષની શુભ ઘડીએ, જ્ઞાતિજનો કરે છે પ્રણાણ,
જેમનું હંમેશાં ગુંજતું રહેશે, જ્ઞાતિજનોના હૃદયમાં નામ.
... જ્ઞાતિના ઈતિહાસ

'પ્રકાશ'નો પાયો નાખનારા, ચલાવી જેમણે જીગર,
જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે, 'પ્રકાશ' દ્વારા કસી કમર,
'પ્રકાશ'ના પ્રથમતંત્રીશ્રી, જેનું વ્યક્તિત્વ નિષ્પક્ષ નીડર,
એક કુશળ બાહોશ વ્યક્તિત્વ, 'પ્રકાશ' ના પ્રથમ લીડર,
ધન્ય છે એવા, ડૉ. વેલજી પાશ્વીર ગોસર... ધન્ય છે.
... જ્ઞાતિના ઈતિહાસ (૧)

'પ્રકાશ' પછી પ્રગટ થયું, 'સમીક્ષા' મુખપત્ર નામ,
શ્રી સનતભાઈ, શ્રી ગોવિંદજીભાઈએ, એનું સંભાળ્યું સુકાન,
જ્ઞાતિના પેચીદા પ્રશ્નોનું, જ્ઞાતિ સમક્ષ ખેંચ્યું ધ્યાન,
'સમીક્ષા' દ્વારા પ્રશ્નોને વાચા આપી, ફૂંકી એમાં જાન,
ધન્ય છે એવા, શ્રી સનત શાહ, શ્રી ગોવિંદજી લોડાયા... ધન્ય છે
... જ્ઞાતિના ઈતિહાસ (૨)

નવી દિશા, નવું સ્વરૂપ, 'પ્રકાશ'ને 'સમીક્ષા'નું થયું સંગમ,
પાંચ દાયકા સુધી તંત્રીપદે, શ્રી સનતભાઈ રહ્યા અણનમ,
ઘર-ઘર સુધી ગુંજતું કર્યું, 'પ્રકાશ-સમીક્ષા'નું નામ,
જ્ઞાતિહિતના પ્રશ્નોને ઉજાગર કરી, કર્યા જ્ઞાતિ વિકાસના કામ,
ધન્ય છે એવા શ્રી સનત નરપાર શાહ... ધન્ય છે.
... જ્ઞાતિના ઈતિહાસ (૩)

શ્રી સનત શાહની વિદાય પછી, તંત્રીપદે રહ્યા આર. આર.,
જ્ઞાતિ પ્રશ્નો માટે હંમેશા જાગૃત રહેતા, એમની શૈલી હતી ધારદાર,
શ્રી રાયચંદભાઈની વિદાય બાદ, વર્તમાન તંત્રીશ્રી હિરાચંદભાઈ દંડ,
કુશળ નેતૃત્વના કસબી એવા, કાર્ય કરવાની શૈલી છે પ્રચંડ,
ધન્ય છે એવા શ્રી રાયચંભાઈ નાગડા (આર.આર.),
શ્રી હિરાચંદભાઈ દંડ... ધન્ય છે
... જ્ઞાતિના ઈતિહાસ (૪)

**– શ્રી જિતેન્દ્ર ઉમરશીભાઈ (માસ્તર) લાલકા**
**વારાપધર (અંતરજાળ)**

## 'પ્રકાશ સમીક્ષા' શતાબ્દી સંદેશ

જેને ગુજરાતના પ્રથમ કક્ષાના કલા-સંસ્કાર અને સાહિત્યના માસિક 'કુમારે' નમૂનેદાર જ્ઞાતિ માસિક તરીકે બીરદાવેલ છે. જૈન જ્યોતિ મેગેઝીને સમગ્ર જૈન સમાજને ઉપયોગી ગણ્યું છે અને મુંબઈ સમાચારે પણ વખાણ્યું છે એવું સમગ્ર કચ્છી સામાયિકોમાં સૌથી જૂનું અસ્તિત્વ ધરાવતું આપણું 'પ્રકાશ- સમીક્ષા' અસ્તિત્વની શતાબ્દી પૂર્ણ કરવા જઈ રહ્યું છે તે બદલ આપણે ગર્વ લઇ શકીએ છીએ. સદીની યાત્રા એ કોઈ પણ માસિક માટે મોટી સિદ્ધિ ગણાય. કારણ એક સદીમાં કેટલાય માસિકો શરૂ થયા અને બંધ થયા. કાળઝાળ મોંઘવારી, વધતા કાગળ, પ્રિન્ટિંગ, ટપાલ ખર્ચમાં કઈક પ્રસિદ્ધ માસિક પત્રો – 'કુમાર', 'નવનીત', 'અખંડ આનંદ' જેવા બંધ થઇ ગયા ત્યારે અનેક વંટોળો સામે ઝઝૂમતો પ્રકાશનો દીવડો અખંડ પ્રગતિ રહ્યો છે. શ્રી લક્ષ્મીચંદ લાપસિયા અને ડૉ. ગોસરના અથાગ પ્રયત્ને નાજુક રોપનું વાવેતર અને શ્રી સનતભાઈ શાહ અને અન્ય તંત્રીઓના સિંચનથી, આજે મોટું વટવૃક્ષ બન્યું છે.

એક સદીની યાત્રા દરમ્યાન અનેક લીલી-સુકી જોઈ પણ શુભેચ્છકોનાં સહારે, કેટલાક મહાનુભાવોના પ્રયાસે અને તંત્રીશ્રી અને સંચાલકોની કાબેલિયતથી ટાંચા સાધનો અને કોઈ પણ કાયમી ભંડોળ ન હોવા છતાં જ્ઞાતિજનોના પ્રેમ થકી ટકી રહ્યું છે. 'પ્રકાશ' દાન માટે ક્યારે ઓશિયાળું રહ્યું નથી. જ્ઞાતિના નબળામાં નબળા વર્ગમાં આ જ્ઞાતિ પત્ર પહોચવું જોઈએ એવી 'પ્રકાશ'ની નીતિ રહી છે.

આટલા વરસે પણ તેનું સ્વતંત્ર કાર્યાલય નથી એ લક્ષ્મીનંદનોથી ઉભરાતી આપણી જ્ઞાતિમાં 'સોનાની થાળીમાં લોઢાની મેખ' સમાન છે. એ ખેદની વાત છે કે જે આર્થિક સંકડામણ આજથી ૧૦૦ વરસ પહેલા હતી તે આજે પણ ઉભી છે. અનેક દાનવીરોથી ઉભરાતી આ જ્ઞાતિની આપણો અમુલ્ય ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો જાળવી રાખનારા જ્ઞાતિ પત્ર પ્રત્યે આટલી ઉપેક્ષા કેમ? જ્ઞાતિ ધારે તો આ મુશ્કેલીનો અંત ક્ષણમાં થઈ શકે છે. આપણી અસ્મિતા સમા આ માસિકને ટકાવવા આપણે શું આગળ ન આવી શકીએ?

આવો આ શતાબ્દી વરસે આપણા આ જ્ઞાતિ પત્રને આર્થિક રીતે સધ્ધર બનાવીએ અને 'પ્રકાશ- સમીક્ષા'નાં સંચાલકોને આર્થિક સંકડામણ મુક્ત કરીએ જેથી વધુને વધુ સામગ્રી પીરસતું રહે. અનેક લેખકો, કવિઓ, ચિંતકોને ઘડતું રહે, નીપજાવતું રહે. આપને પ્રાર્થના કરીએ 'પ્રકાશ સમીક્ષા' સદાય નવપલ્લવિત રહે, પ્રગતિ કરતું રહે અને સમાજના જાગૃત પ્રહરી તરીકે સેવા બજાવતું રહે.

**– રમેશ મુલજી લોડાયા, સેવક ભરૂડિયા (મુલુંડ)**

### સો વરસની શાનદાર સફર

કોઈપણ જ્ઞાતિ મેગેજીન પોતાની પ્રકાશન યાત્રાના સો વરસ પરિપૂર્ણ કરે એ બાબત સમગ્ર જ્ઞાતિ માટે તથા મેગેજીનના સંચાલકો માટે ગૌરવપૂર્ણ અવસર કહેવાય. પ્રકાશથી શરૂ થયેલી યાત્રા સમીક્ષા સાથેના જોડાણ પછી વધુ સશક્ત બની અને શ્રી સનતભાઈ શાહે પંચાવન વરસ સુધી એની ધુરા સંભાળી હતી. પ્રકાશ સમીક્ષા જ્ઞાતિહિત અને જ્ઞાતિજનોના ઉત્કર્ષ માટે સદૈવ પ્રયત્નશીલ રહ્યું છે. જ્ઞાતિના વિદ્યાર્થીઓ અને વિશેષ સિદ્ધિ મેળવનારા જ્ઞાતિજનોને પ્રોત્સાહન પુરું પાડવાનું તથા જ્ઞાતિજનોને વિવિધ વ્યક્તિઓથી પરિચિત કરવાનું સ્તુત્ય કાર્ય સતત કર્યું છે. સો વરસના થયેલા પ્રકાશને અંતઃકરણપૂર્વક વંદન... અભિનંદન.

**– મુકેશ ભવાનજી લોડાયા(ચિંતન ગ્રાફીક્સ), મોટી સિંધોડી (ડૉંબિવલી)**

## સન્માન સ્વીકારી રહેલા પ્ર.સ.ના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો, તા. ૧૦.૧૧.૨૦૨૪



ડૉ. વેલજી પાશ્વીર ગોસર



શ્રી પદમશી દામજી ખોના



શ્રી હંસરાજ વેલજી મોમાયા



શ્રી લાલજી ઘેલાભાઈ શાહ



શ્રી જીવરાજ કરમશી શાહ



શ્રી દેવશી વીરજી ખોના



શ્રી લક્ષ્મીચંદ દેવશી લોડાયા



શ્રી ખીમજી પદમશી પીર

## સન્માન સ્વીકારી રહેલા પ્ર.સ.ના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી દેવજી દામજી ખોના



શ્રી સુર્યકાંત ખીમજી કાયાણી



શ્રી ગોવિંદજી જીવરાજ લોડાયા



શ્રી શૈલેષ સનત શાહ



શ્રી રાયચંદ રતનશી નાગડા



શ્રી ઉદયન લાલજી શાહ (કાર્યકારી તંત્રી)

## સન્માન સ્વીકારી રહેલા પ્ર.સ.ના સ્થાપક સભ્યોના પરિવારજનો, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી હીરાચંદ શીવજી મેપાણી



શ્રી ખીમજી રતનશી મૈશેરી

# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવના દાતાશ્રીઓનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪




શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા)



શ્રી ચાંપશી માણેકજી શાહ




માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર




માતુશ્રી માધુરીબેન લાલજી શાહ (શિયાલ) પરિવાર



શ્રી મનીષ હીરજી શાહ (લાલકા)



શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા



શ્રીમતી રતનબેન કાંતિલાલ મોતા (ટીકીટાર)



શ્રી ખેતશી નરશી શાહ (પોલડીયા) પરિવાર

# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવના દાતાશ્રીઓનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪



માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા




શ્રી મોતીચંદ લાલજી ખોના




માતુશ્રી કસ્તુરીબેન મુલજી ખોના



શ્રીમતી ચંદ્રપ્રભા અશોક ડાઘા



માતુશ્રી નવલબેન મણીલાલ દંડ પરિવાર



સમારંભનું સંકલન કરી રહેલા શ્રી હીરાચંદ દંડ

## રજીસ્ટ્રેશન કાઉન્ટર





# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી મહોત્સવ સમિતીના સભ્યોનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪




શ્રી ચીમનભાઈ મેઘજી મોતા




શ્રીમતી મીનલબેન ભરત ખોના




શ્રી મુકેશભાઈ ભવાનજી લોડાયા



શ્રી વિજયભાઈ મોતીચંદ લોડાયા



શ્રી અમીત વિનોદભાઈ ધુલ્લા




પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટી મંડળ

## પ્ર.સ.ના સહતંત્રી પરિવારનું સન્માન



શ્રી ચંપકભાઈ જીવાણી

## આખા પાનાના વાર્ષિક જાહેરાત દાતાનું સન્માન




શ્રી યશોધન રાયચંદ કારાણી (ઈન્સ્યોરંસ ખોજ)

# પ્રકાશ સમીક્ષાના વર્તમાન લેખકોનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪




શ્રી સોમ ધરમશી




શ્રીમતી અલ્પાબેન ધરમશી



શ્રીમતી શીલ્પાબેન ચેતન અજાણી




શ્રી પ્રવિણભાઈ ધરમશી




શ્રી કેસરસિંહ ખોના




ડૉ. વીરચંદ તથા શ્રીમતી જયશ્રીબેન નાગડા



કુમારી ઉર્વિ પ્રમેન્દ્ર ધરમશી




ડૉ. તેજલ રિષભ લોડાયા




શ્રી જયકાંત મોતા

# પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ પ્રતિનિધીઓ – પરિવારજનોનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી નરેન્દ્ર પી. ધરમશી – બેંગ્લોર, વતી સ્મીતા મોમાયા



શ્રી ભરતભાઈ કારાણી – ગદગ (મુલુંડ)



શ્રી શાંતીલાલ રામજી લાલકા – હુબલી, વતી ઉત્તમભાઈ લોડાયા



શ્રીમતી કલ્પના રમાકાંત – જામનગર, વતી ડૉ. જયશ્રી ગોસર



શ્રી ફાલ્ગુન લખમશી ખોના – ભાંડુપ



શ્રી ભરત શામજી છેડા – કાંજુરમાર્ગ



શ્રી જયંતકુમાર ધુલ્લા – કોલકત્તા, વતી સિદ્ધાર્થ



શ્રી દિનેશ પદમશી મોમાયા – પુના

## પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ પ્રતિનિધીઓ – પરિવારજનોનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી શરદ ગોવિંદજી પોલડીયા – ડોંબીવલી



શ્રી રીના ગૌતમ શાહ – અંધેરી



શ્રી રમેશ ચાંપશી નાગડા – મસ્જીદ બંદર



શ્રી દિપક ગંગાજર ડાઘા – મુલુંડ



શ્રી હીરાચંદ કુંવરજી ધરમશી – તિલક નગર



શ્રી સનત લાલજી ખોના – ડોંબિવલી

## ઉપસ્થિત જ્ઞાતિજનોના પ્રતિભાવો, તા. ૧૦.૧૧.૨૦૨૪



શીલ્પાબેન અજાણી



મહેન્દ્ર મોતા



સોમ ધરમશી



પ્રવિણ ધરમશી



રમેશ લોડાયા

# પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટના વર્તમાન ટ્રસ્ટીશ્રીઓનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી હેમાંગ લાલજી શાહ



શ્રી કિરીટભાઈ લાપસીયા વતી શ્રી જયંતભાઈ લાપસીયા



શ્રીમતી કાશ્મીરાબેન વિરેન્દ્ર લુઠીયા



શ્રી કિરીટ ખેતશી શાહ (મુનવર), વતી શ્રી શૈલેષ શાહ, કલ્પના શાહ



શ્રી જયંત વિશનજી છેડા



શ્રી હીરાચંદભાઈ દંડ તથા શ્રી શૈલેષભાઈ શાહ

## પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટના ભૂતપૂર્વ ટ્રસ્ટીશ્રીઓનું સન્માન



શ્રી પંકજ પ્રતાપ શાહ, વતી શ્રી ડોલરભાઈ શાહ



શ્રી તેજસ બંકીમચંદ્ર લાલકા

## પ્રકાશ સમીક્ષાના સ્મૃતિવિશેષ અંકની રીસર્ચ કમિટીના સભ્યોનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪



શ્રી રમેશ મુલજી લોડાયા



શ્રી ચંદ્રિકાબેન ભુપેન્દ્ર લોડાયા, વતી શ્રી જયેશભાઈ દંડ



શ્રી સુધીર વાલજી મોતા



એડ. કેતન મધુકાંત લોડાયા




શ્રી જ્ઞાનેશ જયચંદ લાપસીયા



શ્રી ચેતન લહેરચંદ નાગડા

## ઉપસ્થિત જ્ઞાતિજનોના પ્રતિભાવો, તા. ૧૦.૧૧.૨૦૨૪



ફાલ્ગુન ખોના



મયુર લોડાયા



ઉર્વિ ધરમશી



પુનમબેન મોમાયા



રાજેશ શાહ (લોડાયા)

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવના સહયોગીઓનું સન્માન, તા. ૧૦.૧૧.૨૦૨૪




શ્રી સંજય વી. શાહ




શ્રી હિતેન ગાલા




શ્રી પ્રફુલ મેઘજી જોષી



શ્રી વસંત શંભુરામ કટારીયા




શ્રી રમેશભાઈ પદમશી દંડ




શ્રી રમેશ ડી ખોના



શ્રી ઉત્તમભાઈ લોડાયા




રિતીકા મૈશેરી



શ્રી મણીલાલ તથા શ્રી હીરાચંદ નાગડા



શ્રી રિષીકેશ પંડ્યા



વિદ્યાર્થી સંઘ



In the Loving memory of our parents,
**Smt. Pramila Gosher &**
**Shri Thakarshi Meghji Gosher**

Best wishes to Prakash Samiksha for scaling greater heights.

From :
**Alpa Ghanshyam Lalka &**
**Jasmini Atul Shah**

**Grand Children**
**Neel, Urja, Viha**

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી મહોત્સવ પ્રસંગે ખૂબ ખૂબ શુભેચ્છાઓ

પ્રકાશ સમીક્ષાની ૧૦૦ વરસની પ્રકાશન યાત્રાને સફળ બનાવનારા સર્વે સૂકાનીઓ, કાર્યકર્તાઓ, પ્રતિનિધીઓ અને સહયોગીઓની ખૂબ ખૂબ અનુમોદના સહ હાર્દિક અભિનંદન.

## શુભેચ્છક ક.દ.ઓ. પરિવાર

Advt.

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી સન્માન સમારોહ

## નારાયણજી શામજી વાડી - માંટુગા, તા. ૧૦.૧૧.૨૦૨૪



શતાબ્દી મહોત્સવના આધાર સ્તંભ દાતાશ્રી હરીશભાઈ ધરમશી




શ્રી કમલેશભાઈ, શ્રી નિલેશભાઈ તથા શ્રી કેતનભાઈ વિકમશી





ઉપસ્થિત જ્ઞાતિજનો







સમારંભ સંચાલન - શ્રી પ્રફુલભાઈ જોષી



સમારંભ સંકલન - શ્રી શૈલેષભાઈ શાહ



આભાર દર્શન - શ્રી ઉદયનભાઈ શાહ

CDO Prakash Samiksha R.N.I. No. MAHBIL/2020/79181 Date of Publication : 5th & 20th of every month
Postal Reg. No. MCN / 322 / 2024-2026 WPP Licence No. MR/Tech/WPP-352/North/2024-26
Posting : 8 / 9 & 23 / 24 of every month Posted at Mumbai Partika Channel Sorting Office, Mumbai - 400 001

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી સન્માન સમારોહ

## નારાયણજી શામજી વાડી – માટુંગા, તા. ૧૦.૧૧.૨૦૨૪



મંચસ્થ પ્રકાશ સમીક્ષા સમિતિ ટ્રસ્ટના ટ્રસ્ટીશ્રીઓ



નવકાર મંત્રનું પઠન
શ્રીમતી શિલ્પાબેન અજાણી



નવકાર મંત્રનું પઠન



સ્વાગત પ્રવચન
પ્રમુખ શ્રી હીરાચંદ દંડ



If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**
C/o. A/704, Remi Bizcourt, Shah Indl. Estate,
Off Veera Desai Road,
Andheri (W), Mumbai - 400 053.

Printed and Published by **HIRACHAND DAMJI DAND** on behalf of **SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI,** Printed at THE NEW MILLENIUM PRINTERS, 14-A, GROUND FLOOR, SITARAM MILL, PATRA SHED, SITARAM MILL COMPOUND, JACOB CIRCLE, LOWER PAREL, MUMBAI 400 013 and Published from SHRI C.D.O. PRAKASH SAMIKSHA SAMITI, A/704, REMI BIZCOURT, PLOT NO. 9, SHAH INDL. ESTATE, OFF VEERA DESAI ROAD, ANDHERI (WEST), MUMBAI 400 053. Editor: **HIRACHAND DAMJI DAND**